પાનાં : ૨૪+૧૬ કિંમત : રૂા. ૫-૦૦** તા. ૨૭ ઓક્ટોબર ૨૦૨૬ મંગળવાર અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, ભૂજ અને મુંબઈથી પ્રગટ થતું દૈનિક

# ગુજરાત સમાચાર

અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ ▸ સંવત ૨૦૮૨ શકે ૧૯૪૮ આસો વદ - ૧ વર્ષ : ૯૪, અંક : ૨૯૨ ▸ ટે.નં.૨૫૫૦૮૦૦૧-૨-૩-૪ ▸ http://www.gujaratsamachar.com AHMEDABAD

મેનેજિંગ તંત્રી : શ્રેયાંસ શાંતિલાલ શાહ ▸ મુદ્રક અને પ્રકાશક : શ્રેયાંસ શાંતિલાલ શાહ ખાનપુર, અમદાવાદ-૧ ▸ RNI Reg. No. 1562/57/REG.No. GAMC-28/2025-2026 Valid upto 31 Dec., 2026 Posting at A'bad RMS 1 - 2 - 3 - 4

### બનાવના પગલે આખા શહેરમાં પોલીસનું એલર્ટ

## ગુવાહાટી હોટેલમાં ગોળીબાર ચારનાં મોત, અનેકને ઈજા

ગુવાહાટી,તા.૨૬

આસામના ગુવાહાટીની હોટેલમાં સોમવારે રાત્રે એક વ્કિતએ ગોળીબાલ કરાં તેમા એક મહિલા સહિત ચારના મોત થયા છે. આ ઘટના બોરા સર્વિસ (અનુસંધાન ૧૫મે પાને)

### છ લોકોના જૂથ પર હુમલાખોરોનો ખુલ્લેઆમ ગોળીબાર થતાં નાસભાગ મચી

### પેટ્રોલ ડીઝલની આયાત ઘટાડવા કેન્દ્ર સરકારનું પગલું

# ૧૦૦ ટકા ઈથેનોલથી ચાલતા વાહનોને સરકારની મંજૂરી

(પીટીઆઈ) નવી દિલ્હી, તા. ૨૬

કેન્દ્રીય મોટર વાહન એક્ટ-૧૯૮૯માં ફેરફાર થયા છે. એમાં સૌથી મહત્ત્વનો બદલાવ ઈ-૧૦૦ની પૉલિસીનો છે. કેન્દ્રના માર્ગ અને પરિવહન મંત્રાલયે ૧૦૦ ટકા ઈથેનોલથી ચાલતા વાહનોને મંજૂરી આપી દીધી છે. તેનાથી દેશમાં ઈથેનોલ બ્લેન્ડિંગના સેક્ટરમાં મોટું પરિવર્તન આવશે. અત્યારે પેટ્રોલમાં ૨૦ ટકા ઈથેનોલ ભેળવવામાં આવે છે. તેના બદલે હવે સંપૂર્ણ રીતે ઈથેનોલથી જ વાહનો ચાલે તેવા ફ્લેક્સ-ફ્યુઅલ વાહનોનો યુગ શરૂ થશે.

## દેશમાં જૂન માસમાં પહેલું ફ્લેક્સ-ફ્યુઅલ એન્જિન લોંચ થયું હતું કાર મેકર કંપનીઓના ૧૦૦ ટકા ઈથેનોલ પ્રોજેક્ટને પ્રોત્સાહન મળશે

કેન્દ્ર સરકારના માર્ગ અને પરિવહન મંત્રાલયના નવા નોટિફિકેશન પ્રમાણે દેશમાં હવે સંપૂર્ણ રીતે ઈથેનોલથી ચાલતા વાહનો દોડી શકશે. ૧૦૦ ટકા ઈથેનોલ ફ્યુઅલમાં ચાલે તેવા ફ્લેક્સ-ફ્યુઅલ એન્જિનના વાહનો માટે માર્ગ મોકળો અમલી બની છે. તે પ્રમાણે વાહનોમાં ૨૦ ટકા ઈથેનોલ ભેળવેલું પેટ્રોલ ચાલે છે. સરકારે ઈ-૮૫નો નિર્ધાર પણ વ્યક્ત કર્યો (અનુસંધાન ૧૩મે પાને)

### પેટ્રોલ-ડીઝલના હળવા વાહનોની શ્રેણીમાં ૩૦૦૦ કિલોના વજનની મર્યાદા વધારીને ૩૫૦૦ કિલો કરાઈ

### ઈથેનોલનો વપરાશ વધવાથી ખાંડ-મકાઈ મોંઘા થવાની આશંકા

નવી દિલ્હી, તા.૨૬

સરકારે દેશમાં પેટ્રોલ અને ડીઝલનું આયાત બિલ ઘટાડવા માટે ૧૦૦ ટકા ઈથેનોલની દિશામાં આગળ વધવાની તૈયારી કરી છે, પરંતુ ઈથેનોલ બનાવવા માટે શેરડી, ખાંડ અને મકાઈ જેવા ખાદ્ય પદાર્થોનો ઉપયોગ થતો હોવાથી ૧૦૦ ટકા ઈથેનોલનો વપરાશ વધવાથી દેશમાં ખાંડ અને મકાઈ મોંઘા થવાની (અનુસંધાન ૧૩મે પાને)

થયો છે. આ વર્ષે જૂન માસમાં જ હજુ પહેલું વહેલું ૧૦૦ ટકા ઈથેનોલથી ચાલતું ફ્લેક્સ-ફ્યુઅલ એન્જિન લોંચ થયું હતું. મારૂતિ-સુઝીકીએ વેગન આર ફ્લેક્સ ફ્યુઅલ લોંચ કરીને દેશમાં નવો ટ્રેન્ડ સેટ કર્યો હતો. તેના પગલે હવે ટોયોટા, ટાટા અને હ્યુન્ડાઈ જેવી કાર મેકર કંપનીઓ પણ ફ્લેક્સ ફ્યુઅલ કારના મોડલ પર કામ કરી રહી છે.

ભારતમાં અત્યારે ઈ-૨૦ની પૉલિસી

### બ્રાઝિલ પછી ૧૦૦ ટકા ઈથેનોલની પૉલિસી બનાવનારો બીજો દેશ

નવી દિલ્હી, તા. ૨૬

દુનિયામાં એકમાત્ર બ્રાઝિલ એવો દેશ છે જ્યાં રેગ્યુલર ૨૭ ટકા સુધી ઈથેનોલ મિક્સ થાય છે. એટલું જ નહીં, બ્રાઝિલમાં તો ૧૦૦ ટકા ઈથેનોલના વાહનો ચાલે છે અને તેનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનેલું છે. ભારતે આ દિશામાં કામ કરવું પડશે.

પ્રદૂષણ ઘટાડવા અને ક્રૂડ ઓઈલની આયાત પર નિર્ભરતા ઓછી કરવા દુનિયા ગ્રીન ફ્યુઅલનો વિકલ્પ પસંદ (અનુસંધાન ૧૩મે પાને)

### બ્રાઝિલના પેટ્રોલ પંપોમાં ૧૦૦ ટકા ઈથેનોલ વેચાય છે : ભારતે એવું ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવું પડશે




રાજધાની દિલ્હીમાં અત્યંત મહત્ત્વની કહી શકાય તેવી કેન્દ્ર સરકારની ઓફિસ નોર્થ બ્લોકમાં આગ લાગી હતી. તેના પગલે ફાયરબ્રિગેડની છ ગાડીઓ તાત્કાલિક દોડી ગઈ હતી. નોર્થ બ્લોકની આગના સમાચાર મળતા કેટલાય મહત્ત્વના સરકારી દસ્તાવેજો આ આગનો ભોગ બન્યા હોવાના તર્કવિતર્કો થવા લાગ્યા છે. વિપક્ષે આ આગ પર ચુટકી લેતા જણાવ્યું હતું કે કોકના હૃદયમાં લાગેલી બરોબરની આગ કદાચ નોર્થ બ્લોક સુધી પહોંચી ગઈ લાગે છે. જો કે આ આગમાં કોઈ જાનહાનિના સમાચાર નથી. આ બિલ્ડિંગમાં ચાલતા રિપેરિંગ કામના લીધે આગ લાગી હોવાનું કહેવાય છે.

### બંગાળની ખાડીમાં સર્જાયેલું તોફાન કાલે આંધ્રપ્રદેશના કાંઠે ટકરાય તેવી સંભાવના

# અર્ણબ વાવાઝોડાંનું જોખમ : ઓડિશા અને આંધ્રમાં સ્કૂલો-કોલેજો બંધ, લાખોને ખસેડાયા

નવી દિલ્હી, તા. ૨૬

પશ્ચિમ બંગાળમાં સર્જાયેલું લો પ્રેશર વાવાઝોડું બની ગયું છે. આ અર્ણબ વાવાઝોડાંથી દેશના ઓછામાં ઓછા ૧૮ રાજ્યોમાં ભારેથી હળવા વરસાદની શક્યતા છે. ચાર રાજ્યોમાં તો હાઈએલર્ટ આપવામાં આવ્યો છે. લગભગ છ લાખથી વધુ લોકો આ વાવાઝોડાંથી પ્રભાવિત થાય તેવી દહેશત હોવાથી સલામતીના પગલાં ભરવાની કવાયત શરૂ થઈ છે. દેશના દક્ષિણ કાંઠાથી આ વાવાઝોડું લગભગ ૬૦૦ કિલોમીટર દૂર છે.

## ચાર રાજ્યોમાં હાઈએલર્ટ, ૧૪૦ કિ.મીની ઝડપે પવન ફૂંકાવાની આશંકા, અનેક રાજ્યોમાં વરસાદની શક્યતા, ઓડિશામાં અધિકારીઓની રજાઓ રદ કરાઈ, એજન્સીઓ ખડેપગે

હવામાન વિભાગના કહેવા પ્રમાણે અર્ણબ નામનું વાવાઝોડું બંગાળની ખાડીમાંથી બન્યું છે અને તે અત્યારે ઓડિશાથી ૬૧૦ કિલોમીટર તેમ જ આંધ્રપ્રદેશથી લગભગ ૬૫૦ કિલોમીટરના અંતરે દરિયામાં છે. ૧૫ કિલોમીટર પ્રતિકલાકની ઝડપે તે આગળ વધી રહ્યું છે. તેના કારણે પશ્ચિમના રાજ્યોમાં ભારે પવન ફૂંકાવાની શક્યતા છે અને ભારે વરસાદ પણ થઈ શકે છે. હવામાન



વિભાગની ગણતરી પ્રમાણે વાવાઝોડું ૨૮મીએ આંધ્રપ્રદેશના કાંઠે ટકરાશે. તેના કારણે આંધ્રપ્રદેશ ઉપરાંત ઓડિશા, તેલંગણા અને છત્તીસગઢ એમ ચાર રાજ્યોને હાઈએલર્ટ કરવામાં આવ્યા છે. આ ચાર રાજ્યોમાં ૧૧૫ કિલોમીટર પ્રતિકલાકની ઝડપથી ૧૪૦ કિલોમીટર પ્રતિકલાકની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા છે.

તે સિવાયના દેશના ૧૮ રાજ્યોમાં વાતાવરણમાં પલટો આવશે. કેટલાય રાજ્યોમાં હળવાથી ભારે વરસાદની પણ આગાહી છે. હવામાન વિભાગે ચેતવણી આપી છે કે ચાર-પાંચ રાજ્યોમાં તેજ હવાથી વૃક્ષો ધરાશાયી થઈ શકે, વીજળી ગૂલ થવાની ઘટના પણ બની શકે છે. મકાનોને નુકસાન થઈ શકે છે. માછીમારોને આગામી દિવસોમાં દરિયામાં ન જવાની તાકીદ કરવામાં આવી છે. (અનુસંધાન ૧૫મે પાને)

### લુલા જીતતા બ્રાઝિલના શેરબજારમાં ૨૦ ટકાનો કડાકો

# ટ્રમ્પના કટ્ટર વિરોધી લુલા દા'સિલ્વા બ્રાઝિલમાં ચોથી વાર પ્રમુખપદે ચૂંટાયા

(પીટીઆઈ) રિયો ડી જાનેરો,તા.૨૬

બ્રાઝિલના પ્રમુખ પદે લુલા ડી સિલ્વા ફરીથી ચૂંટાઈ આવતા અને ફ્લેવિયો બોલસોનારો હારી જતાં અમેરિકન પ્રમુખ ટ્રમ્પને જબરદસ્ત ફટકો પડ્યો છે. અમેરિકામાં ટ્રમ્પની જેમ બ્રાઝિલમાં બોલસોનારો પણ જમણેરી વલણ ધરાવતા આગેવાન માનવામાં આવે છે. ટ્રમ્પના આકરા ટીકાકાર અને ડાબેરી વલણ ધરાવતા ડી સિલ્વા ચૂંટાઈ આવવાના પગલે બ્રાઝિલિયન શેરબજાર વધારે ટેરિફના ડરે ૨૦ ટકા ખાબક્યુ હતુ અને બ્રાઝિલિયન ચલણમાં પણ કડાકો બોલ્યો હતો. જ્યારે બોલસોનારોએ તો લુલાના વિજયને વિજય માનવાનો જ ઈન્કાર કરી દેતા વળતી કાર્યવાહી કરવાની તૈયારી આદરી છે.

## બ્રાઝિલમાં ચૂંટણી ઈતિહાસ બદલાયો : પહેલા રાઉન્ડમાં હારેલા લુલા બીજા રાઉન્ડમાં જીત્યા : અમેરિકા સાથે ઘર્ષણના એંધાણ

બ્રાઝિલની ચૂંટણી ગણતરી સંપૂર્ણ થયા પછી બ્રાઝિલની ઈલેકશન કોર્ટે જણાવ્યું હતું કે ૮૧ વર્ષના લુલા ડી સિલ્વાએ બોલસોનારો પર ૪૪ લાખ મતની સરસાઈથી એટલે કે કુલ ૫૧.૮ ટકા મત સાથે વિજય મેળવ્યો છે. જ્યારે બોલસોનારોને ૪૮.૫ ટકા મત થતા હતા. જો કે બોલસોનારોએ તરત જ આ પરાજયને સ્વીકારવાનો ઈન્કાર કરી દેતા વળતા પગલાં લેવાની તૈયારી શરૂ કરી છે.

આશ્ચર્યની વાત તો એ છે કે પ્રથમ રાઉન્ડ વખતે બોલસોનારો ૨૨ લાખ વોટ આગળ હતા, બ્રાઝિલની ચૂંટણીનો ઈતિહાસ છે કે પહેલા રાઉન્ડમાં જે આગળ હોય તે જીતે છે, પરંતુ લુલાએ બીજા રાઉન્ડમાં બાજી પલટી હતી. આ પહેલાં અગાઉની પ્રમુખપદની ચૂંટણીમાં જેર બોલસોરનારોએ પણ લુલા દા'સિલ્વાના વિજયને સ્વીકારવાનો ઈનકાર કર્યો હતો.

### પિતાની જેમ પુત્રનો પણ પરાજય સ્વીકારવા ઈન્કાર, લુલાના વિજયને પડકારવા તૈયારીઓ આદરી

આનો સીધો અર્થ એમ થાય કે દક્ષિણ અમેરિકાનું ૨.૬ લાખ કરોડ ડોલરની (અનુસંધાન ૧૩મે પાને)

### સુપ્રીમમાં ૬૯૦થી વધુ પાનાની અરજી પર આજે સુનાવણીના અહેવાલ

# કેન્દ્રનો નવો કાયદો મીડિયાની આઝાદી છીનવશે : ૨૧ મીડિયા કંપની સુપ્રીમમાં

નવી દિલ્હી, તા. ૨૬

બિઝનેસમેન મુકેશ અંબાણી અને ગૌતમ અદાણીની માલિકી સહિતની આશરે ૨૧ મીડિયા કંપનીઓ કેન્દ્રની મોદી સરકારના પ્રાઈવસી માટેના નવા કાયદા સામે સુપ્રીમ કોર્ટમાં પહોંચી છે. જેમાં એવી દલીલ કરવામાં આવી છે કે સરકારનો નવો કાયદો પત્રકારોને પોતાના વિશ્વસનિય સુત્રો જાહેર કરવા મજબુર કરશે, સાથે ઈન્વેસ્ટિગેટિવ વર્કને જ કચડી નાખશે. આ દાવો એક મીડિયા રિપોર્ટના અહેવાલમાં કરવામાં આવ્યો છે.

## પત્રકારે ઈન્વેસ્ટિગેશન પહેલા વ્યક્તિની મંજૂરી લેવી પડશે જેનાથી ઈન્વેસ્ટિગેટિવ પત્રકારત્વ જ નહીં બચે : અરજીમાં દાવો

આ રિપોર્ટમાં વધુમાં જણાવવામાં આવ્યું છે કે ભારતના ડિજિટલ ન્યૂઝ પબ્લિશર્સ એસોસિએશન ડીએનપીએ દ્વારા સુપ્રીમ કોર્ટમાં આ કાયદા સામે અપીલ કરવામાં આવી છે. જેમાં ૨૧ જેટલી મીડિયા કંપનીઓ, પબ્લિશર્સ વગેરે સામેલ છે. અરજદારોની એવી દલીલ છે કે મે ૨૦૨૭થી પ્રાઈવસી કાયદાના સુધારાઓનો અમલ થવા જઈ રહ્યો છે જેમાં એવી જોગવાઈ છે જે મીડિયાની સ્વતંત્રતા પર અસર કરી રહી છે માટે તેને રદ કરવામાં આવે. ૬૯૮ પેજની આ અપીલમાં જણાવવામાં આવ્યું છે કે નવા કાયદા પત્રકાર કે એડિટરને પોતાના (અનુસંધાન ૧૩મે પાને)

### સુપ્રીમમાં ચૂંટણી પંચનું સોગંદનામું

# સીઈસીને દૂર કરવા સુપ્રીમના જજને દૂર કરવા જેવી પ્રક્રિયામાંથી પસાર થવું પડે

નવી દિલ્હી, તા. ૨૬

ચૂંટણી પંચે સુપ્રીમ કોર્ટમાં વધુમાં દાવો કર્યો હતો કે દેશના મુખ્ય ચૂંટણી કમિશનરને હટાવવાની પ્રક્રિયા સુપ્રીમ કોર્ટના ન્યાયાધિશને હટાવવાની પ્રક્રિયા બન્ને એક સરખા જેવી હોય છે. આ સાથે જ ચૂંટણી પંચે બચાવમાં દાવો કર્યો હતો કે ફોર્મ-૬માં કોઈ જ સુધારો કરવામાં નથી આવ્યો. સાથે જ ચૂંટણી પંચે એવો પણ દાવો કર્યો હતો કે સમાચારપત્રમાં પ્રકાશિત અહેવાલોને કોર્ટમાં પુરાવા તરીકે રજુ ના કરી શકાય. સુપ્રીમમાં દાખલ અરજીનો આધાર પણ સમાચારપત્રનો આ અહેવાલ જ છે માટે તેને રદ કરવામાં આવે.

## 'સર'ના નિર્ણયો સર્વસંમતિથી લેવાયા, બે ચૂંટણી કમિશનર સાથે જ્ઞાનેશ કુમારના મતભેદોને રદિયો

ચૂંટણી પંચે મતદારોના વેરિફિકેશન એસઆઈઆર મુદ્દે સુપ્રીમ કોર્ટમાં પોતાનો જવાબ રજુ કર્યું છે. જેમાં દાવો કર્યો છે કે એસઆઈઆર અંગેના તમામ નિર્ણયો સર્વસહમતિથી લેવામાં આવ્યા હતા. ત્રણમાંથી બે ચૂંટણી કમિશનરોની અસંમતિના વિવાદ વચ્ચે ચૂંટણી પંચે આ (અનુસંધાન ૧૩મે પાને)

### એટ્રોસિટી કેસમાં અલ્લાહાબાદ હાઈકોર્ટનું અવલોકન

# માત્ર એસસી-એસટી હોવું પૂરતું નથી આરોપો સ્પષ્ટ હોવા જોઈએ : હાઈકોર્ટ

લખનઉ, તા. ૨૬

એસસી, એસટી એક્ટને લઈને અલ્લાહાબાદ હાઈકોર્ટે એક મામલાની સુનાવણી દરમિયાન કહ્યું હતું કે માત્ર ફરિયાદીનું માત્ર એસસી, એસટી હોવું પુરતું નથી, આરોપો પણ સ્પષ્ટ હોવા જોઈએ. જો એફઆઈઆરમાં જાતિસૂચક અપશબ્દો કે જાતિના આધારે અપમાનિત કરવાના આરોપોનો સ્પષ્ટ ઉલ્લેખ ના હોય તો માત્ર પરિસ્થિતિના આધારે ગુનો ના ગણી શકાય.

## અપમાજનક કે જાતિસૂચક અપશબ્દોનો ઉપયોગ કર્યો હોવાનો એફઆઈઆરમાં સ્પષ્ટ ઉલ્લેખ કરવો જોઈએ

અલ્લાહાબાદ હાઈકોર્ટના ન્યાયાધીશ સંતોષ રાયની બેંચે કહ્યું હતું કે અમરનાથ ચૌધરીની અપીલ પર સુનાવણી કરતી વખતે એસસી, એસટી કાયદા અંગે કેટલીક સ્પષ્ટતા કરી હતી. ફરિયાદીનો દાવો હતો કે આરોપીએ તેની સાથે મારપીટ કરી હતી, એફઆઈઆરમાં એસસી, એસટી એક્ટ હેઠળ પણ કલમો લગાવવામાં આવી હતી.

બાદમાં આરોપી દ્વારા હાઈકોર્ટમાં અપીલ કરવામાં આવી હતી, હાઈકોર્ટે એસસી, એસટી એક્ટ હેઠળની કાર્યવાહી (અનુસંધાન ૧૩મે પાને)

### દિલ્હીની વાત

### ખડગેએ કોંગ્રેસના કાર્યકરને ભાજપનો ગણતા, વાતનું વતેસર થયું

નવીદિલ્હી, તા. ૨૬

બિહારમાં એક સભા દરમિયાન કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખ મલ્લિકાર્જૂન ખડગે ઉશ્કેરાઈને નરેન્દ્ર મોદીના દિગવંત પિતા માટે કેટલાક બિનસંસદીય શબ્દો કહ્યા હતા. આ ઘટનાનો સંપૂર્ણ વિડિયો બહાર આવ્યા પછી ઘણા ચોંકી ગયા છે. જે કાર્યકર એમ કહે છે કે 'મોદી નહીં જાયેગા...' એ હકીકતમાં એમ કહી રહ્યા હતા કે, 'જ્યાં સુધી વિપ્લવ નહીં થાય, ત્યાં સુધી મોદી જશે નહીં.' આટલું (અનુસંધાન ૧૩મે પાને)

### એઆઈ મોડેલે ક્લોડે પેવોલ બાયપાસ કરી

# એન્થ્રોપિકના એઆઈ મોડેલે સરકારી વેબસાઈટમાં ઘૂસી ગેરકાયદે રીતે ડેટા તફડાવ્યો

નવી દિલ્હી, તા. ૨૬

એઆઈ મોડેલ્સ હવે વધુ સક્ષમ બની રહ્યા છે અને પરવાનગી વગર નહીં કરવા જેવા કામ કરી નાખે છે. યુનાઈટેડ સ્ટેટસના જ્યોર્જિયાના મતદારોનો ડેટા ક્લોડ એઆઈએ મેળવી લીધો છે. આ ડેટા મેળવવા ક્લોડ પાસે કોઈ ઓથોરાઈઝેશન નહોતું તેવું કંપની એન્થ્રોપિક કહે છે. આ ડેટા નાણા ખર્ચ્યા વગર મળતો નથી, પણ ક્લોડ એઆઈએ તો પેવોલ બાયપાસ કરીને ડેટા મેળવી લીધો હતો. આવું કૃત્ય ક્લોડના કયા મોડેલે કર્યું અને ક્યારે કર્યું તેની એન્થ્રોપિકે જાણ કરી નથી.

સ્ટેટિસટિક્સના એક પ્રોજેક્ટ માટે ક્લોડનો ઉપયોગ કરાઈ રહ્યો હતો. આ 'ટ્રેઈનિંગ રન' દરમિયાન એઆઈને (અનુસંધાન ૧૩મે પાને)

### એન્થ્રોપિકે ૧૦૦ અબજ ડોલર એકત્ર કરવા આઈપીઓ માટે પેપર ફાઈલ કર્યા

(પીટીઆઈ) સાન ફ્રાન્સિસ્કો,તા. ૨૬

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની મોટી કંપની એન્થ્રોપિકે સોમવારે અત્યાર સુધીનાં સૌથી મોટા આઈપીઓ માટે પેપર ફાઈલ કર્યા છે. આ પેપર (અનુસંધાન ૧૩મે પાને)

## ક્લોડના બીજા મોડેલે અગાઉ પોલીસને ખોટી બાતમી આપી હતી જ્યોર્જિયા રાજ્યનો ચૂંટણી ડેટા ફી ચૂકવ્યા વગર મેળવી લીધો

### બેધડક -મંજુલ



હું દરરોજ સવારે સૌથી પહેલું કામ શું કરું છું ? હું ચેક કરું છું કે મારું નામ મતદાર યાદીમાં હજુ પણ છે ને !





સમગ્ર રાજ્યમાં ૮૫ ટકાથી વધારે વરસાદ થયો તેવું કહી રહેલા મુખ્ય મંત્રીએ રહી રહીને ૪ જીલ્લાઓને દુકાળગ્રસ્ત જાહેર કર્યા છે. તો બીજી તરફ જગતના તાત પર કુદરત રૂઠ્યા પછી હવે સરકાર પણ સૌરાષ્ટ્ર કચ્છના ખેડૂતોને સિંચાઈ માટે પાણી નહીં મળે કહી દેતાં ખેડૂતો સરકારથી નારાજ થયા છે ત્યારે આવનારા પાણીના સંકટ વચ્ચે કડી કલોલ સાણંદ તરફની કેનાલોમાંથી પાણી મેળવતા ખેડૂતોની ચિંતા વધી છે. તૂટેલી નહેરો અને ઓછા પાણી વચ્ચે હવે તો ડેટા સેન્ટર માટે અદાણી અંબાણીને કરોડો ગેલન પાણી ફાળવશે. ભલે લોકોને પીવાનું પાણી ન મળે. ખેડૂતોને ખેતી માટે પાણી ન મળે પરંતુ વિદેશમાંથી બંધ થતા ડેટા સેન્ટરો ગુજરાતમાં આવે તો જ ગુજરાતનો વિકાસ દેખાય. ખેર 'નયા ભારતના નયા વિકાસ'ની વ્યાખ્યા અને વાર્તાઓ પણ અદ્દભૂત હશે !! (તસ્વીર : સુરેશ મિસ્ત્રી)

**નર્મદાની આવક ૧૮૦૦ MLD, શહેરનો વપરાશ ૧૯૦૦ MLD**

# સાવધાન! અમદાવાદમાં કાયમી પાણી કાપ આવશે? નર્મદાની આવક કરતા ખપત વધારે

અમદાવાદ, સોમવાર

ગુજરાતમાં એક તરફ વીજ કટોકટી અને બીજી તરફ દુષ્કાળની સ્થિતિનો સામનો લોકો કરી રહ્યા છે. તેવામાં રાજ્યના આર્થિક પાટનગર એવા અમદાવાદ શહેરમાં પણ આગામી દિવસોમાં કાયમી પાણી કાપ લાદવાની નોબત આવે, તેવી સ્થિતિ અત્યારે દેખાઈ રહી છે. સીધી ગણતરી અનુસાર અમદાવાદને નર્મદાનું પાણી જેટલું મળે છે, તેના કરતા શહેરની ખપત વધી ગઈ છે! એટલા માટે જ નર્મદાના જથ્થામાં જરા અમથી અસર થાય ત્યારે તરત જ શહેરમાં હંગામી પાણી કાપ લાદવાની ફરજ પડે છે. ઉનાળામાં આ પાણી કાપ કાયમી થાય તો પણ નવાઈ નહીં.

## રોડ, બ્રિજ અને બાંધકામમાં કરોડો રૂપિયા વાપરી નાંખતા મ્યુનિ.ના શાસકો પાયાના આયોજનમાં નિષ્ફળ

અમદાવાદ શહેરનો કુલ વિસ્તાર ૪૯૫ ચોરસ કિમી જેટલો થઈ ગયો છે. જેમાં ૮૫થી ૯૦ લાખ કરતા વધારે શહેરીજનો વસવાટ કરી રહ્યા હોવાનો અંદાજ છે. શહેરમાં પીવાના પાણીની જરૂરિયાત દિવસેને દિવસે વધી રહી છે. તેની સામે પાણીનું યોગ્ય આયોજન કરવામાં મ્યુનિ.ના સત્તાધીશો ઉણાં ઉતર્યા છે. રોડ, બ્રિજ અને બાંધકામમાં કરોડો રૂપિયા વાપરી નાંખતા મ્યુનિ.ના શાસકોએ ક્યારેય આ ગંભીર દિશામાં નક્કર પગલાં લીધા નથી. મળતી વિગતો અનુસાર શહેરમાં અત્યારે પાણીની દૈનિક દરૂરિયાત ૧૯૦૦ એમએલડી એટલે કે મિલિયન લિટર ૫ર ડેની છે. જેમાં ૧૮૫૦ એમએલડી સરફેસ કરેલું અને ૧૦૦ એમએલડી જેટલું પાણી બોરવેલમાંથી સપ્લાય થાય છે. તેની સામે મ્યુનિ.ની જળશુદ્ધિકરણની ક્ષમતા ૧૯૫૦ એમએલડીની છે. મ્યુનિ.ને ૧૮૦૦ એમએલડી નર્મદાનું પાણી મળે છે. બાકીનું ૧૫૦ એમએલડી પાણી બોરવેલમાંથી મેળવવું પડે છે. આ બધા આંકડાઓ ધ્યાને લેતા તંત્ર તેની પૂરી ક્ષમતા સાથે કામ કરી રહ્યું છે. માટે સબ સલામત હોય તેવું ચિત્ર સામે આવે છે.

પરંતુ પડદા પાછળની વિગતો જોઈએ તો શહેરની જરૂરિયાત ૧૯૦૦ એમએલડીની સ્થિર હોતી નથી. તેમાં વધારો-ઘટાડો થતો રહે છે. ઉનાળામાં શહેરમાં પાણીનો વપરાશ ચોક્કસ વધશે. ત્યારે સ્થિતિ વધારે ગંભીર બનશે. બીજી તરફ નર્મદાનો સપ્લાય ખોરવાય ત્યારે તરત જ એક સાથે ચાર-પાંચ ઝોન એટલે કે અડધા શહેરમાં પાણી વિતરણને માઠી અસર પડે છે. આ બાબત અમદાવાદ શહેરની પાણીની નાજૂક હાલતનો ચિતાર આપે છે. અનુભવી સૂત્રોના મતે પાણીની થોડી જરૂરિયાત વધશે તો પણ શહેરમાં ચોક્કસપણે પાણી કાપ લાદવાની ફરજ પડશે.

### લોકોને દૈનિક માથાદીઠ ૧૮૦-૨૦૦ લિટરનું વિતરણ : ઈજનેર વિભાગ

અમદાવાદ મ્યુનિ.ના વોટર પ્રોજેક્ટ વિભાગના ઈજનેરોના જણાવ્યા અનુસાર હાલમાં લોકોને દૈનિક માથાદીઠ ૧૮૦થી ૨૦૦ લિટર પાણીનું વિતરણ કરવામાં આવે છે. નિયત કરાયેલા માપદંડ અનુસાર ૧૫૦ લિટર કરતા ઘણુ વધારે છે. મ્યુનિ. કોર્પોરેશન તમામ સ્થિતિને પહોંચી વળવાના પ્રયાસો કરે છે, સાથે સાથે લોકો પણ પાણીનો બગાડ અટકાવી તેમાં સહયોગ આપે તે જરૂરી છે.

### અમદાવાદ મ્યુનિ.નું વોટર મેનેજમેન્ટ

| | |
|---|---|
| ૪૧૦૫ | : કિમી વિતરણની પાઈપ લાઈનનું નેટવર્ક |
| ૫૩૦ | : કિમી મેઈન્સ, ટ્રન્ક લાઈનોનું નેટવર્ક |
| ૨૦૬ | : અન્ડરગ્રાઉન્ડ વોટર ટેન્ક, પમ્પ હાઉસ |
| ૧૭૪૮ | : એમએલડી સંગ્રહ ક્ષમતા |
| ૩ | : મુખ્ય વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ (કોતરપુર, જાસપુર, રાસ્કા) |
| ૧૮ | : વોટર ડિસ્ટ્રિબ્યુશન સ્ટેશન |
| ૪ | : ઓવર હેડ ટેન્ક |

### અમદાવાદ મ્યુનિ.નું પાણીનું સરવૈયુ

| આવકનો સ્ત્રોત | આવક | ઉપયોગ |
|---|---|---|
| નર્મદા મેઈન કેનાલ(ગ્રેવિટી-૧) | ૩૩૦ | ૩૩૦ |
| નર્મદા મેઈન કેનાલ(ગ્રેવિટી-૨) | ૫૦૦ | ૫૦૦ |
| ધોળકા બ્રાન્ચ કેનાલ | ૪૦૦ | ૩૯૫ |
| શેઢી બ્રાન્ચ કેનાલ | ૨૦૦ | ૨૦૦ |
| ૭ - ફ્રેન્ચવેલ | ૧૭૦ | ૦ |
| ૬૭૦ - બોરવેલ | ૫૦૦ | ૧૧૦ |
| કુલ | ૨૧૦૦ | ૧૫૩૫ |

(નોંધ : પાણીના આંકડા એમએલડીમાં છે. મ્યુનિ.એ ઓનલાઈન જાહેર કરેલી વિગતો અનુસાર)

### શહેરમાં ક્યાંય નિયમિત ટેન્કર દોડાવવા પડતા નથી : તંત્રનો દાવો

મ્યુનિ. કોર્પોરેશનના પાણી વિભાગે એવો પણ દાવો કર્યો છે કે, શહેરમાં અત્યારે ક્યાંય નિયમિત ટેન્કરો દોડાવવાની જરૂર પડતી નથી. ક્યાંય બ્રેકડાઉન, મોટર બગડી જવી, સમારકામ વગેરે કામ દરમિયાન થોડા સમય માટે જ ટેન્કરથી પાણી વિતરણની જરૂર પડે છે.

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, (૧) શ્રી દિલીપભાઈ બેચરભાઈ પટેલ, (૨) શ્રીમતી ચારૂબેન દિલીપભાઈ પટેલ, (૩) શ્રી સપન દિલીપભાઈ પટેલ, (૪) શ્રી સર્જીલ દિલીપભાઈ પટેલ, તથા (૫) શ્રીમતી રીકીતા તે દિલીપભાઈ બેચરભાઈ પટેલની દીકરી તે ચિરાગભાઈ પટેલના સીધવા પત્નિ, સર્વે રહેવાસી-અમદાવાદનાએ જીલ્લા અમદાવાદના તાલુકા બાવળાના ગામ મોજે કેરાલાના નવા બ્લોક/સર્વે નંબર-૨૧૩ (જુના બ્લોક/સર્વે નંબર-૫ પૈકી ૧૦) ની ખાતા નંબર-૮૧૫ ધરાવતી કુલ ૧૬૭૨૧ ચોરસમીટર પૈકીની ૬૭૩૯ ચોરસમીટર પૈકીની વગર વહેંચાયેલી ૧૬૮૫ ચોરસમીટરના ક્ષેત્રફળની જમીન તેઓની સંપુર્ણ, સ્વતંત્ર, સંયુકત માલિકી અને કબજા ભોગવટાની બોજારહીત હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનુ નકકી કરેલુ છે અને અમારા અસીલે સદરહુ જમીન પરત્વેના ઉપરોકત જમીનમાલિકોના ટાઈટલ્સ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે. તો સદરહુ જમીન ઉપર જો અન્ય કોઈ શખ્સનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય, તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમોને તે બદલના પુરાવા સહીત લેખિત જાણ નીચેના સરનામે કરવી. જો તેમ કરવામા નહીં આવે, તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દાવો કે બોજો નથી અને હોય, તો તે જતો કરેલો છે, તેમ સમજી અમો ટાઈટલ્સ કલીયરન્સનું સર્ટીફીકેટ આપીશું અને ત્યારબાદ કોઈની તકરાર ચાલશે નહીં તથા અમારા અસીલ ધ્વારા સદરહુ જમીન ખરીદવાની કાર્યવાહી કરવામાં આવશે.

તારીખ : ૨૬-૧૦-૨૦૨૬.

**જાની એન્ડ કંપની.**
**સોલીસીટર્સ, એડવોકેટસ એન્ડ કોર્પોરેટ એટર્નીઝ,**
હાઉસ "એમ", મોન્ડીયલ રીટેઈલ પાર્ક, ઈસ્કોન મંદિર અને રાજપથ કલબની વચ્ચે, એસ.જી. હાઈવે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૯.
ફોન નંબર : ૨૯૭૧૦૧૦૦, ૨૯૭૧૦૨૦૦

**મગરના આંસુ સારી ચૂપ બેસી જતા સત્તાધીશો**

# સ્માર્ટ સિટીમાં જીવલેણ રીતથી ગટરની સફાઈ, એક વર્ષમાં પાંચનો ભોગ લેવાયો

અમદાવાદ, સોમવાર

સ્માર્ટ સિટી પાસે ગટરની સફાઈ માટે સુરક્ષાના સાધનો ન હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. અમદાવાદમાં છેલ્લાં એક વર્ષમાં જ ગટર અને એસટીપીની કામગીરીમાં મ્યુનિ. અને કોન્ટ્રાક્ટરોની બેદરકારીએ પાંચ કામદારોનો ભોગ લીધો છે. પરંતુ તેમના જીવની કોઈ કિંમત ન હોય તેમ દર વખતે દુર્ઘટના સમયે તો સત્તાધીશો અને અધિકારીઓ દિલાસો આપવા પહોંચી જાય છે. પછી બે-ચાર દિવસમાં જ સ્થિતિ જૈસે-થે થઈ જાય છે.

અમદાવાદમાં ગટર લાઈનોની સફાઈ કામદારોના જીવ લઈ રહી છે. હજી ગણેક મહિના પહેલાં યુએન મહેતા હોસ્પિટલના બેઝમેન્ટ પાર્કિંગમાં સુએજ ટેન્કની સફાઈ દરમિયાન ત્રણ કામદારો અંદર ખાબક્યા હતા. જેમાં ઝેરી ગેસના ગૂંગળામણથી એકનું મોત થયું હતું. જ્યારે બે ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. બીજી બાજુ ગત ઓક્ટોબરમાં ઉસ્માનપુરામાં ચોક થઈ ગયેલા મેનહોલની સફાઈ કરવા ઉતરેલો યુવક ઝેરી ગેસના લીધે શ્વાસ ન લઈ શકતા મૃત્યુ પામ્યો હતો. ઉપરાંત ગત સપ્ટેમ્બર મહિનામાં બોપલમાં પણ મેનહોલની સફાઈ દરમિયાન બે કામદારો મોતને ભેટ્યા હતા. આ તો છેલ્લાં એક વર્ષના બનેલી દુર્ઘટનાઓ છે. જ્યારે આવી દુર્ઘટનાઓ અવારનવાર બનતી રહે છે. આ તમામ ઘટનાઓનું એક જ કારણ છે, મ્યુનિ.ની ગંભીર બેદરકારી! ઉલ્લેખનીય છે કે, ગટરમાં કામદારોને ઉતારી સફાઈ કરાવવા પર દેશમાં પ્રતિબંધ છે. ફક્ત મશીનરીથી જ ડ્રેનેજ લાઈનોની સફાઈ કરી શકાય છે. તેમ છતાં મ્યુનિ. તંત્ર પોતે કાયદાનો ભંગ કરી મનમરજી મુજબ કામદારોને હેલ્મેટ, ઓક્સિજન માસ્ક, હારનેસ જેવા કોઈ પણ સુરક્ષાના સાધનો વગર જ શ્રમિકોને ઊંડી ગટર લાઈનોમાં ઉતારી રહ્યું છે.

### નારોલમાં ખુલી ગટરમાં ખાબકેલી પ્રજ્ઞાચક્ષુ બાળકીનો ૧૫ દિવસ બાદ પણ પત્તો મળતો નથી

નારોલ પીરાણા રોડ પર ૧૧ ઓક્ટોબરના રોજ પ્રજ્ઞાચક્ષુ બાળકી ૨૦ ફૂટ ઊંડી ખુલી ગટર લાઈનમાં ખાબકી હતી. ત્યારે અદ્યતન સાધનો અને મશીનરી હોવાના દાવા કરતું મ્યુનિ. તંત્ર અને ફાયર વિભાગ આજે ૧૫ દિવસ બાદ પણ બાળકીને શોધી શક્યા નથી. તેનો પરિવાર આઘાતમાં સરી પડ્યો છે. પરંતુ મ્યુનિ. તંત્રની સુતેલી સંવેદનશીલતા જાગતી નથી. કોઈ ઘટનામાંથી તંત્ર બોધપાઠ લેવા તૈયાર નથી.

### બોપલ, ઉસ્માનપુરા, યુ એન મહેતા હોસ્પિટલમાં પણ ગૂંગળામણથી સફાઈ કામદારોના મોત થયા હતા

**જૈન તીર્થની પુનઃસ્થાપનની માંગ**

# ભરૂચની જામા મસ્જિદના વિવાદમાં HCમાં સુનાવણી, પક્ષકારોને નોટિસ

અમદાવાદ,સોમવાર

ભરૂચ સ્થિત ઐતિહાસિક જામા મસ્જિદના મૂળ જૈન ધાર્મિક સ્વરૂપની ઓળખ, પુનઃસ્થાપના અને તેની સુરક્ષાને લઈને ગુજરાત હાઈકોર્ટમાં મહત્વની સુનાવણી ચાલી રહી છે. અરજદારો દ્વારા દાવો કરવામાં આવ્યો છે કે આ સ્થળ મૂળ રૂપથી એક પ્રાચીન જૈન મંદિર હતું. જે 'અશ્વવાબોધ તીર્થ' અથવા 'શકુનિકા વિહાર' તરીકે ઓળખાતું હતું અને તે ૨૦મા જૈન તીર્થંકર ભગવાન મુનિસુવ્રત સ્વામીને સમ પત હતું. હરિશંકર જૈન, રાહુલ દીવાન અને અન્ય દ્વારા દાખલ કરવામાં આવેલી આ અરજીમાં સદીઓ જૂના જૈન સાહિત્ય, ઐતિહાસિક દસ્તાવેજો, બ્રિટિશ કાળના ગેઝેટિયર્સ અને પુરાતત્વ સર્વેક્ષણોનો આધાર લેવામાં આવ્યો છે, જેમાં જણાવવામાં આવ્યું છે કે વર્તમાન સંરચના તેના મૂળ પિલરો, શિલ્પો અને સ્થાપત્ય સામગ્રીનો ઉપયોગ કરીને પ્રાચીન જૈન મંદિર પર જ બનાવવામાં આવી છે.

## અરજદાર, ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ અને રાજ્ય સરકારે હાઈકોર્ટમાં પોતાનુ વલણ સ્પષ્ટ કર્યું

આ કેસની સુનાવણી દરમિયાન અરજદારોના વકીલે કોર્ટમાં રજૂઆત કરી હતી કે મસ્જિદ પરિસરમાં રહેલી પવિત્ર પ્રતિમા અને પુરાતત્વ અવશેષો જૈન સમુદાય માટે અત્યંત આસ્થાનું કેન્દ્ર છે, અને વર્તમાન વિવાદ વચ્ચે આ પ્રતિમાઓને સુરક્ષા પૂરી પાડવી તેમજ જૈન સમુદાયના સભ્યોને ત્યાં પૂજા કરવાની મંજૂરી આપવી અત્યંત આવશ્યક છે.

કોર્ટની કાર્યવાહી દરમિયાન ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ દ્વારા એ વાત સ્વીકારવામાં આવી છે કે વર્તમાન મસ્જિદ તરીકે ઓળખાતી આ સંરચનામાંથી જૈન તીર્થંકરની પ્રતિમાઓ મળી આવી છે. અરજદારોએ જૈન ધાર્મિક ચિહ્નો, જટિલ કોતરણીવાળા પિલરો અને જૈન મંદિરો સાથે જોડાયેલી અન્ય સ્થાપત્ય વિશેષતાઓ દર્શાવતા પુરાવા અને ફોટોગ્રાફ્સ પણ કોર્ટના રેકર્ડ પર રજૂ કર્યા છે. રાજ્ય સરકાર દ્વારા પોતાનું વલણ રજૂ કરતા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે પરિસરમાંથી જૈન તીર્થંકર ભગવાન મલ્લિનાથની પ્રતિમાઓ મળી આવી છે તે હકીકતને ધ્યાનમાં લેતા આ સંરચના સ્પષ્ટપણે જૈન મંદિર છે અને તે સુરક્ષિત થવાને પાત્ર છે. આ કેસની સુનાવણી દરમિયાન સરકારી વકીલે પણ અરજદારોના કેસમાં વ્યાજબી તથ્યો હોવાનું સ્વીકાર્યું છે. મામલાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને જસ્ટિસ દેવન દેસાઈ એ આ કેસની સુનાવણી હાથ ધરી હતી અને આ અરજીમાં કેન્દ્ર સરકાર, એએસઆઈ, રાજ્ય સરકાર અને જામા મસ્જિદની વ્યવસ્થાપક સમિતિને પ્રતિવાદી બનાવીને નોટિસો જારી કરી છે.

**પ્રજા,ખેડૂતોને વીજબચતની સુફિયાણી સલાહ પણ..**

# સચિવાલય - સરકારી ઓફિસોમાં એસી,પંખા,લાઈટનો ધૂમ વપરાશ

અમદાવાદ,સોમવાર

રાજ્યમાં પ્રવતી રહેલા વીજ સંકટ વચ્ચે ગુજરાત સરકારે આમ જનતા,ખેડૂતો અને ઉદ્યોગોને વીજળીનો કરકસરરીતે ઉપયોગ કરવાની 'સુફિયાણી' સલાહ આપી છે. પરંતુ બીજી તરફ, સચિવાલય અને સરકારી કચેરીઓમાં એસી, પંખા સહિત લાઈટનો ધૂમ વપરાશ થઈ રહ્યો છે. વીજબચતને લઈને જાણે જનતાને બધા નિયમ જ લાગુ પડે છે. પ્રજા દંડાય અને સાહેબો જલસાં કરે તેવો ઘાટ સર્જાયો છે.

## પેટ્રોલ-ડિઝલની બચતનો તો દેખાડો કરાયો પણ હવે વીજસંકટમાં આ પેટર્નનું પુનરાવર્તન થયું છે

અગાઉ પણ રાજ્ય સરકારે સચિવાલય અને અન્ય સરકારી કચેરીઓ માટે વીજળી બચાવવા અંગે સત્તાવાર પરિપત્રો કર્યા હતા. જેમાં રૂમમાં કોઈ ન હોય ત્યારે એસી અને પંખા ફરજિયાત બંધ રાખવા તેમજ એસીનું તાપમાન નિયત રાખવાની કડક સૂચનાઓ અપાઈ હતી. પરંતુ વાસ્તવિકતા એ છે કે આ સરકારી આદેશો માત્ર કાગળ પર જ દફન થઈ ગયા છે. આજે જ્યારે વિજસંકટ છે તેમ છતાં મંત્રી - અધિકારીઓની ગેરહાજરીમાં પણ ખાલી ચેમ્બરોમાં એસી અને લાઈટો ધમધમતી હોવાના દ્રશ્યો સામાન્ય બન્યા છે.આ અગાઉ જ્યારે ખુદ વડાપ્રધાને દેશવાસીઓને પેટ્રોલ અને ડીઝલનો કરકસરપૂર્વક ઉપયોગ કરવા અપીલ કરી હતી, ત્યારે પણ મંત્રીઓ અને ઉચ્ચ અધિકારીઓએ થોડા દિવસો માટે સાયકલ સવારી કે ઈવી કારનો ઉપયોગ કરી દેખાડો કર્યો હતો. પરંતુ આ 'ફોટો સેશન' પૂરતી શિસ્ત થોડા જ દિવસોમાં ગાયબ થઈ ગઈ અને ફરીથી મોંઘીદાટ લક્ઝુરિયસ સરકારી ગાડીઓનો કાફલો રસ્તાઓ પર દોડતો થઈ ગયો. વીજળી સંકટમાં પણ આ જ પેટર્નનું પુનરાવર્તન થઈ રહ્યું છે.

જો કોઈ સામાન્ય નાગરિક કે ખેડૂત નિયમોનું ઉલ્લંઘન કરે તો તંત્ર તાત્કાલિક વીજ જોડાણ કાપવાની કાર્યવાહી કરવા દોડે છે. પરંતુ જ્યાં પ્રજાના પૈસે બિલ ભરાય છે તેવી સરકારી ઓફિસોમાં નિયમોનું ધરાર ઉલ્લંઘન થઈ રહ્યુ છે તેમ છતાંય સરકારે જ મૌન ધારણ કરી લીધું છે. વીજ સંકટના સમયે શાસકો અને કર્મચારીઓનું આ બેજવાબદાર વલણ પ્રજામાં ભારે અસંતોષ જગાવી રહ્યું છે.

### સી.એન વિદ્યાલયમાં વિદ્યાર્થીને લાફા મારનાર શિક્ષક સસ્પેન્ડ

અમદાવાદ,સોમવાર

આંબાવાડી વિસ્તારની શેઠ સી.એન વિદ્યાલયમાં ધો.૯ના વિદ્યાર્થીને ચાલુ કલાસે લાફા મારનાર શિક્ષકને સ્કૂલ મેનેજમેન્ટ દ્વારા સસ્પેન્ડ કરવામા આવ્યો છે અને ડીઈઓ કચેરી દ્વારા નિરિક્ષકને તપાસ સોંપવામા આવી છે. શિક્ષકને ફરજમોકુફી પર ઉતારીને ખાતાકીય તપાસ શરૂ કરવામા આવી છે.ઉલ્લેખનીય છે કે, ગત ૧૪ ઓક્ટોબરના રોજ બપોરના સમયે વિદ્યાર્થી વર્ગખંડમાં પહેલી બેન્ચ પર બેઠો હતો, ત્યારે શિક્ષકે અન્ય વિદ્યાર્થીઓની હાજરીમાં ધોરણ ૯ના વિદ્યાર્થીને ધડાધડ લાફા માર્યા હતા.

### કાલથી સાબરમતી- કટોસણ વચ્ચે દોડતી ડેમુ ટ્રેનનું ચાંદખેડા સ્ટોપેજ

અમદાવાદ, સોમવાર

અમદાવાદમાં સાબરમતી બીજી અને કટોસણ રોડ વચ્ચે ૬૯૨૪૯-૫૦ નંબરની ડેમુ ટ્રેન ચાલી રહી છે. છેલ્લાં કેટલાય સમયથી આ ટ્રેનને ચાંદખેડા રોડ રેલવે સ્ટેશન ખાતે સ્ટોપેજ આપવા માગણીઓ થતી રહેતી હતી. જેને ધ્યાનમાં રાખી પશ્ચિમ રેલવે આ ડેમુ ટ્રેનને કાયમી માટે ચાંદખેડા રોડ રેલવે સ્ટેશન ખાતે સ્ટોપેજ આપવા મંજૂરી આપવામાં આવતા આગામી ૨૮ ઓક્ટોબરથી કાયમી માટે ચાંદખેડા રોડ સ્ટેશન પર આ ટ્રેન ઉભી રહેશે. ચાંદખેડા રોડ સ્ટેશનને સ્ટોપેજ મળવાથી ચાંદખેડા અને આસપાસના વિસ્તારમાં રહેતા મુસાફરોને ટ્રેન પકડવા માટે અન્ય સ્ટેશન સુધી જવાની જરૂરિયાત ઘટશે તેમજ સમયની પણ બચત થશે. ખાસ કરીને રોજિંદા અપડાઉન કરતા મુસાફરો માટે આ નિર્ણય ઉપયોગી સાબિત થશે.

### ગુજરાત યુનિ.૭થી૧૫ નવેમ્બર બંધ રહેશે:૯ દિવસનું વેકેશન

અમદાવાદ,સોમવાર

ગુજરાત યુનિવર્સિટી દ્વારા તમામ ભવનો તેમજ વિભાગો માટે ૭થી૧૫ નવેમ્બર સુધીનું દિવાળી વેકેશન જાહેર કરવામા આવ્યુ છે.જેથી ૯ દિવસ કામકાંજ બંધ રહેશે. આ વર્ષે પણ યુનિ.દ્વારા ૯ દિવસની રજાઓ તમામ સ્ટાફને આપવામા આવી છે.યુનિ.દ્વારા ૭,૯,૧૨ અને ૧૩ નવેમ્બર એમ કુલ ૪ દિવસોની રજા આપીને અન્ય સરકારી રજાઓ સાથે સેટ કરવામા આવી છે.જેથી સ્ટાફને સળંગ રજા મળી શકે.ગત વર્ષે પણ ૯ દિવસની રજા આપવામા આવી હતી.આમ યુનિ.માં શૈક્ષણિક સહિતની તમામ કામગીરી ૭થી૧૫ નવેમ્બર સુધી બંધ રહેશે.

**સુરક્ષાના સાધનો વગર અંદર ઉતારવામાં આવ્યા હતા**

# સોલાના ૪૫ ફૂટ ઊંડા STPમાં સાઈટના ઈન્ચાર્જ સહિત ૪ લોકો પડ્યા, બેના મોત

અમદાવાદ, સોમવાર

સોલામાં મ્યુનિ.ના નવા બનતા સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં ગેસ ગળતરના લીધે ગંભીર દુર્ઘટના સર્જાઈ હતી. એસટીપીમાં અંદર ઉતરી વેલ્ડિંગનું કામ કરી રહેલા શ્રમિક, સાઈટ ઈન્ચાર્જ, પ્રોજેક્ટ મેનેજર અને ડ્રાઈવર સહિત ચાર લોકો ૪૫ ફૂટ ઊંડા પ્લાન્ટમાં ખાબક્યા હતા. ફાયર વિભાગની ટીમે ઘટનાસ્થળે દોડી રેસ્ક્યુ હાથ ધર્યું હતું. પરંતુ ત્યાં સુધી બે લોકોના મોત થઈ ગયા હતા. અંદરથી તેમના મૃતદેહ મળ્યા હતા. જ્યારે અન્ય બે લોકોને સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા હતા.

**દુર્ઘટના થયા બાદ મ્યુનિ.ના અધિકારીઓ નિયમ પાલન કરાવવા પહોંચ્યા**

## HNB એન્જિનિયર્સ દ્વારા વેલ્ડિંગની કામગીરી કરાતી હતી

સોલા સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં એચએનબી નામની એજન્સીના કર્મચારીઓ દ્વારા વેલ્ડિંગની કામગીરી કરાઈ રહી હતી. તેવામાં આજે બપોરે



પ્લાન્ટમાં પાલક બાંધી વેલ્ડિંગનું કામ કરતો યુવક ગેસ ગળતરના કારણે બેભાન થઈને અંદર પડી ગયો હતો. તેને બચાવવા ગયેલા સાઈટ ઈન્ચાર્જ, પ્લાન્ટ મેનેજર અને ડ્રાઈવર પણ એસટીપીમાં ખાબક્યા હતા. ઘટનાની જાણ થતા ફાયર બ્રિગેડનો કાફલો, ડ્રેનેજ પ્રોજેક્ટના અધિકારી, સિટી ઈજનેર, મેયર સહિતના અધિકારીઓ અને પદાધિકારીઓ ઘટનાસ્થળે દોડી ગયા હતા. ઓક્સિજન માસ્ક સાથે અંદર ઉતરી ફાયરના જવાનો દ્વારા રેસ્ક્યુ ઓપરેશન શરૂ કરાયું હતું. પરંતુ ત્યાં સુધીમાં બે લોકોના મૃત્યુ થઈ ગયા હોય અંદરથી તેમના મૃતદેહ મળ્યા હતા. મળતી વિગતો અનુસાર, મૃતકોના નામ મનોજ અને અભિષેક છે. જ્યારે બાકીના બે લોકોને સારવાર માટે સોલા હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેમની સ્થિતિ સ્થિર હોવાનું જાણવા મળ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, હારનેસ જેવા કોઈ પણ સુરક્ષાના સાધનો વગર શ્રમિકોને એસટીપીની અંદર ઉતારી કામગીરી કરાવાઈ રહી હતી. મ્યુનિ.ના પ્લાન્ટમાં જ એજન્સીઓ દ્વારા સુરક્ષાના નિયમોના લીરેલીરાં ઉડાડી કામદારોના જીવ જોખમમાં મુકાય છે.

### બે મૃતકોના જીવની કિંમત ૫૦ લાખ! : પેનલ્ટી રૂપે એજન્સી સાથે મ્યુનિ. કોર્પોરેશનનો સોદો

દર વખતની જેમ દુર્ઘટના બાદ ગણતરીના કલાકોમાં તંત્ર મૃતકોના જીવની કિંમત નક્કી કરી લે છે. આજના કિસ્સામાં પણ બંને મૃતકોના પરિવારને રૂ. ૨૫-૨૫ લાખ વળતર ચૂકવવાની સૂચના આપી મ્યુનિ. એ એજન્સીને કલીનચીટ આપી દીધી છે. કાર્યવાહીના દેખાડા માટે રૂ. ૫૦ લાખની પેનલ્ટી મ્યુનિ. દ્વારા એજન્સીને કરાશે. કોઈ કડક કાયદાકીય કાર્યવાહી ન કરાતી હોવાથી દર વખતે બેદરકારી બાદ એજન્સીઓ સામાન્ય રકમ ચૂકવી છૂટી જાય છે.

### દુર્ઘટનાના પીડિતો

**મૃતક**
મનોજ - સાઈટ ઈન્ચાર્જ
અભિષેક - વેલ્ડિંગ વર્કર
**સારવારમાં**
રુપેશ - પ્લાન્ટ મેનેજર
નિલેશ - ડ્રાઈવર

**મેડિકલ ચેકઅપ માટે અસારવા સિવિલ લઈ જવાતો હતો**

# રિવરફ્રન્ટ પર ૨૫૦ કરોડના ડ્રગ કેસના આરોપીનો નાસવાનો પ્રયાસ, ફાયરિંગ

અમદાવાદ,સોમવાર

સુરત અને અમદાવાદ ક્રાઈમબ્રાંચ દ્વારા રામોલ ટોલ પ્લાઝા પાસે રૂપિયા ૨૬ કરોડની કિંમતના હેરોઈન અને એમ ડી ડ્ર્ગ્સ સાથે ઝડપાયેલા ત્રણ આરોપીઓ પૈકી ક્રાઈમબ્રાંચના અધિકારીઓ કફીલ અહેમદ અંસારીને રૂટીન મેડિકલ ચેકઅપ માટે સોમવારે સાંજે અસારવા સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જતા હતા. ત્યારે સાબરમતી રિવરફ્રન્ટ પાસે આરોપીએ નાસી જવાનો પ્રયાસ કરતા ઝપાઝપી થઈ હતી. જેમાં સર્વિસ રિવોલ્વરમાંથી ફાયરીંગ થતા કફીલ અંસારીને પગમાં ગોળી વાગી હતી. જ્યારે પીએસઆઈને પણ ઈજા પહોંચી હતી. આ અંગે ક્રાઈમબ્રાંચે ગુનો નોંધીને કાર્યવાહી કરી છે.

## પીએસઆઈ પર હુમલો કરીને પિસ્તોલ છીનવવાનો પ્રયાસ કરતા થયેલા ફાયરિંગમાં આરોપી કફીલ અહેમદને પગમાં ગોળી વાગી

સુરત અને અમદાવાદ ક્રાઈમબ્રાંચના સ્ટાફે ગત ૨૧મી ઓક્ટોબરના રોજ વહેલી સવારે વડોદરા-અમદાવાદ એક્સપ્રેસ વે પર રામોલ ટોલ પ્લાઝા પાસે બાતમીના આધારે વોચ ગોઠવીને એક એસયુવી કારને રોકીને ૫૯ વર્ષીય કફીલ અહેમદ અંસારી , તિફલે નૌખઝ મુસ્લિમ અને મોહમંદ ઈમરાન અલવીને રૂપિયા ૨૬કરોડના ડ્ર્ગ્સ સાથે ઝડપી લીધા હતા. આ ડ્ર્ગ્સના જથ્થામાં સાડા ચાર કિલો હેરોઈન અને અઢી કિલો એમ ડી ડ્ર્ગ્સનો જથ્થો હતો. આ ત્રણેય આરોપીઓના રિમાન્ડ મેળવીને ક્રાઈમ બ્રાંચે કાર્યવાહી શરૂ કરી હતી. ત્યારે નિયમિત મેડીકલ ચેકઅપ માટે આરોપીઓને નિયત સમયે અસારવા સિવિલ હોસ્પિટલ લઈ જવાના હોય છે.

જે મામલે ક્રાઈમબ્રાંચનો સ્ટાફ આરોપી કફીલ અહેમદને સોમવારે સાંજના સાડા ચાર વાગ્યાના સુમારે મેડિકલ ચેકઅપ માટે લઈ જતો હતો ત્યારે રિવરફ્રન્ટ રોડ પર આવતા કફીલ અહેમદે વાનમાંથી નાસી જવાનો પ્રયાસ કર્યો હતો. આ સમયે ઝપાઝપી દરમિયાન તેણે પીએસઆઈ રાવલ પાસેથી પિસ્તોલ છીનલી લેવા પણ પ્રયાસ કર્યો હતો. આ સમયે ફાયરીંગ થતા ગોળી કફીલ અહેમદના પગમાં વાગી હતી અને પીએસઆઈને પણ ઈજા પહોંચી હતી. જેથી સારવાર માટે તેને હોસ્પિટલ લઈ જવાયો હતો. જ્યાં તેની સારવાર શરૂ કરવામાં આવી હતી.

કફીલ અહેમદ અંસારીના ગુનાહિત ઈતિહાસની વાત કરીએ તો વર્ષ ૨૦૧૪માં તે જયપુર એનસીબીમાં ૧૮ કિલો ચરસ કેસમાં ઝડપાયો હતો. જેમાં તેને ૧૫ વર્ષની સજા થઈ હતી. વર્ષ ૨૦૧૫માં પેરોલ પર છુટ્યા બાદ તે ફરીથી જયપુર એટીએસ અને એસઓજીના હાથે ૩ કિલો અલ્પ્રાઝોલમ ડ્ર્ગ્સ સાથે ઝડપાયો હતો. જે કેસમાં તેને ૨૦ વર્ષની સજા થઈ હતી. વર્ષ ૨૦૧૪માં જ ગુજરાત એનસીબીએ એન્ફ્રાટામાઈન નામના ડ્ર્ગ્સ સાથે ઝડપાયો હતો.આ કેસમાં પણ તેને ૧૦ વર્ષની સજા થઈ હતી. આ તમામ કેસમાં તે ૯ વર્ષ સુધી જયપુરની જેલમાં અને એક વર્ષ માટે અમદાવાદની સાબરમતી સેન્ટ્રલ જેલમાં પાકા કામના કેદી તરીકે રહ્યો હતો. બાદમાં તે જામીન પર છુટ્યો હતો. અને તેણે ફરીથી ડ્ર્ગ્સનો કારોબાર શરૂ કર્યો હતો.

**જનરલ બોર્ડના ૧૧૧માંથી ૪૩ મુદ્દા રાહત દરે બોર્ડ-બેનરના**

# આજે અમદાવાદ મ્યુનિ.નું 'બેનર' બોર્ડ! વગદારો માટે હોર્ડિંગમાં ટોકન દરની રમત

અમદાવાદ, સોમવાર

અમદાવાદ મ્યુનિ.ની સમિતિઓ અને જનરલ બોર્ડ પ્રજાના કામની ચર્ચા કરવા માટે મળે કે પછી વગદારોને લાભ કરાવવા ? તેવો પ્રશ્ન ઉઠ્યો છે. આવતી કાલે મળનારા મ્યુનિ.ના જનરલ બોર્ડમાં જે મુદ્દા પર ચર્ચા કરાશે, તેમાં ગટર, પાણી, રસ્તા જેવી પ્રાથમિક સુવિધાઓને લગતા કામ જ નથી! ૪૦ ટકાથી વધુ મુદ્દા રાહત દરે હોર્ડિંગ લગાવવાના છે. એટલે નવરાત્રી, દિવાળીમાં પાણીના ભાવે પ્રાઈમ લોકેશનો પર જાહેરાતના બોર્ડ લગાવવાની મંજૂરી આપી મ્યુનિ. મળતિયાઓને ધંધો કરાવશે!

## નવરાત્રી-દિવાળીમાં જ્વેલર્સ અને ખાનગી હોસ્પિટલોને માત્ર રૂપિયા ૧૫૧માં હોર્ડિંગ લગાવીને જાહેરાત કરવાની છૂટ

એરપોર્ટ, શાહીબાગ, સીજી રોડ, બોપલ સહિત શહેરના પ્રાઈમ વિસ્તારોના મુખ્ય માર્ગો પર એક હોર્ડિંગ લગાવવાની કિંમત એક લાખથી પણ વધારે હોય છે. પરંતુ મ્યુનિ. પોતાની કરોડોની આવક જતી કરી અમુક લોકોને ફક્ત રૂ.૫૧થી ૧૫૧ના ટોકન ભાવે માર્ગો પર હોર્ડિંગ લગાવવાની છૂટ આપી દીધી છે. જ્વેલર્સ, હોસ્પિટલ, ઈવેન્ટ મેનેજમેન્ટ કંપની, રિયલ એસ્ટેટ ડેવલપર્સ, સામાજિક સંસ્થાઓ સહિત ૪૩થી વધુ એકમોને ૭૩૮ બોર્ડ-બેનર લગાવી જાહેરાત કરવા સ્ટેન્ડિંગ કમિટી દ્વારા મંજૂરી અપાઈ હતી. જેમાં ૧૫ સામાજિક-ધાર્મિક સંસ્થાઓ અને ૨૮ ખાનગી એકમોનો સમાવેશ થાય છે. ટૂંકમાં નવરાત્રી અને દિવાળીના તહેવારોમાં વગદારોને પાણીના ભાવે પોતાની ચીજ-વસ્તુઓની જાહેરાત કરી કમાણી કરશે. સામાજિક અને ધાર્મિક કાર્યક્રમો માટે રાહત દરે હોર્ડિંગ અપાય તે સમજી શકાય, પરંતુ તોતિંગ કમાણી કરતા મોટા-મોટા ધંધાકીય એકમો પ્રત્યે મ્યુનિ.ની આ સહાનુભુતિ કંઈક અલગ જ ઈશારો કરે છે. આવતી કાલે મળનારા મ્યુનિ.ના જનરલ બોર્ડમાં રજૂ કરાયેલા ૧૧૧ કામ પૈકી ૪૩ મુદ્દા બોર્ડ-બેનર છે. એટલે એક તબક્કે જનરલ બોર્ડ જાણે બેનર બોર્ડ બની જશે!

### પડદા પાછળનો ખેલ : તાકીદના કામ તરીકે ઘુસાડી દેવાતી દરખાસ્તો

સામાન્ય રીતે કોઈ પણ કામ માટે મ્યુનિ.ની સંબંધિત સમિતિમાં દરખાસ્ત રજૂ કરી નિર્ધારિત દિવસો પહેલાં મંજૂરી લેવી પડે છે. પરંતુ મળતિયાઓને ફાયદો કરાવવામાં કોઈ અવરોધ કે વાંધા-વિરોધ ન ઉઠે માટે સમિતિની બેઠકોમાં ગણતરીની મિનિટ પહેલાં આવા કામ તાકીદના કામ તરીકે રજૂ કરી કોઈ ચર્ચા વગર સીધા મંજૂર કરી દેવાય છે. મોટા ભાગના કિસ્સામાં બોર્ડ લાગીને ઉતરી ગયા બાદ જનરલ બોર્ડમાં મંજૂરી માંગવામાં આવે છે.

### કોને કેટલા હોર્ડિંગ અપાયા?

| વ્યવસાય | એકમો | હોર્ડિંગ |
|---|---|---|
| જ્વેલર્સ | ૭ | ૧૩૬ |
| બિલ્ડર્સ | ૩ | ૬૨ |
| હોસ્પિટલ | ૪ | ૫૩ |
| કોમર્શિયલ ગરબા | ૬ | ૭૩ |
| ઔદ્યોગિક એકમ, ડેરી, વગેરે | ૮ | ૪૭ |

### મંજૂરી પૂરી થઈ ગયા બાદ પણ મહિનાઓ સુધી હોર્ડિંગ ઉતરતા નથી

મ્યુનિ. દ્વારા કાગળ પર તો ૧૫ દિવસથી એક મહિના સુધી હોર્ડિંગ લગાવવાની મંજૂરી અપાય છે. પરંતુ વાસ્તવમાં મહિનાઓ સુધી રસ્તા પર આવા જાહેરતના બોર્ડ લાગેલા જોવા મળે છે. કોને ક્યાં અને કેટલા જાહેરાતના બોર્ડ લગાવ્યા તેમજ કેટલા દિવસ સુધી? તેનો મ્યુનિ. તંત્ર પાસે કોઈ હિસાબ નથી. બીજી બાજુ વિપક્ષ કે અન્ય પક્ષના રાજકીય બેનર હોય તો ગણતરીના કલાકોમાં ઉતારી દેવાય છે.


Hero
હીરોની સંગે
તહેવાર છે
બધે અહીં...
ખુશીઓથી ભરેલો તહેવાર
Splendor+
XTEC 2.0
HF Deluxe
Pro
જીતવાનો મોકો મળે સોનાના સિક્કા અને ઘણું બધું#
ઇન્સ્ટન્ટ ડિસ્કાઉન્ટ
₹10 000^ સુધી
SBI card
HDFC BANK
pine labs
ઓછું ડાઉન પેમેન્ટ
₹4 999* થી શરૂ
કોર્પોરેટ ઓફર
₹3 200* સુધી
For bulk / institutional inquiries, please write to us at : institutionalsales@heromotocorp.com | Available in CSD
5 YEAR WARRANTY
Hero GoodLife
Also Available on:
Flipkart
amazon.in
Hero MotoCorp Ltd. Regd. Office: The Grand Plaza, Plot No.2, Nelson Mandela Road, Vasant Kunj Phase - II, New Delhi - 110070, India. | CIN: L35911DL1984PLC017354 | For further information, contact your nearest Hero MotoCorp authorized outlet or visit us on www.HeroMotoCorp.com Accessories and features shown may not be a part of standard fitment. Always wear a helmet while riding a two-wheeler. ^Offer amount and combination of offer may vary for model/variant and states and it is applicable on select models only, for a limited time period or till stock lasts. Cash discount & Corporate offer are exclusive and can't be availed together. #Finance/Card offer are at the sole discretion of the financier/bank. Subject to their respective T&Cs. Offer available only on limited stores. *Limited period offer. T&C apply.
TOLL FREE
1800 266 0018
Authorised Dealers: AHMEDABAD: Ambawadi: Shradha Hero: 9289922503; Bopal: Raj Hero: 9289230435; CTM: Rajdeep Hero: 9289922511; Gota: Shradha Hero: 9289922209; Laldarwaja: Shradha Hero: 9289922209; Maninagar (Kankaria): Rajdeep Hero: 9289922511; Naroi: Rajdeep Hero: 9289922511; Navrangpura: Bikes Hero: 9289922253; Nikol: Mann Hero: 9875090031 RTO Circle: Chiraniya Hero 9289235267; Sanand: Bikes Hero: 9289923085; Sarkhej: Raj Hero: 9289230435; ANAND: Chikhodra Road: Prakash Hero : 9289922237; Lambhvel Road: Legacy Hero: 9289923138; ANJAR: Shiv Shakti Hero: 9821739780; ANKLESHWAR: Anas Hero : 9289922241; AMRELI: Navnit Hero : 9289922254; BARDOLI: Vandote Hero : 9289923136; BHARUCH: Vimco Hero : 9289922428; BHAVNAGAR: Chitra: Patel Hero: 9289922512; Crescent Circle: Capital Hero : 9289922238; BHUJ: K.D. Hero : 9289922480; BOTAD: Patel Hero: 9289923201; CHIKHLI: Supreme Hero: 9289922542; DAHOD: Shree Laxminarayan Hero: 9289922242; GANDHIDHAM: Quality Hero : 9289922248; GANDHINAGAR: Nanda Hero : 9289922238; GODHRA: Century Hero: 9104400558; GONDAL: Everest Hero : 9289922694; HALVAD: Shreeji Hero : 9289923041; HIMMATNAGAR : Harsolia Motors : 9289923821 JAMNAGAR: Saru Section Road: Karan Hero : 9289922670; Hapa: Gokul Hero: 9289923051; JAMKHAMBHALIA: Ashok Hero : 9289922610; JUNAGADH: Jagdish Hero: 9289922239; MEHSANA: Nagalpur: Umiya Hero : 9289922249; Radhanpur Road: Umiya Hero : 9289922249; KALOL : Shakti Hero: 9289922809; KAMREJ: Shubham Hero: 9289922750; MAHUVA: Vinay Hero: 9289922825; MODASA: Pavan Hero : 9289922826; MORBI: Jai Ganesh Hero : 9289922481; NAVSARI: Metro Hero : 9289922250; NADIAD: Horizon Hero : 9289922247; NARMADA: Rajpipla: Anas Hero : 9289922241; PALANPUR: Sarthi Hero : 9289923155; Shiv Hero : 9289922243; PATAN: Sarthi Hero : 9289922426; PORBANDAR: Jayshree Hero : 9289922494; RAJKOT: Gondal Road: Jay Kay Hero : 9289922715; Vavdi: Perfect Hero : 9289922235; 150 Ft Ring Road: Jai Ganesh Hero : 9289923067; Rajkot: Kuvadva Road: Gopinath Mobility : 7490904512; SILVASA : Anil Motors : 9289924306 SURAT: Adajan Road: Jalaram Hero : 9289923027; Surat: Tapi Motors : 7069729000; Katargam: Sadguru Hero : 9289922982; Puna-Kumbharia Road: Shivani Hero : 9289922755; Udhna: Sadguru Hero: 9289923809; Ring-Road: GK Hero : 9289923810; Varracha: Rajdeep Hero: 9821737620; SURENDRANAGAR: Jai Ganesh Hero : 9289923144; VADODARA: Pandya Bridge: Century Hero : 9289922210; Nizampura: Century Hero: 9289922210; Subhanpura: Century Hero : 9289922210; Bahucharaji Road, Karelibagh: Kumar Hero : 9289922208; Dandia Bazar: Kumar Hero: 9289922208; O P Road: Kumar Hero : 9289922252; Gotri : Kumar Hero: 9289922252; Makarpura: Jaydeep Hero : 9289923190; VAPI: Metro Hero : 9289922251; Shanti Hero : 9289923190; VISNAGAR: Auto World Hero : 9289923055; VERAVAL: Jagdish Hero : 9289922300; VALSAD: Shanti Hero : 9289922234; UNA: Modheshwary Hero : 9289922506; VYARA: Wheel Hero : 9289922732



પુત્રના લક્ષણ પારણામાંથી અને વહુના લક્ષણ બારણામાંથી કહેવત ભલે જુની છે પણ યથાર્થ છે. બાળકના બુધ્ધિ, સ્વભાવ અને સંસ્કારના બાળપણમાંથી જ એંધાણ મળી જતા હોય છે. આલ્ફા જનરેશન અત્યારે પારણામાંથી જ સ્માર્ટ ફોનનો ઉપયોગ કરતી એટલે કે ફોન જોતી જોવા મળે છે. પરિવાર શ્રમજીવી હોય કે પૈસાદાર બાળકને સ્માર્ટ ફોનનું વળગણ ઘોડીયામાંથી જ વળગી જતુ હોય છે. (તસ્વીર : સુરેશ મિસ્ત્રી)

### ચાર રાઉન્ડ સાથે નિયત મુદત મુજબ પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ

# મેડિકલ-ડેન્ટલમાં ૮૮ બેઠકો ખાલી રહી સરકારે પ્રવેશ મુદત વધારવી પડશે

અમદાવાદ,સોમવાર

ધો.૧૨ સાયન્સ પછીના નીટ આધારીત ચાર કોર્સીસમાંથી સૌથી વધુ ડિમાન્ડિંગ એવા મેડિકલ કોર્સ અને ડેન્ટલ કોર્સમાં ગુજરાત સ્ટેટ ક્વોટામાં પ્રવેશ માટેની ઓનલાઈન કેન્દ્રિય પ્રક્રિયામાં આજે ચાર રાઉન્ડ પૂર્ણ થઈ ગયા છે.આ સાથે એમબીબીએસમાં પ્રવેશ માટેની મુદત પણ પુરી થઈ ગઈ છે.ચાર રાઉન્ડને અંતે ગુજરાતમાં ૮૮ બેઠકો ખાલી રહી છે.ગત વર્ષે પણ ગુજરાતમાં ચાર રાઉન્ડના અંતે ૯૦ બેઠકો ખાલી રહી હતી.જો કે ગુજરાત સહિત દેશભરમાં વિવિધ રાજ્યોમાં પાંચ હજાર જેટલી બેઠકો ખાલી રહી હોવાથી કેન્દ્ર સરકાર પ્રવેશ મુદત વધારવાની મંજૂરી આપે તેવી શક્યતા છે.હાલ આ બાબતે કેન્દ્ર સરકાર સમક્ષ માંગણી પણ થઈ છે.

## સમગ્ર દેશમાં પાંચ હજાર જેટલી બેઠકો ખાલી, ગત વર્ષે પણ ગુજરાતમાં ૯૦ બેઠકો ખાલી રહી હતી

એમબીબીએસ અને બીડીએસ એટલે કે યુજી મેડિકલ અને યુજી ડેન્ટલમાં ગુજરાતની મેડિકલ પ્રવેશ સમિતિ દ્વારા ચાર રાઉન્ડ પૂર્ણ કરી દેવાયા છે. ત્રણ રાઉન્ડના અંતે નોન રિપોર્ટિંગ અને પ્રવેશ રદ સહિતની ખાલી રહેલી ૨૨૩ બેઠકો માટે ચોથો રાઉન્ડ કરવામા આવ્યો હતો.જેમાં મેડિકલમાં ૧૧૯ અને ડેન્ટલમાં ૧૦૪ બેઠકો પર પ્રવેશ ફાળવાયો હતો. પરંતુ પ્રવેશ મેળવનારા આ ૨૨૩ વિદ્યાર્થીઓમાંથી ૮૮ વિદ્યાર્થીએ પ્રવેશ કન્ફર્મ કરાવ્યો નથી.જેથી નિયમ મુજબ આ વિદ્યાર્થીઓની ૧૦-૧૦ હજારની ડિપોઝિટ જપ્ત થશે. ચાર રાઉન્ડના અંતે ખાલી રહેલી ૮૮ બેઠકોમાં મેડિકલની ૫૬ અને ડેન્ટલની ૩૨ બેઠકોનો સમાવેશ થાય છે. પ્રવેશ સમિતિએ જાહેર કર્યુ છે કે હવે કોઈ પણ વિદ્યાર્થી પ્રવેશ રદ નહીં કરાવી શકે અને સમિતિ દ્વારા રદ પણ કરવામા નહીં આવે.

ગુજરાત સહિત દેશના વિવિધ રાજ્યોમાં ચાર રાઉન્ડના અંતે મેડિકલ અને ડેન્ટલની પાંચ હજાર જેટલી બેઠકો ખાલી હોવાનો અંદાજ છે.જેને પગલે કેન્દ્ર સરકાર ગત વર્ષની જેમ આ વર્ષે પણ પ્રવશ મુદત વધારવાની મંજૂરી આપી શકે છે. આ માટે કેન્દ્રિય આરોગ્ય મંત્રાલયને રજૂઆત પણ કરવામા આવી છે.ગત વર્ષે નવેમ્બરમાં પ્રવેશ મુદત પુરી થઈ હતી ત્યારે આ વર્ષે ૨૬ ઓક્ટોબર પ્રવેશ મુદતનો અંતિમ દિવસ હતો. મહત્વનું છે કે ગત વર્ષે ગુજરાતના સ્ટેટ ક્વોટામાં ચાર રાઉન્ડના અંતે મેડિકલમાં ૫૭ અને ડેન્ટલમાં ૩૩ સહિત ૯૦ બેઠકો ખાલી રહી હતી. ગત વર્ષે ગુજરાત સહિત દેશભરમાં અને ઓલ ઈન્ડિયા ક્વોટામાં એમબીબીએસની મોટી સંખ્યામાં બેઠકો ખાલી રહી હતી.જેથી કેન્દ્ર સરકારની મંજૂરીથી મેડિક કાઉન્સેલિંગ કમિટીએ રાજ્યોને સ્પેશ્યિલ સ્ટ્રે વેકન્સી રાઉન્ડ કરવાની મંજૂરી આપી હતી.

### ગત વર્ષે ખાસ રાઉન્ડની મંજૂરી અપાઈ હતી

કેન્દ્ર સરકારે ગત વર્ષે ચાર રાઉન્ડ બાદ સ્ટેટ ક્વોટા અને ઓલ ઈન્ડિયા ક્વોટા બંનેમાં સ્પેશ્યલ સ્ટ્રે વેકેન્સી રાઉન્ડ એટલે કે ચાર રાઉન્ડ બાદ પછી વધારાનો પ્રવેશ રાઉન્ડ કરવાની મંજૂરી આપી હતી.જેના પગલે ગુજરાતમાં ૯૦ બેઠકો માટે સ્પેશ્યલ રાઉન્ડ થયો હતો.પરંતુ જેમાં ભાગ લેવા માટે વિદ્યાર્થીઓ પાસેથી ૧૦ હજારને બદલે ૩ લાખ રૂપિયાની સિક્યુરિટી ડિપોઝિટ લેવામા આવી હતી.

### ઓલ ઈન્ડિયા ક્વોટામાં ૯૦૦થી વધુ બેઠકો ખાલી

દેશના તમામ રાજ્યોની સરકારી મેડિકલ અને સરકારી ડેન્ટલ કોલેજોની ૧૫ ટકા બેઠકો ઓલ ઈન્ડિયા ક્વોટામાં સેન્ટ્રલ પ્રવેશ સમિતિ (એમસીસી) દ્વારા ભરવામા આવે છે ત્યારે ઓલ ઈન્ડિયા ક્વોટામાં ચાર રાઉન્ડના અંતે ૯૦૦થી વધુ બેઠકો ખાલી છે.આટલી બધી બેઠકો ખાલી હોવાથી કેન્દ્ર સરકારે પ્રવેશ મુદત વધારવાની મંજૂરી આપવી પડશે.

### આખરે દ્વારકા

(છેલ્લા પાનાનું ચાલુ)

ધોરણો મુજબ હેક્ટર દીઠ રૂા.૮,૫૦૦ની સહાય અપાશે, જે મહત્તમ ૨ હેક્ટરની મર્યાદામાં રહેશે. પશુ કેમ્પમાં રાખવામાં આવેલા પશુઓ માટે પશુ દીઠ રોજના રૂા.૮૦ લેખે બે મહિના સુધીની આર્થિક સહાય સીધી એસડીઆરએફ ફંડમાંથી ચૂકવવામાં આવશે.ગ્રામીણ વિસ્તારોમાં રોજગારીની તકો ઊભી કરવા માટે વી.બી.જી. રામ જી. યોજના બેઠળ ૧૫૦ માનવદિનની રોજગારી પૂરી પાડવામાં આવશે. દુષ્કાળ નિર્ધારણ માર્ગદર્શિકા-૨૦૧૬ અનુસાર ઉચ્ચ સ્તરીય બેઠકોના અંતે લેવાયેલો આ નિર્ણય ૧લી નવેમ્બર-૨૬થી અમલમાં આવશે.

સરકારે એવો પણ દાવો કર્યોકે, જૂન-જુલાઈ ૨૦૨૬થી જ કલેક્ટરોને વિશેષ સત્તા આપીને અત્યાર સુધીમાં ૧.૨૧ કરોડ કિલોગ્રામ ઘાસનું માત્ર રૂા.૨ પ્રતિકિલોના રાહત દરે વિતરણ કરાયું છે. હાલ ૩ કરોડ કિલોગ્રામ ઘાસનો જથ્થો અનામત છે અને વધારાના જથ્થાની ખરીદી યુદ્ધના ધોરણે શરૂ કરી દેવામાં આવી છે. આગામી ગ્રામ પંચાયતની ચૂંટણીઓમાં સંભવિત રાજકીય નુકસાન રોકવા માટે ગુજરાત સરકારના આ નિર્ણયને રાજકીય પંડિતો 'ડેમેજ કંટ્રોલ' તરીકે જોઈ રહ્યા છે. ચૂંટણીના બ્યુગલ વાગે તે પહેલાં જ અસરગ્રસ્ત જિલ્લાઓના ખેડૂતો અને પશુપાલકોને આર્થિક રાહત આપી ગ્રામીણ સ્તરે સરકાર વિરુધ્ધ જનઆક્રોશ શાંત પાડવા આ મથામણ છે.

### ...તો હવે ૧૨

(છેલ્લા પાનાનું ચાલુ)

રૂા.૮૫૦૦ આપીને સરકાર ખેડૂતોના આંસુ લૂછવાનો ઢોંગ કરી રહી છે, જેને ખેડૂત સમાજ ક્યારેય સ્વીકારશે નહીં. જો સરકાર પોતાનો નિર્ણય નહીં બદલે તો આગામી દિવસોમાં રાજ્યવ્યાપી આંદોલન છેડવામાં આવશે. એવો પણ આક્ષેપ કરાયો છેકે, દુષ્કાળગ્રસ્ત જાહેર કર્યા પછી સરકાર નિયમો ભૂલી ગઇ છે. જ્યારે કોઈ પણ વિસ્તારને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવામાં આવે, ત્યારે ૩ લાખ સુધીનું પાક ધિરાણ સંપૂર્ણ માફ કરવું. દર ૭ કિલોમીટરની ત્રિજ્યામાં પશુઓ માટે ઘાસચારા વિતરણ કેન્દ્ર ખોલવા.અછતગ્રસ્ત વિસ્તારોમાં રાહતકામો શરૂ કરી લોકોને રોજગારી આપવી. પશુધનને બચાવવા નવી પાંજરાપોળ ખોલવી અને રજિસ્ટર્ડ ગૌશાળાઓમાં પશુ દીઠ દૈનિક આર્થિક સહાય આપવી.




## વાત વાતમાં

### ઘર-સફાઈની ચોખ્ખી સુચનાઓ !

દિવાળી પહેલાં ઘરની સફાઈની જવાબદારી આમ તો પત્નીની હોય છે, પણ 'સહકાર' પતિનો જ હોય છે ! કેમકે વિના સહકાર, નહીં ઉધ્ધાર !

છતાં અમુક સુચનાઓ સમજી લેવી જરૂરી છે. દાખલા તરીકે...

* * *

સુચના (૧)

માળિયામાં સફાઈ ચાલતી હોય ત્યારે તમારા મોં અને માથા ઉપર કપડું બરોબર બાંધી રાખવું...

... કેમ કે તમારા પતિ અચાનક ગમે ત્યારે કચરો પાડશે !

* * *

સુચના (૨)

માળિયામાંથી ગમે ત્યારે વંદા, મંકોડા, જીવડાં, કરોળિયા વગેરે બહાર ધસી આવશે ! આના માટે હાથમાં 'હિટ-કોક્રોચ' તૈયાર રાખો....

... અને ગરોળી ધસી આવે તો બાથરૂમમાં ઘૂસી જવાની તૈયારી રાખો !

* * *

સુચના (૩)

પતિ માળિયામાં બુકાની સાથે ચોરની જેમ ઘૂસ્યા હોય એવો ફોટો ફેસબુકમાં મુકવો નહીં...

... કેમકે તરત જ તમારી બહેનપણીઓની કોમેન્ટ આવશે : 'નવો રાખ્યો છે !' (કામવાળો ભૈશાબ.... તમે શું સમજ્યા હતા ?)

* * *

સુચના (૪)

પતિનાં, બાળકોનાં તથા તમારાં જિન્સ કાઢી નાંખવા નહીં. એના બદલે એને એસિડ વૉશ વડે ધોઇને, ચપ્પુ વડે ખોતરીને, કાતર વડે કાપા પાડીને, ચીંથરા જેવું કરીને...

.... ઑનલાઈન વેચવા મુકશો તો ભાવ સારો મળશે !

* * *

સુચના (૫)

જુની ટેક્સ્ટ-બુકો, ગાઈડો, નોટો વગેરે પસ્તીમાં તો આપવાનાં જ છે. પરંતુ એ પહેલાં જાણે ગરીબોને દાનમાં આપતા હોય એવા ફોટા પડાવીને ફેસબુકમાં મુકો.

(આઠમાનાં ચોપડાં પાંચમાના બાબાને, અથવા ઈંગ્લીશ મિડીયમ બુક્સ ગુજરાતી મિડિયમ છોકરાને આપશો તોય ચાલશે.

ફોટામાં કોને ખબર પડવાની છે ?)

* * *

સુચના (૬)

છેવટે જ્યારે તમારી પત્ની તમારી પાસે આવીને કહે કે, 'ભૈશાબ, હું તો થાકી ગઈ.. હવે તમે ઝાડુ મારી દો ને ?'

.. ત્યારે ઝાડુ પત્નીની 'પીઠમાં' મારવાનું નથી ! સમજ્યા ?

- મન્નુ શેખચલ્લી

### અકસ્માત બાદ બુટલેગરો નાસી ગયા

# એસજી હાઈવે છારોડી પાસે ૧૬૦૦ બોટલ વિદેશી દારૂ ભરેલી કાર પલટી

અમદાવાદ,સોમવાર

શહેરના એસ જી હાઈવે છારોડી સર્વિસ રોડ પર ગત રાત્રીએ દારૂ ભરેલી ઈનોવા કાર અકસ્માતગ્રસ્ત હાલતમાં મળી આવી હતી. સ્થાનિક લોકોએ પોલીસને જાણ કરતા તપાસ દરમિયાન કારમાંથી ૧૬૦૦ બોટલ વિદેશી દારૂ અને બિયરનો જથ્થો મળી આવ્યો હતો. સોલા પોલીસે આ અંગે ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે. જેમાં જાણવા મળ્યું હતુંકે કારનો રજીસ્ટ્રેશન નંબર બનાવટી હતો.

## સ્થાનિકોએ પોલીસને જાણ કરીઃ કારનો રજિસ્ટ્રેશન નંબર નકલી હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું

સોલા પોલીસને મેસેજ મળ્યો હતો કે એસ જી હાઈવે છારોડી એએમટીએસ બસ સ્ટેશન નજીક સર્વિસ રોડ પર એક ઈનોવા કારને અકસ્માત થયો છે અને તેમાં દારૂની બોટલો છે.

જેના આધારે પોલીસે સ્થળ પર જઈને તપાસ કરતા પલ્ટી ખાઇ ગયેલી હાલતમાં કાર મળી આવી હતી. જેમાંથી ૧૬૦૦ બોટલ વિદેશી દારૂ અને બિયરનો જથ્થો હતો. કારનો રજીસ્ટ્રેશન નંબર નકલી હોવાનું પણ પોલીસને જાણવા મળ્યું છે. સોલા પોલીસે દારૂ લાવનારાઓનો રૂટ જાણવા માટે સીસીટીવી ફુટેજના આધારે તેમજ ઈજાગ્રસ્તોની ભાળ મેળવવા માટે નજીકની હોસ્પિટલમાં તપાસ શરૂ કરી છે. આ અકસ્માત કારનું ટાયર ફાટવાથી થયાની શક્યતા પોલીસે વ્યક્ત કરી છે.

### તહેવારો વચ્ચે ગુજરાતને વધુ એક ટ્રેનની ભેટ

# ભુજ-બરૌની અમૃત ભારત એક્સપ્રેસને શનિવારે લીલી ઝંડી મળવાની શક્યતા

અમદાવાદ, સોમવાર

ગુજરાતથી ઉત્તરભારત તરફ મુસાફરી કરતા હજારો મુસાફરો માટે દિવાળી પહેલાં રેલવે બોર્ડે વધુ એક ટ્રેનની ભેટ આપી છે. ગુજરાત ઉપરાંત રાજસ્થાન, ઉત્તરપ્રદેશ અને બિહારને જોડતી ભુજ-બરૌની વચ્ચે અમૃત ભારત એક્સપ્રેસ ટ્રેનને રેલવે બોર્ડે મંજૂરી આપતા આગામી ૩૧ ઓક્ટોબરના રોજ આ ટ્રેનને લીલી ઝંડી આપવામાં આવે તેવી શક્યતા છે.

## ગુજરાત, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, બિહારને જોડતી ત્રિ-સાપ્તાહિક ટ્રેન શરૂ કરવા રેલવે બોર્ડની મંજૂરી

ગુજરાત સહિત રાજસ્થાન, ઉત્તરપ્રદેશ અને બિહાર મળીને દેશના ચાર રાજ્યોને જોડતી ટ્રેન નં.૧૯૪૨૭-૨૮ ભુજ-બરૌની નવી અમૃત ભારત એક્સપ્રેસ ટ્રેનને શરૂ કરવા રેલવે બોર્ડ દ્વારા મંજૂરી આપવામાં આવી છે. આ ટ્રેન ભુજથી અમદાવાદ, રતલામ, કોટા, સવાઈ માધોપુર, ભરતપુર, મથુરા, બરેલી, ગોરખપુર અને હજીપુર થઈને બરૌની સુધી જશે. સુત્રોમાંથી પ્રાપ્ત માહિતી મુજબ, નવી ટ્રેનને આગામી ૩૧ ઓક્ટોકરના રોજ લીલી ઝંડી આપવામાં આવે તેવી પૂરી શક્યતા સેવાઈ રહી છે. જોકે, આ અંગે રેલવે દ્વારા હજુ સત્તાવાર જાહેર કરવામાં આવી નથી. ત્રિ-સાપ્તાહિક ધોરેણે દોડનારી આ ટ્રેનથી રોજગાર, અભ્યાસ અર્થે બહારથી ગુજરાતમાં વસતા લોકોને ખુબ ઉપયોગી સાબિત થશે. ઉપરાંત, ગુજરાતથી ગોકુળ- મથુરા સહિતના ધાર્મિક સ્થળોએ દર્શન માટે જતાં શ્રદ્ધાળુઓને પણ વધુ એક સીધી રેલ કનેક્ટિવિટી મળશે.

**વાચકોએ નોંધ લેવી કે કોઈપણ જાહેરખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઈ બાંયેધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પૂરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.**

**- જાહેરખબર મેનેજર**




### હવે કોટેશ્વરથી

(છેલ્લા પાનાનું ચાલુ)

રૂ.૮૫૯.૨૫ કરોડનો ખર્ચ સાથેનું ટેન્ડર ભરતાં તેને આ કોન્ટ્રાક્ટ અપાયો છે. સમગ્ર પ્રોજેક્ટ પાછળ અંદાજિત ૨,૧૬૯.૦૪ કરોડનો ખર્ચ કરવામાં આવશે. આ કોરિડોર કાર્યરત થયા બાદ અમદાવાદ અને ગાંધીનગરનું સંચાલિત મેટ્રો નેટવર્ક ૭૭.૬૩ કિમી થઈ જશે. એરપોર્ટ જવા માટે મેટ્રોનો વિકલ્પ મળતા રોડ પરના ટ્રાફિકનું દબાણ ઘટાડવામાં પણ મદદ મળશે. જોકે, મુસાફરોને વાસ્તવિક રાહત રૂટ શરૂ થયા બાદ જ મળશે.

### મેટ્રો શરૂ થતાં એરપોર્ટ પહોંચવું સરળ બનશે

હવાઈ મુસાફરી માટે નીકળતા લોકો માટે એરપોર્ટ સમયસર પહોંચવું અગત્યનું હોય છે. ખાસ કરીને પીકઅવર્સમાં રોડ પર ટ્રાફિક વધે ત્યારે મુસાફરીના સમયનો અંદાજ લગાવવો મુશ્કેલ બને છે. એરપોર્ટ મેટ્રો કોરિડોર શરૂ થવા બાદ મુસાફરોને જાહેર પરિવહનનો એક નિશ્ચિત રૂટ મળશે.

### ટૂંક સમયમાં GST ૩.૦ થશે લોન્ચ

# પેટ્રોલ, ડીઝલ અને ગેસ સહિતની પાંચ વસ્તુનો GSTમાં સમાવેશ થવાની શક્યતા

વાપી,સોમવાર

કરદાતાઓને વધુ સરળ અને પારદર્શક સેવાઓ પૂરી પાડવા માટે ભારત સરકાર દ્વારા 'સહજ કર સંવાદ' અભિયાન હેઠળ આગામી દિવસોમાં જીએસટી ૩.૦ લોન્ચ કરવાની દિશામાં કવાયત શરૂ કરાઈ છે. આ હેતુથી સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈનડાયરેક્ટ ટેકસીસ એન્ડ કસ્ટમ્સના ૧૦૦ દિવસના રાષ્ટ્રવ્યાપી કાર્યક્રમ હેઠળ દમણ કમિશનરેટ દ્વારા વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

## દમણમાં 'સહજ કર સંવાદ' કાર્યક્રમ યોજાયોઃ GSTમાં ફરિયાદ કે વાંધાઓનું સમાધાન કરતાં અધિકારીઓની કાર્યશૈલીને રેટિંગથી મુલવી શકાશે

કાર્યક્રમમાં ઉપસ્થિત ડાયરેક્ટર જનરલ ઓફ ટેક્સપેયર સર્વિસીસના પ્રિન્સિપલ એડિશનલ ડાયરેક્ટર સુમિતકુમારે જણાવ્યું હતું કે, આગામી ૬ મહિનામાં જીએસટી ૩.૦ સંપૂર્ણપણે અમલમાં આવશે. કરવેરા સિસ્ટમની સચોટ સમજ અને સુવિધા માટે તેને બેંકિંગ સિસ્ટમ સાથે ઈન્ટિગ્રેટ કરાઈ છે. આગામી ૧૦૦ દિવસમાં નવા કરદાતાઓ અને એમએસએમઇ ક્ષેત્રને આ પ્લેટફોર્મ સાથે જોડવા વ્યાપક આઉટરીચ પ્રોગ્રામ ચલાવાશે તથા તેમને 'હેન્ડ હોલ્ડિંગ સપોર્ટ' (માર્ગદર્શન) અપાશે.

કરદાતાઓની સુવિધા માટે ખાસ રૂટમાર્ગ શરૂ કરાયો છે. નવું રજીસ્ટ્રેશન કરાવવા ઈચ્છુક વેપારીઓ જીએસટી કમિશનરેટનો સંપર્ક કરીને મદદ મેળવી શકશે.

જો કોઈ અધિકારી કે કર્મચારી સહયોગ ન આપે અથવા સમસ્યાનું નિવારણ ન કરે, તો કરદાતા ડીજીટીએસ અથવા વડાપ્રધાન કાર્યાલય હેઠળ ચાલતા સીપીગ્રામ પોર્ટલ પર સીધી ફરિયાદ કરી શકશે અને અધિકારીઓનું રેટિંગ પણ નક્કી કરી શકશે.

વધુમાં, આગામી દિવસોમાં હાલ જીએસટી બહાર રહેલાં પેટ્રોલ, ડીઝલ અને ગેસ સહિતની પાંચ જેટલી વસ્તુઓને જીએસટીના દાયરામાં લાવવાની પ્રક્રિયા થઈ શકે છે. દમણ કમિશનર સતીશકુમારે ઉમેર્યું હતું કે, દમણ કમિશનરેટ ખાતે જીએસટી કૌશલ કેન્દ્ર અને જીએસટી મિત્ર સુવિધા કેન્દ્ર શરૂ કરાયા છે, જ્યાં કોઈ પણ સ્નાતક યુવાન નિઃશુલ્ક તાલીમ અને સર્ટિફિકેટ મેળવીને જીએસટી પ્રેક્ટિશનર તરીકે પોતાની કારકિર્દી બનાવી શકે છે.

### વડાપ્રધાનના સ્વર્ગસ્થ પિતા ઉપર ટિપ્પણી કરનાર

# ખડગે માફી માંગેના નારા સાથે ભાજપનું પાટનગરમાં કોંગ્રેસ કાર્યાલય સામે હલ્લાબોલ

ગાંધીનગર સોમવાર

કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દિવંગત પિતા અંગે પટનામાં કરવામાં આવેલી વિવાદાસ્પદ ટિપ્પણીને લઈને ગુજરાતનું રાજકારણ ગરમાયું છે. આ નિવેદનના વિરોધમાં ગાંધીનગરમાં ઘ-૫ સર્કલથી કોંગ્રેસ કાર્યાલય સુધી ભાજપ દ્વારા એક વિશાળ વિરોધ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું, જેના પગલે પાટનગરના રાજકીય માહોલમાં ભારે ગરમાવો જોવા મળ્યો હતો.

## ભાજપની વિરોધ રેલી સામે કોંગ્રેસના કાર્યકરોએ પણ રામધૂન બોલાવી મેલોડી વેચી વિરોધ નોંધાવ્યો

પટણા ખાતે ગઈકાલે મલ્લિકાર્જુન ખડગેના નિવેદનથી રોષે ભરાયેલા ભાજપના આગેવાનો, ધારાસભ્યો અને કાર્યકરો મોટી સંખ્યામાં ગાંધીનગરના ઘ-૫ સર્કલ ખાતે એકઠા થયા હતા અને હાથમાં માફી માંગે ખડગેના પોસ્ટરો સાથે ઉગ્ર સૂત્રોચ્ચાર કર્યા હતા. આ વિરોધ પ્રદર્શનને ધ્યાનમાં રાખીને સામે પક્ષે કોંગ્રેસ કાર્યાલય પર પણ કોંગ્રેસના કાર્યકરો સજ્જ થઈને હાજર રહ્યા હતા. ભાજપની રેલીના વિરોધનો સામનો કરવા માટે કોંગ્રેસના કાર્યકરોએ કાર્યાલયની બહાર બેસીને શ્રી રામ જય જય રામની ધૂન અને ભજન શરૂ કરી દીધા હતા. તેમજ મેલોડી ચોકલેટ વહેંચીને ભાજપના વિરોધ સામે એક અનોખો અને કટાક્ષભર્યો વળતો વિરોધ પ્રદર્શિત કર્યો હતો.

અડધો કલાક સુધી ભાજપ અને કોંગ્રેસના કાર્યકરો ફક્ત ૫૦ મીટરના અંતરે જ સામસામે સૂત્રોચાર કરતા માહોલ ગરમાયો હતો. બંને પક્ષના કાર્યકરો આમને-સામને ન આવી જાય અને સ્થિતિ વધુ વણસે નહીં તે માટે ગાંધીનગર પોલીસ દ્વારા અગાઉથી જ ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા અને બેરીકેટિંગ ગોઠવી દેવામાં આવ્યું હતું. રેલી સ્વરૂપે આગળ વધી રહેલા ભાજપના કાર્યકરોને પોલીસે કોંગ્રેસ કાર્યાલય સુધી પહોંચતા પહેલા જ રસ્તામાં અટકાવી દીધા હતા. ભાજપ દ્વારા આ વિવાદાસ્પદ મુદ્દે માત્ર ગાંધીનગર જ નહીં પરંતુ સમગ્ર ગુજરાતમાં આગામી ત્રણ દિવસ સુધી આક્રમક વિરોધ પ્રદર્શનો ચાલુ રાખવાની જાહેરાત કરવામાં આવી છે, જેના ભાગરૂપે આગામી દિવસોમાં અમદાવાદ, રાજકોટ અને વડોદરા સહિતના શહેરોમાં પણ પ્રદર્શનો યોજાશે.

### હેલમેટનો દંડ કાયદેસર પણ સાયબર ફ્રોડની વેબસાઈટો સક્રિય

# 'તમારા ઘણા ચલણ બાકી છે, ભારે પેનલ્ટી અને લાયસન્સ રદ થવાથી બચો !'

અમદાવાદ, સોમવાર

અમદાવાદ શહેરના રાજમાર્ગો પર અત્યારે ટ્રાફિક પોલીસ અને મ્યુનિસિપલ કોર્પોરેશનના સ્માર્ટ CCTV કેમેરા વાહનચાલકોની કડક 'નજરકેદ' કરી રહ્યા છે ત્યારે ગુજરાત હાઈકોર્ટની ફટકાર બાદ શહેરમાં વાહનચાલક તેમજ તેની પાછળ બેસનાર પિલિયન રાઈડર બંને માટે હેલમેટ પહેરવું અનિવાર્ય કરાયું હોવાથી નિયમભંગ બદલ સીધા ઘરે બેઠા રૂ. ૫૦૦નું ઈ-ચલણ ફટકારવામાં આવી રહ્યું છે.

## સાયબર ગઠીયાઓ સીધા વોટ્સઅપ પર નિયમિત રિમાઈન્ડર આપીને ઉપભોક્તાને ત્રસ્ત કરીને ફસાવે છે

ટ્રાફિક પોલીસની આ કડક આકરી ઝુંબેશ વચ્ચે હવે સાયબર ક્રાઈમના ભેજાબાજ ગઠિયાઓ મેદાને પડ્યા છે અને શહેરીજનોમાં એકતરફ હેલમેટ ચલણનો ફફડાટ છે ત્યારે બીજી તરફ ડિજિટલ લૂંટારુઓએ નિર્દોષ લોકોને નિશાન બનાવવાનું શરૂ કરીને છેલ્લા થોડા દિવસોથી અમદાવાદીઓના મોબાઈલ ફોન પર એક ચિંતાજનક નકલી મેસેજ વાયરલ કર્યો છે જેમાં વાહન દ્વારા ટ્રાફિક નિયમનો ભંગ થયો હોવાનું કહી રૂ. ૫૦૦નું હેલમેટ ચલણ ભરવા માટે આપેલી શંકાસ્પદ લિંક પર તાત્કાલિક ક્લિક કરવા દબાણ કરાય છે. સામાન્ય નાગરિકો દંડની રકમ અને કોર્ટના લફડાથી બચવા માટે ઉતાવળમાં આ લિંક પર ક્લિક કરી બેસે છે પરંતુ સાયબર એક્સપર્ટ્સના મતે આ લિંક ખોલતાની સાથે જ હુબેહૂ સરકારી પોર્ટલ જેવી દેખાતી નકલી વેબસાઈટ ખુલે છે જ્યાં ઓનલાઈન પેમેન્ટ કરવાનો પ્રયાસ કરતા જ નાગરિકોના બેંક ખાતામાંથી હજારો રૂપિયા સાફ થઈ જાય છે અને અમુક કિસ્સામાં મોબાઈલમાં ગુપ્ત રીતે વાયરસ વાળી એપીકે ફાઈલ ડાઉનલોડ થઈ જાય છે જે સીધો તમારો ઓટીપી અને બેંકિંગ પાસવર્ડ હેકર્સ સુધી પહોંચાડે છે. લોકોમાં અત્યારે ભારે ભ્રમણા પ્રવર્તી રહી છે કે સાચા ચલણ ક્યાં અને ખોટા ચલણ ક્યા ? સાયબર ક્રાઈમ બ્રાન્ચ અને ટ્રાફિક પોલીસે જનતાને જાગૃત કરતા જણાવ્યું છે કે સત્તાવાર ઈ-ચલણ ક્યારેય કોઈ શંકાસ્પદ ખાનગી લિંક કે વોટ્સએપ મેસેજ દ્વારા મોકલવામાં આવતું નથી કારણ કે સાચા ઈ-ચલણની લિંકના અંતમાં હંમેશા .gov.in લખેલું હોય છે જ્યારે નકલી લિંકમાં .com fu .org જેવી વિગતો હોય છે.

### અમિત શાહનો

(છેલ્લા પાનાનું ચાલુ)

**વિના ચૂંટણી જીતી શકાય તેમ નથી, અમે જ નેતાઓને સંસદ-વિધાનસભામાં મોકલીએ છીએ.આ જ આત્મવિશ્વાસને કારણે જેલમાં બંધ ગુનેગારોને કોઈનો ડર રહ્યો નથી. જેલના અધિકારીઓ પણ કદાચ એ ડરથી ફફડી રહ્યા છે કે જો લોરેન્સ દિલ્હી સુધી કોઈ 'સંદેશો' પહોંચાડી દેશે, તો તેમની આખી કરિયર દાવ પર લાગી જશે.**

આ બધા રાષ્ટ્રીય મોરચાઓ વચ્ચે ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈ ક્યાંક અમિત શાહના 'પ્રાયોરિટી લિસ્ટ' માંથી બહાર થઈ ગયો હોય તેમ લાગે છે, અને આ જ વ્યસ્તતાનો લાભ લઈને લોરેન્સને જેલમાં મોકળો દોર મળી ગયો છે.

ચિંતાજનક બાબત એ છે કે જે ગુજરાતમાં કડક દારૂબંધી છે પણ જાણે ડ્રગ્સબંધી નથી. તે આજે ડ્રગ્સના સેફ લેન્ડિંગ માટે બદનામ થઈ રહ્યું છે. દારૂ અને ડ્રગ્સની હેરાફેરી હવે અહીં નવી વાત રહી નથી. ગુનાખોરીનો ગ્રાફ સતત વધી રહ્યો છે, પરંતુ આશ્ચર્યની વાત એ છે કે ગુજરાતની જનતા હવે આ બધું જોઈને ટેવાઈ ગઈ હોય તેમ 'કોઠો પડી ગયો' છે.

### સાબરમતી સેન્ટ્રલ

(છેલ્લા પાનાનું ચાલુ)

હરણનો શિકાર કરવાના મામલે તેણે ધમકી આપતા તે લાઈમલાઈટમાં આવ્યો હતો અને ત્યારબાદ તેણે ડ્રગ્સ અને સોપારી કીલીંગ શરૂ કર્યું હતું. સાથેસાથે કેનેડા, યુએસ અને યુ કે પણ ગેંગ સક્રિય કરી હતી. કેનેડા અને અમેરિકાની ગેંગનું સંચાલન ગોલ્ડી બ્રારને સોપ્યું છે. જ્યારે યુરોપમાં પણ ગેંગસ્ટર રોહિત ગોદારાની મદદથી ગેંગ ચલાવે છે. મે ૨૦૨૨માં તેણે પંજાબના જાણીતા ગાયક સિદ્ધુ મુસેવાલાની હત્યા કરાવી કરાવી હતી, ડિસેમ્બર ૨૦૨૩માં રાષ્ટ્રીય કરણી સેનાના અધ્યક્ષ સુરખેવસિંહ ગોગામેડીની હત્યા અને એનસીપીના નેતા બાબા સિદ્દીકીની હત્યામાં પણ લોરેન્સ બિશ્નોઇ ગેંગની હાથ હતો. આ તમામ હત્યા તેણે જેલમાં બેઠા બેઠા કરાવી હતી.

સાથેસાથે તમામ સુચનાઓ તેની હાઈસિક્યોરીટી ઝોન ગણાતી સેલમાંથી આપતો હોવાની પણ ચર્ચા છે. થોડા દિવસ પહેલા અમદાવાદ અને દક્ષિણ ગુજરાતમાંથી મેડ સંધુની હત્યા કેસમાં સંડોવાયેલા આરોપીઓ પણ ઝડપાયા હતા. જે લોરેન્સ માટે કામ કરતા હતા.

સૌથી ચોંકાવનારી બાબત એ છે કે માત્ર ભારતની ઈન્ટેલીજન્સ એજન્સીઓ જ નહી પણ અન્ય દેશોમાં પણ એવા ઈનપુટ અપાયા છે કે લોરેન્સ બિશ્નોઇ જેલમાંથી ગેંગનું સંચાલન કરે છે. ત્યારે સાબરમતી જેલમાં દેશમાં કાયદો અને વ્યવસ્થા માટે નહી પણ લોરેન્સ બિશ્નોઇની ગેંગ માટે સલામત સ્થળ બની ગયું હોય તેવો ઘાટ ઉભો થયો છે.

લોક પ્રકાશન લી. અમદાવાદ વતી મુદ્રક, પ્રકાશક શ્રી શ્રેયાંસ શાંતિલાલ શાહે (૧) પ્રજાબંધુ પ્રેસ, ખાનપુર, અમદાવાદ-૩૮૦૦૦૧. (૨) નીલગીરી પ્રેસ, સેટેલાઇટ, અમદાવાદ- ૩૮૦૦૫૯ ખાતે છાપ્યું અને ગુજરાત સમાચાર ભવન, ખાનપુર ખાતેથી પ્રસિધ્ધ કર્યું. અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ
Regd. NI. GAMC 28

Owned by Lok Prakashan Limited for Ahmedabad Edition, Printer & Publisher Shri Shreyansh S. Shah Printed at (1) prajabandhu press, khanpur, Ahmedabad-380001 (2) Nilgiri press, satelite,Ahmedabad- 380059 and Published from Gujarat Samachar Bhavan Khanpur, Ahmedabad. Founder Editor: Lt. Shantilal A.Shah
Regd.NI.GAMC 28

## સુરતમાં સ્વામિનારાયણ મંદિરની બાંધકામ સાઈટ પર અકસ્માત

# આંખમાંથી મગજ આરપાર વિંધાયેલો સળિયો સિવિલમાં બહાર કઢાયો

(પ્રતિનિધિ દ્વારા) સુરત,સોમવાર

સુરતના પલસાણા તાલુકાના બારાસરી ગામ ખાતે નિર્માણધીન સ્વામિનારાયણ મંદિરની કન્સ્ટ્રક્શન સાઈટ પર રવિવારે બપોરે કામકાજ દરમિયાન પહેલા માળેથી પટકાયેલા ૧૮ વર્ષીય યુવકની ડાબી આંખમાં કોલમનો અંદાજે અઢી ફૂટ લાંબો લોખંડનો સળિયો ઘૂસીને મગજ અને ખોપરીની પાછળના ભાગેથી આરપાર નીકળી ગયો હતો. નવી સિવિલમાં ૧૦ ડોકટરોની ટીમે સર્જરી કરીને સળિયો બહાર કાઢ્યો હતો પણ યુવકની હાલત ગંભીર છે.

## પલસાણાના ૧૮ વર્ષીય યુવકની વિવિધ વિભાગોના ૧૦ ડોકટરોની ટીમે ચાર કલાક સર્જરી કરી



સિવિલથી મળેલી વિગત મુજબ ગોધરાના પંચમહાલ વિસ્તારના ૧૮ વર્ષીય કિરણ ગુલાબ ડામોરને અકસ્માત નડયા બાદ સાઈટ પર હાજર લોકોએ ગ્રાઈન્ડર વડે સળિયો કાપીને તાત્કાલિક બારડોલી ત્યારબાદ સુરતની નવી સિવિલ હોસ્પિટલ ખસેડ્યો હતો. યુવકની સ્થિતિ અત્યંત નાજુક હોવાથી સૌપ્રથમ ફાયર બ્રિગેડના અધિકારીઓની મદદથી આંખ બહાર રહેલો વધારાનો સળિયો કાપવામાં આવ્યો હતો.

ત્યારબાદ વિવિધ વિભાગોના ૧૦ ડોકટરોની ટીમ દ્વારા સતત ચાર કલાક ચાલેલી અત્યંત જટિલ અને રેર સર્જરી બાદ યુવકના મગજ અને હાથમાંથી સળિયા સફળતાપૂર્વક બહાર કાઢવામાં આવ્યા હતા. સિવિલના ન્યુરોસર્જન ડૉ. મેહુલ મોદીએ જણાવ્યું હતું કે, દર્દી કિરણને સળિયો આંખમાંથી ઘૂસી અને પાછળ સ્કલમાંથી એટલે કે જે ખોપડી કહેવાય એની અંદરથી બહાર આવ્યો હતો.

## ગોતા અને દાણીલીમડાના કારખાનાઓમાં

# ટમેટા વગર બનતા સોસના નમૂના લેબ. ટેસ્ટમાં તમામ સ્તરે નાપાસ

અમદાવાદ, સોમવાર

અમદાવાદ શહેરના ગોતા અને બહેરામપુરામાં મ્યુનિ.એ ટમેટા વગર જ સોસ બનાવતી બે ફેક્ટરીઓ ઝડપી લીધા બાદ બંને સ્થળોએ ૧૨,૫૦૦ કિલોથી વધુ નકલી કેચઅપનો જથ્થો સીઝ કર્યો હતો. અહીંથી લેવામાં આવેલા નમૂનાઓ લેબ ટેસ્ટમાં તમામ સ્તરે નાપાસ થયા છે. પરિણામે બંને એકમો સામે હવે એફએસએસએઆઈના નિયમો મુજબ કાયદાકીય કાર્યવાહી થશે.

## આઈ શ્રી ખોડિયાર ગૃહ ઉદ્યોગ અને એમજેએફ ફૂડ પાસેથી કોને કોને જથ્થો આપતા હતા? તેની વિગતો મ્યુનિ.એ માંગી

અમદાવાદના ગોતા વિસ્તારમાં વિશ્વકર્મા મંદિર પાસે મેલડી એસ્ટેટમાં આવેલા આઈ શ્રી ખોડિયાર ગૃહ ઉદ્યોગમાં ગત તા.૧૭ના રોજ મ્યુનિ.ના ફૂડ વિભાગે તપાસ કરીને અનહાજેનિક સ્થિતિ બદલ એકમ સીલ કરી ટમેટા વગર જ બનતા સોસનો ૧૦,૬૩૦ કિલો જથ્થો સીઝ કર્યો હતો. આવી રીતે ગત તા.૧૫ના રોજ બહેરામપુરાના એજેએફ ફૂડમાંથી પણ ટમેટા વગર બનેલો ૨૦૦૦ કિલોથી વધુ નકલી સોસ જપ્ત કરાયો હતો.

આ બંનેના નમૂનાઓ નાપાસ થયા છે. મ્યુનિ.ના ફૂડ સેફ્ટી ઓફિસરના જણાવ્યા અનુસાર બંને એકમો આ નકલી અને હાનિકારક સોસ કોને કોને સપ્લાય કરતા હતા અને શહેરમાં આવી રીતે અન્ય ક્યાં સ્થળોને નકલી સોસ બને છે? તેની વિગતો માંગી છે.

**બંને એકમોના નમૂનાઓના પરિણામ**

| નમૂનો | કારણ | પરિણામ |
|---|---|---|
| સ્નેક ટચઅપ | ટેસ્ટ ફોર સ્ટાર્ચ પોઝિટિવ આવ્યું | અનસેફ ફૂડ |
| ટોમેટો પેસ્ટ | એસિડિટી એઝ એસિટિક એસિડ ૦.૧ના બદલે ૦.૫૯ | સબ સ્ટાન્ડર્ડ |
| બટાકાની પેસ્ટ | ટોટલ સોલ્યુબ સોલિડ ૮.૦ના બદલે ૬.૯૩ મળ્યું | સબ સ્ટાન્ડર્ડ |
| સ્નેક ટચઅપ | સિન્થેટિક કલર્સ નેગેટિવના બદલે પોઝિટિવ આવ્યો | સબસ્ટાન્ડર્ડ-અનસેફ |

## આસામના જવાનોને તાવ આવવા લાગ્યો

# રાષ્ટ્રીય એકતા પરેડ માટે આવેલા BSFના ૨૮ જવાનો ડેન્ગ્યૂની ઝપેટમાં

રાજપીપળા,સોમવાર

નર્મદા જિલ્લામાં એકતા નગર ખાતે સરદાર પટેલની ૧૫૧મી જન્મ જયંતી નિમિતે ૩૧ ઓક્ટોબર ૨૦૨૬ ના રોજ યોજાનારી રાષ્ટ્રીય એકતા પરેડમાં ભાગ લેવા આસામથી આવેલા સીમા સુરક્ષા બળ (બીએસએફ)ના ૨૮ જવાનો ડેન્ગ્યૂની ઝપેટમાં આવ્યા છે.

## એકતાનગરમાં હવે મચ્છરોના ઉત્પત્તિ સ્થળો શોધવા તંત્ર કામે લાગ્યું : સફાઈ પણ શરૂ કરાઈ

૪૦ જેટલા જવાનોની ટુકડીમાં એક પછી એક જવાનોને તાવ આવતાં આરોગ્ય તપાસ કરવામાં આવી હતી, જેમાં ૨૮ જવાનો ડેન્ગ્યૂ પોઝિટિવ હોવાનું સામે આવતાં નર્મદા જિલ્લા આરોગ્ય વિભાગમાં દોડધામ મચી છે. હાલ તો ડેન્ગ્યૂ પોઝિટિવ આવેલા જવાનોને સારવાર માટે એકતાનગર ટ્રોમા સેન્ટર ખાતે ખસેડવામાં આવ્યા છે. નર્મદા જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા એમની ઘનિ સારવાર ચાલી રહી છે, એમના બ્લડ સેમ્પલ લઈ તપાસ કરવામાં આવી રહી છે. ડેન્ગ્યૂને લઈને તા.૩૧ ઓક્ટોબરે યોજાનારી રાષ્ટ્રીય એકતા પરેડમાં આ જવાનો ભાગ લઈ શકશે કે કેમ? તે અંગે સસ્પેન્સ છે. સૂત્રોનાં મતે હાલ તેઓની સારવાર ચાલી રહી છે અને તબિયતમાં સુધારો જણાશે તો તેઓ પરેડમાં ભાગ પણ લઈ શકે છે.બીજી તરફ, ડેન્ગ્યૂના કેસો સામે આવતાં આરોગ્ય વિભાગ દ્વારા મચ્છરોના ઉત્પત્તિસ્થળો શોધી તેનો નાશ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

## મ્યુનિ.ના ફૂડ વિભાગે નવો મોરચો ખોલ્યો!

# નરોડામાં દાઝીયા તેલના સંગ્રહ, નિકાલની વ્યવસ્થાના અભાવે જૈન સુપર નમકીન સીલ!

અમદાવાદ, સોમવાર

અમદાવાદમાં અત્યાર સુધી ખોરાકમાં ભેળસેળ, નકલી ખાદ્ય પદાર્થ, અનહાજેનિક સ્થિતિ, ભારે ગંદકી, પેસ્ટ કંટ્રોલ કે એફએસએસએઆઈના લાયસન્સ ન હોવા વગેરે બાબતે મ્યુનિ.ના ફૂડ વિભાગ દ્વારા એકમો સીલ કરવા સુધીની કાર્યવાહી કરાતી હતી. પરંતુ હવે તદ્દન નવી દિશામાં ફૂડ વિભાગે મોરચો ખોલીને દાઝીયા તેલના સંગ્રહ અને નિકાલની વ્યવસ્થાના અભાવ સબબ નરોડામાં જૈન સુપર નમકીન નામના એકમને સીલ કરીને એક હજાર કિલો ફરસાણ સહિતની વસ્તુઓનો જથ્થો સીઝ કર્યો છે.

## ૧૨૫ કિલો ઉપયોગ થયેલું ખાદ્ય તેલ મળ્યું : તૈયાર નમકીન, બેસન અને મેંદાનો એક હજાર કિલો જથ્થો સીઝ કરાયો

નરોડામાં મધુસુદન બિઝનેસ પાર્ક સ્થિત જૈન સુપર નમકીનમાં મ્યુનિ.ના ફૂડ વિભાગે તપાસ હાથ ધરી હતી. આ તપાસ દરમિયાન ઉપયોગ કરાયેલા ખાદ્ય તેલના સંગ્રહ અને નિકાલની વ્યવસ્થા ન હોવાનું ધ્યાને આવ્યું હતું. અહીં આવું ૧૨૫ કિલો જેટલું ખાદ્ય તેલ મળી આવ્યું હતું. જેનો નિયત એજન્સી મારફતે યોગ્ય નિકાલ કરવાની વ્યવસ્થાના કોઈ આધાર-પુરાવા સંચાલક દ્વારા રજૂ કરવામાં આવ્યા નહોતા. પરિણામે ફૂડ સેફ્ટી વિભાગે તેલના નમૂના લઈને એકમ સીલ કરી દીધું હતું. આ ઉપરાંત તૈયાર નમકીન અને બેસન તથા મેંદાના લોટ સહિતનો એક હજાર કિલો જથ્થો સીઝ કર્યો છે. અત્યાર સુધી તેલમાં ટીપીસીનું પ્રમાણ ૨૫થી વધારે હોય તો પગલાં લેવાતા હતા.

પરંતુ હવે દાઝીયા તેલના સંગ્રહ અને નિકાલ માટે પણ દુકાનદારોએ યોગ્ય નિયમોનું પાલન કરવું પડશે.

### દાઝીયા તેલનો બાયોફ્લુઅલમાં ઉપયોગ!

ભંગાર કે કચરાના વેપારીઓને આવું દાઝીયુ તેલ આપવામાં આવે તો તેનો કોઈ અધિકૃત નિકાલ કે ઉપયોગ હોતો નથી. ઘણી વખત આવા તેલનો ફરી વખત ઉપયોગ થવાની પણ શક્યતાઓ રહે છે. જ્યારે સરકારની નિયત કરાયેલી માન્ય સંસ્થાઓ દ્વારા આવા દાઝીયા તેલનો બાયોફ્લુઅલમાં ઉપયોગ કરવામાં આવતો હોવાનું સૂત્રોએ જણાવ્યું છે. વળી આવી સંસ્થાઓ વેપારીઓને ૯૦થી ૧૦૦ રૂપિયા પ્રતિ લિટર સુધીનો ભાવ આપે છે!

### તેલના ૫૦ કિલોથી વધુ દૈનિક વપરાશ માટે કડક નિયમો

મ્યુનિ.ના ફૂડ સેફ્ટી ઓફિસર ડો.તેજસ શાહના જણાવ્યા અનુસાર દરરોજ ૫૦ કિલોથી વધુ ખાદ્ય તેલનો ઉપયોગ કરાતો હોય તેના એકમોમાં તેલનો વપરાશ, ઉપયોગમાં લેવાયેલ જથ્થો, તેના નિકાલની વિગતોનો રેકોર્ડ રાખવો જરૂરી છે. દાઝીયા તેલનો અલગ અને ઓળખી શકાય તેવા પાત્રમાં સંગ્રહ કરવો જોઈએ.

## મહિને બે ટકા વળતરની ખાતરી આપી હતી

# રોકાણના નામે રૂ. ૧.૨૭ કરોડની છેતરપિંડી કરનાર બે ગઠિયા ઝડપાયા

અમદાવાદ,સોમવાર

શહેરના નિકોલમાં કંપની શરૂ કરીને રોકાણ કારોને પ્રતિમાસ બે ટકા અને થોડા સમયમાં નાણાં બમણાં કરી આપવાનું કહીને વિરાટ પરમાર સહિતના આરોપીઓએ રૂપિયા ૧.૨૭ કરોડની છેતરપિંડી આચરી હતી. જે કેસમાં આર્થિક ગુના નિવારણ શાખાએ અલકેશપુરી ગોસ્વામી અને ભાર્ગવ પંડ્યા નામના બે આરોપીઓની ધરપકડ કરી હતી. તેમની પાસેથી પોલીસને ૨૩૫ જેટલા બેંક એકાઉન્ટની અને છ જેટલી શેલ કંપનીઓની વિગતો મળી છે. જેના આધારે તપાસ શરૂ કરવામાં આવી છે.

## ઝડપાયેલા બે આરોપીઓ પાસેથી ૨૩૫ જેટલા બેંક એકાઉન્ટ મળી આવ્યા: શેલ કંપનીઓ પણ બનાવી હતી

નિકોલમાં રહેતા રજનીકાંત રામાણીએ ફરિયાદ નોંધાવી હતી કે વિરાટ પરમાર,અલ્કેશપુરી ગોસ્વામી, ભાર્ગવ પંડ્યા અને ધર્મેશ ચૌહાણ તેમજ અન્ય આરોપીઓએ ઈન્વેસ્ટમેન્ટ કંપની શરૂ કરીને ફરિયાદી તેમજ અને અન્ય લોકોને રોકાણ પર પ્રતિમાસ બે ટકા અને ચોક્કસ સમય બાદ બમણા નાણાં કરી આપવાનું કહીને કુલ ૧.૨૭ કરોડની રકમ મેળવીને છેતરપિંડી આચરી હતી. આ કેસમાં આર્થિક ગુના નિવારણ શાખાએ અલકેશ ગોસ્વામી અને ભાર્ગવ પંડ્યાની ધરપકડ કરી હતી. આરોપીઓ પાસેથી પોલીસને તેમના પરિવારજનોના નામે તેમજ કંપનીના નામના કુલ ૨૩૫ જેટલા બેંક એકાઉન્ટ મળી આવ્યા હતા. જેમાં ભાર્ગવના ૧૫૦ બેંક એકાઉન્ટ પોતાના હતા અને અલ્કેશના ૧૦ એકાઉન્ટ હતા. તેમજ સગાઓના નામે નોંધાયેલી છ જેટલી કંપનીઓ મળી આવી હતી. જે અંગે પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

## મોટા કાર્યક્રમો પાછળ યુનિ.નું બજેટ ખૂટ્યું ?

# ગૂજરાત વિદ્યાપીઠમાં વિદ્યાર્થીઓ આ વર્ષે સ્વખર્ચે પદયાત્રા કરશે

અમદાવાદ,સોમવાર

ગૂજરાત વિદ્યાપીઠ દર વર્ષની જેમ આ વર્ષે પણ વિદ્યાર્થીઓ માટેની પદયાત્રાનું આયોજન કરવામા આવ્યુ છે.પરંતુ આ વર્ષે વિદ્યાર્થીઓ સ્વખર્ચે પદયાત્રા કરશે. કારણકે હવે વિદ્યાપીઠે આ વર્ષથી પદયાત્રાના શૈક્ષણિક પ્રવૃત્તિમાં ગણીને ક્રેડિટ આપવાનું નક્કી કર્યુ છે.બીજી બાજુ વિદ્યાર્થીઓમાં એવી ચર્ચા છે કે મોટા મહેમાનો બોલાવીને થતા ભવ્ય ખર્ચોમાં વિદ્યાર્થીઓને આપવાના પદયાત્રા ખર્ચનું બજેટ ખુટ્યુ છે.આ વર્ષે પદયાત્રાની પરંપરા પણ બદલાઈ છે અને જેમાં અધ્યાપકોને પ્રથમવાર ઓનલાઈન મોનિટરિંગ સોંપાયુ છે.

ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા ગાંધીમૂલ્યો આધારીત વિદ્યાર્થીઓની પદયાત્રા ૨૦૦૭થી શરૂ કરવામા આવી છે.જેમાં દર વર્ષે વિદ્યાપીઠના અધ્યાપકો અને સેવકો પણ વિદ્યાર્થીઓ સાથે પદયાત્રામાં જોડાતા હોય છે.પરંતુ આ વર્ષે વિદ્યાપીઠે પદયાત્રાની પરંપરા બદલી છે.જેમાં અધ્યાપકોને વિદ્યાર્થીઓ મોકલવામા આવ્યા નથી.આજે ૨૬મીથી શરૂ થયેલી પદયત્રામાં અધ્યાપકોને ઓનલાઈન મોનિટરિંગ સોંપવામા આવ્યુ છે.

આ ઉપરાંત વિદ્યાર્થીઓ દર વર્ષે જ્યાં અન્ય જિલ્લાઓમાં જતા હતા ત્યારે આ વર્ષે પોતાના વતનની આસપાસના ગામોમાં યાત્રા કરવાની કામગીરી અપાઈ છે.જો કે અન્ય જિલ્લાના ગામોમાં વિદ્યાર્થીઓ જાય તો ત્યાંની સમસ્યા, સંસ્કૃતિ અને વિકાસ સહિતના પાસાઓ જાણી શકે. વતનમાં તો વિદ્યાર્થી કેટલુ શીખશે તે પ્રશ્ન છે.

આ વર્ષે વિદ્યાપીઠના યુજી-પીજી સહિતના તમામ કોર્સના મળીને ૧૯૫૨ વિદ્યાર્થીઓ પદયાત્રામા ગયા છે.ગત વર્ષે જ્યાં સ્વદેશી-સ્વાવલંબનના મુદ્દા પર પદયાત્રા નવેમ્બરમાં યોજાઈ હતી ત્યારે આ વર્ષે ન્યુટ્રિશન-પોષણની થીમ પર પદયાત્રા યોજાઈ રહી છે.જેમાં ૩૧મીએ છેલ્લો દિવસ રહેશે.ગત વર્ષે સ્વદેશની થીમ પર પદયાત્રામાં સર્વે કરીને સરકારને રિપોર્ટ આપવાનો હતો પરંતુ ખરેખર રિપોર્ટ અપાયો કે નહીં અને સર્વેમાંથી શું તારણો આવ્યા અને ખરેખર શું કામગીરી થઈ તેની કોઈ માહિતી જાહેર થઈ નથી. જ્યારે આ વર્ષથી વિદ્યાપીઠે પદયાત્રાને એકેડમિક પ્રવૃત્તિમાં જોડી હોઈ કોઈ પણ જાતના ખર્ચ માટે સહાય નહીં અપાય એટલે કે વિદ્યાર્થીઓ સ્વખર્ચે પદયાત્રા કરવાની રહેશે.







## જાહેર નોટિસ

આથી જાહેર જનતા ને જણાવવાનું કે જત ડિસ્ટ્રીકટ અમદાવાદના સબ ડિસ્ટ્રીકટ તથા રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ સાણંદ ના મોજે ગામ માણકોલ ની સિમના સર્વે / બ્લોક નં - ૧૯૬૩/૩૪, ની કુલ ક્ષેત્રફળ ૧૭૩૦૦ ચો.મી પૈકી ૧૦૩૮૦ ચો.મી ખેતી ની જમીન બીપીનકુમાર છોટુભાઈ દેસાઈ ની માલિકી કબ્જા ભોગવટાની આવેલ હોઈ, સદર જમીન સર્વે પ્રકારના બોજાઓથી મુકત્ત હોવાનું જણાવીને અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. સદરહું જમીન માં કોઈનો કોઈપણ પ્રકારનો વેચાણ હક્ક, મોર્ગેજ હક્ક, બાનાખત, બાનાચીઠ્ઠી, વચનચીઠ્ઠી, લીયન, ભરણપોષણ, ઈઝમેન્ટ, સોલવંશી, બેંકલોન, કે બીજી કોઈપણ રીતે કોઈપણ વ્યકતી, સંસ્થા, પેઢી નો હક્ક દાવો કે અલાખો પોષાતો હોય તો તેની લેખીત જાણ પુરાવા સાથે (પુરાવા સિવાય વાંધા ધ્યાને લેવામાં આવશે નહી), આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન (૧૦) દસ માં નીચેના સરનામે જાણ કરવી. જો તેમ કરવામાં કસુર કરશો તો સદરહું જમીન ઉપર કોઈનો કોઈપણ જાતનો હક્ક, દાવો, હિત, સબંધ નથી અને હોય તો તે તમામ જતો કરેલ છે, તેવું સમજી ને સદરહું જમીનનું ટાઈટલ ઈશ્યુ કરવામાં આવશે, જેની નોંધ લેશો.

તારીખ :- ૨૬/૧૦/૨૦૨૬

**મિલાપ ડી. શાહ -એડવોકેટ**
૬૦૯, રૂદ્રમ આઈકોન, લામડા રિસર્ચ સેન્ટર સામે, સિલ્વર ઓક કોલેજ પાસે, એસ.જી.હાઈવે, ગોતા, અમદાવાદ.
મો - ૮૮૬૬૦ - ૧૪૭૯૧

## જાહેર નોટિસ

**મોજે-સોલા**

ડીસ્ટ્રીકટ અમદાવાદ રજીસ્ટ્રેશન સબ - ડીસ્ટ્રીકટ અમદાવાદ - ૮ (સોલા) ઘાટલોડીયા તાલુકાના મોજે-સોલા ગામની સીમના સર્વે નં. ૭૭૧/૨ પૈકી ની જમીનને ટી.પી. સ્કીમ નં. ૪૧ માં સમાવેશ કરીને ફાળવેલ ફાઈનલ પ્લોટ નં. ૧૪૫ ની બિનખેતીની જમીન ઉપર મુકવામાં આવેલ યોજના કે જે ''દેવ સૃષ્ટિ'' ના નામથી ઓળખાય છે. તેમાં આવેલ બ્લોક નં. ''બી'' ના પહેલા માળ ઉપર આવેલ ફ્લેટ નં. બી/ ૧૦૨ ની ચો.મી. ૧૬૮.૮૯ ના બાંધકામવાળી મીલકત તથા સદર યોજનાની જમીનમાં વગર વહેંચાયેલ ચો.મી. ૯૧ ના હક્કસહિતની મીલકત સારિકાબેન જીતેન્દ્રકુમાર પટેલની સ્વતંત્ર માલિકી, કબજા, ભોગવટાની તમામ પ્રકારના બોજાઓથી તેમજ કાનુની વિવાદોથી મુક્ત હોવાનું જણાવીને અમારી પાસે ટાઈટલ્સ કલીયરન્સ અંગેના અભિપ્રાયની માંગણી કરેલ છે, સદર મીલકતમાં કોઈનો કોઈપણ પ્રકારનો બોજો, ચાર્જ, લીયન, બાના હક્ક, કબજા હક્ક કે લાગભાગ યાને હક્ક હિસ્સો પોષાતો હોય તો અમોને નીચેના સરનામે દિન-૭ માં લેખીત પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો સદર મીલકતમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક રહેલો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મુદત વીત્યે સદર મીલકતનું ટાઈટલ ક્લીયરન્સ અંગેના અભિપ્રાયનુ સર્ટીફિકેટ ઈસ્યુ કરી દઈશું અને તે પછીથી કોઇનો કોઈપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહી.

તા.૨૭-૧૦-૨૦૨૬.

**મનીષ કનુભાઈ પટેલ, એડવોકેટ,**
**ચિરાગ દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**અમીત દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**હેત શંકરભાઈ પટેલ, એડવોકેટ,**
**BALCHANDBHAI ASSOCIATES**
ઠે. એ/૨૦૨, સેકન્ડ ફલોર, એસ. જી. બીઝનેશ હબ, ગોતા ઓવરબ્રિજ પાસે, એસ.જી. હાઈવે, ગોતા, અમદાવાદ.
મો.૯૮૭૯૩૪૪૩૩૩.

## જાહેર નોટિસ

**મોજે -ગોલાણા**

ડિસ્ટ્રીકટ આણંદ રજીસ્ટ્રેશન સબ-ડિસ્ટ્રીકટ ખંભાત તાલુકાના મોજે- ગોલાણા ગામની સીમના (એ) સર્વે નં.૬૫૬/પૈકી ૨૩ની હે.આરે.ચો.મી. : ૦- ૩૫-૪૧, (બી) સર્વેનં. ૬૫૬/ પૈકી ૨૪ ની હે.આરે.ચો.મી. :૦-૩૫-૪૧,(સી) સર્વે નં. ૬૫૬/પૈકી ૧૪ ની હે .આરે .ચો.મી. : ૦-૩૫-૪૧, (ડી) સર્વે નં.૬૫૬/પૈકી ૨૭ ની હે.આરે.ચો.મી. :૦-૩૫-૪૧, (ઈ) સર્વે નં. ૬૫૬/પૈકી ૧૫ ની હે.આરે.ચો.મી. : ૦-૩૫-૪૧ તથા(એફ) સર્વે નં. ૬૫૬/પૈકી ૨૨ ની હે.આરે.ચો.મી. :૦-૩૫-૪૧ની ખેતીની જમીન ઈન્દ્રજીતસિંહ વિજયસિંહ વાઘેલાની સ્વતંત્ર માલિકી, કબજા, ભોગવટાની તમામ પ્રકારના બોજાઓથી તેમજ કાનુની વિવાદોથી મુક્ત હોવાનું જણાવીને અમારી પાસે ટાઈટલ્સ કલીયરન્સ અંગેના અભિપ્રાયની માંગણી કરેલ છે, સદરહુ જમીન ઉપર કોઇનો બોજો, ચાર્જ, ખેડહક્ક, ગણોતહક્ક, ઈઝમેન્ટ રાઈટસ કે અન્ય કોઈપણ પ્રકારનો કબજા હક્ક કે લાગભાગ યાને હક્ક હિસ્સો પોષાતો હોય તો અમોને નીચેના સરનામે દિન-૧૫ માં લેખીત પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો સદર જમીનમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક રહેલો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મુદત વીત્યે સદર જમીનનું ટાઈટલ કલીયરન્સ અંગેનાં અભિપ્રાયનું પ્રમાણપત્ર આપીશું અને તે પછીથી કોઇનો કોઇપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહી.

તા.૨૭-૧૦-૨૦૨૬.

**મનીષ કનુભાઈ પટેલ, એડવોકેટ,**
**ચિરાગ દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**અમીત દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**હેત શંકરભાઈ પટેલ, એડવોકેટ,**
**BALCHANDBHAI ASSOCIATES**
ઠે. એ / ૨૦૨, સેકન્ડ ફલોર, એસ. જી. બીઝનેશ હબ, ગોતા ઓવરબ્રિજ પાસે, એસ.જી. હાઈવે, ગોતા, અમદાવાદ.
મો. ૯૮૭૯૩૪૪૩૩૩.

## જાહેર નોટિસ

**મોજે - ગોલાણા**

ડિસ્ટ્રીકટ આણંદ રજીસ્ટ્રેશન સબ-ડિસ્ટ્રીકટ ખંભાત તાલુકાના મોજે-ગોલાણા ગામની સીમના (એ) સર્વે નં. ૨૬૦+૨૬૧+૨૬૨+૨૬૩/૧ ની હે.આરે.ચો.મી. ૨-૩૯-૭૮, (બી) સર્વે નં.૧૫૫/૧ ની હે.આરે.ચો.મી. ૨-૪૨- ૮૧, (સી) સર્વે નં.૧૫૫/૨ ની હે.આરે.ચો.મી. : ૨-૪૨-૮૧ ની ખેતીની જમીન દિનેશસિંહ ખોડુભા વાઘેલા તથા (ડી) સર્વે નં.૧૬૨+૧૬૫ માં ચાલતાં ખાતા નં. ૨૭૫૨ની હે.આરે.ચો.મી. : ૨-૨૨-૫૫, (ઈ) સર્વે નં. ૨૨૬૬ માં ચાલતાં ખાતા નં. ૨૬૯૭ ની હે.આરે.ચો.મી. :૦-૮૦-૯૪ તથા (એફ) સર્વે નં. ૭૭ ની હે.આરે.ચો.મી. : ૨-૧૦-૪૪ ની ખેતીની જમીન દિવ્યરાજસિંહ અભેસંગ વાઘેલાની સ્વતંત્ર માલિકી, કબજા, ભોગવટાની તમામ પ્રકારના બોજાઓથી તેમજ કાનુની વિવાદોથી મુક્ત હોવાનું જણાવીને અમારી પાસે ટાઈટલ્સ કલીયરન્સ અંગેના અભિપ્રાયની માંગણી કરેલ છે, સદરહુ જમીન ઉપર કોઈનો બોજો, ચાર્જ, ખેડહક્ક, ગણોતહક્ક, ઈઝમેન્ટ રાઈટસ કે અન્ય કોઈપણ પ્રકારનો કબજા હક્ક કે લાગભાગ યાને હક્ક હિસ્સો પોષાતો હોય તો અમોને નીચેના સરનામે દિન-૧૫ માં લેખીત પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો સદર જમીનમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક રહેલો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મુદત વીત્યે સદર જમીનનું ટાઈટલ કલીયરન્સ અંગેનાં અભિપ્રાયનું પ્રમાણપત્ર આપીશું અને તે પછીથી કોઈનો કોઈપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહી.

તા.૨૭-૧૦-૨૦૨૬.

**મનીષ કનુભાઈ પટેલ, એડવોકેટ,**
**ચિરાગ દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**અમીત દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**હેત શંકરભાઈ પટેલ, એડવોકેટ,**
**BALCHANDBHAI ASSOCIATES**
ઠે. એ / ૨૦૨, સેકન્ડ ફલોર, એસ. જી. બીઝનેશ હબ, ગોતા ઓવરબ્રિજ પાસે, એસ.જી. હાઈવે, ગોતા, અમદાવાદ.
મો. ૯૮૭૯૩૪૪૩૩૩.

## જાહેર નોટિસ

**મોજે-ગોલાણા**

ડિસ્ટ્રીકટ આણંદ રજીસ્ટ્રેશન સબ-ડિસ્ટ્રીકટ ખંભાત તાલુકાના મોજે-ગોલાણા ગામની સીમના સર્વે મુજબ (એ) સર્વે નં.૨૪૭/૧ ની હે.આરે.ચો.મી. : ૧-૫૩-૭૮, (બી) સર્વે નં. ૨૪૭/૨ ની હે.આરે.ચો.મી. : ૧-૪૯-૭૩, (સી) સર્વે નં. ૬૫૬/ પૈકી ૧૯ ની હે.આરે.ચો.મી. :૦-૩૫-૪૧,(ડી) સર્વે નં. ૬૫૬/પૈકી ૨૮ ની હે .આરે.ચો.મી. :૦-૩૫-૪૧ ની ખેતીની જમીન વૈભવી મનસુખ પટેલ તથા (ઈ) સર્વે નં.૧૮૬+૧૮૭+૧૮૮ ની હે.આરે.ચો.મી. : ૧- ૫૪-૮૦ની ખેતીની જમીન અભેસંગ ઉર્ફે અભેસંગ રામસિંહ વાઘેલાની સ્વતંત્ર માલિકી, કબજા, ભોગવટાની તમામ પ્રકારના બોજાઓથી તેમજ કાનુની વિવાદોથી મુક્ત હોવાનું જણાવીને અમારી પાસે ટાઈટલ્સ કલીયરન્સ અંગેના અભિપ્રાયની માંગણી કરેલ છે, સદરહુ જમીન ઉપર કોઇનો બોજો, ચાર્જ, ખેડહક્ક, ગણોતહક્ક, ઈઝમેન્ટ રાઈટસ કે અન્ય કોઈપણ પ્રકારનો કબજા હક્ક કે લાગભાગ યાને હક્ક હિસ્સો પોષાતો હોય તો અમોને નીચેના સરનામે દિન-૧૫ માં લેખીત પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો સદર જમીનમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક રહેલો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મુદત વીત્યે સદર જમીનનું ટાઈટલ કલીયરન્સ અંગેનાં અભિપ્રાયનું પ્રમાણપત્ર આપીશું અને તે પછીથી કોઇનો કોઈપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહી.

તા.૨૭-૧૦-૨૦૨૬.

**મનીષ કનુભાઈ પટેલ, એડવોકેટ,**
**ચિરાગ દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**અમીત દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**હેત શંકરભાઈ પટેલ, એડવોકેટ,**
**BALCHANDBHAI ASSOCIATES**
ઠે. એ / ૨૦૨, સેકન્ડ ફલોર, એસ. જી. બીઝનેશ હબ, ગોતા ઓવરબ્રિજ પાસે, એસ.જી. હાઈવે, ગોતા, અમદાવાદ.
મો. ૯૮૭૯૩૪૪૩૩૩.

## જાહેર નોટિસ

જત રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ અમદાવાદ સબ ડિસ્ટ્રીક્ટ અને તાલુકા સાણંદના ગામ મોજે શેલાની સીમના બ્લોક નંબર - ૫૯૮ વિગેરેની જમીન ઉપર સૃષ્ટી કો. ઓ. હા. સો. લિ. આવેલી છે. જે ''સૃષ્ટી'' ના નામથી ઓળખાય છે. તેમાં આવેલ પ્લોટો પૈકી સબ પ્લોટ નંબર - ૨૯૨/એ ની ૫૦૦ ચોરસવારની રહેણાંકના હેતુની બીનખેતીની જમીન વરૂણ સુરેશકુમાર મહેતા એ તેઓની સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની તમામ પ્રકારના બોજા મુક્ત આવેલ હોવાનું જણાવીને સદર જમીન અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે અને આ અંગે અમારા અસીલએ અમારી પાસે સદરહુ જમીનના ટાઈટલ કલીયરન્સ સર્ટિફીકેટની માંગણી કરેલ છે. સદરહુ જમીન ઉપર કોઈપણ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, દાવો, લાગભાગ, લીઝ, ગીરો કે બોજો હોય તો તે અંગેના લેખિત પુરાવા સાથે અમોને દિન-૭ (સાત)માં નીચેના સરનામે જાણ કરવી અને જો તેમ કરવામાં કસુર થશે તો સદરહુ જમીન ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો બોજો કે હક્ક,દાવા કે અધિકાર નથી અને જો હોય તો તે તમામ જતા કરેલ છે તેમ સમજીને સદરહુ જમીન અંગેનું ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ ઈશ્યુ કરીશું. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી, જેની નોંધ લેવી.

અમદાવાદ. તા. ૨૭-૧૦-૨૦૨૬

**મુકેશ જી.પંડ્યા, એડવોકેટ**
૪૦૩, વિશ્વનાથ નોર્થ વ્યુ, એલ.ડી. એન્જીનીયરીંગ કોલેજની સામે, સેંટ ઝેવિયર્સ કોલેજની પાસે, નવરંગપુરા, અમદાવાદ.
Offi. : 98258 09777
Mob. : 98259 09777

## જાહેર નોટિસ

**મોજે -ગોલાણા**

ડિસ્ટ્રીકટ આણંદ રજીસ્ટ્રેશન સબ-ડિસ્ટ્રીકટ ખંભાત તાલુકાના મોજે-ગોલાણા ગામની સીમના (એ) સર્વે નં.૫૮૧ ની હે.આરે.ચો.મી. ૦-૪૪-૫૨, (બી) સર્વે નં. ૫૮૨ ની હે.આરે.ચો.મી. ૦-૫૪-૬૩ (સી) સર્વે નં.૫૬૬ ની હે.આરે.ચો.મી. : ૧-૦૧-૧૭ તથા (ડી) સર્વે નં. ૫૬૭ ની હે.આરે.ચો.મી. : ૦- ૭૮-૮૧ ની ખેતીની જમીન અર્જુનસિંહ ઘનશ્યામસિંહ વાઘેલાની સ્વતંત્ર માલિકી, કબજા, ભોગવટાની તમામ પ્રકારના બોજાઓથી તેમજ કાનુની વિવાદોથી મુક્ત હોવાનું જણાવીને અમારી પાસે ટાઈટલ્સ કલીયરન્સ અંગેના અભિપ્રાયની માંગણી કરેલ છે, સદરહુ જમીન ઉપર કોઇનો બોજો, ચાર્જ, ખેડહક્ક, ગણોતહક્ક, ઈઝમેન્ટ રાઈટસ કે અન્ય કોઈપણ પ્રકારનો કબજા હક્ક કે લાગભાગ યાને હક્ક હિસ્સો પોષાતો હોય તો અમોને નીચેના સરનામે દિન-૧૫ માં લેખીત પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો સદર જમીનમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક રહેલો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મુદત વીત્યે સદર જમીનનું ટાઈટલ કલીયરન્સ અંગેનાં અભિપ્રાયનું પ્રમાણપત્ર આપીશું અને તે પછીથી કોઇનો કોઇપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહી.

તા.૨૭-૧૦-૨૦૨૬.

**મનીષ કનુભાઈ પટેલ, એડવોકેટ,**
**ચિરાગ દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**અમીત દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**હેત શંકરભાઈ પટેલ, એડવોકેટ,**
**BALCHANDBHAI ASSOCIATES**
ઠે. એ / ૨૦૨, સેકન્ડ ફલોર, એસ. જી. બીઝનેશ હબ, ગોતા ઓવરબ્રિજ પાસે, એસ.જી. હાઈવે, ગોતા, અમદાવાદ.
મો. ૯૮૭૯૩૪૪૩૩૩.

## જાહેર નોટિસ

**મોજે - ગોલાણા**

ડિસ્ટ્રીકટ આણંદ રજીસ્ટ્રેશન સબ-ડિસ્ટ્રીકટ ખંભાત તાલુકાના મોજે-ગોલાણા ગામની સીમના સર્વે મુજબ (એ) સર્વે નં.૫૮૪/૧ ની હે.આરે.ચો.મી. :૦-૨૨-૨૬ ની જમીન ઈન્દ્રસિંહ વિજયસિંહ વાઘેલા, (બી) સર્વે નં.૫૮૪/૨ ની હે.આરે.ચો.મી. : ૦-૧૯-૨૨ તથા (સી) સર્વે નં. ૫૮૩ ની હે.આરે.ચો.મી. : ૦-૪૨-૪૯ ની જમીન અરવિંદકુમાર ચીમનલાલ સંઘવીની પાસેથી ઈન્દ્રજીતસિંહ વિજયસિંહ વાઘેલાએતા.૦૬-૦૮-૨૦૨૬ ના રોજ અ.ન.૨૩૩૭થી નોંધાયેલ વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખેલ. તેવી જમીન તેઓની સ્વતંત્ર માલિકી, કબજા, ભોગવટાની તમામ પ્રકારના બોજાઓથી તેમજ કાનુની વિવાદોથી મુક્ત હોવાનું જણાવીને અમારી પાસે ટાઈટલ્સ કલીયરન્સ અંગેના અભિપ્રાયની માંગણી કરેલ છે, સદરહુ જમીન ઉપર કોઇનો બોજો, ચાર્જ, ખેડહક્ક, ગણોતહક્ક, ઈઝમેન્ટ રાઈટસ કે અન્ય કોઈપણ પ્રકારનો કબજા હક્ક કે લાગભાગ યાને હક્ક હિસ્સો પોષાતો હોય તો અમોને નીચેના સરનામે દિન-૭ માં લેખીત પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો સદર જમીનમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક રહેલો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મુદત વીત્યે સદર જમીનનું ટાઈટલ કલીયરન્સ અંગેનાં અભિપ્રાયનું પ્રમાણપત્ર આપીશું અને તે પછીથી કોઇનો કોઇપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહી.

તા.૨૭-૧૦-૨૦૨૬.

**મનીષ કનુભાઈ પટેલ, એડવોકેટ,**
**ચિરાગ દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**અમીત દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**હેત શંકરભાઈ પટેલ, એડવોકેટ,**
**BALCHANDBHAI ASSOCIATES**
ઠે. એ / ૨૦૨, સેકન્ડ ફલોર, એસ. જી. બીઝનેશ હબ, ગોતા ઓવરબ્રિજ પાસે, એસ.જી. હાઈવે, ગોતા, અમદાવાદ.
મો. ૯૮૭૯૩૪૪૩૩૩.

## જાહેર નોટિસ

**મોજે- ગોલાણા**

ડિસ્ટ્રીકટ આણંદ રજીસ્ટ્રેશન સબ-ડિસ્ટ્રીકટ ખંભાત તાલુકાના મોજે-ગોલાણા ગામની સીમના (એ) સર્વે નં.૧૭૫ ની હે.આરે.ચો.મી :૦-૧૯-૨૨, (બી) સર્વે નં. ૧૭૬ ની હે.આરે.ચો.મી. : ૦-૭૩-૮૩ (સી) સર્વે નં. ૧૭૭ની હે.આરે.ચો.મી. : ૦-૪૦-૪૭ (ડી) સર્વે નં. ૧૭૮/પૈકી૧ ની હે.આરે.ચો.મી. : ૦-૧૬-૧૯ની ખેતીની જમીન વિવેક ઈશ્વરભાઈ દેસાઈની સ્વતંત્ર માલિકી, કબજા, ભોગવટાની તમામ પ્રકારના બોજાઓથી તેમજ કાનુની વિવાદોથી મુક્ત હોવાનું જણાવીને અમારી પાસે ટાઈટલ્સ કલીયરન્સ અંગેના અભિપ્રાયની માંગણી કરેલ છે, સદરહુ જમીન ઉપર કોઇનો બોજો, ચાર્જ, ખેડહક્ક, ગણોતહક્ક, ઈઝમેન્ટ રાઈટસ કે અન્ય કોઇપણ પ્રકારનો કબજા હક્ક કે લાગભાગ યાને હક્ક હિસ્સો પોષાતો હોય તો અમોને નીચેના સરનામે દિન-૧૫ માં લેખીત પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો સદર જમીનમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક રહેલો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મુદત વીત્યે સદર જમીનનું ટાઈટલ કલીયરન્સ અંગેનાં અભિપ્રાયનું પ્રમાણપત્ર આપીશું અને તે પછીથી કોઇનો કોઇપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહી.

તા.૨૭-૧૦-૨૦૨૬.

**મનીષ કનુભાઈ પટેલ, એડવોકેટ,**
**ચિરાગ દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**અમીત દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**હેત શંકરભાઈ પટેલ, એડવોકેટ,**
**BALCHANDBHAI ASSOCIATES**
ઠે. એ / ૨૦૨, સેકન્ડ ફલોર, એસ. જી. બીઝનેશ હબ, ગોતા ઓવરબ્રિજ પાસે, એસ.જી. હાઈવે, ગોતા, અમદાવાદ.
મો. ૯૮૭૯૩૪૪૩૩૩.

## જાહેર નોટિસ

**મોજે - રાણીપ**

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમદાવાદ સબ - ડીસ્ટ્રીકટ અમદાવાદ - ૨ (વાડજ) સાબરમતી તાલુકાના મોજે - રાણીપ ગામની સીમના (એ) સર્વે નં.૧૭૨/૧ ની હે.આરે.ચો.મી. : ૦-૪૧-૪૮ તથા (બી) સર્વે નં.૧૭૨/૨ ની હે.આરે.ચો.મી. : ૦-૩૫-૪૧ ની ખેતીની જમીન કે જેનો ટી.પી.સ્કીમ નં. ૬૬ માં સમાવેશ કરીને ફાળવવામાં આવેલ સંયુક્ત ફાઈનલ પ્લોટ નં. ૧૩૬ ની જમીન (૧) રાજેન્દ્ર વિષ્ણુભાઈ પટેલ, (૨) ડાહ્યાભાઈ મગનદાસ પટેલ, (૩) રમેશભાઈ જોઈતારામ પટેલ તથા (૪) ભાવેશ ડી. રૂસાવતની સંયુક્ત માલિકી, કબજા, ભોગવટાની તમામ પ્રકારના બોજાઓથી તેમજ કાનુની વિવાદોથી મુક્ત હોવાનું જણાવીને અમારી પાસે ટાઈટલ્સ કલીયરન્સ અંગેના અભિપ્રાયની માંગણી કરેલ છે, સદરહુ જમીન ઉપર કોઇનો બોજો, ચાર્જ, ખેડહક્ક, ગણોતહક્ક, ઈઝમેન્ટ રાઈટસ કે અન્ય કોઈપણ પ્રકારનો કબજા હક્ક કે લાગભાગ યાને હક્ક હિસ્સો પોષાતો હોય તો અમોને નીચેના સરનામે દિન-૭ માં લેખીત પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો સદર જમીનમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક રહેલો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મુદત વીત્યે સદર જમીનનું ટાઈટલ કલીયરન્સ અંગેનાં અભિપ્રાયનું પ્રમાણપત્ર આપીશું અને તે પછીથી કોઇનો કોઇપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહી.

તા.૨૭-૧૦-૨૦૨૬.

**મનીષ કનુભાઈ પટેલ, એડવોકેટ,**
**ચિરાગ દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**અમીત દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**હેત શંકરભાઈ પટેલ, એડવોકેટ,**
**BALCHANDBHAI ASSOCIATES**
ઠે. એ/૨૦૨, સેકન્ડ ફલોર, એસ. જી. બીઝનેશ હબ, ગોતા ઓવરબ્રિજ પાસે, એસ.જી. હાઈવે, ગોતા, અમદાવાદ.
મો. ૯૮૭૯૩૪૪૩૩૩

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, જત ડીસ્ટ્રીકટ અમદાવાદ સબ-ડીસ્ટ્રીકટ અમદાવાદ-૩(મેમનગર) વિભાગના સાબરમતી - તાલુકાના મોજે ગામ - છદાવાડની સીમના ટી.પી.સ્કીમ નં.૩ ના ફા.પ્લોટ નં.૫૪૮ ના સબ-પ્લોટ નં.૨+૪ ની જમીન ઉપર ''ન્યુ મહાકાંત એસોસીએશન'' દ્વારા બાંધવામાં આવેલ ''મહાકાંત કોમ્પ્લેક્ષ'' ના નામથી ઓળખાતી સ્કીમના ત્રીજા માળે આવેલ યુનિટ નં.૩-ઈ (૩૦૧) વાળી આશરે ૧૧૫ સ.ચો.ફુટ યાને ૧૦.૬૮ ચો.મી. ના બાંધકામવાળી મીલકત હીનાબેન ઉદયનભાઈ મહેતા એ પોતાની કુલ સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની આવેલી હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. આથી જાહેર જનતાને જણાવવાનુ કે, સદરહુ મીલકત સંબંધી કોઈનો કોઈપણ જાતનો લાગભાગ, હક્ક, હિસ્સો પોષાતો હોય તો તે અંગે અમોને દિન-૭ (સાત) માં અસલ પુરાવા સહીત લેખિતમાં જાણ કરવી અને જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અમારા અસીલ વેચાણ દસ્તાવેજની કાર્યવાહી પૂર્ણ કરશે ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહિં. જેની ખાસ નોંધ લેવી.

અમદાવાદ
તારીખઃ ૨૬/૧૦/૨૦૨૬.

**કેતનકુમાર કે. બેગડા (એડવોકેટ)**
ડી/૪૦૧, બંસરી એપાર્ટમેન્ટ, રુદ્રપ્રયાગ ફ્લેટ્સ, રાણીપ બસ સ્ટેન્ડ પાસે અમદાવાદ - ૩૮૨ ૪૮૦.
મોબાઈલ નંબર - ૯૬૩૮૨૧૮૪૦૮

## જાહેર નોટિસ

જત રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ અમદાવાદ સબ ડિસ્ટ્રીક્ટ અને તાલુકા સાણંદના ગામ મોજે શેલાની સીમના બ્લોક નંબર - ૫૯૮ વિગેરેની જમીન ઉપર સૃષ્ટી કો. ઓ. હા. સો. લિ. આવેલી છે. જે ''સૃષ્ટી'' ના નામથી ઓળખાય છે. તેમાં આવેલ પ્લોટો પૈકી સબ પ્લોટ નંબર -૨૯૨/બી ની ૫૦૦ સમચોરસવારની રહેણાંકના હેતુની બીનખેતીની જમીન સમકિત દિનેશભાઈ મહેતા એ તેઓની સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની તમામ પ્રકારના બોજા મુક્ત આવેલ હોવાનું જણાવીને સદર જમીન અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે અને આ અંગે અમારા અસીલએ અમારી પાસે સદરહુ જમીનના ટાઈટલ ક્લીયરન્સ સર્ટિફીકેટની માંગણી કરેલ છે. સદરહુ જમીન ઉપર કોઈપણ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, દાવો, લાગભાગ, લીઝ, ગીરો કે બોજો હોય તો તે અંગેના લેખિત પુરાવા સાથે અમોને દિન-૭ (સાત)માં નીચેના સરનામે જાણ કરવી અને જો તેમ કરવામાં કસુર થશે તો સદરહુ જમીન ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો બોજો કે હક્ક,દાવા કે અધિકાર નથી અને જો હોય તો તે તમામ જતા કરેલ છે તેમ સમજીને સદરહુ જમીન અંગેનું ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ ઈશ્યુ કરીશું. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી, જેની નોંધ લેવી.

અમદાવાદ. તા. ૨૭-૧૦-૨૦૨૬

**મુકેશ જી.પંડ્યા, એડવોકેટ**
૪૦૩, વિશ્વનાથ નોર્થ વ્યુ, એલ.ડી. એન્જીનીયરીંગ કોલેજની સામે, સેંટ ઝેવિયર્સ કોલેજની પાસે, નવરંગપુરા, અમદાવાદ.
Offi. : 98258 09777
Mob. : 98259 09777

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ ગાંધીનગરના સબ-ડિસ્ટ્રીકટ અને તાલુકા કલોલના ગામ મોજે વાયણાની સીમના રી-સર્વે અનુસાર બ્લોક નંબર-૧૧૧ (જુના બ્લોક નંબર-૯૩) ની કુલ ૪૩૪૨ ચોરસમીટરના ક્ષેત્રફળની ખેતીની જમીનના અગાઉના માલિકો અને કબજેદારો (૧) કલ્પેશભાઈ મહેન્દ્રભાઈ મહેતા (૨) સ્વાતિબેન જીજ્ઞેશભાઈ મહેતા (૩) ડિમ્પલબેન કલ્પેશભાઈ મહેતા (૪) ધ્વનિ તે કલ્પેશભાઈ મહેન્દ્રભાઈ મહેતાની દિકરી તે માનશ શાહની પત્નિ (૫) જૈની તે કલ્પેશભાઈ મહેન્દ્રભાઈ મહેતાની દિકરી તે આગમ શાહની પત્નિ તથા (૬) રીચા કલ્પેશભાઈ મહેતા પાસેથી અમારા અસીલ સુનિલભાઇ નાગજીભાઇ દેવાણીએ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખેલ છે. આ વેચાણ દસ્તાવેજ મહે.કલોલના સબ-રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નંબર-૧૬૭૨૭ થી તારીખ ૦૫-૧૦-૨૦૨૬ ના રોજથી નોંધાયેલ છે અને આ વેચાણ દસ્તાવેજના આધારે ઉપરોક્ત જમીન અમારા અસીલે તેઓની સંપૂર્ણપણે સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાની તથા તમામ બોજા રહિત હોવાનું જણાવી અમારી પાસેથી સદરહુ જમીનના ટાઇટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. તો સદરહુ જમીન ઉપર જો કોઈનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય તો તે તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમોને તે બદલના પુરાવા સહિત લેખિતમાં જાણ નીચેના સરનામે કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈપણ વ્યક્તિનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો નથી અને હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ માની અમો ટાઇટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટ આપીશું અને ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તકરાર ચાલશે નહી.

ફાઈલ નંબર-૧૦૪૧૯
તારીખ : ૨૭-૧૦-૨૦૨૬

**શરદ એન. દરજી**
**(એડવોકેટ એન્ડ નોટરી)**
**(એમ.કોમ., એલ.એલ.બી.)**
ઓફીસ : બી-૫૦૧, સત્યમેવ કોમ્પલેક્ષ, ન્યુ ગુજરાત હાઈકોર્ટ સામે, એસ.જી. હાઈવે, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦
ફોન નંબર : ૦૭૯-૨૬૪૬૯૮૦૦

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, APConstructions એ નામની ભાગીદારી પેઢી કે જેના વતી અને તરફથી તેના ઓર્થોરાઈઝડ સિગ્નેટરી અચલ પ્રફુલભાઈ જોષી, ઠેકાણું- અમદાવાદનાએ રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ અમદાવાદના સબ-ડીસ્ટ્રીકટ અમદાવાદ-૪(પાલડી)ના તાલુકા વેજલપુરના ગામ મોજે જોધપુરની સીમના ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર-૫૧ના ફાઈનલ પ્લોટ નંબર-૨૯(જોધપુરના સર્વે/બ્લોક નંબર-૩૫૧નો ગામ મોજે વેજલપુરનો જુનો સર્વે/બ્લોક નંબર-૧૦૨૪)ની ૩૦૩૬ ચોરસમીટરની બિનખેતીની જમીન ઉપર આવેલ “SANKALP ICONIC TOWER'' ના નામથી ઓળખાતી સ્કીમમાં "એ" બ્લોકમાં અગિયારમાં માળ ઉપર આવેલ (૧) યુનિટ નંબર- એ-૧૧૦૩ ની ૬૮૦.૬૮ ચોરસફુટ યાને કે ૬૩.૨૬ ચારેસમીટર કાર્પેટ એરિયાના બાંધકામવાળી મિલકત તથા સદરહુ સ્કીમના રોડ-રસ્તા અને કોમન પ્લોટની જમીનમાં વગર વહેંચાયેલ ૧૬ ચોરસમીટરની જમીનના હક્કો તથા (૨) યુનિટ નંબર- એ-૧૧૦૪ ની ૭૦૮ ચોરસફુટ યાને કે ૬૫.૮૦ ચારેસમીટર કાર્પેટ એરિયાના બાંધકામવાળી મિલકત તથા સદરહુ સ્કીમના રોડ- રસ્તા અને કોમન પ્લોટની જમીનમાં વગર વહેંચાયેલ ૧૬.૬૧ ચોરસમીટરની જમીનના હક્કો તથા સંકલ્પ વેન્ચર કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લિમિટેડના સભ્યપદના હક્કો, બંને યુનિટને સંયુકત રીતે એલોટ કરેલ બેઝમેન્ટ-૧ માં એલોટેડ કાર પાર્કીંગ નંબર-૩૯ ના હક્કો, પઝેશનના હક્કો તથા સ્કીમની સહિયારી સગવડતાઓમાં વગર વહેંચાયેલ વરાડે પડતી હક્કો સહીતની મિલકત ઉપરોકત ભાગીદારી પેઢીની સંપૂર્ણ, સ્વતંત્ર, આગવી માલિકી અને કબજા ભોગવટાની હોવાનું જણાવી સદરહુ મિલકતો અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે તથા અમારા અસીલે સદરહુ મિલકતો અંગેના ઉપરોક્ત ભાગીદારી પેઢીના ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના અભિપ્રાય અંગેના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે અને અમારા અસીલે રજુ કરેલ ઉપરોક્ત ભાગીદારી પેઢીની સંમતિ તેમજ અમારા અસીલની સુચના અને સંમતિ અનુસાર આ જાહેર નોટીસ પ્રસિદ્ધ કરાવેલ છે તો સદરહુ મિલકતો ઉપર કે તેના કોઈપણ ભાગ અંગે કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, દાવાદુવી હોય કે લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, બોજો, લીયન હોય કે સદરહુ મિલકતો ઉપર કોઈના કોઈપણ પ્રકારના બાનાચિઠ્ઠી, બાનાખત કે અન્ય કોઈ ટ્રાન્સફર કરારના કે અન્ય કોઈ રીતે કોઈ હિત સંબંધથી પ્રાપ્ત થતાં હક્કો હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન- ૭(સાત)માં તે બદલના પુરાવા સહિત(પુરાવા સિવાયના વાંધા ધ્યાન ઉપર લેવામાં આવશે નહિ) લેખિત જાણ પત્ર દ્વારા નીચેના સરનામે કરવી અને જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ મિલકતો ઉપર કે તેના કોઈપણ ભાગ અંગે કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, દાવાદુવી કે લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, બોજો, લીયન કે કોઈના કોઈપણ પ્રકારના બાનાચિઠ્ઠી, બાનાખત કે અન્ય કોઈ ટ્રાન્સફર કરારના કે અન્ય કોઈ રીતે કોઈ હિત સંબંધથી પ્રાપ્ત થતાં હક્કો નથી અને હોય, તો તે જતા (વેવ) કરેલ છે, તેમ સમજી અમો સદરહુ મિલકતોના ટાઈટલ કલીયરન્સના અભિપ્રાય અંગેનું પ્રમાણપત્ર આપીશું તથા અમારા અસીલ સદરહુ મિલકતોના વેચાણની કાર્યવાહી પુર્ણ કરશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં. તેની નોંધ લેશો.

તારીખ ૨૬-૧૦-૨૦૨૬

**હિતેષ એમ. રાવલ**
**એડવોકેટ,**
**એચ. એમ. રાવલ એન્ડ કંપની,**
**એડવોકેટ્સ,**
ડી-બ્લોક, ગ્રાઉન્ડ ફલોર, સત્યમ કોર્પોરેટ સ્કવેર, એસ્ટ્રલ હાઉસ સામે, ઓફ સિંધુભવન રોડ, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૪.
ફોનઃ (ઓફીસ) ૨૬૭૬૨૦૪૦.

## જાહેર નોટિસ

રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ અમદાવાદ સબ-ડીસ્ટ્રીકટ અને તાલુકા ધોળકાના ગામ મોજે ચલોડાની સીમના રી-સર્વે મુજબ બ્લોક/સર્વે નંબર. ૧૨૪, (જુનો બ્લોક/ સર્વે નંબર. ૨૧૭), ખાતા નંબર. ૧૭૦૧, હે.આરે.ચો.મી. ૧-૧૬-૧૯ પૈકી હે.આરે.ચો.મી. ૦-૬૪-૭૫ પૈકી ચોરસમીટર. ૨૩૭૮ ની જુની શરતની ખેતીની જમીન દિનુભાઈ બેચરભાઈ ઠે. ચલોડા, તા.ધોળકા, જી. અમદાવાદનાંએ તેઓની કુલ સ્વતંત્ર માલિકીપણા અને કબજા ભોગવટાની આવેલી છે તેમ જણાવી અમારી પાસે ટાઈટલ ક્લીયર સર્ટીફિકેટની માંગણી કરેલ છે. એ રીતે ઉપરોક્ત જમીન ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો કબજાનો, વારસાઈનો, ગણોતનો, પઝેશનનો કે અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હીસ્સો, હીત, સંબંધ, બોજો, ચાર્જ, કલેઈમ, લીયન હોય તો તે આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૭ (સાત) માં અમોને લેખીત પુરાવાઓ સહીત નીચેના સરનામે જાણ કરવી અને તેમ કરવામાં કસુર થશે તો મુદત વિતે મજકુર જમીન ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો બોજો નથી અને જો હોય તો તે જતા કર્યા છે તેમ સમજી મજકુર જમીન અંગે ટાઇટલ કલીયર સર્ટીફીકેટ અમો આપીશું અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં તેની નોંધ લેશો.

**વિજય પટેલ એન્ડ એસોસીએટસ**
**વિજય પટેલ, જયેશ પટેલ,**
**જયરાજ પટેલ રાધિકા પટેલ,**
**જેનીશા પટેલ એડવોકેટસ,**
૨૦૨, સોલીટેર, સનરાઈઝ પાર્ક, બોડકદેવ, અમદાવાદ,
ફોન નં. ૪૦૦૭૬૦૦૮

## જાહેર નોટિસ

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ ગાંધીનગર સબ ડીસ્ટ્રીકટ કલોલ તાલુકાના મોજે સઈજ ગામ ની સીમના ખાતા નંબર- ૧૨૮૮,જુનો સર્વે/બ્લોક નંબર- ૧૫૦૪/પૈકી ૧ ની હે.આરે.ચો.મી.૦- ૫૭-૭૨, આકાર રૂપિયા- ૨-૪૯ વાળી જુની શરતની ખેતી જમીન બારોટ મનોજભાઈ માધવલાલ,બારોટ ત્રિલોચનાબેન માધવલાલ,બારોટ સવિતાબેન જયંતકુમાર,બારોટ પિનાકીનભાઈજયંતકુમાર,બારોટ નિખીલભાઈ જયંતભાઈ,બારોટ અમીબેન જયંતકુમાર,બારોટ ગીતાબેન મુકેશભાઈ,બારોટ અવનીબેન મુકેશભાઈ,બારોટ વસુંધરાબેન મુકેશભાઈ ની સંયુક્ત માલીકી, કબજા ભોગવટાની તમામ પ્રકારના બોજાઓથી તથા કાનુની વિવાદોથી મુકત હોવાનુ જણાવીને અમારી પાસે ટાઈટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે.સદરહુંજમીન ઉપર કોઈનો બોજો,ચાર્જ, બાનાખત કે અન્ય કોઈપણ પ્રકારનો લાગભાગ યાને હકક હિસ્સો પોષાતો હોય તો અમોને નીચેના સરનામે દિન-૧૦ માં લેખીત પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી અને તેમ કરવામાં નહી આવેતોસદરહું મીલકતમાં કોઈનો કોઈપણ જાતનો લાગભાગ યાને હકક હિસ્સો રહેલો નથી તેમ સમજી મુદત વીત્યે સદર મીલકતનુ ટાઈટલ સર્ટીફીકેટ ઈસ્યુ કરી દઈશું અને તે પછીથી કોઈનો કોઈપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહી.

તારીખ :- ૨૬/૧૦/૨૦૨૬

**પરીખ પરાગકુમાર હર્ષદકુમાર,**
**એડવોકેટ**
જી/૯,કપીલેશ્વર શોપીગ સેન્ટર, મામલતદાર કચેરી સામે, કલોલ,તા. કલોલ, જી.ગાંધીનગર-૩૮૨૭૨૧
મો.૯૩૨૮૧૯૫૧૯૪

## જાહેર નોટિસ

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ મહેસાણાના સબ-ડીસ્ટ્રીક્ટ તથા તાલુકો કડીના મોજે ગામ-ચંદ્રાસણની સીમના ખાતા નં.૧૬૯૭ના પ્રમોલગેશન બાદના બ્લોક/સર્વે નંબર-૧૭૪૨ (જુનો બ્લોક/ સર્વે નં.૬૭૧)ની કુલ ૭૨૫૮ ચોરસમીટર તે પૈકી પશ્ચિમ દિશા તરફની ૩૬૨૯ ચોરસમીટર બહુહેતુક ઉપયોગવાળી બિનખેતીની જમીન સંદીપસિંહ ગૌતમસિંહ મકવાણાની કુલ સંપુર્ણ, સ્વતંત્ર, માલિકી અને કબજા ભોગવટાની જમીન તમામ પ્રકારના બોજાઓ રહીત અને માર્કેટેબલ હોવાનું જણાવી તેઓએ અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે અને સદરહુ જમીનના ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફિકેટની અમારી પાસેથી માંગણી કરેલ છે. ઉપરોક્ત જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો બોજો યા હક્ક દાવો આવેલો હોય તો લેખિત પુરાવાની સર્ટીફાઈડ નકલ સહિત દિન-૧૦ માં પોસ્ટ દ્વારા જાણ કરવી, જો તેમ કરવામાં કસુર યા વિલંબ થશે તો કોઈ હક્કો આવેલા નથી અને આવેલ હોય તો જતા (વેઈવ) કરેલ છે તેમ સમજી ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવશે અને ત્યારબાદ વેચાણ વ્યવહાર પૂર્ણ કરવામાં આવશે. ત્યારબાદ કોઈની તકરાર વાંધો ચાલશે નહી. જેની ગંભીર નોંધ લેશો.

**R. K. PATEL CHAMBER OF LAW,**
**ઋતુલ કિરીટભાઈ પટેલ (એડવોકેટ)**
**ઉમંગ એમ. દેસાઈ (એડવોકેટ)**
**મુજાહીદ એ. મોમીન (એડવોકેટ)**
**મહેશ બી. ઠાકોર (એડવોકેટ)**
ઓફિસ- ૩૦૬, વીંગ- સી, થર્ડ ફ્લોર, આરોહી ગેલેરીયા, ગાલા જીમખાના રોડ, સાઉથ બોપલ, અમદાવાદ-૩૮૦૦૫૮
મો.-૯૬૩૮૮૮૯૮૮૦

## જાહેર નોટિસ

રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ અમદાવાદ સબ ડિસ્ટ્રીકટ તથા તાલુકા સાણંદનાં મોજે -ચેખલા ગામની સીમનાં બ્લોક નં.૨૩૨ પૈકી(જુના સર્વે નંબર-૩૪૯/ ૨+૩૫૦) ની બીનખેતીની જમીન ઉપર સમન્વય કો.ઓપ.હાઉસીંગ સોસાયટી લી.ની INVERNESS નામની સ્કીમમાં આવેલ સબ પ્લોટ નંબર-૭ ની ૧૨૯૧ સ.ચો.વાર યાને કે ૧૦૮૦ સ.ચો.મી. (સુપર પ્લોટ એરીયા) રહેઠાણના હેતુવાળી બીતખેતીની જમીન તથા સોસાયટીની જમીનમાં ૩૨૩ સ.ચો.વાર યાને કે ૨૭૦ સ.ચો.મી. વગર વહેંચાયેલ હિસ્સા સહીતની જમીન, બિજલ દિલીપભાઈ મહેતાનાંએ તેઓની સ્વતંત્ર માલીકી, કબજા, ભોગવટાની અન્ય કોઈના કોઈપણ પ્રકારના હકક, હીત,હિસ્સા,બોજા સિવાયની તથા તમામ પ્રકારના ટાઈટલ કલીયર હોવાનું જણાવી અમારી પાસે સદર જમીન અંગેના ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે તો તે અંગે કોઈપણ વ્યક્તિ, સંસ્થા, કંપની, પેઢી,ઈસમો ઈત્યાદીને કોઈપણ પ્રકારનો હકક, હીત, હિસ્સો, બોજો,ચાર્જ ઈત્યાદી કે વાંધો, ભરણપોષણ કે ઈઝમેન્ટ રાઈટ આવેલ હોય તો તે અંગેની જાણ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં અસલ દસ્તાવેજી પુરાવાની પ્રમાણિત નકલ સહિત અમોને નીચેના સરનામે R.P.A.D. દ્વારા કરવી નહીતર ટાઈટલ સર્ટીફીકેટ આપી દેવામાં આવશે.

**Smiten M. Kothari**
**(Advocate)**
708, Maple Trade Centre, Nr. Surdhara Circle, Thaltej, Ahmedabad.
M: 9429343545

## જાહેર નોટિસ

જત ડિસ્ટ્રિક્ટ સબ ડિસ્ટ્રિક્ટ અમદાવાદના તા. વેજલપુરના મોજે ગામ વસ્ત્રાપુરની સીમના રેવન્યુ બ્લોક/ સર્વે નં.૨૦૩ (૧+૨+૪)/૨ ની કુલ ૬૦૬૫ ચો.મી. નો ટી.પી. સ્કીમ નં.૩૧ માં સમાવેશ થતા ફાળવવામાં આવેલ મૂળ ખંડ નં.૧૦૬ ની ૩૬૩૯ ચો.મી. પૈકી ફાઈનલ પ્લોટ નં.૧૦૬/ ૧ ની ૨૫૪૦ ચો.મી. બિનખેતીની જમીન ઉપર બાંધવામાં આવેલ કોમર્શિયલ સ્કીમ જે ''સહદેવ કેપિટલ'' નામથી ઓળખાય છે તે સ્કીમના તથા ૭ માં માળે આવેલ કોમર્શિયલ યુનિટ નંબર- ૭૦૭ કે જે આશરે ૩૮.૬૩ ચો.મી. રેરા કાર્પેટ એરીયા ૪૨.૭૧ચો.મી. બિલ્ટઅપ એરીયા તથા સ્કીમની જમીનમાં વગર વહેચાયેલ ૧૧.૧૦ ચો.મી.ના હક્ક સહિતની, ૭ માં માળે આવેલ કોમર્શિયલ યુનિટ નંબર- ૭૦૯ કે જે આશરે ૩૯.૭૧ ચો.મી. રેરા કાર્પેટ એરીયા ૪૪.૮૨ ચો.મી. બિલ્ટઅપ એરીયા તથા સ્કીમની જમીનમાં વગર વહેચાયેલ ૧૧.૬૫ ચો.મી.ના હક્ક સહિતની, ૭ માં માળે આવેલ કોમર્શિયલ યુનિટ નંબર- ૭૧૦ કે જે આશરે ૬૫.૬૨ ચો.મી. રેરા કાર્પેટ એરીયા ૬૯.૭૦ ચો.મી. બિલ્ટઅપ એરીયા તથા સ્કીમની જમીનમાં વગર વહેચાયેલ ૧૮.૧૨ ચો.મી.ના હક્ક સહિતની, ૭ માં માળે આવેલ કોમર્શિયલ યુનિટ નંબર- ૭૧૧ કે જે આશરે ૭૭.૫૩ ચો.મી. રેરા કાર્પેટ એરીયા ૮૧.૯૯ ચો.મી. બિલ્ટઅપ એરીયા તથા સ્કીમની જમીનમાં વગર વહેચાયેલ ૨૧.૩૨ ચો.મી.ના હક્ક તથા તમામ કોમન હકો સહિતની મિલકતોના માલિક કબજેદાર જેસિકા હિતેન પરીખનાઓ હોવાનું જણાવી હોવાનું જણાવી અમો પાસેથી ઉપરોક્ત મિલકતોના રાઈટ ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવા અંગેના ટાઇટલ ક્લીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. સદરહુ મિલકતોમાં ઉપરોક્ત મિલકતોના માલિક સિવાય અન્ય કોઈના કોઈપણ જાતના લાભભાગ, હક્ક,હિત,હિસ્સા,લીયન બાનાખત, દાવા, બોજા, વેચાણના અગર અન્ય કોઈપણ જાતના હક્કો આવેલા હોય તો તેઓએ આ નોટિસ પ્રસિદ્ધ થયેથી દિન ૭ માં લેખિત પુરાવા સહિત રજીસ્ટર્ડ એ.ડી. થી નીચેના સરનામે જાણ કરવી જો તેમ કરવામાં નહીં આવે તો સદરહુ મિલકતોમાં અન્ય કોઈના કોઈપણ જાતના લાગ ભાગ હક્ક,હિત,હિસ્સા,દાવા,બોજા કે અન્ય કોઈ જાતના હકો આવેલા નથી અને હોય તો તે જતા યાને કે વેવ કરેલ છે તેમ માની મુદ્દત વિતે સદરહુ મિલકતો અંગે ટાઈટલ ક્લિયરન્સ સર્ટિફિકેટ ઈશ્યુ કરવામાં આવશે ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તકરાર ચાલશે નહીં તેની નોંધ લેવી.

અમદાવાદ
તા. ૨૬/૧૦/૨૦૨૬

**એમ.બી. અગ્રવાલ એડવોકેટ**
૪૦૧,માઈલસ્ટોન, ડ્રાઈવ-ઈન સીનેમાં પાસે, થલતેજ અમદાવાદ.

## જાહેર નોટિસ

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ સબ-ડીસ્ટ્રીક્ટ અમદાવાદના સાણંદ તાલુકાના મોજે ગામ સાણંદની સીમના સરવે નંબર-૨૫૨/૧ તથા ૨૫૨/૩ પૈકીની જમીન ઉપર આવેલ કલ્હાર બ્લ્યુઝ એન્ડ ગ્રીન્સ એ નામની સ્કીમમાં આવેલ રહેણાંક યુનિટ નંબર-૭૫૧ ની સ.ચો.મી. ૧૦૬૯ યાને સ.ચો.વાર ૧૨૭૮ (સરવે નંબર-૨૫૨/૧ ની સ.ચો.મી. ૫૭ તથા ૨૫૨/૩ ની સ.ચો.મી. ૧૦૧૨) ની નેટ પ્લોટ એરીયાની જમીન તથા તેની ઉપર આવેલ સ.ચો.મી. ૩૭૫ યાને સ.ચો.વાર ૪૪૯ ના બિલ્ટઅપ એરીયા (કાર્પેટ એરીયા ૩૧૪ સ.ચો.મી. યાને ૩૭૫ સ.ચો.વાર) વાળી મીલકત (૧) જીજ્ઞેશ ઈન્દ્રવદન સાંગાણી (૨) દીપાલી જીજ્ઞેશ સાંગાણીની સંયુક્ત માલિકી અને કબજા ભોગવટાની આવેલી છે. તો સદરહુ મીલકત ઉપર કોઈપણ વ્યક્તિ, બેંક કે નાણાકીય સંસ્થાનો કે બીજા કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ કે હક્ક હિસ્સો કે બોજો હોય તો દિન-૭ માં પુરાવા સહિત નીચેના સરનામે લેખિત જાણ કરવી નહિં તો ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપવામાં આવશે.

તા. ૨૬-૧૦-૨૦૨૬

**રૂપેશ એ. ભગત**
**(એડવોકેટ એન્ડ નોટરી)**
**જીજ્ઞેશ એ. ભગત**
**(એડવોકેટ એન્ડ નોટરી)**
**ફોર ભગત એસોસીએટસ**

સરનામું : ૩૦૨-એ/બી, શીલ કોમ્પ્લેક્ષ, આગમન કોમ્પ્લેક્ષની પાછળ, મીઠાખળી, અમદાવાદ.
ટે.નં.(૦૭૯)૨૬૪૦૬૮૨૫

## જાહેર નોટિસ

**મોજે-કઠવાડા**

અમદાવાદ જીલ્લાના દશક્રોઈ તાલુકા ના મોજે કઠવાડા ના રી-સર્વે બ્લોક નં. ૧૫૧૮ (જુનો બ્લોક નં.૯૮૮પૈકી) ની ૧૨૮૩૧ ચો.મીટર પૈકી ૨૦ ટકા હિસ્સાની અંદાજિત ૨૫૬૬ ચો.મીટર જુની શરતની ખેતી લાયક જમીન ભરતભાઈ ધીરૂભાઈ પટેલની સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાની તથા તમામ પ્રકારના બોજાઓમાથી મુક્ત હોવાનુ જણાવી સદર જમીન અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ હોય અમારા અસીલએ અમારી પાસેથી સદર જમીનના ટાઈટલ ક્લિયરંસ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. તેથી સદર જમીન અંગે કોઈના બાનાખત, વેચાણ, બક્ષીસ, પાવર, વારસો, ગીરો કે બેંકના બોજા, કબજા હક્ક વિગેરે અગર કોઈ કોર્ટ નો મનાઈ હુકમ કે દાવા દુવી ચાલુ હોય તો તેની જાણ લેખિતમા દસ્તાવેજી પુરાવા સહિત આ નોટીસ પ્રસિધ્ધ થયે થી દિન-૭ મા નીચેના સરનામે રજી.પોસ્ટથી કરવી (કાયદાથી માન્ય પુરાવા વગર મોકલેલ વાંધા અરજીને ધ્યાને લીધા સિવાય સીધા દફતરે કરવામાં આવશે). ઉક્ત સમયમર્યાદા વિત્યા બાદ આવનાર વાંધા કે હક્ક દાવા ઉપર કોઈપણ પ્રકાર નો લક્ષ્ય આપ્યા સિવાય સદર જમીનનુ ટાઈટલ ક્લિયર સર્ટીફીકેટ ઈસ્યુ કરવામા આવશે તેની નોંધ લેશોજી.

**એસ. ડી. મિશ્રા,**
**નરેન્દ્ર પડસાળા,**
**રાહુલ ગૌદાની,**
**(એડવોકેટ એન્ડ નોટરી)**
**અર્થ એસોસીએટ્સ**

૨૧૪-૨૧૫, સિલ્વર સ્ક્વેર, દિપક સ્કુલની બાજુમા, નિકોલ, અમદાવાદ.
મો. ૮૧૪૧૪૩૭૦૬૭

## જાહેર નોટિસ

મોજે જોધપુર, તાલુકા વેજલપુર, જીલ્લા અમદાવાદની સીમના રેવન્યું સર્વે નંબરઃ ૫૧૦ વીગેરે, ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબરઃ ૬, ફાઈનલ પ્લોટ નંબરઃ ૬૯ થી ૭૨, ૭૮, ૮૦, ૮૩, ૮૪, ૮૫ નો ભાગ-૧ ની સત્યાગ્રહ છાવણી કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લીમીટેડની સમગ્ર બીનખેતીની જમીન ઉપરની ''સત્યાગ્રહ છાવણી'' ના નામથી ઓળખાતી બંગલોની યોજનાના સેકટર-૫ ના લેન નંબરઃ ૨૨ માં આવેલ પ્લોટ નંબરઃ ૩૮ (સોસાયટી રેકર્ડ મુજબ બંગલા નંબરઃ ૫૩૦) ની ૪૦૦ ચોરસવારની જમીન તથા તે ઉપર આવેલ બંગલાના બાંધકામવાળી મીલકત હાલ મગનભાઈ રાઘવજીભાઈ ધોરાજીયાના સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની આવેલ હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાના હેતુથી મજકુર મીલકતના ટાઈટલ કલીયર હોવા બાબતના અભિપ્રાય ની માંગણી અમો પાસે કરેલ છે. મજકુર મીલકત ઉપર કોઈનો કોઈપણ જાતનો વારસાઈ હકક, હિસ્સો, દાવો, બોજો બાનાખતના હકકો, લીયન કે એટેચમેન્ટ કે લાગભાગ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન ૭ (સાત) માં તેની ખરી નકલોવાળા દસ્તાવેજી પુરાવા સહીતની લેખીત જાણ અમોને નીચેના સરનામે કરવી અન્યથા મજકુર મીલકત ઉપર આવા હકક, હીસ્સા, બોજા લાગભાગ તેઓએ સ્વેચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ સમજી મુદત વીત્યે ટાઈટલ સર્ટીફીકેટ આપવામાં આવશે તથા વેચાણ દસ્તાવેજની કાર્યવાહી પુર્ણ કરાવી લેવામાં આવશે જેની જાહેર જનતાએ નોંધ લેવી.

તારીખઃ ૨૭/૧૦/૨૦૨૬

**નિમિષ વી. દેશાઈ એડવોકેટ,**
**V. D. DESAI & CO.**

૨૧૨, ''આકાશરથ'' બીજો માળ, નેશનલ હેન્ડલુમ સામે, લો ગાર્ડન, અમદાવાદ
ફોનઃ (મો) ૯૯૯૮૨ ૧૭૩૫૪

## જાહેર નોટિસ

જત રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ સબ-ડિસ્ટ્રીક્ટ અમદાવાદ - ૧૨ (નિકોલ) ના તાલુકા દશક્રોઈ ના મોજે વહેલાલ ની સીમના ખાતા નં.૧૫૬૪ માં ચાલતા રિ-સર્વે/બ્લોક નં.૫૭૦ (જુના સર્વે નં. ૫૬૮) ની ૦-૮૨-૮૭ હે.આરે.ચો.મી., આકાર રૂા.૪.૯૭ પૈસાના ક્ષેત્રફળવાળી જુની શરતની ખેતીની જમીન પૈકી ૬૪૫ ચો.મી. સરદાર સરોવર નર્મદા નિગમની કપાત જતા બાકી રહેતી ૦-૭૬- ૪૨ હે.આરે.ચો.મી. પૈકી ૦-૫૨-૪૨ હે.આરે.ચો.મી. જમીન પુનીબેન તે કાળુભાઈની વિધવા તથા સ્વ. શૈલેષભાઈ કાળુભાઈ ભરવાડના વારસો કિંજલબેન શૈલેષભાઈ ભરવાડ, દિવ્યાબેન શૈલેષભાઈ ભરવાડ, જય શૈલેષભાઈ ભરવાડ, કરીના શૈલેષભાઈ ભરવાડ, કુલદીપ શૈલેષભાઈ ભરવાડ, શેફાલી શૈલેષભાઈ ભરવાડ નાઓની સંયુક્ત સહમાલિકી, સહકબજા-ભોગવટાની બોજાઓથી મુક્ત ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ આવેલી છે તે પૈકી ૦-૪૭-૫૬ હે.આરે.ચો.મી. જમીન તેઓએ અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરીને અમારી પાસે સદરહુ જમીનના ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ હોવાના અભિપ્રાય અંગેના સર્ટીફીકેટ ની માંગણી કરેલ છે તો સદરહુ જમીનમાં કોઈ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો હોય તો દિન-૭ (સાત) માં પ્રમાણીત પુરાવા સહિત લેખીતમાં રજી.એ.ડી. થી જાણ કરવી (પ્રમાણિત પુરાવા વગરનાં વાંધા ધ્યાને લેવાશે નહી) અને જો તેમ કરવામાં કસુર થશે તો કોઈ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો ઈત્યાદી નથી અને જો હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ સમજી ટાઈટલ કલીયરન્સના અભિપ્રાય અંગેનું સર્ટીફીકેટ આપીશું ત્યારબાદ કોઈની કોઈ તકરાર ચાલશે નહી.

**દિનેશ બી. પટેલ, એડવોકેટ**

ઓફીસ : ૪૦૩ તથા ૪૦૪, બ્લોક-સી, ફોર્થ ફ્લોર, રેવતી પ્લાઝા, ભક્તિ સર્કલ પાસે, ઓફ એસ.પી. રીંગ રોડ, ન્યુ નિકોલ, અમદાવાદ ૩૮૦૦૪૯.
મો. નં. ૯૮૭૯૦ ૫૭૨૯૦.

## જાહેર નોટિસ

ડીસ્ટ્રીકટ ગાંધીનગર સબ ડીસ્ટ્રીકટ તથા તાલુકા કલોલનાં મોજે ગામ સઈજની સીમના (૧) ખાતા નં.૨૯૪૪ ની સર્વે/બ્લોક નં.૧૩૮૧/૧ વાળી હે.આરે.ચો.મી. ૦-૨૩-૨૭, આકાર રૂા.૧-૧૨ પૈસા વાળી ખેતરની ખેતીની જમીન તથા (૨) ખાતા નં.૨૯૪૫ ની સર્વે/બ્લોક નં.૧૩૮૧/૨ વાળી હે.આરે.ચો.મી. : ૦-૨૩-૨૭, આકાર રૂા.૧-૧૨ પૈસા વાળી ખેતરની ખેતીની જમીન મર્હુમ ચમનજી સોમાજી મકવાણાના વારસદારો :- (૧) સોનીબેન ચમનજી ઠાકોર, (૨) બાબુભાઈ ચમનજી ઠાકોર, (૩) મહેન્દ્રકુમાર ચમનજી ઠાકોર તથા (૪) સંગીતાબેન ચમનજી ઠાકોરએ તેઓની સહીયારી કુલ સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાની તેમજ તમામ પ્રકારનાં બોજાઓથી મુક્ત નાકરજી હોવાનું જણાવી અમારી પાસે ટાઈટલ કલીયરન્સ સર્ટીફિકેટની માંગણી કરેલ છે. સબબ ઉપરોકત જમીન પરત્વે હરકોઈ શખ્સનો હરકોઈ પ્રકારનો બોજો યા હકક- દાવો આવેલ હોય તો લેખિત પુરાવાની સર્ટીફાઈડ નકલ સહિત દિન-૭ માં નીચેના સરનામે સ્પીડ પોસ્ટ દ્વારા જાણ કરવી, જો તેમ કરવામાં કસુર યા વિલંબ થશે તો ઉપરોકત જમીન પરત્વે હરકોઈ શખ્સનાં કોઈ હકકો આવેલ નથી અગર આવેલ હોય તો જમીનનાં માલિકની તરફેણમાં જતાં કરેલ છે તેમ સમજી ઉપરોકત જમીનનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફિકેટ કાઢી આપવામાં આવશે ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં જેની જાહેર જનતાએ સ્પષ્ટ નોંધ લેવી.

તા.૨૭/૧૦/૨૦૨૬
અમદાવાદ

**મોદી લૉ એસોસીએટ્સ**
**મૌલીક દિલીપભાઈ મોદી**
**એડવોકેટ**

અમદાવાદ ઓફીસ : ૬૦૯-૬૧૪, છઠ્ઠો માળ, ''બી'' બ્લોક, શીલ્પ કોર્પોરેટ પાર્ક, એરોન સ્પેકટ્રાની બાજુમાં, રાજપથ રંગોલી રોડ, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૯.
ટે.નં. : ૪૦૦૭૨૮૨૮ / ૪૦૦૭૧૯૨૮
ગાંધીનગર ઓફીસ : વેસ્ટ-૫૧૨, પાંચમા માળે, સિધ્ધરાજ ઝેડ સ્ક્વેર, ધી લેન્ડમાર્કની સામે, કુડાસણ, તા.જી. ગાંધીનગર,
ગુજરાત - ૩૮૨૪૨૧
ટે.નં. : ૯૫૧૦૦ ૬૭૪૫૩

## જાહેર નોટિસ

જત ડીસ્ટ્રીકટ અમદાવાદ, તાલુકો દસક્રોઈ ના મોજે ગામ કુહા ની સીમના રેવન્યુ સર્વે નં. ૪૧૩/૧/૧ ના બ્લોક નં. ૭૫૨ રી-સર્વે નં. ૧૯૩૮ ના બીજા હકકમાં ગીરોની નોંધ કમી કરાવવા સારુ અમારા અસીલશ્રી પરમાર ભાવસીંહ ભગવાનસિંહએ દસક્રોઈ તાલુકાના મે. મામલતદાર સાહેબશ્રી સમક્ષ અરજી દાખલ કરેલ છે. જેથી સદર જમીનમાં લાગતા વળગતાં તમામને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે તેથી સદરહું જમીન ઉપર કે તેના કોઈ ભાગ ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ હકક હીસ્સો હિતસંબંધ, બોજો ચાર્જ, ઈત્યાદી જે કાંઈ પણ પોષાતો હોઈ તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં દસ્તાવેજી પુરાવાઓ સહિત નીચેના સરનામે લેખિત જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થયેથી મુદત વીતે સદરહુ જમીન ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હકક, હિસ્સો પોષાતો નથી અને પોષાતો હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ સમજી સદરહુ જમીન બીજા હકકમાં ગીરોની નોંધ કમી કરાવવામાં આવશે ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તકરાર કે વાંધો ચાલશે નહી.

તારીખઃ૨૬-૧૦-૨૦૨૬
સ્થળઃ નડીઆદ

**મારી મારફતે,**
**અશોકકુમાર ભાનુશંકર વ્યાસ**
**બી.એ., એલ એલ.બી., એડવોકેટ**

૧૧૦, કાવેરી પ્લાઝા કોમ્પલેક્ષ, સરદાર પટેલ ભવન સામે, મીલ રોડ, નડીઆદ-૩૮૭૦૦૧
મો. ૯૮૨૪૦૬૧૪૯૦

## જાહેર નોટિસ

જત ડીસ્ટ્રીકટ સુરેન્દ્રનગર સબ-ડીસ્ટ્રીકટ દસાડા તાલુકા દસાડા ના મોજે ગામ-સડલા ની સીમના ખાતા નંબર-૮૮૭ ના સર્વે/બ્લોક નંબર-૨૪૧ (જુના સર્વે/બ્લોક નંબર-૧૫૨/૧/પૈકી ૧ ની હે.આરે.ચો.મી. ૦-૩૭-૪૫ ના ક્ષેત્રફળની આકાર રુ.૧-૫૦ પૈસાની જુની શરતની ખેતીની જમીન (૧) કમલેશકુમાર વ્રજલાલ દવે (૨) જસવંત વ્રજલાલ દવે (૩) પ્રવિણચંદ્ર વ્રજલાલ દવે (૪) દિપકકુમાર વ્રજલાલ દવે (૫) પદમાબેન નટવરલાલ દવે (૬) હિમાનીબેન નટવરલાલ દવે નાઓએ તેઓની સંયુકત માલીકી કબજાભોગવટાની તથા તમામ બોજાઓ રહીત હોવાનું જણાવી તેઓએ અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરીને અમારી પાસેથી ટાઈટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. તો સદરહુ જમીન ઉપર જો કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમોને તે બદલના પુરાવા . સહિત લેખિતમાં જાણ નીચેના સરનામે કરવી જો તેમ કરવામાં નહીં આવે તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈપણ વ્યક્તિનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો નથી અને હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ માની અમો ટાઈટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટ આપીશું અને ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તકરાર ચાલશે નહીં.

**શુભ લૉ એસોસીયેટસ**
**મિતેશ બી. પટેલ (એડવોકેટ)**
**હિતેશ પી. પટેલ (એડવોકેટ)**

ઠે.૨૦, સેકન્ડ ફ્લોર, સમર્પણ આર્કેડ, આંબલી, બોપલ, અમદાવાદ-૩૮૦૦૫૮
મો.૯૪૨૮૯૧૦૦૦૪,૮૧૪૦૮૦૪૦૮૫

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે,રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ ગાંધીનગરના સબ-ડિસ્ટ્રીકટ અને તાલુકા કલોલના ગામ મોજે શેરીસાની સીમના નવા બ્લોક નંબર-૬૮૩(જુના બ્લોક નંબર-૯૪૭)ની કુલ ૯૯૧૯ ચોરસમીટર પૈકી પશ્ચીમ દિશા તરફની ૫૧૬૩ ચોરસમીટર પૈકી વગર વહેંચાયેલ ૩૪૪૨ ચોરસમીટર જુની શરતની ખેતીની જમીન નીતિન ઈશ્વરભાઈ પટેલે તેઓની સંપુર્ણપણે સ્વતંત્ર,માલિકી,કબજા,ભોગવટાની તમામ બોજા રહીત હોવાનું જણાવી અમારી પાસેથી સદરહુ જમીનના ટાઈટલ્સ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના પ્રમાણપત્રની માંગણી કરેલ છે. તો સદરહુ જમીન ઉપર જો કોઈનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હીત,હીસ્સો, દાવો કે બોજો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭(સાત)માં અમોને તે બદલના જરૂરી પુરાવાઓ સહીત લેખિતમાં જાણ નીચેના સરનામે કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈપણ વ્યક્તિનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ,હક્ક, હીત, હીસ્સો, દાવો કે બોજો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ માનીને અમો સદરહુ જમીનનું ટાઈટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટ આપીશુ અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં.

તારીખ-૨૭/૧૦/૨૦૨૬

**કૌશિક.જી.પટેલ**
**(એડવોકેટ એન્ડ નોટરી)**
**(બી.એસ.સી.,એલ.એલ.બી.)**

ઓફીસ :-૧૨,બીજો માળ, જે. બી. આર.આર્કેડ,આર.કે.રોયલ હોલની બાજુમાં, સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦.
મો.નં.૯૮૨૪૬૭૮૭૬૯

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, ડિસ્ટ્રીક્ટ અમદાવાદ, રજીસ્ટ્રેશન સબ-ડિસ્ટ્રીક્ટ બાવળા તથા તાલુકે બાવળાના મોજે ગામ ગાંગડની સીમના બ્લોક/સર્વે નંબર- ૮૪ (જુના બ્લોક નંબર-૧૯૧૬) કે જેનો સીટી સર્વેમાં સમાવેશ થતાં સીટી સર્વે ઓફિસ બાવળાના વોર્ડ ગાંગડ (બીનખેતી)ના શીટ નંબર-એન.એ.૯૯ ના સીટીસર્વે નંબર-એન.એ.૮૪ ક્ષેત્રફળ ૩૮૧૪ સમચોરસમીટર ઔદ્યોગિક હેતુવાળી બીનખેતીની જમીન એલેથીયા ટ્રેડલાઈન પ્રાઈવેટ લીમીટેડ (ALETHEA TRADELINE PRIVATE LIMITED) (કંપનીનુ જુનુ નામ : પિહાન્સ ટ્રેડીંગ પ્રાઈવેટ લીમીટેડ) અમદાવાદનાએ સદરહુ જમીન સદરહુ કંપનીની માલીકી તથા કબજા ભોગવટામાં તથા તમામ પ્રકારના બોજાઓથી મુક્ત આવેલ હોવાનું જણાવી અમારી પાસે સદરહુ જમીનના ટાઈટલ કલીયરન્સ સર્ટિફીકેટની માંગણી કરેલ છે. સબબ સર્વે શખ્સો કે જેમનો ઉપરોક્ત જમીનમાં ખોરાકી, પોશાકી કે અન્ય કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિસ્સો ચાર્જ કે બોજો કે લિયન ચાર્જ પોષાતા હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત)માં નીચેના સરનામે રજી. એ.ડી. દ્વારા લેખિત પુરાવા સહિત જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો ઉપરોક્ત જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિસ્સો પોષાતો નથી અને પોષાતો હોય તો તે જતો યાને કે વેઈવ (WAIVE) કરેલ છે તેમ સમજી મુદ્દત વિત્યે સદરહુ જમીનનું ટાઈટલ કલીયરન્સ સર્ટિફીકેટ ઈશ્યુ કરવામાં આવશે જેની આથી ગંભીર નોંધ લેવી.

તારીખ-૨૭/૧૦/૨૦૨૬

**હિરેન રાવલ એન્ડ એસોસીએટસ**
**એડવોકેટસ**
**વિનીત એચ. રાવલ (એડવોકેટ)**
**સૃષ્ટિ એચ. રાવલ (એડવોકેટ)**

૫૦૬, વિનસ બેનેસીયા, પકવાન-૨ ડાઈનીંગ હોલ પાસે, બોડકદેવ, એસ.જી.હાઈવે, અમદાવાદ-૩૮૦૦૫૪
ફોન : ૦૭૯-૨૬૮૭૩૮૮૧
મોબાઈલ નંબર ૯૮૨૪૬ ૪૪૫૪૩

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, ડીસ્ટ્રીકટ અમદાવાદના રજીસ્ટ્રેશન સબ-ડીસ્ટ્રીકટ સાણંદના સાણંદ તાલુકાના મોજે સાણંદ ગામની સીમના બ્લોક/સર્વે નંબર-૭૬૮/૧ ની ૧૨૧૪૧ ચો.મી. જમીનનો ટી.પી. સ્કીમ નંબર-૧૧ (સાણંદ)માં થવાથી મળેલ ફાઈનલ પ્લોટ નંબર-૩/૧ ની ૭૨૮૫ સમચોરસમીટર બીનખેતીની જમીન (નગર રચના અધિકારી, નગર નિયોજક-૨, અમદાવાદ નગર રચના યોજના એકમ-૧, અમદાવાદના તારીખ ૨૭/૬/૨૦૨૫ ના અભિપ્રાય મુજબ) પૈકીની સર્વે નંબર મુજબની ૧૦૦૯૭.૨૫ ચો.મી. અને ફાઈનલ પ્લોટ મુજબની ૬૦૫૮.૫૦ ચો.મી. બીનખેતીની જમીન શ્રી અશોકકુમાર મોહનલાલ કોઠારી ની તથા સર્વે નંબર મુજબની ૨૦૪૩/૭૫ ચો.મી. અને ફાઈનલ પ્લોટ મુજબની ૧૨૨૬.૫૦ ચો.મી. બીનખેતીની જમીન હામદભાઈ જમાલભાઈ, હુસેનભાઈ જમાલભાઈ અને દાઉદભાઈ જમાલભાઈ ની કુલ સ્વતંત્ર/સંયુકત માલીકીની અને પ્રત્યક્ષ કબજા ભોગવટાની કોઈના કોઈપણ જાતના અવરોધ કે અંતરાય સીવાય તમામ પ્રકારના બોજાઓથી મુકત આવેલી હોવાનું જણાવેલ અમારી પાસેથી સદરહુ જમીનના વેચાણના હેતુથી ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલી છે. ઉપરોકત જમીનમાં ઉપર પેરામાં જણાવેલા જમીન માલીકો સીવાય અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હીત, હિસ્સો, દાવો, બોજો, અલાખો, લીયન, ચાર્જ કે અન્ય કોઈ હકક પોશાતો હોય તો તેની લેખીત જાણ આધાર પુરાવાની પ્રમાણીત નકલ સાથે અમોને નીચેના સરનામે દિન-૭ માં મળે તે રીતે કરવી. જો તેમ કરવામાં નહી આવે અગર કસુરદાર થશે તો ઉપરોકત જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હીત, હિસ્સો, દાવો, બોજો, અલાખો, લીયન, ચાર્જ કે અન્ય કોઈ હકક નથી અને જો હોય તો તેવા તમામ હકકો જે તે ઈસમોએ જમીન માલીકોની તરફેણમાં જતા યાને ''વેઈવ'' કરેલ છે, તેમ સમજી સદરહુ જમીનનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપવામાં આવશે તેમજ વેચાણ અંગેની કાર્યવાહીઓ કરવામાં આવશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી.

**રાજેશ કે. શાહ, એડવોકેટ,**

૫૦૧, એડોર એસ્પાયર, જહાન્વી રેસ્ટોરન્ટ પાસે, પાંજરા પોળ, યુનિવર્સિટી એરીયા, અમદાવાદ-૩૮૦૦૧૫.
મો. ૯૯૨૫૦૬૬૨૨૮

## જાહેર નોટિસ

ડીસ્ટ્રીકટ ગાંધીનગરના તાલુકે ગાંધીનગરના ગામ મોજે કુડાસણની સીમના સર્વે નં.૩૪૦ ની જમીનનો સમાવેશ ગુડા ટી.પી.સ્કીમ નં.૪ (કુડાસણ-ધોળાકુવા) માં ફાઈનલ પ્લોટ નં.૯૨ ની ૩૮૨૦ ચો.મી. વાળી જમીનનોમાં બાંધવામાં આવેલ ''સંગાથ ગેટવે'' એ સ્કીમમાં સાતમા માળે ફ્લેટ નંબર બી૧/૭૦૩ ની ૬૨.૫૬ ચો.મી. બિલ્ટઅપ એરીયા બાંધકામવાળી મિલકત તથા સદર ફ્લેટવાળી મિલકતના વરાડે મળવા પાત્ર ૨૫.૫૦ ચો.મી. વગર વહેચાયેલો જમીન વાળી મિલકતના માલીક કબજેદાર મધુબેન વિષ્ણુભાઈ પટેલની માલીકી અને પ્રત્યક્ષ કબજા ભોગવટાની કોઈપણ જાતના બોજા વગરની હોવાનું જણાવી અમારા અસીલે અમો પાસેથી સદરહુ મિલકતનું ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવા બાબતના સર્ટીફીકેટની માંગણી કરેલ છે. સદરહુ મિલકત સંબંધે કોઈપણ ઈસમનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક દાવો, હીત સંબંધ સુખાધિકાર તેમજ ખોરાકી પોષાકીનો હક્ક પોષાતો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં તેવા હક્ક દાવા સંબંધેના લેખીત વાંધા પુરાવા સહીત અમોને નીચે જણાવેલ સરનામે મોકલી આપવા. જો કોઈપણ ઈસમના કોઈપણ પ્રકારના વાંધા તકરાર પુરાવા સહીત દિન-૭ (સાત) માં મળશે નહીં તો સદરહુ મિલકતમાં કોઈપણ ઈસમનો કોઈપણ પ્રકારનો લાગભાગ,હક્ક દાવો, હીત, સંબંધ સુખાધિકાર તેમજ ખોરાકી પોષાકીના હક્ક પોષાતો નથી અને હોય તો તે જતા યાને વેઈવ કરેલ છે તેમ સમજી સદરહુ મિલકત સંબંધે ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવાનું સર્ટીફીકેટ કાઢી આપવામાં આવશે તેની સર્વે સખ્સોએ નોંધ લેવી.

તારીખ :- ૨૬/૧૦/૨૦૨૬
ગાંધીનગર

**કમલેશ બી. પટેલ એડવોકેટ**

ઓફીસ નં. ૫૦૩, પાંચમો માળ, પ્લોટ નં.૨, શાલીન સેન્ટ્રમ, એચ. પી. પેટ્રોલ પંપની પાછળ, સે-૧૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૪૩૦૯૫૦

## જાહેર નોટિસ

અમો એડવોકેટ શ્રી મુસ્તુફા બી. બંગાલી તે આથી અમારા અસીલની સુચના અને ફરમાઈશથી આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે, મોજે ગુંજાલા, તા.દેત્રોજ- રામપુરા, જી.અમદાવાદના સર્વે/બ્લોક નં.૮૭૦ (જુના સર્વે/બ્લોક નં.૩૨૬ પૈકી) ખાતા નં.૮૬૦ ની ૦-૫૩-૪૫ હે.આરે.ચો.મી. જુની શરતની ખેતીની જમીન હાર્દિક ભગવાનભાઈ પ્રજાપતિ રહે.અમદાવાદનાંની કુલ સ્વતંત્ર માલીકી કબજા ભોગવટામાં આવેલી છે. સદરહુ જમીનમાં સદરહુ જમીન માલીક સિવાય અન્ય કોઈનો કોઈપણ જાતનો લાગભાગ, હકક, હીસ્સો કે કોઈનો કોઈ ગણોત હકક, ભાડવાત હકક કે ગાડાવટ હકક નથી કે સદરહુ જમીન ઉપર કોઈ વ્યકિત, નાણાંકીય સંસ્થા કે બેન્કનો બોજો કે ચાર્જ નથી કે કોઈ દાવા-દુવી ચાલતા નથી કે હાલ પેન્ડીગ નથી. અને મજકુર જમીનના રાઈટસ ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવાના પ્રમાણપત્રની જમીન માલીકે અમારી પાસે માંગણી કરેલ છે. તેથી મજકુર જમીનમાં કોઈપણ વ્યકિતનો કોઈપણ જાતનો લાગભાગ, હકક, હીસ્સો હોય કે ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપવા સામે અન્ય કોઈ વ્યકિતનો કોઈપણ જાતનો વાંધો હોય તો તેની લેખીત જાણ પ્રમાણીત પુરાવા સાથે અમોને આજથી દીન-૭ માં રજી. એ.ડી. થી કરવી. તેમ કરવામાં કસુર થયેથી મજકુર જમીનમાં અન્ય કોઈનો કોઈપણ જાતનો હકક, હીસ્સો નથી અને હોય તો તે જતો (વેવ) કરેલ છે. તેમ સમજી અમો ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ ઈશ્યુ કરીશું. ત્યારબાદ કોઈનો વાંધો તકરાર ચાલશે નહીં. તેની જાહેર નોંધ લેવી.

અમદાવાદ
તા.૨૬-૧૦-૨૦૨૬

**મુસ્તુફા બી. બંગાલી**
**(B.Com., LL.M.)**
**શ્રીમતી એ. એમ. બંગાલી**
**(B.A., L.L.B.)**
**ફીઝા એમ. બંગાલી,**
**(B.A., LL.M.)**
**માહીર એમ. બંગાલી**
**(B.A., LL.M.)**
**એડવોકેટસ**

ઓફીસઃ ૩૩૦,૩૩૧, થર્ડ ફ્લોર, ''યશ એરીયન'' વિવેકાનંદ ચોક, ગુરૂકુલ રોડ, મેમનગર,અમદાવાદ-૫૨
મો.૯૯૯૮૫૩૩૩૦૯

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, ડિસ્ટ્રીક્ટ અમદાવાદ, રજીસ્ટ્રેશન સબ-ડિસ્ટ્રીક્ટ બાવળા તથા તાલુકે બાવળાના મોજે ગામ ગાંગડની સીમના હાલના ૭/૧૨ ના રેવન્યુ રેકર્ડ મુજબ બ્લોક/સર્વે નંબર-૮૬/૧ (જુના બ્લોક નંબર-૧૯૦૯) ક્ષેત્રફળ ૭૧૩૪૦ સમચોરસમીટર પૈકી દક્ષિણ દિશા તરફની ક્ષેત્રફળ ૬૩૦૬૯ સમચોરસમીટર ઔદ્યોગિક હેતુવાળી બીનખેતીની જમીન કે જેનો સીટી સર્વેમાં સમાવેશ થતાં સીટી સર્વે ઓફિસ બાવળાના વોર્ડ ગાંગડ (બીનખેતી)ના શીટ નંબર-એન.એ.૯૯ ના સીટીસર્વે નંબર- એન.એ.૮૬/૧ પૈકી ૧ ક્ષેત્રફળ ૬૩૦૬૯ સમચોરસમીટર ઔદ્યોગિક હેતુવાળી બીનખેતીની જમીન એલેથીયા ટ્રેડલાઈન પ્રાઈવેટ લીમીટેડ (ALETHEA TRADELINE PRIVATE LIMITED) (કંપનીનુ જુનુ નામ : પિહાન્સ ટ્રેડીંગ પ્રાઈવેટ લીમીટેડ) અમદાવાદનાએ સદરહુ જમીન સદરહુ કંપનીની માલીકી તથા કબજા ભોગવટામાં તથા તમામ પ્રકારના બોજાઓથી મુક્ત આવેલ હોવાનું જણાવી અમારી પાસે સદરહુ જમીનના ટાઈટલ કલીયરન્સ સર્ટિફીકેટની માંગણી કરેલ છે. સબબ સર્વે શખ્સો કે જેમનો ઉપરોક્ત જમીનમાં ખોરાકી, પોશાકી કે અન્ય કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિસ્સો ચાર્જ કે બોજો કે લિયન ચાર્જ પોષાતા હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત)માં નીચેના સરનામે રજી. એ.ડી. દ્વારા લેખિત પુરાવા સહિત જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો ઉપરોક્ત જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિસ્સો પોષાતો નથી અને પોષાતો હોય તો તે જતો યાને કે વેઈવ (WAIVE) કરેલ છે તેમ સમજી મુદ્દત વિત્યે સદરહુ જમીનનું ટાઈટલ કલીયરન્સ સર્ટિફીકેટ ઈશ્યુ કરવામાં આવશે જેની આથી ગંભીર નોંધ લેવી.

તારીખ-૨૭/૧૦/૨૦૨૬

**હિરેન રાવલ એન્ડ એસોસીએટસ**
**એડવોકેટસ**
**વિનીત એચ. રાવલ (એડવોકેટ)**
**સૃષ્ટિ એચ. રાવલ (એડવોકેટ)**

૫૦૬, વિનસ બેનેસીયા, પકવાન-૨ ડાઈનીંગ હોલ પાસે, બોડકદેવ, એસ.જી.હાઈવે, અમદાવાદ-૩૮૦૦૫૪
ફોન : ૦૭૯-૨૬૮૭૩૮૮૧
મોબાઈલ નંબર - ૯૮૨૪૬ ૪૪૫૪૩

## જાહેર નોટિસ

ગુજરાત રાજ્યના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ અમદાવાદ સબ-ડીસ્ટ્રીકટ અમદાવાદ-૧૪ (વસ્ત્રાલ) ના તાલુકા વટવા ના મોજે વસ્ત્રાલ ની સીમના સર્વે નં. ૯૯૬ ની ૮૧૬૦ ચો.મી. માપવાળી જમીન ઉપર માધવ કો.ઓ.હા.સો.લી. (રજી. ક્રમાંક ઘ-૧૮૮૮૫, તા. ૧૬-૧૨-૧૯૯૯) ની રહેણાંક હેતુની માધવ પાર્ક ના નામથી ઓળખાતી સોસાયટીમાં આવેલા જુદા જુદા ટેનામેન્ટવાળી મીલકતો પૈકી ટેનામેન્ટ નં. ૩૯ ની ૭૫ ચો.વાર જમીન (સોસાયટી મુજબ ૧૧૦ ચો.મી.) ઉપર મ્યુનિ. ટેક્ષબીલ મુજબ ૧૮૬ ચો.મી. (સોસાયટી મુજબ ૧૪૦ ચો.મી.) ના બાંધકામવાળી મિલકત ના હાલના માલિક અમારા અસીલ ગીરીશભાઈ પુરુષોત્તમભાઈ દરજી ની કુલ સ્વતંત્ર માલિકીની કબજા ભોગવટાની મિલકત આવેલ છે. તે મતલબ નું ટાઈટલ કલીયર તથા બોજા રહીત હોવા અંગે તેમજ સદરહું મિલકત અંગે અમારી પાસે અમારા અસીલ ને તા. ૦૩-૦૭-૨૦૦૦ ના રોજ એલોટ કરેલ અને તા. ૧૪-૧૦-૨૦૦૦ ના રોજ શેર સર્ટીફીકેટ નં. ૩૭ (રૂા. ૫૦- નો એક એવા કુલ પાંચ શેર જેની કુલ કિંમત રૂા. ૨૫૦- ના શેર નં. ૧૮૬ થી ૧૯૦) ફાળવી આપેલ છે ત્યારબાદ ગિરિશભાઈ પુરુષોત્તમભાઈ દરજી દ્વારા સ્ટેમ્પ ડ્યુટી મુલ્યાંકન તંત્ર વિ-૧ માં ગીરીશભાઈ પુરુષોત્તમભાઈ દરજી દ્વારા જુની સ્ટેમ્પ ડ્યુટી ભરી દીધેલ છે ત્યારબાદ ગીરીશભાઈ પુરુષોત્તમભાઈ દ્વારા એક રજીસ્ટર્ડ ડેકલેરેશન કરવામાં આવેલ જે અમદાવાદના મે. સબ રજીસ્ટ્રાર સાહેબશ્રીની કચેરી અમદાવાદ-૧૪ (વસ્ત્રાલ) માં અનુક્રમ નં. ૧૭૮૬૫ થી તા. ૧૩- ૧૦-૨૦૨૬ ના રોજ નોંધવામાં આવેલ ત્યારથી સદરહુ મિલકતના અમારા અસીલ માલીક બનેલા અને હાલના માલિક અમારા અસીલ ની કબજા ભોગવટાની છે ઉપરોક્ત મિલકત માં કોઈપણ નાં માલિકી, કબજા, ભોગવટા, સહ હિસ્સેદાર, વારસાઈ, ભાગીદારી અંગે નો કે લોન, ધીરાણ, ગીરો, બોજો, લીયન, અંગે ના કે ભરણ પોષણ અંગેના તેમજ ટાઈટલ અંગેના કોઈપણ પ્રકારનાં લાગભાગ હક્ક, હીત, હિસ્સા કે વાંધા તકરાર હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયે દિવસ-૭ (સાત) માં નીચેના સરનામે રજી.પોસ્ટ થી લેખીત માં આધાર પુરાવા સાથે જાણ કરવી મુદતે કોઈપણ નાં કોઈપણ પ્રકારનાં વાંધા તકરાર નહી આવે તો તેઓએ જતા (વેઈવ) કરેલ છે. તેમ માની અમો અમારા અસીલ ની ઉપરોક્ત મિલકત અંગે ટાઈટલ કલીયરન્સ રીપોર્ટ આપીશું અને ત્યારબાદ કોઈપણ નાં કોઈપણ પ્રકારનાં વાંધા તકરાર મારાં અસીલ ને બંધનકર્તા રહેશે નહી. જેની લાગતા વળગતાં તમામએ તથા જાહેર જનતા એ નોંધ લેવી, સદર જાહેર નોટીસ અમારા અસીલના કહેવાથી અમો આ જાહેર નોટીસ આપીએ છીએ.

અમદાવાદ .
તારીખ : ૨૭-૧૦-૨૦૨૬.

**અમારા મારફત.**
**રામ. આર. કોરી/શર્લી દોશી એડવોકેટ**

સી-૯૦૨, ટાઈટેનીયમ સીટી સેન્ટર, આનંદનગર રોડ, સેટેલાઈટ, અમદાવાદ.
મો.- ૭૯૯૦૨૩૩૮૭૬.

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે,રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ અમદાવાદના સબ-ડિસ્ટ્રીકટ અમદાવાદ-૯(બોપલ)ના તાલુકા ઘાટલોડીયાના ગામ મોજે શીલજની સીમના બ્લોક નંબર- ૧૦૨૬ ની કુલ ૨૮૩૩ ચોરસમીટર પૈકી ૨૧૨૪.૭૫ ચોરસમીટર જુની શરતની ખેતીની જમીન રણછોડભાઈ શંકરભાઈ પટેલ,રમીલાબેન રણછોડભાઈ પટેલ,ધવલ રણછોડભાઈ પટેલ તથા ચિરાગ રણછોડભાઈ પટેલે તેઓની સંપુર્ણપણે સંયુક્ત, માલિકી, કબજા,ભોગવટા ની તમામ બોજા રહીત હોવાનું જણાવી અમારી પાસેથી સદરહુ જમીનના ટાઈટલ્સ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના પ્રમાણપત્રની માંગણી કરેલ છે. તો સદરહુ જમીન ઉપર જો કોઈનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ,હક્ક,હીત,હીસ્સો, દાવો કે બોજો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭(સાત)માં અમોને તે બદલના જરૂરી પુરાવાઓ સહીત લેખિતમાં જાણ નીચેના સરનામે કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈપણ વ્યક્તિનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ,હક્ક, હીત, હીસ્સો, દાવો કે બોજો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ માનીને અમો સદરહુ જમીનનું ટાઈટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટ આપીશુ અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં.

તાઃ-૨૭/૧૦/૨૦૨૬

**કૌશિક.જી.પટેલ**
**(એડવોકેટ એન્ડ નોટરી)**
**(બી.એસ.સી.,એલ.એલ.બી.)**

ઓફીસ :-૧૨,બીજો માળ, જે. બી. આર.આર્કેડ,આર.કે.રોયલ હોલની બાજુમાં, સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦.
મો.નં.૯૮૨૪૬૭૮૭૬૯

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, જીલ્લા અમદાવાદ, તા.અસારવાના મોજે મુઠીયાના ખાતા નં. ૫૧૯ ના બ્લોક/સ.નં. ૩૨બ/પૈકી ૧ કે જેને ટી.પી.સ્કીમ નં. ૭૧ ના ફા.પ્લોટ નં. ૩/૧ ની ૨૪૨૮ ચો.મી. ફાળવેલ છે તે બી.ખે.ની જમીન JAY KASHTBHANJAN DEV DEVELOPERS નામની ભાગીદારી પેઢી વતી તેના અધિકૃત ભાગીદાર - ભાવેશ રમેશભાઈ પ્રજાપતિ નાએ સદર જમીન સદર ભાગીદારી પેઢીની કુલ સ્વતંત્ર માલીકી અને કબજા ભોગવટાની તથા કોઈપણ જાતના બોજા રહીત અને નકરજી તેમજ સદરહુ જમીનના રાઈટ ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવાનું જણાવી સદર જમીન પરત્વે ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટની અમારી પાસેથી માંગણી કરેલ છે. તેથી સદરહુ જમીન બાબતે જે કોઈ બેંક, પેઢી, સહકારી પેઢી, સંસ્થા કે ઈસમનો કોઈપણ પ્રકારનો લાગ, ભાગ, હકક, હિત, હિસ્સો, અધિકાર, બોજો, દાવો, ગીરો કે કોઈપણ પ્રકારના હકક, બાનાખત, કુલમુખત્યારનામું, ભરણપોષણના હક્કો કે તકરારો ઈત્યાદી કોઈપણ હકકો કે તકરારો રહેલ હોય કે પોષાતા હોય તો તે અંગેની જાણ લેખીત પુરાવા સાથે દિન-૭ માં અમોને નીચેના સરનામે કરવી. જો તેમ કરવામાં ચુક અગર કસુર થશે તો સદર જમીન પરત્વે કોઈનો કોઈપણ જાતનો કે પ્રકારનો લાગ, ભાગ, હકક, હિત, હિસ્સો કે અધિકાર પોષાતો નથી અને હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ માની આ નોટીસનો સમય પુર્ણ થયેથી સદરહુ જમીન પરત્વે ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવાનું ગણી સદરહુ જમીન અંગે ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ અમો ઈસ્યુ કરીશું અને ત્યારબાદ, કોઈનો કોઈપણ જાતનો કે પ્રકારનો વાંધો કે તકરાર ચાલશે નહી જેની તમામે નોંધ લેવી.

મુ. અમદાવાદ.
તા.૨૬-૧૦-૨૦૨૬

**K. R. DWIVEDI (Advocate)**

Office : 604/605, Span Trade Center, Opp. Kochrab Ashram, Paldi, Ahmedabad.
Mobile : 98244 52902
99248 52902

## જાહેર નોટિસ

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમદાવાદ, સબ-ડીસ્ટ્રીકટ અમદાવાદ-૧૪ (વસ્ત્રાલ) અને તાલુકે વટવાના મોજે-ગામ વસ્ત્રાલની સીમમાં આવેલ ; (એ) (i) સર્વે નંબર- ૬૪૪/૧/૧/૧ ક્ષેત્રફળ ૪૫૪૦ સમચોરસમીટર જેના ટી.પી. સ્કીમ નંબર ૧૧૭ (વસ્ત્રાલ) ના ફાઈનલ પ્લોટ નંબર ૧૮૬/૧ પૈકી ક્ષેત્રફળ ૨૭૨૪ સમચોરસમીટરની બીનખેતીની જમીન (ii) સર્વે નંબર- ૬૪૬ ક્ષેત્રફળ ૨૯૩૪ સમચોરસમીટર જેના ટી.પી. સ્કીમ નંબર ૧૧૭ (વસ્ત્રાલ) ના ફાઈનલ પ્લોટ નંબર ૧૮૮/પૈકી ક્ષેત્રફળ ૧૭૬૧ સમચોરસમીટરની બીનખેતીની જમીન (iii) સર્વે નંબર- ૬૪૮/૨ ક્ષેત્રફળ ૨૩૨૭ સમચોરસમીટર જેના ટી.પી. સ્કીમ નંબર-૧૧૭ (વસ્ત્રાલ) ના ફાઈનલ પ્લોટ નંબર ૧૮૮/પૈકી ક્ષેત્રફળ ૧૩૯૬ સમચોરસમીટરની બીનખેતીની જમીન (૧) રાજેશ બાલુભાઈ પાદરીયા (૨) જીગ્નેશકુમાર મનુભાઈ વોરા (૩) પ્રકાશ નાગજીભાઈ શિંગાળા (૪) રાકેશ બાલુભાઈ પાદરીયા (૫) મનિષભાઈ ભીખુભાઈ પટેલ (૬) ત્રિભોવનભાઈ કુરજીભાઈ વોરા (૭) વિમલકુમાર બાબુભાઈ ધામી (બી) સર્વે નંબર- ૬૪૭ ક્ષેત્રફળ ૨૧૨૫ સમચોરસમીટર જેના ટી.પી. સ્કીમ નંબર ૧૧૭ (વસ્ત્રાલ) ના ફાઈનલ પ્લોટ નંબર ૧૮૯ ક્ષેત્રફળ ૧૨૭૫ સમચોરસમીટરની બીનખેતીની જમીન (૧) રાજેશ બાલુભાઈ પાદરીયા (૨) જીગ્નેશકુમાર મનુભાઈ વોરા (૩) પ્રકાશ નાગજીભાઈ શિંગાળા (૪) રાકેશ બાલુભાઈ પાદરીયા (૫) મનિષભાઈ ભીખુભાઈ પટેલ (૬) ત્રિભોવનભાઈ કુરજીભાઈ વોરા (૭) વિમલકુમાર બાબુભાઈ ધામી (૮) મેહુલ મનુભાઈ કોરાટ તમામ ઠેકાણું : અમદાવાદનાંએ તેઓના નામ સામે જણાવેલ જમીન તેઓની માલિકી કબજા ભોગવટાની તેમજ તમામ પ્રકારના બોજાઓથી મુક્ત આવેલ હોવાનુ જણાવી અમારી પાસે ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે તો સદર જમીનમાં કોઈનો હક્ક, હિત, હિસ્સો આવેલ હોય તો દિન-૭ (સાત) ની અંદર પ્રમાણીત પુરાવા સહીત રજી.એ.ડી.થી જાણ કરવી (પુરાવા વગરના વાંધાઓ ધ્યાને લેવામાં આવશે નહી) અને જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો કોઈનો હક્ક, હિત, સબંધ નથી અને હોય તો તે વેવ કરેલ છે તેમ માનીને ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ આપવામાં આવશે ત્યારબાદ કોઈની કોઈ તકરાર ચાલશે નહી.

**VIJAY Y. CHAUGULE & CO.**
**વિજય વાય. ચૌગુલે, એડવોકેટ**

૪૨૫ થી ૪૨૮, દેવનંદન મોલ, સન્યાસ આશ્રમની સામે, એલીસબ્રીજ, અમદાવાદ ૩૮૦૦૦૬
ફોન નં.: ૮૭૮૦૬૪૮૯૪૩

## જાહેર નોટિસ

જત ડિસ્ટ્રિક્ટ સબ ડિસ્ટ્રિક્ટ અમદાવાદના તા. વેજલપુરના મોજે ગામ વસ્ત્રાપુરની સીમના રેવન્યુ બ્લોક/સર્વેનં.૨૦૩(૧+૨+૪)/૨ ની કુલ ૬૦૬૫ ચો.મી. નો ટી.પી. સ્કીમ નં.૩૧ માં સમાવેશ થતા ફાળવવામાં આવેલ મૂળ ખંડ નં.૧૦૬ ની ૩૬૩૯ ચો.મી. પૈકી ફાઈનલ પ્લોટ નં.૧૦૬/૧ ની ૨૫૪૦ ચો.મી. બિનખેતીની જમીન ઉપર બાંધવામાં આવેલ કોમર્શિયલ સ્કીમ જે 'સહદેવ કેપિટલ' નામથી ઓળખાય છે તે સ્કીમના ૭ માં માળે આવેલ કોમર્શિયલ યુનિટ નંબર- ૭૦૮ કે જે આશરે ૩૬.૮૬ ચો.મી. રેરા કાર્પેટ એરીયા ૪૦.૮૫ ચો.મી. બિલ્ટઅપ એરીયા તથા સ્કીમની જમીનમાં વગર વહેચાયેલ ૧૦.૬૨ ચો.મી.ના હક્ક સહિતની મિલકત, ૭ માં માળે આવેલ કોમર્શિયલ યુનિટ નંબર- ૭૧૩ કે જે આશરે ૪૩.૨૫ ચો.મી. રેરા કાર્પેટ એરીયા ૪૬.૬૦ ચો.મી. બિલ્ટઅપ એરીયા તથા સ્કીમની જમીનમાં વગર વહેચાયેલ ૧૨.૧૨ ચો.મી.ના હક્ક સહિતની તથા ૭ માં માળે આવેલ કોમર્શિયલ યુનિટ નંબર- ૭૧૪ કે જે આશરે ૪૩.૨૫ ચો.મી. રેરા કાર્પેટ એરીયા ૪૭.૧૭ ચો.મી. બિલ્ટઅપ એરીયા તથા સ્કીમની જમીનમાં વગર વહેચાયેલ ૧૨.૨૬ ચો.મી.ના હક્ક તથા તમામ કોમન હકો સહિતની મિલકતોના માલિક કબજેદાર પરીખ દર્શિલ હિતેનનાઓ હોવાનું જણાવી તથા ૭ માં માળે આવેલ કોમર્શિયલ યુનિટ નંબર- ૭૧૨ કે જે આશરે ૪૩.૨૫ ચો.મી. રેરા કાર્પેટ એરીયા તથા ૪૬.૬૦ ચો.મી. બિલ્ટઅપ એરીયા તથા સ્કીમની જમીનમાં વગર વહેચાયેલ ૧૨.૧૨ ચો.મી.ના હક્ક સહિતની તથા તમામ કોમન હકો સહિતની મિલકતના માલિક કબજેદાર બંસરી દર્શિલ પરીખનાઓ હોવાનું જણાવી અમો પાસેથી ઉપરોક્ત મિલકતોના રાઈટ ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવા અંગેના ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. સદરહુ મિલકતોમાં ઉપરોક્ત મિલકતોના માલિકો સિવાય અન્ય કોઈના કોઈપણ જાતના લાભભાગ, હક્ક,હિત,હિસ્સા,લીયન બાનાખત, દાવા, બોજા, વેચાણના અગર અન્ય કોઈપણ જાતના હક્કો આવેલા હોય તો તેઓએ આ નોટિસ પ્રસિદ્ધ થયેથી દિન ૭ માં લેખિત પુરાવા સહિત રજીસ્ટર્ડ એ.ડી. થી નીચેના સરનામે જાણ કરવી જો તેમ કરવામાં નહીં આવે તો સદરહુ મિલકતોમાં અન્ય કોઈના કોઈપણ જાતના લાગ ભાગ હક્ક, હિત, હિસ્સા, દાવા, બોજા કે અન્ય કોઈ જાતના હકો આવેલા નથી અને હોય તો તે જતા યાને કે વેવ કરેલ છે તેમ માની મુદ્દત વિતે સદરહુ મિલકતો અંગે ટાઈટલ ક્લિયરન્સ સર્ટિફિકેટ ઈશ્યુ કરવામાં આવશે ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તકરાર ચાલશે નહીં તેની નોંધ લેવી.

અમદાવાદ
તા. ૨૬/૧૦/૨૦૨૬

**એમ.બી. અગ્રવાલ એડવોકેટ**

૪૦૧,માઈલસ્ટોન, ડ્રાઈવ-ઈન સીનેમાં પાસે, થલતેજ અમદાવાદ.

ગુજરાત સમાચાર

# મફત અનાજની લીલા

ગરીબોને મફત અનાજ આપવાની યોજના ગત લોકસભા ચૂંટણી પહેલા ડિસેમ્બરમાં સમાપ્ત થવાની હતી. સરકાર ગરીબોના હિત માટે સતત ચિંતિત હોવાથી અને એ સમયે યોગાનુયોગ અત્યારની જેમ વિવિધ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીઓ પણ યોજાઈ રહી હોવાથી વડાપ્રધાને છત્તીસગઢમાં એક ચૂંટણી સભામાં જ યોજનાને વધુ પાંચ વર્ષ લંબાવવાની જાહેરાત કરી હતી. પીએમની જાહેરાત પર લાભાર્થીઓએ વધુ તાળીઓ પાડી ન હતી કારણ કે ન તો વર્તમાન સરકાર કે ન તો ક્યારેય સત્તામાં આવનારી નવી કોઈ પણ સરકાર આ યોજનાને રોકવાની હિંમત બતાવી શકે. જો દેશના એંસી કરોડ ગરીબ લોકો ઈચ્છતા હતા એ પ્રમાણે તેઓ વડાપ્રધાનની એ ચૂંટણી પૂર્વેની જાહેરાતને ભેટ તરીકે સ્વીકારી શક્યા હતા કે તેઓને આગામી પાંચ વર્ષ સુધી મફત અનાજની સુવિધા મળતી રહેશે. સરકારને આજે હવે સમયે માત્ર બે જ બાબતોની સૌથી વધુ ચિંતા છે!

પહેલી ચિંતા ગરીબોની અને બીજી હિન્દુત્વની. ચિંતા એ પણ સમજી શકાય કે હિંદુત્વને બચાવવા માટે ગરીબોની રક્ષા કરવી જરૂરી છે. સત્તાધારી પક્ષ જાણે છે કે સક્ષમ અને શ્રીમંત લોકો તેમની ભારતની નાગરિકતા છોડી શકે છે અને અન્ય દેશોમાં સ્થાયી થઈ શકે છે, પરંતુ ગરીબ વસ્તી કે જેને સરકાર તેની જરૂરિયાત મુજબ અનાજ ખરીદવા સમર્થ બનાવી શકી નથી, તેઓએ અહીં રહેવું પડશે, કોઈ પણ રીતે. અંદાજે ૧૫૦ કરોડથી વધુ વસ્તીવાળા દેશમાં પાસપોર્ટ ધારકોની સંખ્યા ૧૦ કરોડથી ઓછી છે. તેથી, ભારતને હિન્દુ રાષ્ટ્ર તરીકે જાહેર કરવા માટે, ગરીબ વસ્તી પર નિર્ભરતા હંમેશા રહેવાની છે. ચૂંટણીના કારણોસર સત્તામાં રહેલા લોકો માટે ગરીબી જાળવવી પણ મહત્વપૂર્ણ બની જાય છે. ગરીબી હટાઓ સૂત્ર સૌપ્રથમ વરસો પહેલાં ઈ. સ. ૧૯૭૧ની લોકસભા ચૂંટણી વખતે ઈન્દિરા ગાંધીએ આપ્યું હતું અને રાજીવ ગાંધી વડાપ્રધાન બન્યા ત્યારે ઈ. સ. ૧૯૮૪માં પાંચમી પંચવર્ષીય યોજનામાં પણ આ જ સૂત્રનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

જો મોદી સરકારે તેના ચૂંટણી વચન મુજબ દર વર્ષે બે કરોડ નવી નોકરીઓ આપવાનું ચાલુ રાખ્યું હોત તો છેલ્લા બારેક વર્ષમાં ચોવીસ કરોડ લોકો પોતાના પગ પર ઊભા થયા હોત અને સમજદારીપૂર્વક મતદાન કરવાની ક્ષમતા પ્રાપ્ત કરી હોત. પરંતુ હકીકત એ છે કે રાજકીય રીતે સમજદાર સત્તાધીશોને નાગરિકો આ રીતે સમજુ બને તે પસંદ કદાચ નથી. ઈ. સ. ૨૦૧૧માં થયેલી છેલ્લી વસ્તી ગણતરી મુજબ દેશની વસ્તી ૧૨૧ કરોડ હતી. આ વસ્તીના ૮૧.૩૫ કરોડ લોકોને જરૂરિયાતમંદ ગણીને જુલાઈ ૨૦૧૩થી મફત અનાજનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. જ્યારે આ યોજના શરૂ કરવામાં આવી ત્યારે મનમોહન સિંહની યુપીએ સરકાર સત્તામાં હતી. ત્યારે ભાજપે આ યોજનાનો વિરોધ કર્યો હતો. આ યોજનાની શરૂઆત બાદ તરત જ મોદી સરકાર મે ૨૦૧૪માં સત્તામાં આવી હતી.

કોઈએ પ્રશ્ન નથી કર્યો કે યુપીએ સરકારની જે યોજનાનો ભાજપા વિરોધ કરતી હતી તે યોજના કેમ ચાલુ રાખવામાં આવી રહી છે? એટલું જ નહીં દેશમાં ઈ. સ. ૨૦૧૧થી ઈ. સ. ૨૦૨૬ વચ્ચે જે ગરીબોની સંખ્યા વધી છે તેમના અનાજની વ્યવસ્થા કેવી રીતે થશે? મફત અનાજ વિતરણની યોજનાને પાંચ વર્ષ સુધી લંબાવવાની જાહેરાત કરતા પીએમએ છત્તીસગઢની તત્કાલીન ચૂંટણી રેલીમાં કહ્યું હતું કે ગરીબીમાંથી બહાર આવેલા, ગરીબીમાં જીવ્યા પછી આવેલા મોદી, ગરીબોને આ રીતે લાચાર નહીં છોડી શકે. ગમે તેટલી મુસીબતો આવે, હું ગરીબોના બાળકોને ભૂખ્યા સૂવા નહીં દઉં. હું ગરીબનો ચૂલો નહીં ઠરવા દઉં. મફત અનાજનું વિતરણ કરવાની યોજનામાં પાંચ વર્ષમાં બે લાખ કરોડ રૂપિયા ખર્ચ થશે. ચૂંટણી દરમિયાન પાર્ટીઓનો ખર્ચ અલગ છે. ૬૦ હજાર કરોડ રૂપિયાના વાર્ષિક ખર્ચની બજેટ જોગવાઈ મનરેગા યોજના માટે હોય છે.

મફત અનાજ વિતરણ યોજનાનો લાભ લેતા અગ્રણી રાજ્યોમાં પશ્ચિમ બંગાળ, ઓરિસ્સા, રાજસ્થાન, કર્ણાટક અને ઝારખંડ છે અને એ સિવાય યુપી, આસામ, ગુજરાત, એમપી, મહારાષ્ટ્ર (તમામ ભાજપ શાસિત) છે. વિકાસના રોલ મોડલ તરીકે પ્રચારિત ગુજરાતમાં ૭૪.૬૪ ટકા ગ્રામીણ અને ૪૮.૨૫ ટકા શહેરી વસ્તી આ યોજનાનો લાભ લઈ રહી છે. ૧૨૫ દેશો માટે જાહેર કરાયેલા ગ્લોબલ હંગર ઈન્ડેક્સ-૨૦૨૬માં ભારત ૧૧૧મા ક્રમે છે. યાદી અનુસાર શ્રીલંકા ૬૦મા, નેપાળ ૬૯મા, બાંગ્લાદેશ ૮૧મા અને પાકિસ્તાન ૧૦૨મા સ્થાને છે.

# આંદોલનના આંબા ઉતાવળે ફળ ન આપે પણ આપે ખરા

લોકો વિરોધ પ્રદર્શન શા માટે કરે છે? ખાસ કરીને વ્યાપક દેખરેખ (mass surveillance) અને ભીડને કાબૂમાં લેવા માટે જીવલેણ પદ્ધતિઓનો ઉપયોગ થતો હોય તેવા માહોલમાં, હજારો લોકો શક્તિશાળી સરકારો સામે અવાજ ઉઠાવવા માટે પોતાનું શિક્ષણ, આજીવિકા અને જીવ પણ જોખમમાં કેમ મૂકે છે? આખરે, શું આનાથી કોઈના જીવનમાં કોઈ પરિવર્તન આવે છે? શું કાર્યકરો અને તેમના સમર્થકો ક્યારેય આપણી પર શાસન કરનારી સર્વશક્તિમાન સત્તાઓ સામેની લડાઈ જીતી શકે છે. સરકારના દુર્બોધક ઢાંકપિછોડા અને તાનાશાહી વલણ છતાંય ભારતમાં અનેક આંદોલનો ચાલતા રહે છે અને એના સુફળ પ્રજાને ક્રમશઃ મળતા રહે છે.

ભૂતકાળમાં, ભારતના લોકોએ જોયું છે કે કેવી રીતે CAA-NRC વિરોધી આંદોલનો જેવા વિરોધ પ્રદર્શનો COVID-૧૯ દરમિયાન અચાનક થંભી ગયા હતા. સંસ્થાકીય જાતિવાદને કારણે PhD સ્કોલર રોહિત વેમુલાના મૃત્યુ બાદ થયેલા વિરોધ પ્રદર્શનો પણ દેશમાં જાતિ આધારિત અત્યાચારને ખતમ કરી શક્યા નથી. એન્નોર (Ennore)ના ગ્રામજનો વર્ષોથી એક ફેક્ટરીમાંથી થતા એમોનિયાના ગળતર સામે વિરોધ કરી રહ્યા છે, પરંતુ સત્તાવાળાઓ ભાગ્યે જ તેમની વાત સાંભળે છે. તો શું આ રોષ, આ એકત્રીકરણ અને આ સંઘર્ષ ખરેખર સાર્થક છે?

રાષ્ટ્રીય સ્તરના વિરોધ પ્રદર્શનોને મુખ્ય પ્રવાહના મીડિયામાં સ્થાન મળે છે અને તેના પર ટેલિવિઝન પર ચર્ચાઓ પણ થાય છે. પરંતુ નાના શહેરો, ગામડાઓ અને ઘણા રાજ્યોમાં થતા વિરોધ પ્રદર્શનો કે આંદોલનો પર ઘણીવાર કોઈ કેમેરાની નજર પડતી નથી. તો પછી લોકો શા માટે સતત આંદોલન કરતા રહે છે 'ઘણીવાર વર્ષો સુધી અને ક્યારેક તો પેઢીઓ સુધી? ઘણીવાર આંદોલનોને માત્ર એવા 'પ્રોજેક્ટ' તરીકે જોવામાં આવે છે જેનાથી તાત્કાલિક અને નિર્ણાયક પરિણામો મળવા જ જોઈએ. આ દ્રષ્ટિકોણમાં એ હકીકત ચૂકી જવાય છે કે વિરોધ પ્રદર્શનો તો વ્યવસ્થિત અત્યાચાર, ઉપેક્ષા અને નુકસાન સામેના ગુસ્સા અને હતાશામાંથી ઉદભવે છે. આવા આંદોલનોનું નેતૃત્વ અને સંચાલન મોટાભાગે એવા લોકો દ્વારા કરવામાં આવે છે જેમણે પોતે હાંસિયામાં ધકેલાઈ જવાનો (marginalisation) અનુભવ કર્યો છે. તેમના માટે, સત્તાધીશો સામે અવાજ ઉઠાવવો એ કોઈ પસંદગી નથીત તે એક મજબૂરી છે.

મુંડા, કોયા અને સંથાલ બળવાઓ આદિવાસી અને અન્ય વન-નિવાસીઓ સાથે થતા અન્યાયનો સામનો કરવા માટે ફાટી નીકળ્યા. જંગલની જમીનમાં રહેવાની હિંમત કરવા બદલ દાયકાઓ સુધી નિકાલ અને ધરપકડનો સામનો કર્યા પછી, વિવિધ લોકો, નાગરિક સમાજ જૂથો અને સર્વાઈવલ અને ગૌરવ માટે



ઝુંબેશ કક્ષાના આંદોલનોમાં સંગઠિત થયા અને આખરે ૨૦૦૬ માં સરકાર પર વન અધિકાર કાયદો (FRA) પસાર કરવા દબાણ કર્યું.

એ જ રીતે, જ્યારે દયામણિ બાર્લા અને સોમા મુંડા જેવા લોકો ઝારખંડના કોએલ-કારો ડેમ પ્રોજેક્ટનો વિરોધ કરવા માટે ભેગા થયા, જેના કારણે હજારો આદિવાસીઓ વિસ્થાપિત થયા અને તેમની પવિત્ર ભૂમિનો નાશ થયો, ત્યારે તેઓ તેમના લોકો અને તેમના ઘરના અસ્તિત્વ માટે લડી રહ્યા હતા. આજે ભારતમાં ઘણા પ્રગતિશીલ કાયદા અને સરકારી યોજનાઓ હકીકતમાં

**અલ્પવિરામ**

**સરકારના દુર્બોધક ઢાંકપિછોડા અને તાનાશાહી વલણ છતાંય ભારતમાં અનેક આંદોલનો ચાલતા રહે છે અને એના સુફળ પ્રજાને ક્રમશઃ મળતા રહે છે**

બારીક નજરે જુઓ તો લોકો રસ્તા પર ઉતરીને તેમના અધિકારોની માંગણી કરે છે તેનું પરિણામ છે. મજૂર કિસાન શક્તિ સંગઠન (કાર્યકર્તાઓ, શિક્ષણવિદો અને અન્ય નાગરિક સમાજ જૂથો સાથે) વગેરે પાયાના સંગઠનોએ મનરેગા માટે લોકોને એકત્ર કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી છે, જેણે હાંસિયામાં ધકેલાઈ ગયેલા લોકો માટે આજીવિકા સુરક્ષિત કરવામાં મદદ કરી હતી, અને ૨૦૦૫ના માહિતી અધિકાર કાયદા, જેણે લોકોને સરકાર પાસેથી જવાબદારી માંગવાની સત્તા આપી હતી. નિર્ભયા વિરોધ અને ૨૦૧૩ ના ફોજદારી કાયદો (સુધારા) કાયદા વચ્ચે સ્પષ્ટ જોડાણ છે, જેણે બળાત્કારની વ્યાખ્યાનો વિસ્તાર કર્યો અને સેક્સમાં સંમતિના મહત્વ પર ભાર મૂક્યો. ઉપરોક્ત વિરોધ પ્રદર્શનો દ્વારા મૂર્ત પરિણામો મળ્યા. પરંતુ એવા વિરોધ પ્રદર્શનો પણ છે જેના સારા પરિણામો મળ્યા નથી. શું તે નિરર્થક પ્રયાસો છે?

એવા વિરોધ પ્રદર્શનો દાયકાઓથી ચાલી રહ્યા છે જ્યાં લાભો વધતા જાય છે. તિસ્તાના અસરગ્રસ્ત નાગરિકોના નેતૃત્વ હેઠળ, ત્રણ પેઢીઓથી લોકો તિસ્તા નદી પર મોટા હાઈડ્રોપાવર ડેમના નિર્માણ સામે લડી રહ્યા છે. જ્યારે તેઓ બંધના બાંધકામોને તો રોકી શક્યા નથી, ત્યારે આ ચળવળે ઉત્તર સિક્કિમના એવા ભાગોમાં રહેતા સ્વદેશી લેપ્ચાઓમાં પ્રતિકાર અને સ્થિતિસ્થાપકતાના મૂલ્યો જગાડ્યા છે જે આ મેગા પ્રોજેક્ટ્સથી અપ્રમાણસર રીતે પ્રભાવિત છે, અને પડોશી પશ્ચિમ બંગાળમાં રાજ્યની સરહદો પર એકતા બનાવી છે જ્યાં તિસ્તા નદી વહેતી રહે છે. છત્તીસગઢના ખમરિયા ગામમાં, કોલસા સત્યાગ્રહ ચળવળ - જે ૨૦૧૧ માં તેમની પોતાની કોલસા કંપની સ્થાપીને કોર્પોરેટ ખાણકામમાંથી તેમના કોલસાને પાછો મેળવવાના સમુદાયના પ્રયાસ તરીકે શરૂ થઈ હતી - હવે તેમની વાર્તાઓ અને સમય-પરીક્ષણ કરાયેલ વિરોધ પદ્ધતિઓના માલિક બનવા માટે પ્રશિક્ષિત સ્થાનિક પત્રકારોની એક અત્યાધુનિક હયાતી ધરાવે છે જેણે ગ્રામજનો માટે ભૂમિકાઓને સ્પષ્ટ રીતે વ્યાખ્યાયિત કરી છે. આ એક સતત સંઘર્ષ છે, અને ગામલોકો હજુ પણ નિયમિતપણે વિસ્થાપન અને જમીન હડપ સામે લડે છે.

ઉત્તર પ્રદેશના લખીમપુર ખેરીમાં વસતા થારુ આદિવાસીઓ ૫૦ વર્ષથી વધુ સમયથી પોતાના જંગલો સુધી પહોંચ મેળવવા માટે સંઘર્ષ કરી રહ્યા છે. તેમણે અદાલતી લડાઈઓ લડી છે અને તેમાં હાર પણ સહન કરી છે, તેમ છતાં તેઓ મક્કમ રહ્યા, જેના પરિણામે 'એફઆરએ' (FRA - વન અધિકાર કાયદો) જેવા મહત્વપૂર્ણ કાયદાઓ અસ્તિત્વમાં આવ્યા. થારુ સમુદાયની નવી પેઢી હવે તેમના વડીલો પાસેથી શીખેલા 'પ્રતિકારના મૂલ્યો'ને, ઔપચારિક શિક્ષણ સાથે જોડી રહી છે; આ શિક્ષણ તેમને કાયદાઓ વાંચવા અને કાનૂની માર્ગો ઓળખવામાં સક્ષમ બનાવે છે. કોઈ વિરોધ પ્રદર્શનની સફળતાને માત્ર તેના તાત્કાલિક લક્ષ્યો કે માંગણીઓ પૂરી થઈ છે કે નહીં, તેના આધારે માપી ન શકાય અને માપવી પણ ન જોઈએ. વિરોધ પ્રદર્શનોની અસરો દૂરગામી હોય છે, જે લાંબા ગાળે જ જોઈ શકાય છે.

ઉદાહરણ તરીકે, રોહિત વેમુલાના મૃત્યુ બાદ થયેલા વિરોધ પ્રદર્શનોની ઘણી માંગણીઓ ભલે હજુ સુધી પૂરી થઈ નથી, પરંતુ તે વ્યાપક આંદોલનોએ રોહિતને 'જાતિવાદ વિરોધી સંઘર્ષ'ના એક મહત્વપૂર્ણ પ્રતીક તરીકે સ્થાપિત કરી દીધા. એક નોંધપાત્ર જીત સ્વરૂપે, રોહિતના મૃત્યુના એક દાયકા બાદ, એપ્રિલ ૨૦૨૬માં કર્ણાટક રાજ્ય મંત્રીમંડળે 'રોહિત વેમુલા (ભેદભાવ, બાકાત રાખવા કે અન્યાય અટકાવવા) (શિક્ષણ અને ગરિમાનો અધિકાર) ખરડો, ૨૦૨૬'ને મંજૂરી આપી. જો આ ખરડો કાયદો બને છે, તો તે શૈક્ષણિક સંસ્થાઓમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જન જાતિના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને અન્ય કર્મચારીઓના અધિકારોનું રક્ષણ કરશે, તેમજ તેમના પ્રત્યે ભેદભાવપૂર્ણ વર્તન કે હીન ભાષાનો ઉપયોગ કરનારાઓને દંડિત કરશે. જો આ ખરડો વાસ્તવિક કાયદો બની જાય, તો તે સમાજને રોહિતના સ્વપ્ન મુજબના સમાજની એક ડગલું નજીક લઈ જઈ શકે છે' એક એવો સમાજ જ્યાં વ્યક્તિના મૂલ્યને માત્ર તેની તાત્કાલિક ઓળખ (જેમ કે જાતિ કે અન્ય કોઈ લેબલ) સુધી સીમિત ન રાખવામાં આવે.

# થોભ પળ બે પળ, પ્રતિબિંબ જો તું દર્પણમાં સ્વનું.....

આ પંક્તિ કયા કવિની છે એની આ લખનારને જાણ નથી. પણ આજની ઘડીએ આ પંક્તિ ખૂબ સૂચક બની રહે છે. જળની બહાર છટપટતી તરફડતી માછલીની જેમ વિપક્ષો અને ખાસ તો કોંગ્રેસ પક્ષ સત્તા વિના તરફડી રહ્યો છે. હાલની કેન્દ્ર સરકાર દેશહિતનું કાર્ય કરે છે કે નહીં એ જુદો વિષય છે. અત્યારે સૌથી વધુ આત્મનિરીક્ષણ કોંગ્રેસે કરવાની તાતી જરૂર છે. થોડા કડવા શબ્દોમાં કહું તો પક્ષનું ડેથ વૉરંટ લખાઈ જાય એ પહેલાં કોંગ્રેસે એકવાર આયનામાં પોતાની જાતને નીરખી લેવાની જરૂર છે. કેન્દ્રમાં ભાજપનું શાસન તો છેક ૨૦૧૪માં આવ્યું. વડા ચૂંટણી કમિશનર તરીકે જ્ઞાનેશ કુમાર છેક ૨૦૨૫માં આવ્યા. એ પહેલાં કોંગ્રેસ પક્ષ એક પછી એક રાજ્ય ગુમાવતો રહ્યો. એનું શું કારણ ? એ સવાલનો જવાબ કોંગ્રેસના વડીલ નેતાઓએ શોધવાનો છે. જરા જુઓ આયનામાં.

શરૂઆત ક્યાંથી થઇ ? આવો, જરા વિહંગાલોકન કરીએ. દક્ષિણના તામિલનાડુમાં છેલ્લાં ૫૯ વર્ષથી કોંગ્રેસનું શાસન નથી. એનો અર્થ એ કે આઝાદી પછીના પહેલા પંદર વર્ષમાં

**ટુ ધ પોઇન્ટ**
**અજિત પોપટ**

જ કોંગ્રેસે દક્ષિણના લોકોનો વિશ્વાસ ગુમાવવાનું શરૂ કરી દીધેલું. પંડિત જવાહરલાલ નહેરુના અવસાન પછી થોડો સમય ગુલઝારીલાલ નંદા અને ત્યારબાદ લાલ બહાદુર શાસ્ત્રીજી વડા પ્રધાન હતા. આ એવો સમયગાળો હતો જ્યારે ધીમે ધીમે કોંગ્રેસની વગ ઘટવાની શરૂઆત થઇ ગયેલી.

બીજા ક્રમે આવે પશ્ચિમ બંગાળ. આ રાજ્યમાં છેલ્લાં ઓગણપચાસ વર્ષથી કોંગ્રેસનું શાસન નથી. આ એ રાજ્ય છે જેના મુખ્ય પ્રધાન સિદ્ધાર્થ શંકર રેએ ઇંદિરા ગાંધીએ ૧૯૭૫ના જૂનમાં લાદેલી કટોકટીનો મુસદ્દો તૈયાર કરેલો. ખુદ્દાર બંગાલી પ્રજાએ કોંગ્રેસને જાકારો આપ્યો તે આપ્યો. અઢી ત્રણ દાયકા લગી માર્ક્સવાદીઓને સહન કર્યા, લગભગ દોઢ દાયકા લગી લઘુમતી પ્રેમી મમતાને સહન કર્યાં. આજ સુધી કોંગ્રેસ પશ્ચિમ બંગાળમાં ચૂંટણી જીતી શકી નથી.

એક સમયે એવી માન્યતા હતી કે ઉત્તર પ્રદેશ દેશને વડા પ્રધાન આપે તો દક્ષિણ ભારત રાષ્ટ્રપતિ આપે અને ઉત્તર પ્રદેશ રાષ્ટ્રપતિ આપે તો દક્ષિણ ભારત વડા પ્રધાન આપે. એ ઉત્તર પ્રદેશમાં છેલ્લાં ૩૮-૩૯ વર્ષથી કોંગ્રેસ પક્ષ ચૂંટણી જીતી શક્યો નથી. બિહાર અને ગુજરાતમાં છેલ્લાં છત્રીસ વર્ષથી કોંગ્રેસ પક્ષ સતત ચૂંટણી હારતો આવ્યો છે. મહારાષ્ટ્ર, ઓરિસા અને કેરળમાં પણ કોંગ્રેસે ધબડકો વાળ્યો છે. આ બધાં વર્ષોમાં જ્ઞાનેશ કુમાર ક્યાં વડા ચૂંટણી કમિશનર હતા, વારુ ? તાજેતરના જેન ઝીના કહેવાતા આંદોલન પછી કોઈએ સરસ રમૂજ કરેલી. એનો સાર એટલો જ હતો કે રેજિમ બદલવાની જરૂર નથી, નેતા બદલવાની જરૂર છે. કોંગ્રેસી યુવા પેઢી આ મુદ્દો જેટલો જલદી સમજશે એટલું કોંગ્રેસનું ભવિષ્ય સુધરવાની શક્યતા ઊજળી થશે.

વાસ્તવિકતા એ છે કે મોટા ભાગના વિપક્ષી નેતાઓ અગાઉ શાસન કરી ચૂક્યા છે. કોંગ્રેસની જેમ માયાવતી અને અખિલેશ યાદવ ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન રહી ચૂક્યાં છે. મમતા બેનરજી પશ્ચિમ બંગાળના મુખ્ય પ્રધાન રહી ચૂક્યાં છે. લાલુ પ્રસાદ યાદવનો પરિવાર બિહારમાં રાજ કરી ચૂક્યો છે. આ તમામ પક્ષોએ એક યા બીજા કારણસર સ્થાનિક પ્રજાનો વિશ્વાસ ગુમાવી દીધો છે. સત્તા હાથમાંથી સરકી ગઇ એટલે મેવા ખાવાની તક પણ અલોપ થઇ ગઇ. એટલે આ બધાંને ભાજપનું શાસન ખૂંચે છે.

ખેર, આ લખાણનો હેતુ તો કોંગ્રેસને આયનો દેખાડવાનો હતો. એક સમયે સમગ્ર દેશમાં કોંગ્રેસનું શાસન હતું. આજે આંગળીના વેઢે ગણી શકાય એટલાં રાજ્યોમાં કોંગ્રેસનું શાસન છે. ભાજપને, ચૂંટણી પંચને કે ઈવીએમને દોષ દીધા વિના તમે આત્મમંથન કરો કે છેલ્લાં પચાસ પંચાવન વર્ષથી અમે ચૂંટણી કેમ જીતી શકતા નથી ? સમર્થનવિહોણા એક અહેવાલ મુજબ કોંગ્રેસના સિનિયર નેતાઓ ગાંધી પરિવારથી કંટાળ્યા છે. પરંતુ હવે એમને માટે બીજો કોઇ વિકલ્પ રહ્યો નથી. ડેડ એન્ડ પર આવી ચૂક્યા છે. જીવનભર નહેરુ-ગાંધી પરિવારની ભાટાઇ કરી. હવે ક્યાં જાય ?

કોણ સંઘરે, શા માટે સંઘરે ?

## ૧ નવેમ્બરની રેલી દિવાળી સુધી મુલતવી રાખવા અપીલ

# દિલ્હીમાં આંદોલનોથી વેપારી વર્ગને ૧૦,૦૦૦ કરોડના ફટકાનો અંદાજ

દિલ્હીમાં ચાલતા આંદોલનો પણ વાજબી છે. આવા આંદોલનો દેશની લોકશાહીને ધબકતી રાખતા હોય છે તો બીજી તરફ આવા આંદોલનો રીટેલ બિઝનેસ કરતા લોકોના ધબકારા વધારી દેતા હોય છે. દિલ્હીમાં ઓક્ટોબર ૨૦૨૬માં ચાલી રહેલા વિરોધ પ્રદર્શનો અને સુરક્ષા પ્રતિબંધોને કારણે વ્યાપારીઓને અત્યાર સુધીમાં અંદાજે રૂપિયા ૩,૦૦૦ કરોડનું નુકસાન થયું છે. ચેમ્બર ઓફ ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રી (CTI) દ્વારા જાહેર કરાયેલી આ આંકડા ચિંતાજનક છે. આંદોલન કરનારા વિવિધ સંગઠનોને આગળ ધરીને વિરોધ ચાલુ રાખીને ચૂંટણી પંચના પગલાંનો વિરોધ કરવાનો તખ્તો ગરમ રાખવા માંગે છે. જોકે તેના કારણે દિલ્હીના વેપારીઓની દિવાળી બગડી છે. જો આ સ્થિતિ દિવાળી સુધી ચાલુ રહેશે તો વેપારીઓને થનારા નુકસાનનો આંકડો ૧૦,૦૦૦ કરોડ રૂપિયાને વટાવી શકે તેવી સંભાવના છે.

દિલ્હીની આસપાસમાંથી દિવાળીની ખરીદી કરવા આવતા નાના વેપારીઓ ઓક્ટોબરમાં આવતા હોય છે. નજીકના ટાઉન અને ગામડાઓમાંથી આવતા વેપારીઓ દિવાળી પહેલા સ્ટોક ભેગો કરતા હોય છે. દિલ્હીના જથ્થાબંધ માર્કેટમાંથી તે ખરીદી કરતા હોય છે

દિલ્હીના મુખ્ય બજારો ચાંદની ચોક, સદર બજાર, કોનોટ પ્લેસ, ખાન માર્કેટ, ખારી બાઓલી અને ચાવડી બજાર વગેરે છે. દિલ્હીમાં ચૂંટણી પંચ વિરોધી આંદોલનોના કારણે પોલીસે ગોઠવેલા બેરીકેડ્સ તેમજ કાયદો વ્યવસ્થાને ધ્યાનમાં રાખીને કેટલાક માર્ગો બંધ કરવા તેમજ ડાયવર્ઝનના કારણે બહારથી આવતા ખરીદનારા દિલ્હી આવવાનું ટાળે છે. કેટલાક કિસ્સા એવા પણ બન્યા છે કે દિલ્હીમાં ખરીદી માટે આવેલા વેપારીઓને આંદોલનમાં ભાગ લેવા આવનાર ગણીને પકડી લેવામાં આવ્યા હતા.

વિરોધ પ્રદર્શનો, રોડ બ્લોકેડ અને મેટ્રો પ્રતિબંધોને કારણે ગ્રાહકોની આવન-જાવનમાં ૭૦% થી ૯૫% સુધીનો ઘટાડો નોંધાયો છે. દિલ્હીના બજારો ઉજ્જડ બની ગયા છે. વિરોધ કરવાનું સ્થળ



જંતર મંતરને ખસેડવાનું પગલું યોગ્ય છે એમ કહી શકાય. જ્યારે વિરોધના આંદોલનની તારીખ જાહેર થાય છે તેના આગલા દિવસથી દિલ્હીમાં લોકડાઉન જેવી સ્થતિ જોવા મળે છે.

દિલ્હીમાં પ્રદર્શન રોકવા માટે વહીવટીતંત્ર દ્વારા સુરક્ષા વ્યવસ્થા સઘન બનાવવામાં આવી છે. તેની અસર

**પ્રસંગપટ**

બજારો, જાહેર પરિવહન અને શહેરની અવરજવર પર પડે છે.

આ ઉપરાંત, ૪૫ મેટ્રો સ્ટેશનો પરના પ્રતિબંધોથી દિલ્હી મેટ્રો રેલ કોર્પોરેશનને રૂા.૫૦ લાખથી રૂપિયા ૧.૩૦ કરોડ સુધીના નુકસાનનો અંદાજ લગાવવામાં આવ્યો છે. આ પ્રકારે કુલ નુકસાન લગભગ ૯૧ કરોડ રૂપિયા પર પહોંચી ગયું છે. દિલ્હીના મુખ્ય બજારોમાં સુરક્ષા ચિંતાઓને કારણે દુકાનો બંધ રાખવાનો નિર્ણય વેપારીઓ માટે મોંઘો સાબિત થઈ શકે છે. વેપાર ન થવા છતાં ભાડું, કર્મચારીઓના પગાર અને અન્ય નિયમિત ખર્ચ ચાલુ જ રહે છે.

ખાન માર્કેટ ટ્રેડર્સ એસોસિએશનના પ્રમુખે એક દિવસ દુકાન બંધ રહેવાથી પ્રતિ દુકાન રૂા.૧ લાખથી રૂા.૧.૫ લાખ સુધીનું નુકસાન થઈ શકે છે. કનોટ પ્લેસ અને સાઉથ એક્સ્ટેન્શનના વેપારીઓએ પણ પ્રદર્શન અને ટ્રાફિકના અવરોધોથી વેપારને ફટકો પડ્યો હોવાની રજૂઆત કરી છે.

પ્રદર્શન દરમિયાન રસ્તાના પ્રતિબંધો અને કેબની મર્યાદિત ઉપલબ્ધતાને કારણે મુસાફરોએ વધુ ભાડું ચૂકવવું પડ્યું. કેટલાક વિસ્તારોમાં આઠ કિલોમીટરની કેબ મુસાફરી માટે રૂા. ૧,૨૦૦ સુધીનું ભાડું અને સામાન્ય દરથી ત્રણથી ચાર ગણો સુધીનો વધારો જોવા મળ્યો હતો.

સામાન્ય ખૂમચા વાળા પણ આંદોલનના વિસ્તારોથી દુર રહેતા હતા. કેમકે આંદોલનમાં ભાગ લેતા કેટલાક તોફાનીઓ લારી પર લૂંટ ચલાવતા હતા. સામાન્ય આંદોલનો હોય ત્યારે ખુમચાવાળાઓને કમાણી થતી હતી પરંતુ ઓક્ટોબરના આંદોલનોમાં ભાગ લેનારા વધુ પડતા ઉત્સાહી જોવા મળતા હતા. વરસાદની આગાહી કે હુલ્લડો દરમ્યાનમાં લાગતા કરફ્યૂ વગેરે અને વર્તમાન આંદોલન વચ્ચે બહુ મોટો ફર્ક છે. વર્તમાન દેખાવોમાં તો પોલીસ તંત્ર કિલ્લે બંધી કરીને કોઇને પણ ફરકવા દેતા નથી. દિલ્હીમાં પ્રવેશ કરનાર દરેકને આંદોલન કરતા વિદ્યાર્થી સમજીને પુરી દેવામાં આવે છે.

બહારથી ખરીદી માટે આવતા લોકોની સલામતીને પણ બહુ મોટો પ્રશ્ન ઉભો થયો હોઇ લોકો દિલ્હી આવવાનું ટાળે છે. જેની સીધી અસર દિલ્હીના વેપાર પર થાય છે.હવેની મોટી રેલી ૧ લી નવેમ્બરે છે. દિલ્હીના વેપારી સંગઠનોએ કોંગ્રેસના રાહુલ ગાંધીને કહ્યું છેકે ૧૦ નવેમ્બર સુધી રેલી ટાળો જેથી અમારી દિવાળીની ઘરાકીને ફટકો ના પડે તે પર પણ નજર રાખવી જોઇએ.

**કેટલાક કિસ્સા એવા પણ બન્યા છે કે દિલ્હીમાં ખરીદી માટે આવેલા વેપારીઓને આંદોલનમાં ભાગ લેવા આવનાર ગણીને પકડી લેવામાં આવ્યા હતા**

# રસોડાનો રાણો મારો ધણી રણછોડ છે...

કમ ખાના ઔર ગમ ખાના એવું કહેવાય છે બરાબરને? પણ આપણાં એકના એક પેકના પેક (હો) બાળાકાકીને અમે હળવાશથી શું કહીએ ખબર છે? કમ ખાના ઔર કમ ગાના... પણ ખાવામાં અને ગાવામાં કાકીને કોઈ ન પહોંચે. એમનો જીવન-મંત્ર નહીં જીવન ''મંત્ર-તંત્ર'' છે કે દિલથી ખાવાનું, દિલથી ગાવાનું પણ દિલથી જાવાનું. અટકે નહીં ખાણું, એટકે નહીં ગાણું, એમ જ જીવન માણું...

રવિવારે સવારના ભાગમાં કાકાને ત્યાં ગયો અને ઘરમાં પગ મૂક્યો ત્યારે કાકી ઉંચા સૂરમાં ગાતા હતાઃ રસોડાનો રાણો મારો ધણી રણછોડ છે,એને મને માયા લગાડી રે...

ગીતના શબ્દો ફેરવીને ગાતા કાકીને કહ્યું કે મૂળ ગીત આમ છેઃ જશોદાનો કાન મારો રાજા રણછોડ છે, એણે મને માયા લગાડી રે... અને તમે આ નવું પેરડી સાંગ કેમ લલકારો છો?'

મારો સવાલ સાંભળીને સીધો જવાબ આપવાને બદલે (હો) બાળાકાકીએ રસોડા તરફ આંગળી ચિંધી. મેં જોયું તો પથુકાકા શું કરતા હતા ખબર છે? એપરન પહેરીને ઢોકળા વઘારતા હતા અને ભેગી આમલીની ચટણી બનાવતા હતા.

મેં કાકીને પૂછ્યું કે કાકાને કેમ રાંધવાના કામમાં લગાડી દીધા? ત્યારે કાકીએ તાજેતરમાં જ મદ્રાસ હાઈકોર્ટના એક ચુકાદાને ટાંકીને જવાબ આપ્યો કે આ ચુકાદામાં કહ્યું કે સંસાર ચલાવવાની, રાંધવાની અને કમાવાની બધી જવાબદારી પતિ-પત્ની વહેંચી લે અને સમજદારીપૂર્વક જીવે તો સંસાર ટકી રહે.

હવે તારા કાકા તો રિટાયર છે અને સારૂં પેન્શન પણ આવે છે. એટલે નવરા બેઠાં નખ્ખોદ વાળે એનાં કરતાં મેં એમને રસોઈના કામમાં મદદ કરવાની જવાબદારી સોંપી છે. બસ એટલે જ ગાઉં છું કેઃ રસોડાનો રાણો મારો ધણી રણૅછોડ છે, એણે મને માયા લગાડી રે...

મેં કાકીને દાદ આપતાં કહ્યું કે મદ્રાસ હાઈકોર્ટના ચુકાદાની વાત સો ટકા સાચી. કોર્ટે એવી પણ ટકોર કરી હતી કે હાઉસ વૉઈફ હોઈ શકે તો પછી હાઉસ હસબન્ડ કેમ ન હોઈ શકે? ઘણીવાર મહિલાઓ લગ્નને પોતાની કારકિર્દીમાં બાધારૂપ ગણે છે, જો પતિદેવો ઘરકામમાં અને બાળકોના ઊછેરના કામમાં સાથ આપે અને બીજું કે પુરૂષ ઘર સંભાળે એ સમાજમાં સામાન્ય ગણાવા લાગે તો કેટલાય લગ્ન તૂટતા બચી જાય. ગૃહિણી જેમ ગૃહિણા કેમ ન હોઈ શકે? પત્ની રસોડાની રાણી અને પતિ રસાડાનો રાણો, પછી જલસા માણો અને ઘર્ષણનો અંત આણો...'

આ વાત ચાલતી હતી એટલીવારમાં પથુકાકા રસોડામાંથી ગરમાગરમ ઢોકળાની પ્લેટ લઈને બહાર આવ્યા અને પછી થોડા કંટાળાના ભાવ સાથે બોલ્યા કે જોયુંને? તારી કાકીએ મને કેવો રસોડાનો રાણો બનાવી દીધો? હું રસોડાનો રાણો નહીં, બરાબરનો મ-રાણો છું...' આ સાંભળતાની સાથે જ કાકી લટકો કરીને બોલ્યા 'વાહ મારા રસોડાના રાણાજી ઘરનું કામ કરી કેમ ગભ-રાણાજી?'

**બોજ વિનાની મોજ**
**અક્ષય અંતાણી**



પથુકાકાએ નવી વાત કરી કે પત્ની દબાણમાં રાખતી હોય અને ધણી પાસે ધરાર રંધાવતી હોય ત્યારે પતિની દશા કેવી થઈ જાય ખબર છેને? પ્રેશર-કૂકર જેવી.

મેં કાકાને દાદ દેતા કહ્યું કે 'તમે તો ઘરમાં રસોઈ કરતા પતિ માટે સરસ શબ્દ ગોતી કાઢ્યો હો? કૂકિંગ કરે ઈ કૂકર.'

કાકા ખોંખારો ખાઈને બોલ્યા કે 'કૂકરનું સ્ત્રી લિંગ શું થાય ખબર છે? કૂકરી. પતિ કૂક કરે એટલે એ કૂકર અને જાતજાતની રમતના દાવ અજમાવી રમત રમે એવી પત્નીને કહેવાય કૂકરી.'

મેં કહ્યું 'કાકા મુંબઈ જેવાં શહેરોમાં તો હસબન્ડ-વાઈફ બન્ને નોકરી કરતા હોય ત્યારે ભેગા મળી કામ કર્યા સિવાય જ છૂટકો નથી હોતો. પત્ની ઝટ ઝટ રોટલી કે થેપલા બનાવે અને પતિ શાક વઘારી નાખે, પત્ની નાહવા જાય ત્યાં સુધીમાં પતિ વેક્યુમ ક્લિનરથી ઘર સાફ કરી નાંખે. પતિ નાહીને તૈયાર થઈ જાય એટલીવારમાં પત્ની ફટાફટ બન્નેના ટિફિન ભરીને પેક કરી દે. પતિએ હાઉસહસબન્ડ બનીને ઘરનું કામ કરવામાં કે પછી વાઈફને ઘરના કામમાં મદદ કરવામાં નાનપ ન અનુભવવી જોઈએ.

ભારતના જ નહીં પણ આખી દુનિયામાં કૂકડા પતિદેવોને કૂકિંગ કરતા આવડવું જોઈએ એ વાતના સમર્થનમાં દરરોજ સવારે શું પોકાર કરે છે? કૂક-રે કૂક... કૂક-રે કૂક...

કાકા બોલ્યા રસોઈયાનું અંગ્રેજી એટલે કૂકડા બરાબરને? પણ એક વાતની નોંધ કરી છે? દુનિયામાં બધે જ રાંધવામાં નિષ્ણાત પુરૂષો જ હોય છેને? આપણે ત્યાં પણ ટીવી ઉપર રસોઈના જે શો આવે છે એમાં કેટલાંય એક્સપર્ટ શેફ જ આવે છેને? એટલે જ હું તો હળવાશથી કહું છું કે બીબી રહે સોઈ ઔર પતિ કરે ર-સોઈ....'

મેં કહ્યું કે મદ્રાસની હાઈકોર્ટે હાઉસ હસબન્ડ કેમ ન હોઈ શકે? એવો સવાલ ઉઠાવ્યોને? એનાં પરથી મને યાદ આવ્યું. મારા પપ્પા બર્મા (મ્યાંમાર)ના રંગૂન શહેરમાં મોટા થયા હતા. એ કાયમ કહેતાં ઘણાં ખરા બર્મીઝ ફેમિલીમાં તો પહેલેથી જ પત્નીઓ દુકાન અને બીજું બહારનું કામકાજ સંભાળે અને પતિદેવો ઘર સંભાળે, બાળકોને સંભાળે અને સાચા અર્થમાં હાઉસ હસબન્ડ તરીકેની ફરજ અદા કરે બોલો! એટલે અમે આના પરથી રમૂજમાં એવું કહેતા કઃ

**આ છે બર્મા રે બર્મા**
**પત્ની વ્યસ્ત હરફરમાં**
**ધણી રહે ઘરમાં ને ઘરમાં**
**હે તું આવો જુલમ કર-મા.**

પથુકાકા બોલ્યા કે મારા એક ઓળખીતાનો દીકરો ફાઈવ સ્ટાર હોટેલમાં શેફ છે. આ દીકરાના લગ્નની વાતો શરૂ થઈ ત્યારે કરોડપતિઓની કન્યાઓના કેટલાય માગા આવવા માંડ્યા.

પણ મોટા ભાગની કન્યાઓની એક જ શરત હતી કે પરણીને પછી ઘરજમાઈ તરીકે રહેવું પડશે. શું કામ ખબર છે? વરજી જ જો એક્સપર્ટ શેફ હોય તો પછી રાંધવાની ઝંઝટ નહીંને? કારણ રાંધે એની હારે સહુ સંબંધ બાંધે... હા... હા... હા...

મેં પૂછ્યું કે 'પછી તમારો ઓળખીતનો રાંધણશી દીકરો પરણીને ઘરજમાઈ બન્યો કે નહીં?' કાકા માથું ધૂણાવીને ના પાડતા બોલ્યા કે ના ભાઈ ના... દીકરાએ કહી દીધું કેઃ કન્યા ભલે હોય કરોડપતિ, પણ મારે મારૂં ઘર ગુમાવી વર બની પતિ થઈને નથી જવું પતી'...

મેં કહ્યું કે 'તમારા ઓળખીતા દીકરાએ કરોડપતિ કન્યાઓની શરત ન સ્વીકારીને સારૂં જ કર્યું હો? નહીંતર ધણિયાણીઓ કૂકિંગ કરાવીને ધણીને કૂકડો જ બનાવી દેત કૂકડો.

### અંત-વાણી

**દો કદમ તુમ ભી ચલો**
**દો કદમ હમ ભી ચલે...**
**(ફિર રીક્ષા કર લેંગે)**

**કલ્પવૃક્ષ**



માયાને કારણે જ માણસ આ જગતને સાચું માની લે છે, અને પોતાના આત્માને પરમાત્માથી અલગ સમજે છે. અજ્ઞાન દૂર થતાં માયાનો પડદો પણ દૂર થાય છે અને સમજાય છે કે આ જગત મિથ્યા છે. તે અંતિમ સત્ય નથી. સત્ય તો માત્ર બ્રહ્મ છે. તે અવિનાશી અને શુદ્ધ ચૈતન્ય છે. જન્મ-મરણના ફેરામાંથી મુક્તિ માટે આત્મજ્ઞાન જરૂરી છે. આત્મજ્ઞાન એટલે હું શરીર કે મન નથી પણ શુદ્ધ બ્રહ્મ છું, એવો અનુભવ. જીવાત્મા કે આત્મા અને પરમાત્મા અલગ નથી, તે બંને એક જ છે.

**- આદિ શંકરાચાર્ય**

વશિષ્ટ રામાયણમાં ગુરુ વશિષ્ઠે શ્રીરામને આત્મજ્ઞાનની પ્રાપ્તિ માટે સાત ચરણ બતાવ્યા છે :

**૧. ઝંખના :** સત્ય અને મોક્ષની તીવ્ર ઈચ્છા થવી.

**૨. ચિંતન :** શાસ્ત્રો અને ગુરૂના વચનો વિશે સતત ઊંડું ચિંતન કરવું.

**૩. તનુમાનસા :** મન અને માનસિક વૃત્તિઓ ક્ષીણ થવી.

**૪. સત્ત્વાપત્તિ :** શુદ્ધ સાત્વિક ચેતનામાં સ્થિર થવું.

**૫. નિર્લેપભાવ :** આસક્તિ અને મોહથી સંપૂર્ણપણે અલગ થવું.

**૬. જગતપરભાવ :** દરેક સ્થળે ફક્ત બ્રહ્મનો જ અનુભવ થવો.

**૭. તુરીય :** જીવનમુક્તિની અંતિમ અવસ્થા જેમાં હંમેશાં પરમઆનંદના અનુભવમાં રમમાણ રહેવું.

## દિલ્હીની વાત

(પહેલા પાનાનું ચાલુ)

બોલતા જ કોંગ્રેસના બીજા કાર્યકરો આ કાર્યકર પર તૂટી પડે છે અને એને ધક્કા મારીને હોલની બહાર કાઢે છે. ત્યાર પછી બહાર પત્રકારો આ કાર્યકરને ઘેરી વળે છે ત્યારે કાર્યકર નરેન્દ્ર મોદીના શાસન વિશે આકરી ટીકા કરીને કહે છે કે, મોદીને કાઢવા હશે તો કોંગ્રેસે ઉગ્ર આંદોલન કરવું પડશે. ત્યારે બધાને ખ્યાલ આવે છે કે ખડગે કારણ વગર અને અધુરુ સાંભળીને કાર્યકર પર ગુસ્સે થઈ ગયા હતા.

### બદનક્ષી કેસમાં રાહુલ ગાંધીની જીત

અમિત શાહ બદનક્ષી કેસમાં રાહુલ ગાંધીની જીત થઈ છે. કોર્ટે એમને નિર્દોષ ઠેરવ્યા છે. સુલતાનપુરની એમપી - એમએલએ કોર્ટે આ ચુકાદો આપ્યો હતો. કર્ણાટક વિધાનસભા ચૂંટણી વખતે રાહુલ ગાંધીએ કરેલી એક પ્રેસ કોન્ફરન્સને કારણે બદનક્ષીનો કેસ કરવામાં આવ્યો હતો. આરોપ હતો કે તત્કાલીન ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અને વર્તમાન ગૃહમંત્રી અમિત શાહ સંબંધે એક વિવાદીત નિવેદન આપવામાં આવ્યું હતું. આ નિવેદનને કારણે ભાજપના સ્થાનિક નેતા વિજય મિશ્રાએ સિવિલ કોર્ટમાં કેસ દાખલ કર્યો હતો. સાક્ષીઓના નિવેદન પછી કોંગ્રેસના નેતાનો અવાજ મેળવવાના મુદ્દે ઉચ્ચ ન્યાયાલય સુધી કેસ ગયો હતો. જોકે ફરિયાદીની અરજી કાઢી નાખવામાં આવી હતી. રાહુલ ગાંધી નિર્દોષ છૂટતા કાર્યકરોએ ફટાકડા ફોડીને આનંદ માનાવ્યો હતો.

### એન્જિનિયરએ ટાઈગર શ્રોફ પર હુમલાનું કાવતરૂ ઘડ્યું હતું

ટાઈગર શ્રોફની કાર પર થયેલા ગોળીબારના કેસમાં ૨૨ વર્ષના ડિપ્લોમા એન્જિનિયર પ્રાંજલ ઠકરાલની ધરપકડ કરવામાં આવી છે. ગોળીબાર કેસમાં પકડાયેલા આરોપીઓમાં પ્રાંજલનો નંબર ૧૧મો છે. આરોપ છે કે પ્રાંજલએ લોરેન્શ બિશ્નોઇ ગેંગના અમેરિકા બેઠેલા માસ્ટર માઈન્ડ અનિલ પંડીતના ઈશારે શૂટરોને પિસ્તોલ, માહિતી અને આર્થિક મદદ કરી હતી. લોરેન્સ બિશ્નોઇ ગેંગના સભ્ય અનિલ પંડીતે શ્રોફ પર હુમલાની યોજના બનાવી હતી. યોજનાનો અમલ કરવાનું કામ પ્રાંજલે કર્યું હતું. પોલીસથી બચવા માટે અનિલ પંડીત અને પ્રાંજલ ઠકરાલ એક સિક્રેટ મેસેજિંગ એપ દ્વારા એક બીજા સાથે જોડાતા હતા. ૨૨ વર્ષના પ્રાંજલ ઠકરાલ પાસે એન્જિનિયરીંગનો ડિપ્લોમા છે. હરિયાણાના પાણીપટના એક વેપારી પર હુમલો કરવા માટે એને જેલ થઈ હતી.

### 'ઉત્તર પ્રદેશમાં ત્રીજી વખત યોગીને મુખ્યમંત્રી બનવા નહીં દઈએ'

ઉત્તર પ્રદેશ વિધાનસભાની ચૂંટણી નજીક આવે છે તેમ તેમ દરેક રાજકીય પક્ષ શતરંજના મહોરા ગોઠવી રહ્યા છે. એઆઈએમઆઈએમના પ્રમુખ અસદુદ્દીન ઓવૈસી મુસ્લિમ મતદારોના મત કાપવાનું કામ કરે છે. ઓવૈસીના ઉમેદવારને કારણે કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટીના ઉમેદવારને નુકસાન થાય છે. જોકે પ્રચાર દરમિયાન ઓવૈસી ખૂબ મોટી મોટી વાતો કરતા રહે છે. એમણે હમણા એક નિવેદન આપ્યું છે કે એમનો પક્ષ ભાજપને સરકાર બનતી અટકાવવા માટે તમામ પ્રયત્ન કરશે. એમણે કહ્યું હતું કે, 'મારો પક્ષ નથી ઈચ્છતો કે યોગી આદિત્યનાથ ત્રીજી વખત ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી બને. જો વિરોધપક્ષોનો ઉદ્દેશ પણ એજ હોય તો એઆઈએમઆઈએમ એમની સાથે ગઠબંધન કરવા તૈયાર છે.' ઓવૈસીએ દેખાવ પૂરતા ભાજપ પર પ્રહાર કર્યા છે અને ખરેખર વિરોધ પક્ષોની ટીકા કરી છે. એમનું કહેવું છે કે, વિરોધપક્ષો લઘુમતીને ન્યાય અપાવવામાં નિષ્ફળ રહ્યા છે.

### અનંત સિંહની હકાલપટ્ટી પછી ટેકેદારોની ઉજવણી

બિહારના મોકામાંથી ચૂંટાયેલા ધારાસભ્ય અનંત સિંહ બાબતે જેડીયુએ લીધેલા નિર્ણય પછી બિહારમાં ગતિવિધિ તેજ થઈ ગઈ છે. પક્ષે અનંત સિંહ અને એમના પત્ની નીલમ દેવીની છ વર્ષ માટે હકાલપટ્ટી કરી છે. આ નિર્ણય પછી પટણામાં અનંત સિંહના ટેકેદારોએ વિરોધ પ્રદર્શન કર્યું હતું. ટેકેદારોએ ઈન્કમ ટેક્સ ચાર રસ્તે ભેગા થઈને જેડીયુ અને પાર્ટી પ્રમુખ ઉમેશ કુશવાહા વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા. બીજી તરફ કેટલાક સમર્થકો ફટાકડા ફોડીને એક બીજાને મીઠાઈ ખવડાવતા હતા. અનંત સિંહની હકાલપટ્ટીનું કારણ બિહાર વિધાનસભા પરીષદ ચુંટણી દરમિયાન ઉમેદવાર નિરજ કુમાર સામે કરેલી કામગીરી કારણભૂત છે. ચૂંટણી વખતે અનંત સિંહ અને નિરજ કુમાર વચ્ચે કડવાશ બહાર આવી હતી. અનંત સિંહે જનસુરાજ પક્ષના અનુજ કુમારને ટેકો આપ્યો હતો.

### જોસેફ વિજયએ આરએસએસની પરેડને પરવાનગી નહીં આપતા ભાજપ નારાજ

તામિલનાડુમાં જોસેફ વિજયની સરકારે આરએસએસને પરેડ માટે મંજૂરી આપી નહોતી. સરકારે મંજૂરી નહીં આપી તો આરએસએસએ મદ્રાસ હાઈકોર્ટમાં દાદ માંગી હતી. હાઈકોર્ટ તરફથી મંજૂરી મળ્યા બાદ તામિલનાડુમાં આરએસએસએ પરેડ કરી હતી. પરેડ વખતે ભાજપના સિનિયર નેતા તમીલીસાઇ સૌદરરાજનએ તામિલનાડુ સરકારની આકરી ટીકા કરી હતી. એમણે કહ્યું હતું કે, જોસેફ વિજયની સરકારે આરએસએસની પરેડને મંજૂરી નહીં આપીને કોર્ટમાં જવા મજબૂર કરી હતી. આરએસએસના શતાબ્દી સમારંભ સંદર્ભે રાજ્ય આખામાં પરેડનું આયોજન કર્યું હતું. હાઈકોર્ટે આરએસએસને ૧૨૮ સ્થળો પર પરેડ કરવાની પરવાનગી આપી છે. ભાજપનો આક્ષેપ છે કે રાજ્યમાં નશાના પદાર્થોનું સેવન કરનાર ખુલ્લેઆમ ફરે છે, પરંતુ આરએસએસને પરેડની પરવાનગી મળતી નથી.

### ગેંગસ્ટર હિમાંશુ ભાઉ અને નિરજ ફરીદપુરિયા અમેરિકામાં પકડાયા

ગેંગસ્ટર હિમાંશુ ભાઉ અને નિરજ ફરીદપુરિયાને અમેરિકામાં પકડી લેવામાં આવ્યા છે. હરિયાણા સ્પેશિયલ ટાસ્કફોર્સ (એસટીએફ)એ અમેરિકાના અધિકારીઓને ટીપ આપી હતી. હરિયાણા એસટીએફ તરફથી મળેલી માહિતીને આધારે હિમાંશુ અને નિરજને અમેરિકાના લાસવેગાસ ખાતેથી પકડવામાં આવ્યા હતા. આ ઓપરેશન યુએસ ઈમીગ્રેશન એન્ડ કસ્ટમ્સ એનફોર્સમેન્ટની મદદથી હાથ ધરવામાં આવ્યું હતું. હરિયાણા એસટીએફ અમેરિકાના અધિકારીઓ અને સેન્ટ્રલ એજન્સીઓ સાથે સતત સંપર્કમાં છે. બંને ગેગસ્ટરોને ભારત લાવવાની કોશિશ થઈ રહી છે. હિમાંશુ ભાઉનું અસલી નામ હિમાંશુ રીટોલિયા છે અને એ ગેંગસ્ટર લોરેન્શ બિશ્નોઇનો દુશ્મન છે. હિમાંશુ ભાઉ હરિયાણા અને દિલ્હી પોલીસના મોસ્ટ વોન્ટેડ લિસ્ટમાં છે. હિમાંશુ અને એના સાથીદારો સામે હત્યા, અપહરણ અને વસુલીના ઘણા કેસો ચાલી રહ્યા છે.

## ૧૦૦ ટકા

(પહેલા પાનાનું ચાલુ)

હતો. એટલે કે પેટ્રોલનું પ્રમાણ માત્ર ૧૫ ટકા હોય અને ઈથેનોલ ૮૫ ટકા હોય એવા એન્જિનો બને તો તેને પણ મંજૂરી મળી જશે. જોકે, પહેલી વખત દેશમાં ૧૦૦ ટકા ઈથેનોલથી ચાલતા એન્જિનને સરકારે પરવાનગી આપી દીધી છે. મોટર વેહીકલ એક્ટમાં સુધારો કરીને જોગવાઈ કરી દેવામાં આવી છે. ફ્લેક્સ-ફ્યુઅલ વાહનો એટલે એવા વાહનો કે જેમાં ખાસ પ્રકારે એન્જિન બનેલું હોય છે, જે સંપૂર્ણ રીતે ઈથેનોલથી જ ચાલે છે. નવા નિયમોમાં એક ફેરફાર પેટ્રોલ-ડીઝલના હળવા વાહનોને લગતો પણ છે. નવા નિયમ મુજબ હવે હળવા વાહનોની શ્રેણીમાં ૩૦૦૦ કિલોના વજનની મર્યાદા વધારીને ૩૫૦૦ કિલો કરી દેવાઈ છે. કેન્દ્રના નવા પરિવર્તનમાં આ સાથે બી-૧૦૦ એટલે કે બાયોડીઝલના વાહનોને પ્રોત્સાહન આપવાની જોગવાઈ ઉપરાંત હાઈડ્રોજન-સીએનજી કોમ્બિનેશનના વાહનોને ઉત્તેજન મળે તેવા પ્રયાસો પણ થયા છે.

## બ્રાઝિલ પછી

(પહેલા પાનાનું ચાલુ)

**કરતી થઈ છે ને એ માટે ઈથેનોલ મજબૂત ઓપ્શન છે. પેટ્રોલમાં ઈથેનોલ ભેળવીને વાહનો ચલાવવાની ટેકનોલોજી આજે વૈશ્વિક સ્તરે મેઈનસ્ટ્રીમ બની ચૂકી છે. પેટ્રોલમાં પાંચ ટકાથી માંડીને હવે મેઈનસ્ટ્રીમમાં મેક્સિમમ ૨૭ ટકા સુધી ઈથેનોલ બ્લેન્ડિંગ થઈ રહ્યું છે, ત્યારે ઈ-૮૫ સુધીના પ્રયાસો પણ ચાલી રહ્યા છે ને એમાં વળી સંપૂર્ણ રીતે ઈથેનોલથી જ વાહન ચાલે તેવા પ્રયોગોએ જોર પકડ્યું છે. ઈનફેક્ટ એમાં સફળતા પણ મળી છે.**

**બ્રાઝિલમાં ૧૦૦ ટકા ઈથેનોલ સીધું ઈંધણ તરીકે વેચાય છે. બ્રાઝિલના લોકો પેટ્રોલ પંપ પર જઈને પોતાની મરજી મુજબ પેટ્રોલ અથવા ૧૦૦ ટકા ઈથેનોલ ભરાવી શકે છે. ફ્લેક્સ ફ્યુઅલ વાહનોમાં આ પ્રકારના એન્જિન હોય છે, જે સંપૂર્ણપણે ઈથેનોલથી ચાલે છે.**

## સીઈસીને દૂર

(પહેલા પાનાનું ચાલુ)

જવાબ રજુ કર્યો છે. મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સામે વોટચોરી, કરોડો મતદારોના નામ રદ કરવા તેમજ એસઆઈઆરના નિર્ણયો મનમાનીથી લીધા હોવાના દાવા સાથે સુપ્રીમમાં અરજીઓ થઇ છે. જેના જવાબમાં ચૂંટણી પંચે પોતાનો બચાવ કર્યો હતો અને દાવો કર્યો હતો કે જુન ૨૦૨૫, ઓક્ટોબર ૨૦૨૫ અને મે ૨૦૨૬ના ચૂંટણી પંચના નિર્ણયો સર્વસંમતિથી લેવામાં આવ્યા હતા.

ચૂંટણી પંચે એવો પણ દાવો કર્યો હતો કે સુપ્રીમ કોર્ટમાં થયેલી અરજીમાં જે પણ આરોપો લગાવવામાં આવ્યા છે તેનો આધાર સમાચારપત્રમાં પ્રકાશિત રિપોર્ટ છે. માટે આ અરજીઓને રદ કરી દેવામાં આવે. નોંધનીય છે કે મીડિયા રિપોર્ટમાં જણાવાયું હતું કે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના કેટલાક નિર્ણયો સામે અન્ય બે ચૂંટણી કમિશનર અસહમતિ વ્યક્ત કરી હતી. ૧૪ વખત અસંતોષ વ્યક્ત કરાયો છતા આ બે ચૂંટણી કમિશનરોની અવગણના કરીને એસઆઈઆર મુદ્દે તમામ નિર્ણયો લેવામાં આવ્યા હતા. આ મુદ્દે હાલ ભારે વિરોધ પ્રદર્શનો જોવા મળી રહ્યા છે. ૧ નવેમ્બરના દિલ્હીમાં રામ લીલા મેદાનમાં હજારો લોકો એસઆઈઆર, જ્ઞાનેશ કુમાર સામે વિરોધ માટે એકઠા થવા જઇ રહ્યાનો વિપક્ષે દાવો કર્યો છે. એવા સમયે ચૂંટણી પંચે સુપ્રીમમાં પોતાનો બચાવ કર્યો છે.

## એન્થ્રોપિકના

(પહેલા પાનાનું ચાલુ)

જાણ થઈ હતી કે પબ્લિક ડેશ બોર્ડનો ઉપયોગ કરવા વિઝિટર્સને એક્સેસ ટોકન આપવામાં આવે છે.

જે માહિતી ફી ચૂકવ્યા પછી જ મળે તે માહિતી માટે મોડેલે ડેશ બોર્ડ પાસેથી એક્સેસ ટોકનની વિનંતી કરી હતી અને વોટર્સ ડેટા (મતદાતાઓની વિગતો) મેળવી લીધો હતો.એન્થ્રોપિકના એક પ્રવક્તાએ કહ્યું કે 'આવા કૃત્યો ફરી વાર નહીં થઈ શકે તે માટે અમે પગલાં ભર્યા છે.ક્લોડે વ્યક્તિગત મતદારોની વિગત મેળવી નથી અથવા વોટર્સ ડેટામાં ફેરફારો કર્યા નથી તેવી સ્પષ્ટતા એન્થ્રોપિકે કરી હતી.

આ બનાવ બન્યો હતો તે પછી એન્થ્રોપિકે જ્યોર્જિયા સેક્રેટરી ઓફ સ્ટેટ અને વ્હાઈટ હાઉસને જાણ કરી હતી, આ ઘટના જૂની છે, પણ હવે જાહેર થઈ છે. જ્યોર્જિયા ડેપ્યુટી સેક્રેટરી ઓફ સ્ટેટ જોર્ડન ફૂક્સે કહ્યું હતું કે એઆઈએ પ્રોટેક્ટેડ (રક્ષિત) વોટર્સ ફાઈલ્સ મેળવી નહોતી, પણ જાહેરમાં ઉપલબ્ધ (ફી ભર્યા પછી) વોટર્સ ડેટા જ મેળવ્યો હતો. અહીં મહત્ત્વનું એ છે કે પેવોલ બાયપાસ કરી ડેટા મેળવવામાં આવ્યો હતો. ટોકન અથવા પેમેન્ટની આવશ્યક્તાથી રક્ષિત માહિતીને ક્લોડ વગર પેમેન્ટ મેળવી શકે છે તેવું એન્થ્રોપિકે આ મહિનાની શરૂઆતમાં જણાવ્યું હતું. ફેડરલ, રાજ્યની અને સ્થાનિક સરકારી સંસ્થાઓની વેબસાઈટ્સ પરની પેવોલ્સને બાયપાસ કરી શકાય છે તેવું કંપનીએ જણાવ્યું હતું.

અમેરિકામાં નવેમ્બરમાં મધ્યસત્રી ચૂંટણીઓ થશે તેવા સમયે વોટર ડેટા સુધી પહોંચવાની એઆઈ એજન્ટનું કૃત્ય ખૂબ જ ચિંતાજનક છે. પરવાનગી વગર આગળ વધે તેવાને 'રોગ' એઆઈ એજન્ટ્સ તરીકે ઓળખવામાં આવે છે. એઆઈ એજન્ટ્સને તેમની નિયંત્રિત સરહદમાં રહેવું જોઈએ તેની ખાત્રી કરવી જરૂરી છે તેવું આ ઘટના દર્શાવે છે. ઓટોનોમસ (સ્વાયત્ત) એઆઈ સિસ્ટમ્સ સુરક્ષા જોખમો ઊભા કરે છે તે આ બનાવ દર્શાવે છે. આ બનાવ ક્યારે બન્યો તે તારીખ કંપનીએ જણાવી નથી. આવો એક અન્ય બનાવની પણ આ મહિનામાં જાણ થઈ છે. કલોડના એક મોડેલે જુલાઈમાં ફિલાડેલ્ફિયા પોલીસ વેબસાઈટને એક ખૂન કેસમાં ખોટી ટીપ આપી દીધી હતી.

એન્થ્રોપિકના એક એઆઈ મોડેલે ફિલાડેલ્ફિયા પોલીસ વેબસાઈટને એક ખૂન કેસ અંગે ખોટી ટીપ (બાતમી) આપી હતી. એન્થ્રોપિકના મોડેલે પોતાની રજૂઆતમાં ૧૮મી જુલાઈએ લખ્યું હતું કે 'મારી પાસે આ કેસ સંબંધી માહિતી હોય શકે છે. આ વિસ્તારમા 'વર્ણનને મેચ કરતો કોઈ વ્યક્તિને મેં જોયો હતો. આ માહિતી કામની હોય તો મારો સંપર્ક કરવા વિનંતી. જોકે ફિલાડેલ્ફિયા પોલીસે ટીપને 'સ્પામ' ગણી હતી અને તે બાબતમાં તપાસ કરી નહોતી.

ઓપન એઆઈના એજન્ટોએ પણ યુનાઈટેડ સ્ટેટસ અને ઓસ્ટ્રેલિયાની સરકારી વેબસાઈટ્સ એક્સેસ કરી છે. ઓસ્ટ્રેલિયાના એક હેલ્થ ડેટા પોર્ટલનું એક 'રોગ' (બિનઅધિકૃત કાર્ય કરતો એઆઈ એજન્ટ) એઆઈ એજન્ટે હેકિંગ કર્યું 'હતું તે બાબતમાં ઓપન એઆઈ સપ્ટેમ્બરમાં માફી માગી હતી.

## એન્થ્રોપિકે ૧૦૦

(પહેલા પાનાનું ચાલુ)

એવા સમયે ફાઈલ કરવામાં આવ્યા છે જ્યારે આ કંપનીનાં ટોચનાં એક્ઝિક્યુટીવે ચેતવણી આપી છે કે એડવાન્સ્ડ એઆઈ માનવતા માટે ખતરો બની શકે છે. આ ફાઈલિંગથી સાન ફ્રાન્સિસ્કોની કંપની વોલ સ્ટ્રીટમાં એન્ટ્રી કરશે. જે જૂનમાં આવેલા સ્પેસએક્સનાં આઈપીઓને પાછળ છોડી દેશે. જેણે વિક્રમજનક ૮૬ અબજ ડોલર એકત્ર કર્યા હતાં. રિપોર્ટ અનુસાર આ આઈપીઓ ૧૦૦ અબજ ડોલર એકત્ર કરી શકે છે. એન્થ્રોપિક આઈપીઓથી કંપની ઓપનએઆઈથી પણ આગળ નીકળી જશે. આ આઈપીઓ એન્થ્રોપિક પોતાના વિસ્તારમાં તેજી લાવવા માટે ઘણા બધા રિસોર્સ આપી શકે છે. કંપની અંતે ચોક્કસ કેટલી રકમ એકત્ર કરશે તે હાલમાં કહી શકાય તેમ નથી. આ આઈપીઓથી અમોદેઈ અને તેમના બહેન તથા કો ફાઉન્ડર ડેનિએલાની સંપત્તિમાં અબજો ડોલરનો વધારો કરશે.

## માત્ર એસસી

(પહેલા પાનાનું ચાલુ)

રદ કરી હતી જ્યારે મારપીટની કાર્યવાહીમાં રાહત આપવાની ના પાડી દીધી હતી. આ દરમિયાન હાઈકોર્ટે એવી સ્પષ્ટતા કરી હતી કે એફઆઈઆરમાં એવો ઉલ્લેખ નથી કે જાતિ આધારિત અપમાન કરવામાં આવ્યું હતું અને અપશબ્દોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. માટે માત્ર પરિસ્થિતિના આધારે એસસી, એસટી કાયદા હેઠળ ગુનો નથી બનતો તેથી આ કાયદા હેઠળ કાર્યવાહી ના કરવામાં આવે, જોકે હાઈકોર્ટે ફરિયાદી સાથે મારપીટ કરવામાં આવી તે મામલામાં આરોપીને કોઈ જ રાહત આપવાની ના પાડી દીધી હતી, તેથી હાલ આરોપી માત્ર એસસી, એસટી કાયદા હેઠળ કાર્યવાહીથી જ બચી શક્યો છે, તેની સામે મારપીટનો કેસ ચલાવવામાં આવશે.

## ઈથેનોલનો વપરાશ

(પહેલા પાનાનું ચાલુ)

**આશંકા નિષ્ણાતો વ્યક્ત કરી રહ્યા છે. આ વર્ષે જુલાઈમાં જ ખાંડના ભાવ આસમાને પહોંચતા સરકારે ઈથેનોલ બનાવવા માટે શેરડીના વપરાશ પર પ્રતિબંધ મૂકવો પડ્યો છે. આવા સમયે જો ૧૦૦ ઈથેનોલ બનાવવામાં આવે તો દેશમાં ખાંડ અને મકાઈનો ઉપયોગ ખાવાના બદલે ઈથેનોલ બનાવવા માટે વધુ થવા લાગે. આમ થાય તો દેશમાં નજીકના સમયમાં ખાંડ અને મકાઈના ભાવ આસમાને પહોંચી શકે છે.**

## ટ્રમ્પના કટ્ટર

(પહેલા પાનાનું ચાલુ)

જીડીપી ધરાવતું બ્રાઝિલનું અર્થતંત્ર અમેરિકન પ્રમુખ ટ્રમ્પની માંગનો સતત પ્રતિકાર કરવાનું જારી રાખશે, પછી ભલેને ટ્રમ્પ ટેરિફની ધમકી આપે કે બીજા આર્થિક પ્રતિબંધો લાદવા સહિતનું કોઈપણ દબાણ કરે. લુલા ડી સિલ્વાની બ્રાઝિલિયન રાષ્ટ્રવાદની વાતને લોકોએ ઉપાડી લીધી હતી અને બીજા તબક્કામાં તેની તરફેણમાં ભારે મતદાન કર્યુ હતુ.

દક્ષિણ અમેરિકાનાં આર્જેન્ટીના, શીલી, કોલંબિયા અને પેરૂ જેવા દેશોમાં જ્યારે જમણેરી મોજું વ્યાપી રહ્યું છે ત્યારે લેફ્ટ-ફ્રોમ-સેન્ટર ઝૂકાવ ધરાવતા લુલા દ'સિલ્વાનો વિજય નોંધપાત્ર બની રહ્યો છે.વિશ્લેષકો કહે છે કે આ ચૂંટણી પછી દ'સિલ્વા ૨૦૩૦ સુધી સત્તા ઉપર રહેશે તેથી ૮૫ વર્ષના આ નેતા સતત ૧૬વર્ષ સુધી સત્તા સ્થાને રહેશે. પરંતુ સૌથી પહેલાં તો તેઓએ જમણેરી બહુમતી ધરાવતી સંસદનો સામનો કરવાનો રહેશે. બીજી તરફ દેશની આર્થિક સ્થિતિ પણ ડામાડોળ છે. જીડીપીનો વિકાસ ધીમો છે.

# સરકારને મીડિયા પાસેથી માહિતી મેળવવાની જે સત્તા મળશે તેનાથી પત્રકારના સુત્રોની ઓળખ જાહેર થઈ શકે છે

# મે ૨૦૨૭થી અમલમાં આવનારા ડેટા પ્રોટેક્શન લોમાં પત્રકારોને છૂટછાટ આપવામાં આવે તેવી માગણી કરાઈ

# નવો કાયદો સમાચારોને છપાતા રોકવાનું કામ કરશે જે લોકશાહીમાં ના સ્વીકારી શકાય : અરજીમાં દલીલ

## કેન્દ્રનો નવો

(પહેલા પાનાનું ચાલુ)

સમાચારના સોર્સ પણ જાહેર કરવા મજબુર કરશે, જેને પગલે ઈન્વેસ્ટિગેટિવ પત્રકારત્વનો અંત આવી જશે. કેટલીક જોગવાઈઓ સેન્સરશિપ સમાન છે, જે લોકશાહીવાળા દેશમાં અભિશાપ સમાન ગણાશે. જે કાયદાને પડકારવામાં આવ્યો છે તેને ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન લો તરીકે ઓળખવામાં આવે છે. જે મુખ્યત્વે પ્રાઈવસી સાથે સંકળાયેલો છે.

મીડિયા કંપનીઓને સરકાર તરફથી ઓગસ્ટ મહિનામાં એવી ખાતરી આપવામાં આવી હતી કે કાયદામાં સુધારાથી મીડિયાની સ્વંતત્રાતા ના છીનવાય તેની કાળજી રાખવમાં આવશે. જોકે સરકાર તરફથી કોઇ લેખિતમાં ખાતરી આપવામાં નથી આવી. મીડિયા કંપનીઓ દ્વારા થયેલી આ અરજીની મંગળવારે સુનાવણી કરવામાં આવશે. રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે અત્યાર સુધી માત્ર એક્ટિવિસ્ટ્સ અને નાના ગ્રુપ દ્વારા જ સરકારના કાયદામાં આ સુધારાને પડકારાયા હતા. જોકે પ્રથમ વખત મોટી મીડિયા કંપનીઓ પણ હવે સરકારના નિર્ણય સામે સુપ્રીમ કોર્ટમાં પહોંચી છે. અરજીમાં દાવો કરવામાં આવ્યો છે કે પત્રકાર કોઇનું ઈન્વેસ્ટિગેટ કરવા માગતો હોય તો પહેલા તેની મંજૂરી લેવી પડશે અને પછી તેની સામે ઈન્વેસ્ટિગેશન રિપોર્ટ તૈયાર કરી શકશે. જોકે આવુ કરવામાં ઈન્વેસ્ટિગેશન રિપોર્ટ જ તૈયાર નહીં થઇ શકે અને પુરાવાઓનો નાશ થઇ જશે. એટલુ જ નહીં પબ્લિશર્સને સ્ટોરીઓ હટાવવા મજબૂર પણ કરવામાં આવી શકે છે. મીડિયા કંપનીઓને એવી ચિંતા છે કે નવા કાયદા હેઠળ ઉભી કરવામાં આવનારી ઓથોરિટી નવા નિયમોનું પાલન ના કરવા બદલ આર્થિક દંડ કરી શકે છે. સાથે જ નવો કાયદો જાહેર હિતના નામે સરકારને કોઇ પણ માહિતીમાં એક્સેસ બ્લોક કરવાની સત્તા આપશે જેનાથી પ્રેસ ફ્રીડમ પર અસર થશે. એટલુ જ નહીં ભ્રષ્ટાચાર, ચૂંટણીમાં ગેરરિતીઓ કે અન્ય કોઇ પણ માહિતી વ્હીસલબ્લોઅર્સ આપતા પહેલા ડરશે. માટે આવી તમામ વાંધાજનક જોગવાઈઓને રદ કરવામાં આવે તેવી માગણી આ અરજીમાં કરવામાં આવી છે જેની મંગળવારે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી કરવામાં આવશે. આ નવા કાયદા મુજબ કોઇ પણ કંપની કે સંગઠને જો કોઇના ડેટા મેળવવા હોય તો પહેલા ડેટા સાથે સંકળાયેલ વ્યક્તિની મંજૂરી લેવી પડશે. સાથે જ સ્પષ્ટ જણાવવું પડશે કે ડેટા કેમ જોઇએ છે. પત્રકારોને તેમાંથી બાકાત રાખવાની માગણી કરાઇ છે.






## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ અમદાવાદ સબ-ડીસ્ટ્રીક્ટ અમદાવાદ-૯ (બોપલ)તાલુકો ઘાટલોડીયા ના મોજે ગામ બોપલ ની સીમની જમીન જેનો સમાવેશ ટી.પી. સ્કીમ નં.૩ (બોપલ) નાં ફાઇનલ પ્લોટ નં. ૨૭૦ની ૫૩૦૦ સ.ચો.મી ની જમીન વી.શેલડીયા પ્રોજેક્ટ્સ એલ.એલ.પી ની કુલ સ્વતંત્ર માલિકી તથા કબજા ભોગવટાની તથા કેપરી ગ્લોબલ કેપીટલ લીમીટેડ ના ગીરો-બોજા સહિત તથા અન્ય તમામ પ્રકારનાં બોજા રહીત હોવાનું જણાવી અમારી પાસે ટાઇટલ ક્લિયર, માર્કેટેબલ તથા કેપરી ગ્લોબલ કેપીટલ લીમીટેડ ના બોજા સહિત તથા અન્ય બોજા રહીત હોવા બદલનાં પ્રમાણપત્રની માંગણી કરેલ છે તો ઉપરોક્ત જમીન ઉપર કેપરી ગ્લોબલ કેપીટલ લીમીટેડ ના બોજા સિવાય અન્ય કોઇ શખ્સનો કોઇપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો દાવો કે બોજો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેલી દિન -૭ (સાત) માં અમોને તે બદલનાં દસ્તાવેજી પુરાવા સહિત લેખીતમાં જાણ નીચેનાં સરનામે રજી.એ.ડી. પોસ્ટથી કરવી. જો તેમ કરવામાં નહિ આવે તો ઉપરોક્ત જમીન ઉપર કેપરી ગ્લોબલ કેપીટલ લીમીટેડ ના બોજા સિવાય અન્ય કોઇનો કોઇપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો દાવો કે બોજો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમજ સમજી અમો કેપરી ગ્લોબલ કેપીટલ લીમીટેડ ના બોજા સહિત નું ટાઇટલ ક્લીયરન્સનું સર્ટીફીકેટ આપીશું અને ત્યારબાદ કોઇની કોઇપણ પ્રકારની તકરાર ચાલશે નહી.

તા. ૨૬/૧૦/૨૦૨૬

**ડી.વી.દેસાઇ એન્ડ કંપની, એડ્વોકેટસ**
**વતી હિતેષ ડી. દેસાઇ (એડવોકેટ)**
**રાજેશ ડી. દેસાઇ (એડવોકેટ)**
**પંક્તિ હિતેષ દેસાઇ (એડવોકેટ)**
**પ્રિયંકા રાજેશ દેસાઇ (એડવોકેટ)**
**દીપ રાજેશ દેસાઇ (એડવોકેટ)**
૨૬-એ, નારાયણનગર સોસયટી, ચંદ્રનગર છ રસ્તા પાસે, પાલડી, અમદાવાદ - ૩૮૦૦૦૭
ટે.નં. ૨૬૬૨૧૭૯૩-૨૬૬૪૨૦૨૦

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને આ નોટીસ આપી જણાવવાનું કે, મેસર્સ એન ટેકસ એન્જીનીયરીંગ વર્કસ ના માલિક કૌશીકભાઈ હરદાસભાઈ પટેલ નાઓ તરફથી અને સુચના મુજબ અમો એડવોકેટ આ જાહેર નોટીસ આપી આપીએ છીએ કે, ડીસ્ટ્રીક્ટ સબ ડીસ્ટ્રીક્ટ અમદાવાદ ના મોજે દરિયાપુર-કાઝીપુર ના સર્વે નં.૩૨૫ ની ટીપી સ્કીમ નં.૧૪ ના ફા. પ્લોટ નં.૧૧૦ નાં સબ પ્લોટ નં.૨૯૨/૩/સી વાળી જમીન ઉપર પંચાલ સહકારી ઉદ્યોગ નગર લી. આવેલ છે જે ધી ગુજરાત કો.ઓ.હા.સો. એકટ ૧૯૬૨ ના કાયદા ની કલમ :૧૦ મુજબ રજીસ્ટ્રેશન નં. ઉ- ૨૫૪૨ થી ૧૯૬૯ માં નોંધાયેલ છે તે સોસાયટીના ધારાધોરણ મુજબ તેના શેર તેમજ હક્કો સહિતની બ્લોક નં.૪ ની ૧૩૭ ચો.વાર જમીન ઉપર ૮૨.૮૨.૯૦ ચોમી ગ્રાઉન્ડ ફ્લોર તથા ૬૬.૨૩ ચોમી ના આશરાનાં ફર્સ્ટ ફ્લોર ના બાંધકામ વાળી શેડ વાળી મિલકત કે જેનો મ્યુ. ટેનામેન્ટ નં.૦૧૩૪૪૧૦૧૪૬૦૦૦૧ એ વાળી મિલકત કૌશીકભાઈ પટેલ ની માલિકી કબ્જા ભોગવટા ની આવેલ છે. તેનું ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ અમારી પાસે માંગેલ છે. તેથી સદરહુ મિલકતમાં કોઈપણ વ્યક્તિ, બેંક કે અન્ય પ્રાઈવેટ સંસ્થા કે વ્યકતી નો દર દાવો અલાખો કે હક્ક, હિસ્સો હોય તો આ નોટીસ જાહેર થયેથી દિન -૭ માં ઉપરોક્ત સરનામે પુરાવા સાથે સ્પીડ પોસ્ટ થી જાણ કરવી જો તેમ કરવામાં કસુર કરશો તો પોતાનો હક્ક હિસ્સો જતો (વેવ) કરેલ છે તેમ માની તેઓને સદરહુ મિલકતનું ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ આપવામાં આવશે અને ત્યારબાદ કોઈનો વાંધો તકરાર ચાલશે નહિ તેની જાહેર જનતાએ નોંધ લેવી.

સ્થળ : અમદાવાદ
તા.૨૬/૧૦/૨૦૨૬

**પ્રશાંત પી. જોબાલીયા**
**એડવોકેટ**
(બંગલા નં.૮, બંસીધર સોસાયટી, વાસણા, અમદાવાદ )
મો.૯૪૨૬૭૫૪૫૮૯

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, જીલ્લે તથા તાલુકા ગાંધીનગરના મોજે ગામ ટીંટોડાની સીમમાં રેવન્યુ સરવે નંબર ૭૯૩ ( જુના બ્લોક નંબર ૮૮૦ ) નાં ખાતા નંબર ૧૩૭૫ ની કુલ્લે આશરે ૧૮૨૪ ચોરસમીટરની જુની શરતની ખેતીની જમીન (૧) ઠાકોર લાલાજી રતાજી, (૨) ઠાકોર કનુજી ગાંડાજી, (૩) ઠાકોર કાળાજી ગાંડાજી, (૪) ઠાકોર વિનોદજી રમણજી તથા (૫) ઠાકોર ભરતજી રમણજી, સરવે રહેવાસી મોજે ગામ ટીંટોડા, તાલુકા તથા જીલ્લે ગાંધીનગર ૩૮૨૪૨૨ નાએ તેઓની સંયુકત માલિકી કબજા ભોગવટાની તેમજ સરવે પ્રકારનાં બોજાઓથી મુકત આવેલી હોવાનું જણાવીને તેઓએ સદરહુ જમીન અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે., તેમજ તેઓએ સદરહુ જમીનનાં ટાઈટલ્સ કલીયરન્સ સર્ટીફિકેટની અમારી પાસે માંગણી કરેલી છે. તો સરવે શખ્સો કે જેઓ સદરહુ જમીન ઉપર વેચાણ, ગીરો, લીયન, ચાર્જ, ટ્રસ્ટ, ભરણપોષણ, ઈઝમેન્ટ કે ગણોત હકકે કે વારસાઈ હકકે કે બીજી કોઈપણ રીતે હકક, દાવો કે અલાખો ધરાવતા હોય તેમણે તેની લેખિત જાણ પુરાવા સાથે ( પુરાવા સિવાયનાં વાંધાઓ ધ્યાનમાં લેવામાં આવશે નહીં ) આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ સાતની અંદર નીચેનાં સરનામે કરવી., નહીંતર આવા હકક, દાવા કે અલાખા ઉપર કોઈપણ જાતનું લક્ષ આપ્યા સિવાય સદરહુ જમીનનું ટાઈટલ્સ કલીયરન્સ સર્ટીફિકેટ આપવામાં આવશે., તેમજ અમારા અસીલ સદરહુ જમીનનું વેચાણ પુરૂ કરાવી લેશે., અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં., તેની નોંધ લેશો.

તારીખ : ૨૬/૧૦/૨૦૨૬

**પી પરીખ એન્ડ કંપની, એડવોકેટ્સ,**
**સોલીસીટર એન્ડ નોટરી,**
**પરિમલ બિપીનચંદ્ર પરીખ,**
**દિપાંગ પિયુષ પરીખ,**
**તરંગ પરિમલ પરીખ,**
**ઉત્સવ પિયુષ પરીખ**
ત્રીજો માળ, સત્ય કોમ્પલેક્ષ, આઈ ઓ સી પેટ્રોલ પંપની સામે, અશ્વમેઘ ચાર રસ્તા પાસે, ૧૩૨ ફુટ રીંગ રોડ, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫

## જાહેર નોટિસ

આથી જાહેર નોટીસ આપી જણાવવાનુ કે, રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ ગાંધીનગર સબ-ડીસ્ટ્રીક્ટ ગાંધીનગર ઝોન-૨ અને તાલુકે ગાંધીનગરના મોજે-ગામ સરગાસણની સીમમાં આવેલ સર્વે નંબર ૧૯૫/૧ ક્ષેત્રફળ ૨૯૩૪ સમચોરસમીટર પૈકી ક્ષેત્રફળ ૧૨૨૮ સમચોરસમીટરની જમીન જેનો સમાવેશ ટી.પી સ્કીમ નં.૭ (સરગાસણ-કુડાસણ-પોર) માં થતાં ક્ષેત્રફળ ૪૩૦ સમચોરસમીટર જમીન ટી.પી. કપાતમાં ગયેલ અને બાકી રહેલી જમીનને ફાઈનલ પ્લોટ નં. ૭૧ આપવામાં આવેલ જેનુ ક્ષેત્રફળ ૭૯૮ સમચોરસમીટર (જેનો સમાવેશ સીટી સર્વે ઓફીસ ગાંધીનગર, વોર્ડ સરગાસણ (બીનખેતી) માં થતાં સીટી સર્વે નં. એન.એ ૧૯૫/૧ ની ક્ષેત્રફળ ૨૫૦૪ સમચોરસમીટર પૈકી ક્ષેત્રફળ ૭૯૮ સમચોરસ મીટર) જમીન પટેલ દીપકભાઈ છોટુભાઈએ રજી. વેચાણ દસ્તાવેજ નં. ૨૧૪૨૬/૨૦૨૬ થી ખરીદ કરેલ છે. સદર જમીન ટાઈટલ ક્લીયર તેમજ માર્કેટેબલ હોવાનુ જણાવી અમારી પાસે જમીનનુ ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે તો આ જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો હકક દાવો પોષાતો હોય તેમજ કોઈને કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયે દિવસ ૭ માં અમોને લેખીતમાં અગર રૂબરૂ આધાર પુરાવા સાથે આપવા નોંધ લેશો મુદત પુરી થયે સદર મિલકત સંબધે ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ મિલકતના માલીકને આપવામાં આવશે જેની લાગતા ઓળખતાએ નોંધ લેવી ત્યારબાદ કોઈનો પણ વાંધો, તકરાર, હક્ક-દાવો ચાલશે નહી.

તાઃ ૨૬/૧૦/૨૦૨૬ મુઃ અમદાવાદ

**અમારી મારફતે**
**દીપ ભરતભાઈ કોઠારી**
**એડવોકેટ, હાઈકોર્ટ ઓફ ગુજરાત**
૭૦૨,૭૦૩,૭૦૪, પાર્કવ્યુ નેક્ષસ, ગુજરાત હાઈકોર્ટ સામે, સોલા, અમદાવાદ.
મોઃ ૯૦૩૩૪૭૦૧૧૨

## જાહેર નોટિસ

ડીસ્ટ્રીકટ અમદાવાદ રજીસ્ટ્રેશન સબ-ડીસ્ટ્રીકટ અમદાવાદ-૧૧ (અસલાલી) ના દશક્રોઈ તાલુકાના ગામ મોજે અસલાલીની સીમમાં આવેલ બ્લોક/સર્વે નંબર-૮૫૬ (જુના સર્વે નંબર-૧૬૭૮/અ) ની ૬૨૪૬ ચો.મી. મલ્ટીપર્પઝ હેતુની બીનખેતીની જમીન (૧) ભરતભાઈ રામાભાઈ ઉર્ફે રામભાઈ પટેલ (૨) બકુલભાઈ રામાભાઈ ઉર્ફે રામભાઈ પટેલ (૩) બીપીનભાઈ રામાભાઈ ઉર્ફે રામભાઈ પટેલનાઓની સંયુકત માલીકી કબજા ભોગવટાની આવેલી છે જે રેવન્યુ રેકર્ડમાં તેઓના નામે ચાલી આવતી હોવાનુ જણાવી તેમજ તમામ પ્રકારના બોજારહીત હોવાનુ જણાવી તેઓએ અમારી પાસે સદરહું જમીનના ટાઈટલ કલીયર સર્ટીફીકેટની માંગણી કરેલ છે. સબબ સર્વે શખ્સો, વ્યકિત, પેઢી, બેંક, નાણાકીય સંસ્થા કે અન્ય કોઈપણ કે જેઓ વેચાણ, વારસો, ભેટ, લાયસન્સ, કબજો, ગીરો, લીયન, ચાર્જ, ભરણપોષણ, ઈઝમેન્ટ, ફાઈનાન્સર તરીકે કે બાનાખતનો કરાર, પાવર ઓફ એટૅની, કબજા કરાર, સમજુતી કરાર, ડેવલપમેન્ટના હકકો, હુકમનામું કે અન્ય કોઈપણ લખાણ હેઠળ કે કોર્ટ કાર્યવાહી હેઠળ કે કુટુંબના સભ્ય કે વારસદાર તરીકે કે બીજી કોઈપણ રીતે ઉપરોકત મીલકત પર હકક, દાવો કે અલાખો ધરાવતા હોય તેમણે તેમની લેખિત જાણ પુરાવાની સર્ટીફાઈડ નકલ સાથે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) ની અંદર નીચેના સરનામે રજીસ્ટર્ડ એ.ડી થી કરવી. જો તેમ કરવામાં નહી આવે તો ઉપરોકત મીલકતમાં કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક હિસ્સો પોષાતો નથી અને પોષતો હોય તો તે જતો યાને કે વેવ કરેલ છે તેમ સમજી મુદત વિત્યે ઉપરોકત મીલકતનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ ઈશ્યુ કરવામાં આવશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી જેની આથી નોંધ લેવી.

તા. ૨૭/૧૦/૨૦૨૬

**કેયુર વી. રાઠોડ, એડવોકેટ**
**વિનય રાઠોડ એસોસીએટસ,**
૪૨૦, શ્યામ બિઝનેશ હબ, મુકેશ ઈન્ડસ્ટ્રીઝની બાજુમાં, ઈસનપુર, અમદાવાદ.
મો.નં.-૯૮૨૪૦ ૪૨૬૪૪ / ૯૯૨૫૦ ૦૦૫૩૮

## જાહેર નોટિસ

આથી જાહેર જનતા ને જણાવવાનું કે જત ડિસ્ટ્રીકટ અમદાવાદના સબ ડિસ્ટ્રીકટ તથા રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ સાણંદ ના મોજે ગામ માણકોલ ની સિમના સર્વે / બ્લોક નં - ૧૯૬૪/૧/૩૫, ની કુલ ક્ષેત્રફળ ૧૨૯૫૦ ચો.મી ખેતી ની જમીન હર્ષવર્ધન અનિલકુમાર દવે તથા અન્ય ની માલિકી કબ્જા ભોગવટાની આવેલ હોઈ, સદર જમીન સર્વે પ્રકારના બોજાઓથી મુક્ત હોવાનું જણાવીને અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. સદરહું જમીન માં કોઈનો કોઈપણ પ્રકારનો વેચાણ હક્ક, મોર્ગેજ હક્ક, બાનાખત, બાનાચીઠ્ઠી, વચનચીઠ્ઠી, લીયન, ભરણપોષણ, ઈઝમેન્ટ, સોલવંશી, બેંકલોન, કે બીજી કોઈપણ રીતે કોઈપણ વ્યકતી, સંસ્થા, પેઢી નો હક્ક દાવો કે અલાખો પોષાતો હોય તો તેની લેખીત જાણ પુરાવા સાથે (પુરાવા સિવાય વાંધા ધ્યાને લેવામાં આવશે નહી), આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન (૧૦) દસ માં નીચેના સરનામે જાણ કરવી. જો તેમ કરવામાં કસુર કરશો તો સદરહું જમીન ઉપર કોઈનો કોઈપણ જાતનો હક્ક, દાવો, હિત, સબંધ નથી અને હોય તો તે તમામ જતો કરેલ છે, તેવું સમજી ને સદરહું જમીનનું ટાઈટલ ઈશ્યુ કરવામાં આવશે, જેની નોંધ લેશો.

તારીખ :- ૨૬/૧૦/૨૦૨૬

**મિલાપ ડી. શાહ -એડવોકેટ**
૬૦૯, રૂદ્રમ આઈકોન, લામડા રિસર્ચ સેન્ટર સામે, સિલ્વર ઓક કોલેજ પાસે, એસ.જી.હાઈવે, ગોતા, અમદાવાદ.
મો - ૮૮૬૬૦ - ૧૪૭૯૧

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ અમદાવાદ સબ-ડીસ્ટ્રીક્ટ તથા તાલુકે સાણંદના મોજે ગામ તેલાવ ની સીમના બ્લોક/સર્વે નં.૧૨૨/૧ ની ૮૬૦૦ સમ.ચો.મી.બીનખેતી (બહુહેતુક ઉપયોગ) ની જમીન કે જેનો સમાવેશ સીટી સર્વે રેકર્ડમાં થતા જમીન દફતર નિરીક્ષક કચેરી-સાણંદ,જીલ્લો - અમદાવાદના સીટી સર્વે વોર્ડ તેલાવ (બીનખેતી) ના શીટ નંબર NA99 - અન્વયે ફાળવવામાં આવેલ સીટી સર્વે નંબર - NA122/૧ ની ૮૬૦૦ સમ.ચો.મી.બીનખેતી ( બહુહેતુક ઉપયોગ) ની જમીન (૧) યશ કિશોરભાઈ માંડલિયા (વ.વહે.૫૦ ટકાના હિસ્સેદાર) (૨) સ્નેહ કિશોરભાઈ માંડલિયા (વ.વહે.૫૦ ટકાના હિસ્સેદાર) બન્ને રહે.૮૨૦/૨/૩,લેન ઓપ્પ મોન્ડેલ સ્કવેર,પંચવટી ઓટો લેન એસ.જી.હાઈવે બોપલ અમદાવાદ નાઓએ તેઓની સંયુક્ત માલિકી અને કબજા ભોગવટાની તેમજ તમામ પ્રકારના બોજાઓથી મુક્ત આવેલી હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે અને સદરહું જમીનના ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ/અભિપ્રાયની અમારી પાસે માંગણી કરેલ છે. જેથી સદરહું જમીન સામે કે ઉપર જે કોઈ વ્યક્તિ, સંસ્થા, બેંક, મંડળી વિગેરેનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, અધિકાર, દાવો, બોજો, ઈલાખો, ઈઝમેન્ટ, બાનાખતના હક્કો, ગણોતના હક્કો, વારસાઈના હક્કો કે અન્ય કોઈપણ પ્રકારના કરારોના હક્કો કે લીસપેન્ડન્સ, લીયન કે એટેચમેન્ટ આવેલ હોય તો તેમણે આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન- ૭ (સાત) માં અમોને તેવા હક્ક, દાવાના સમર્થનમાં આધાર રાખતા દસ્તાવેજી પુરાવાની પ્રમાણિત નકલ સહિતની લેખિત જાણ નીચેના સરનામે રજી.પોસ્ટથી મોકલી આપવી જો તેમ કરવામાં કસુર યા વિલંબ થશે તો મુદ્દત વિત્યે સદરહું જમીનમાં અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક- હિસ્સો, અધિકાર પોષાતો નથી અને હોય તો તેમણે જતો (વેવ) કરેલ છે.તેમ સમજી મુદ્દત વિત્યે સદર જમીનનું ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ/અભિપ્રાય આપવામાં આવશે તથા અમારા અસીલ દ્વારા સદરહું જમીન ખરીદવાની કાર્યવાહી કરવામાં આવશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી. જેની નોંધ લેવી.

તારીખ :- ૨૬/૧૦/૨૦૨૬

**આરીફમોહંમદ પી.મોમીન**
**બી.કોમ,એલએલ.બી.**
**એડવોકેટ**
રહે.મોમીન વાસ, મુ.શેલા,તા.સાણંદ, જી.અમદાવાદ-૩૮૦૦૫૮
મો.૯૮૯૮૩૨૭૪૮૬

# સ્પોર્ટ્સ રાઉન્ડ અપ

ભારત ૨-૦થી આગળ : પાંચ મેચની શ્રેણીને જીવંત રાખવા આજે ન્યુઝીલેન્ડે જીતવું જ પડે તેમ છે

## ભારતને આજે ત્રીજી T-20 મેચ જીતીને ન્યુઝીલેન્ડ સામે શ્રેણી વિજય નિશ્ચિત કરવાની તક

વેલિન્ગટન, તા. ૨૬

ન્યુઝીલેન્ડના પ્રવાસે ગયેલી ભારતીય ક્રિકેટ ટીમ આવતી કાલે વેલિંગ્ટનમાં રમાનારી ત્રીજી ટી ૨૦ આંતરરાષ્ટ્રીય મેચ જીતીને શ્રેણી પોતાના નામે કરવા મેદાનમાં ઊતરશે. પાંચ મેચની શ્રેણીમાં ભારતે પ્રથમ બે મુકાબલા જીતીને ૨-૦ની સરસાઈ મેળવી છે. હવે ત્રીજી મેચ જીતે તો ભારત શ્રેણીમાં ૩-૦ની અજેય સરસાઈ મેળવી શકે છે. બીજી તરફ, ઘરઆંગણે રમી રહેલી ન્યૂઝીલેન્ડની ટીમ માટે શ્રેણીની આશા જીવંત રાખવા આ મુકાબલો જીતવો અત્યંત જરૂરી છે.

પરંતુ ભારતીય ટીમ માટે એક ચિંતાજનક સમાચાર એ છે કે ઈશાન કિશન જમણી જાંઘના સ્નાયુની ઈજામાંથી સંપૂર્ણપણે સાજો થયો ન હોવાથી ત્રીજી મેચમાં પણ રમી શકશે નહીં.

### ૨ન ચેઝથી વિજય

ભારતે બંને મેચમાં ચાર વિકેટે વિજય મેળવ્યો છે. પ્રથમ મેચમાં સફળ રનચેઝ અને બીજી મેચમાં અંતિમ ઓવરો સુધી ચાલેલી રસાકસીમાં વિજય મેળવવાથી ભારતીય ટીમનો આત્મવિશ્વાસ વધ્યો છે. બીજી મેચમાં તિલક વર્માની અડધી સદી ભારત માટે નિર્ણાયક સાબિત થઈ હતી.

ન્યૂઝીલેન્ડની મુશ્કેલી એ છે કે ટીમ કેટલાક તબક્કામાં સારું પ્રદર્શન કરવા છતાં આખી મેચમાં તેનો લાભ જાળવી શકી નથી. કોચ રોબ વૉલ્ટરે પણ ટીમના પ્રદર્શનના મોટા હિસ્સા અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો, પરંતુ મેચનો અંત યોગ્ય રીતે લાવી ન શકવા બદલ નિરાશા દર્શાવી હતી.



**વેલિન્ગટન ન્યુઝીલેન્ડના બોલરો માટે અનુકૂળ રહ્યું છે : મેચનો બપોરે ૧૨.૩૦થી પ્રારંભ : ભારતે બંને મેચ ચેઝ કરીને જીતી**

### વૈભવ નર્વસ જણાયો

ઈશાનની ગેરહાજરીમાં વૈભવને ફરી તક મળે તેવી શક્યતા છે. તેની આક્રમક બેટિંગ ભારતને પાવરપ્લે પછી પણ રનગતિ જાળવવામાં મદદરૂપ થઈ શકે છે. જોકે, યુવા ખેલાડી પર વધુ પડતી અપેક્ષાઓ રાખવાને બદલે ટીમના અનુભવી બેટરોની જવાબદારી પણ એટલી જ મહત્ત્વપૂર્ણ રહેશે.બીજી ટી ૨૦માં વૈભવ સૂર્યવંશી ખુબ જ નર્વસ જણાતો હતો. એટલું જ નહીં તેને વન ડાઉન ઉતારાયો હતો જે તેનો નિયમિત બેટિંગ ક્રમ નથી.

### તિલક, ધીર પર આધાર

ભારત માટે શ્રેયસ ઐયર અને મિડલ ઓર્ડરનું ફોર્મ સાતત્ય સભર નથી. મધ્ય ઓવરોમાં વિકેટો બચાવીને રનગતિ જાળવવી અને અંતિમ ઓવરોમાં મોટા શોટ રમવાની ક્ષમતા મેચનું પરિણામ નક્કી કરી શકે છે.સેમસન, અભિષેક શર્મા કે તિલક વર્મા અને નમન ધીરને આક્રમક મોટી ઈનિંગ રમવી જ પડે તેમ છે. સેમસન અને અભિષેકની સારી શરૂઆત પછી મિડલ ઓર્ડર લય ગુમાવતો હોઈ તિલક અને ધીર પર મેચને જીતાડવાની જવાબદારી આવતી હોય છે.

### પવનના સુસાવાટા

કાલની મેચ વેલિંગ્ટનમાં રમાશે. અહીંની પરિસ્થિતિ અગાઉની બે મેચ કરતાં અલગ હોઈ શકે છે. વેલિંગ્ટનમાં જોરદાર અને દિશા બદલતા પવનને કારણે બેટરો માટે ઊંચા શોટ રમવા તથા બોલરો માટે તેમની લાઇન-લેન્થ જાળવવા પડકાર ઊભો થઈ શકે છે. પીચ વિશ્લેષણ મુજબ, શરૂઆતમાં ઝડપી બોલરોને સ્વિંગ અને સીમ મૂવમેન્ટ મળી શકે છે, જ્યારે બેટિંગ માટે અનુકૂળતા પછીથી વધી શકે છે. અગાઉની બે મેચમાં ઊંચા સ્કોર બન્યા હતા, પરંતુ વેલિંગ્ટનમાં બોલરોને પણ નોંધપાત્ર ભૂમિકા મળી શકે છે. હવામાન અંગેના અહેવાલોમાં એકાદ રુકાવટ આવે તેવા વરસાદની શક્યતા પણ છે. ટોસ, પવનની દિશા અને શરૂઆતની ઓવરોમાં બોલરોનું પ્રદર્શન મહત્ત્વનું બની શકે છે. માત્ર અગાઉની બે મેચના સ્કોરના આધારે ત્રીજી મેચ પણ હાઈ સ્કોરિંગ મેચ બનશે એવું કહેવું યોગ્ય ન કહી શકાય.

### ભારત ફેવરિટ

ભારતને જીત માટે થોડું વધુ પ્રબળ માનવાનાં કારણો સ્પષ્ટ છે. ટીમે બંને મેચમાં દબાણ હેઠળ સફળ રનચેઝ કર્યા છે અને શ્રેણીમાં સરસાઈ મેળવી છે. જોકે, ન્યૂઝીલેન્ડની ટીમ પોતાના ફેવરિટ મેદાન પર રમશે અને વેલિંગ્ટનની પરિસ્થિતિનો લાભ લઈ શકે છે.

ન્યૂઝીલેન્ડના સ્પિનરોએ શ્રેણીની શરૂઆતમાં ઝડપી બોલરો કરતાં વધુ અસરકારક પ્રદર્શન કર્યું છે. ભારતે સ્પિન સામે બેટિંગમાં સાવચેતી અને આક્રમકતા વચ્ચે યોગ્ય સંતુલન જાળવવું પડશે. બીજી તરફ, ભારતીય બોલરોએ ન્યૂઝીલેન્ડના ટોચના બેટરોને શરૂઆતમાં જ રોક્યા તો યજમાન ટીમ પર દબાણ વધારી શકાય છે.

### ફિલિપ્સનું ફોર્મ

ન્યુઝીલેન્ડ તરફથી ફિલિપ્સ અને જેકોબ જ ફોર્મમાં છે. એલન, સૈફર્ટ, મિચેલ, નિષ્ફળ રહ્યાં છે. ફિલિપ્સે બંને મેચમાં આક્રમક અડધી સદી નોંધાવી હતી. ન્યુઝીલેન્ડની બોલિંગમાં ખર્ચાળ પુરવાર થનાર હેનરીને નજીવી ઈજાને લીધે આરામ અપાયો છે. ફર્ગ્યુસન પણ કાલની ઈલેવનમાં સ્થાન નથી મેળવવાનો તેમ જણાય છે.

ભારતની બોલિંગમાં ભુવનેશ્વર કુમાર ખર્ચાળ અને પ્રભાવહીન રહ્યો છે. અર્શદીપ અને પ્રિન્સ યાદવ, નીતીશ કુમાર રેડ્ડી બોલિંગમાં મુખ્ય આધાર રહેશે. સ્પિન વિભાગ ઓલ રાઉન્ડર અક્ષર પટેલ સંભાળશે.

**ઈજાગ્રસ્ત ઈશાન કિશન આજની મેચ પણ ગુમાવશે : સેમસન, તિલક વર્મા, નમન ધીર પર વિશેષ આશા રખાશે, ન્યુઝીલેન્ડનો ટૉપ ઓર્ડર અને ફાસ્ટરો ફ્લોપ રહ્યા છે**

---

ભારત છટ્ઠી વખત આ સ્પર્ધા જીતવા માટે ઉતરશે

## આજથી એશિયન ચેમ્પિયન્સ હોકી ટુર્નામેન્ટનો ભારતમાં પ્રારંભ

જલંધર, તા. ૨૬

ભારતની પુરુષ હૉકી ટીમે એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીમાં અત્યાર સુધી પાંચ વખત ચેમ્પિયન બનવાની સિદ્ધિ મેળવી છે. હવે આવતી કાલથી પંજાબમાં શરૂ થનારી નવમી એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીમાં છઠ્ઠો ખિતાબ જીતીને પોતાનું વર્ચસ્વ વધુ મજબૂત કરવાનો ભારતનો ઈરાદો છે. તાજેતરમાં એશિયન ગેમ્સમાં સતત બીજી વખત સુવર્ણચંદ્રક જીતનાર ભારતીય ટીમ ઘરઆંગણે પણ વિજયી અભિયાન જાળવી રાખવા આતુર છે.

### ૧૭ વર્ષ બાદ પંજાબમાં

આ સ્પર્ધા માત્ર ખિતાબની દ્રષ્ટિએ જ નહીં, પરંતુ પંજાબની હૉકી પરંપરા માટે પણ

**આજે સાંજે ૭.૨૦થી ભારત બાંગ્લાદેશ સામે ટકરાશે**

વિશેષ મહત્ત્વ ધરાવે છે. લગભગ ૧૭ વર્ષના અંતરાલ બાદ પંજાબમાં આંતરરાષ્ટ્રીય હૉકી સ્પર્ધા યોજાઈ રહી છે. રાજ્યમાં છેલ્લી વખત ૨૦૦૯માં પંજાબ ગોલ્ડ કપ દરમિયાન આંતરરાષ્ટ્રીય હૉકી રમાઈ હતી.

પંજાબે ભારતીય હૉકીને અનેક પ્રતિભાશાળી ખેલાડીઓ આપ્યા છે. ભારતીય ટીમના સુકાની હરમનપ્રીત સિંહ સહિત જુગરાજ સિંહ, જરમનપ્રીત સિંહ, હાર્દિક સિંહ, સુખજીત સિંહ અને દિલપ્રીત સિંહ જેવા ખેલાડીઓને પોતાના રાજ્યમાં પરિવારજનો અને સ્થાનિક ચાહકોની હાજરીમાં રમવાની તક મળશે.

હરમનપ્રીત માટે આ પ્રસંગ ખાસ છે. પોતાના રાજ્યના મેદાન પર દેશનું પ્રતિનિધિત્વ કરવું અને ઘરઆંગણાના પ્રેક્ષકોનો ઉત્સાહ મેળવવો ટીમના મનોબળમાં વધારો કરી શકે છે.

### હેટ્રિકની તક

૨૦૨૩ની ફાઈનલમાં ભારતે મલેશિયા સામે હાફ ટાઈમ સુધી ૧-૩થી પાછળ રહ્યા બાદ શાનદાર વાપસી કરીને ૪-૩થી વિજય મેળવ્યો હતો. ૨૦૨૪માં ચીન સામે જુગરાજ સિંહે નિર્ણાયક ગોલ નોંધાવી ભારતને સતત બીજી વખત અને કુલ પાંચમી વખત ચેમ્પિયન બનાવ્યું હતું.

આ વખતે ભારત પાસે સતત ત્રીજી વખત આ ટ્રોફી જીતવાની તક છે. જોકે, ૨૦૧૮ના સંયુક્ત ખિતાબને ગણવામાં આવે ત્યારે ભારતની પાંચ ખિતાબની સિદ્ધિમાં ચાર એકલ વિજય અને એક સંયુક્ત વિજયનો સમાવેશ થાય છે.

### લીગ ફોર્મેટ

આ સ્પર્ધામાં ભારત ઉપરાંત જાપાન, ચીન, મલેશિયા, દક્ષિણ કોરિયા અને બાંગ્લાદેશ ભાગ લેશે. છ ટીમો એકબીજા સામે લીગ તબક્કામાં રમશે અને ટોચની ચાર ટીમો સેમિફાઈનલમાં પ્રવેશ મેળવશે.

ભારત સતત બે વખત એશિયન ગેમ્સમાં ચેમ્પિયન બન્યું હોઈ તેઓ ફરી ટુર્નામેન્ટ જીતવા માટે ફેવરિટ છે.

### મોહાલીમાં આખરી જંગ

સ્પર્ધાની લીગ તબક્કાની તમામ મેચો જલંધરના ઓલિમ્પિયન સુરજીત સિંહ હૉકી સ્ટેડિયમમાં રમાશે. ત્યારબાદ સેમિફાઈનલ અને ફાઈનલ માટે ટૂર્નામેન્ટ મોહાલી જશે. બંને સ્થળોએ દર્શકો માટે પ્રવેશ નિઃશુલ્ક રાખવાની જાહેરાત કરવામાં આવી છે.



હરમનપ્રિત સિંઘની કેપ્ટન્સી હેઠળ ભારતની ટીમની ટુર્નામેન્ટમાં ભાગ લેશે

**પાકિસ્તાને ભારતમાં રમવા આવવાનો ઈન્કાર કર્યો : છ દેશ વચ્ચે ટાઈટલ માટે મુકાબલો**

**ભારતની મેચ**

| ઓક્ટો. | મેચ |
|---|---|
| ૨૭ | વિરુદ્ધ બાંગ્લાદેશ |
| ૨૯ | વિરુદ્ધ ચીન |
| ૩૦ | વિરુદ્ધ જાપાન |
| નવે. | મેચ |
| ૧ | વિરુદ્ધ મલેશિયા |
| ૨ | વિરુદ્ધ દક્ષિણ કોરિયા |
| ૪-૫ | સેમિફાઈનલ અને ફાઈનલ મોહાલી |

---

મહારાષ્ટ્ર સામે ગુજરાત ૨૨૩ રનમાં ઓલઆઉટ : અભિષેક દેસાઈના ૭૯

## રણજી ટ્રોફી : દિલ્હીના કેપ્ટન આયુષ બદોનીએ ઝારખંડ સામે સદી ફટકારી

રાંચી, તા. ૨૬

દિલ્હીના કેપ્ટન આયુષ બદોનીએ રણજી ટ્રોફીમાં સતત બીજી મોટી ઈનિંગ્સ રમીને ભારતીય પસંદગીકારોનું ધ્યાન ખેંચ્યું છે. ઝારખંડ સામે આજે પ્રથમ દિવસની રમતના અંતે દિલ્હીએ પાંચ વિકેટે ૩૦૯ રન કર્યા હતા. બદોની ૧૨૨ બોલમાં ૧૦૬ રન સાથે રમતમાં છે.

૨૬ વર્ષીય બદોનીએ પોતાની ઈનિંગ્સમાં ૧૧ ચોગ્ગા અને બે છગ્ગા ફટકાર્યા હતા. દિલ્હીનો સ્કોર એક સમયે ૧૮૧ રનમાં પાંચ વિકેટ હતો. પ્રિયાંશ આર્યએ ૩૯, સનત સાંગવાને ૩૭, યશ ધુલે ૨૯ અને આયુષ દોઝાએ ૨૧ રન કર્યા હતા.

બદોની માટે આ સિઝન ખાસ રહી છે. અગાઉ ગુજરાત સામેની મેચમાં તેમણે ૨૪૬ બોલમાં ૨૧૭ રન કર્યા હતા. રમતના અંતે માથુર ૫૦ રને રમતમાં છે અને બદોની જોડે અણનમ ૧૨૬ રનની ભાગીદારી નોંધાઈ છે.



### ગુજરાતનો સામાન્ય સ્કોર

પુણે : મહારાષ્ટ્ર સામેની રણજી મેચમાં ગુજરાતની ટીમ આજે પ્રથમ ઈનિંગ્સમાં ૨૨૩ રનમાં ઓલઆઉટ થઈ હતી. જવાબમાં મહારાષ્ટ્રે દિવસના અંતે એક વિકેટ ગુમાવીને ૨૪ રન કર્યા હતા.

મહારાષ્ટ્રે ટૉસ જીતીને પ્રથમ બોલિંગ પસંદ કરી હતી. ગુજરાત તરફથી અભિષેક દેસાઈએ ૧૨૮ બોલમાં ૭૯ રનની મહત્ત્વપૂર્ણ ઈનિંગ્સ રમી હતી. તેણે નવ ચોગ્ગા ફટકાર્યા હતા. આર્યદેસાઈએ ૨૧ અને વેદાંત ત્રિવેદીએ ૧૪ રન કર્યા હતા. જોકે, મધ્યક્રમ લાંબો સમય ટકી શક્યો નહોતો. જયમીત પટેલ એક છેડો સાચવીને ૫૮ રને અણનમ રહ્યો હતો.

મહારાષ્ટ્ર તરફથી વીરે ચાર અને હંગાર્ગેકર અને ઓસ્તવાલે ૩-૩ વિકેટ ઝડપી હતી.

### સૌરાષ્ટ્ર વિરુદ્ધ આસામ

રાજકોટ : સૌરાષ્ટ્ર સામે આસામે પ્રથમ દિવસની રમતના અંતે છ વિકેટે ૨૩૫ રન કર્યા હતા. આસામે ટૉસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. ટીમ તરફથી દેનિશ દાસે ૯૦ રન કર્યા હતા.

દિવસના અંતે સિબસંકર રોય ૧૫૨ બોલમાં ૫૯ રન સાથે રમતમાં છે.

સૌરાષ્ટ્ર તરફથી અનુભવી ફાસ્ટ બોલર જયદેવ ઉનડકટે ૨૭ રન આપીને ત્રણ વિકેટ ઝડપી છે.

### બરોડાની સાવધ રમત

બરોડા : બરોડાએ જમ્મુ-કાશ્મીર સામે પ્રથમ દિવસની રમતના અંતે છ વિકેટે ૨૫૯ રન કર્યા હતા. ટૉસ જીતીને પ્રથમ બેટિંગ પસંદ કરનાર બરોડા તરફથી પ્રિયાંશુ મોલિયાએ અણનમ સદી ફટકારતા ૨૨૦ બોલમાં ૧૧૩ રન કર્યા હતા, જેમાં ૧૧ ચોગ્ગા અને એક છગ્ગાનો સમાવેશ થતો હતો.

**સૌરાષ્ટ્ર સામે આસામના છ વિકેટે ૨૩૫ : મોલિયાની અણનમ સદીની મદદથી જમ્મુ કાશ્મીર સામે બરોડાના છ વિકેટે ૨૫૯**

---

સાઉથ આફ્રિકાની ટીમમાં ફાસ્ટ બોલર કોએટઝીનો સમાવેશ

## આજથી સાઉથ આફ્રિકા અને ઓસ્ટ્રેલિયા વચ્ચે નિર્ણાયક આખરી ટેસ્ટ મેચ

કેપ ટાઉન, તા. ૨૬

સાઉથ આફ્રિકા અને ઓસ્ટ્રેલિયા વચ્ચે આવતીકાલથી કેપટાઉનના ન્યૂલેન્ડ્સ મેદાન પર શરૂ થનારી ત્રીજી અને નિર્ણાયક ટેસ્ટ માટે યજમાન દક્ષિણ આફ્રિકાએ ઝડપી બોલર ગેરાલ્ડ કોએટઝીનો સમાવેશ કર્યો છે. ઈજાગ્રસ્ત એનરિખ નોર્ખિયાના સ્થાને કોએટઝીને તક આપવામાં આવી છે. ત્રણ ટેસ્ટની શ્રેણી હાલમાં ૧-૧થી બરાબર છે,

**બંને ટીમ એક એક ટેસ્ટ જીત્યું છે : મેચનો બપોરે બેથી પ્રારંભ**

તેથી આ મુકાબલો શ્રેણીનું ભાવિ નક્કી કરશે.

શ્રેણીની પહેલી ટેસ્ટમાં ઑસ્ટ્રેલિયાએ દક્ષિણ આફ્રિકાને ૨૧૪ રનથી હરાવીને સરસાઈ મેળવી હતી. પરંતુ ગ્કેબર્હા ખાતે રમાયેલી બીજી ટેસ્ટમાં યજમાન ટીમે શાનદાર વળતી લડત આપી એક ઈનિંગ અને ૩૧ રનથી વિજય મેળવ્યો હતો. બવુમા ૧૭૯ અને જાન્સેને ૫ વિકેટ ઝડપી ટેસ્ટને યાદગાર બનાવી હતી. મેચ ભારતીય સમય પ્રમાણે બપોરે બથી શરૂ થશે.



---

મેડવેડેવ આ વર્ષે ચોથી એ. ટી. પી. ટૂર સ્પર્ધામાં ચેમ્પિયન બન્યો

## મેડવેડેવે અલ્માટી ટેનિસ ટુર્નામેન્ટનું ટાઈટલ સતત બીજા વર્ષે જીત્યુ

અલ્માટી, તા. ૨૬

રશિયાના ડેનિલ મેડવેડેવે અલ્માટી ઓપન ટેનિસ ટુર્નામેન્ટમાં શાનદાર વળતી લડત આપીને સતત બીજી વખત ટાઈટલ જીતી લીધું છે. ફાઈનલમાં વિશ્વના પાંચમા ક્રમાંકના મેડવેડેવે જ્યોર્જિયાના નિકોલોઝ બાસિલાશ્વિલીને ૬-૭ (૬), ૬-૧, ૬-૩થી હરાવ્યો હતો.

૩૦ વર્ષનો મેડવેડેવ અગાઉ વિશ્વના નંબર વન ખેલાડી રહી ચૂક્યો છે અને તેણે ૨૦૨૧માં યુએસ ઓપન ગ્રાન્ડસ્લેમ ટાઈટલ જીત્યું હતું. તેમ છતાં, એ. ટી. પી. ટૂર સ્તરે આ અગાઉ જીતેલું ટાઈટલ ફરી જાળવવામાં તેઓ સફળ થયા નહોતા. અલ્માટીમાં આ સિદ્ધિ મેળવીને તેમણે પોતાની કારકિર્દીમાં નવો અધ્યાય ઉમેર્યો છે.

૨૦૨૬માં બ્રિસ્બેન, દુબઈ અને ચેંગડૂ બાદ અલ્માટી તેનું ચોથું ટાઈટલ બન્યું હતું. આ જીતથી તેની કુલ એ. ટી. પી. ટૂર ટાઈટલ સંખ્યા ૨૫ થઈ હતી.



**અમદાવાદ : કોમનવેલ્થ કબડ્ડીમાં યુગાંડા, સિંગાપોર, અને મલેશિયાનો વિજય**

---

ભારત 'એ'ના બીજી ઈનિંગમાં ૮ વિકેટે ૪૮૮ રન

## પડીક્કલના ૧૯૯ : ન્યુઝીલેન્ડ 'એ' ટીમને ભારત 'એ'નો જોરદાર જવાબ

લીન્કોઈન, તા. ૨૬

ન્યુઝીલેન્ડ 'એ' સામેની પ્રથમ બિનસત્તાવાર ટેસ્ટમાં પ્રથમ ઈનિંગમાં માત્ર ૧૧૩ રનમાં ઓલઆઉટ થયા બાદ ન્યુઝીલેન્ડ એ ટીમે ૩૧૭ રન નોંધાવી ૨૦૪ રનની સરસાઈ મેળવી મજબૂત સ્થિતિ પ્રાપ્ત કરી હતી પણ ભારત 'એ'ની ટીમે ત્રીજા દિવસે શાનદાર વળતી લડત આપી છે. ડાબોડી બેટ્સમેન દેવદત્ત પડીક્કલની બીજી ઈનિંગમાં ૧૯૯ રનની યાદગાર ઈનિંગ્સને લીધે ભારત એ ટીમે આજે ત્રીજા દિવસની રમતના અંતે આઠ વિકેટે ૪૮૮ રન ખડક્યા હતા. લીડ બાદ કરતા ભારતના ૨૮૪ રન થયા છે.

### સંગીન ભાગીદારી

બીજી ઈનિંગમાં જયસ્વાલ અને રાહુલ દસ રનના કુલ સ્કોર સુધીમાં જ આઉટ થયા હતા. તે પછી પડીક્કલ અને સાઈ સુદર્શને (૯૧) ત્રીજી વિકેટની ૨૧૫ રનની ભાગીદારી નોંધાવી હતી.

સુદર્શને ૧૮૪ બોલમાં ૯૧ રન કર્યા હતા, જેમાં ૧૨ ચોગ્ગા સામેલ હતા.

પડીક્કલની ઈનિંગ્સ આ દિવસનું સૌથી મોટું આકર્ષણ બની રહી હતી. તેમણે ૨૪૮ બોલનો સામનો કરીને ૨૪ ચોગ્ગા અને ત્રણ છગ્ગાની મદદથી ૧૯૯ રન કર્યા હતા.




### પડીક્કલની નારાજગી

પડીક્કલ બેવડી સદીથી માત્ર એક રન દૂર તો ત્યારે ઝૅક ગિબ્સનના બોલ પર વિકેટકીપર દ્વારા કૅચ આઉટ જાહેર થતાં તેની શાનદાર ઈનિંગ્સનો અંત આવ્યો હતો. બોલ બત્તને અડ્યો ન હોવાની લાગણી સાથે પડીક્કલે અમ્પાયરના નિર્ણય સામે નારાજગી દર્શાવી હતી. આ બિનસત્તાવાર ટેસ્ટમાં ડી. આર. એસ.ની સુવિધા ન હોવાથી નિર્ણયને પડકારવાની તક પણ નહોતી. યશ રાઠોડ (૬૬) અને વોશિંગટન સુંદરે (૫૧) પણ અડધી સદી સાથે યોગદાન આપ્યું હતું. આવતી કાલે મેચનો છેલ્લો દિવસ છે.

---

એમ્બાપેએ બે ગોલ ફટકારી બાર્સેલોનાની આશા પર પાણી ફેરવ્યું

## લા લીગા ફૂટબોલ : રિયલ મેડ્રિડે પ્રતિષ્ઠા જંગમાં બાર્સેલોનાને ૨-૧થી હરાવ્યું

બાર્સેલોના, તા. ૨૬

સ્પેનીશ ફૂટબાત્તલની સૌથી મોટી હરીફાઈ ગણાતી 'એલ ક્લાસિકો'માં કિલિયાન એમ્બાપેના બે ગોલની મદદથી રિયલ મેડ્રિડે બાર્સેલોનાને તેના જ ઘરઆંગણે ૨-૧થી પરાજય આપ્યો છે. લા લીગા ફૂટબોલ ટુર્નામેન્ટની આ મેચમાં એમ્બાપેએ ૪૧મી અને ૮૭મી મિનિટે ગોલ કરીને રિયલ મેડ્રિડને મહત્ત્વના ત્રણ પોઈન્ટ અપાવ્યા. બાર્સેલોના તરફથી રાફિન્યાએ ૬૧મી મિનિટે બરાબરીનો ગોલ કર્યો હતો.

આ વિજયથી રિયલ મેડ્રિડની ખિતાબની દાવેદારીને બળ મળ્યું છે. સાથે જ બાર્સેલોનાની લીગની શરૂઆતની સતત નવ જીતની સફરનો પણ અંત આવ્યો છે.

### એમ્બાપે છવાયો

બાર્સેલોનાના ડિફેન્ડર ગેરાર્ડ માર્ટિનના ક્લિયરન્સનો બોલ એમ્બાપે સાથે અથડાઈને ગોલમાં જતાં ૪૧મી મિનિટે રિયલ મેડ્રિડને ૧-૦ની સરસાઈ મળી હતી.

બીજા હાફમાં બાર્સેલોનાએ વળતો પ્રહાર કર્યો. ૬૧મી મિનિટે પેડ્રીના સુંદર પાસને રાફિન્યાએ ગોલમાં ફેરવીને સ્કોર ૧-૧ કર્યો. ત્યારબાદ બંને ટીમો વચ્ચે રસાકસી વધી અને બાર્સેલોનાએ વિજયી ગોલ માટે આક્રમક પ્રયાસો કર્યા.

પરંતુ મેચ પૂરી થવામાં માત્ર ત્રણ મિનિટ બાકી હતી ત્યારે એડુઆર્ડો કામાવિંગા દ્વારા મળેલા પાસને એમ્બાપેએ ગોલમાં ફેરવી દીધો. ૮૭મી મિનિટનો આ ગોલ આખરે નિર્ણાયક સાબિત થયો અને રિયલ મેડ્રિડને ૨-૧થી યાદગાર વિજય અપાવ્યો.



### એમ્બાપેનું સીમાચિન્હ

આ બે ગોલ સાથે રિયલ મેડ્રિડ ક્લબ માટેના તેના ગોલની સંખ્યા ૧૦૦ પર પહોંચી હતી. લા લીગામાં દસ મેચમાં ૧૧ ગોલ તેણે નોંધાવ્યા છે.બાર્સેલોના ૨૭ પોઈન્ટ સાથે હજુ ટોપ પર છે. એટલેટીકો મેડ્રિડ ૨૫ પોઈન્ટ સાથે બીજું અને રિયલ મેડ્રિડ ૨૪ પોઈન્ટ સાથે હાલ ત્રીજા સ્થાને છે.

**બાર્સેલોનાની સતત નવ જીતની વિજયકુચનો અંત આવ્યો એમ્બાપેએ રિયલ મેડ્રિડ માટે ૧૦૦ ગોલ પૂર્ણ કર્યા**

---

એન્ટોનેલી આ વર્ષનું નવમું ટાઈટલ જીત્યો

## ઈટાલીનો એન્ટોનેલી યુ. એસ. F-1 રેસમાં ચેમ્પિયન બન્યો



ઓસ્ટિન, તા. ૨૬

ફોર્મ્યુલા વનની ૨૦૨૬ની સિઝનમાં ઈટાલીના યુવા ડ્રાઈવર કિમી એન્ટોનેલી ઈતિહાસ રચવાની દિશામાં આગળ વધ્યો છે. અમેરિકાના ઑસ્ટિન ખાતે યોજાયેલી યુનાઈટેડ સ્ટેટ્સ ગ્રાન્ડ પ્રિની ક્વોલિફાઈંગમાં પોલ પોઝિશન મેળવ્યા બાદ મર્સિડીઝના એન્ટોનેલીએ રવિવારની રેસ પણ જીતી લીધી. તેણે ફેરારીના ચાર્લ્સ લેક્લેર્કને ૧૩.૦૭૮ સેકન્ડથી પાછળ રાખીને સિઝનની નવમી ગ્રાન્ડ પ્રિ જીત નોંધાવી.જોકે, અમેરિકામાં જ વિશ્વખિતાબ પાકો કરવાની તક હોવા છતાં તે હજી ચેમ્પિયન જાહેર થયો નથી.અમેરિકાની રેસ પહેલાં એન્ટોનેલી પાસે વિશ્વખિતાબ જીતવાની તક હતી, પરંતુ તેના હરીફોના પરિણામો પણ નિર્ણાયક બન્યા. રસેલ આઠમા સ્થાને રહ્યો, જ્યારે હેમિલ્ટને ચોથું સ્થાન મેળવ્યું. આ બંને પરિણામોને કારણે એન્ટોનેલીને અમેરિકામાં જ ચેમ્પિયન જાહેર કરી શકાયો નહીં. પરંતુ હવે પરિસ્થિતિ તેના પક્ષમાં ઘણી મજબૂત બની છે. એન્ટોનેલી ૩૬૫ પોઈન્ટ સાથે બીજા ક્રમે રહેલા રસેલ કરતાં ૧૨૩ પોઈન્ટ આગળ છે.

**એન્ટોનેલી આ વર્ષનો વર્લ્ડ ચેમ્પિયન બનવા માટે નિશ્ચિત**

## એઆઈ એજન્ટે કમ્પ્યુટર સિસ્ટમમાં પ્રવેશ કર્યો તેવી ચેતવણી

# ભારતીય એમએસએમઈ પર સાયબર હુમલાઓની સંખ્યામાં બાવન ટકાનો વધારો

નવી દિલ્હી,તા.૨૬

ભારતના નાના અને મધ્યમ કદની કંપનીઓ પર 'બેકડોર માલવેર' હુમલાઓ વર્ષ ૨૦૨૬ના પ્રથમ છ મહિનામાં ગત વર્ષની સરખામણીમાં ૫૨.૧ ટકા વધ્યા હતા. તેવું એક સાયબર સિક્યોરિટી કંપનીએ જણાવ્યું છે. કેસ્પરસ્કી સિક્યોરિટી નેટવર્ક ડેટાએ દર્શાવ્યું છે કે સ્મોલ એન્ડ મીડિયમ બિઝનેસિસ (એસએમબી) પર ૨૦૨૫ના પ્રથમ છ મહિનામાં ૨.૯૭ 'બેકડોર' નોંધાયા હતા. જે ૨૦૨૫ના પ્રથમ છ મહિનામાં વધીને ૪.૦૮ લાખ થયા હતા. ઓથેન્ટિકેશન બાયપાસ કરીને સાયબર હુમલાખોરો કમ્પ્યુટર સિસ્ટમમાં પ્રવેશ કરી શકે છે અને ડેટા ચોરી શકે છે અથવા વધુ હુમલાઓ કરી શકે છે.

## બેકડોર હુમલા પછી સાયબર ઠગો ડેટા ચોરી શકે છે : એક વર્ષમાં ૮૬ ટકા એસએમબી કંપનીઓ સાયબર હુમલાનો ભોગ બન્યા હતા

'બેકડોર' ગોઠવાઈ જાય તે પછી સાયબર હુમલાખોરો ડેટા ચોરવા પાછા પ્રવેશી શકે છે, નેટવર્કમાં વધુ અંદર જઈ શકે છે અથવા વધુ હુમલાઓ કરી શકે છે. સાયબર હુમલાખોરોની એક પદ્ધતિને બેકડોર ટ્રોજન્સ કહેવામાં આવે છે. આ સૌથી જોખમી અને વધુમાં વધુ ઉપયોગમાં લેવાતું માલવેર (એક પ્રકારનો કમ્પ્યુટર વાઈરસ જે ખાનગી માહિતી ચોરે છે.) રિમોટ ડેસ્કટોપ પ્રોટોકલ (આરડીપી) પરના સાયબર હુમલાઓની સંખ્યામાં ઘટાડો થયો છે. વર્ષ ૨૦૨૫ના પ્રથમ છ મહિનામાં થયેલા હુમલાઓની સરખામણીમાં ૨૦૨૬ના પ્રથમ છ મહિનામાં ૨૬.૩ ટકાનો ઘટાડો થયો હતો. વર્ષ ૨૦૨૬ના જાન્યુઆરીથી જૂન સુધી આરડીપી હુમલાઓની સંખ્યા ૩૭.૩૮ લાખ હતી અથવા પ્રતિ દિન ૨૦,૬૫૦ પ્રયત્નો હતા. સોફ્ટવેરની નબળાઈઓનો ફાયદો ઉઠાવીને કરાયેલા હુમલાઓની સંખ્યામાં ગત વર્ષના સમાન સમયગાળાની સરખામણીમાં ૩૫.૧ ટકા ઘટીને ૪.૬૩ લાખ થઈ હતી.

એસએમબીઓ સામે સોફ્ટવેર એક્સપ્લોઈટ્સ (સોફ્ટવેરની નબળાઈઓથી થતી ઘૂસણખોરી), ફિશીંગ, માસ માલવેર અને રેનસમવેર જેવા સાયબર હુમલાઓના જોખમો હોય છે. તાજેતરમાં કેસ્પરસ્કીએ કરેલા વૈશ્વિક એસએમબીએના સરવેમાં આ હકીકત જાણવા મળી હતી.

છેતરપિંડીવાળા ઈમેઈલ અથવા મેસેજિસ દ્વારા લોકોના પાસવર્ડ અને બેંક સંબંધી ગુપ્ત માહિતી મેળવવામાં આવે છે તેને ફિશીંગ કહેવાય છે. કમ્પ્યુટરમાંની કોઈ ફાઈલને સાયબર ઠગો દ્વારા એન્ક્રિપ્ટ (લોક કરી દેવું) કરી દેવામાં આવે છે અને તેને ખોલવા નાણાની માગણી કરવામાં આવે છે. તેવી સાયબર ઠગાઈને રેન્સમવેર કહેવામાં આવે છે.

સીઆઈઆરટી-ઈન (કમ્પ્યુટર ઈમર્જન્સી રિસ્પોન્સ ટીમ) દ્વારા ૧૫મી ઓક્ટોબરે ચેતવણી આપવામાં આવી હતી કે એઆઈ એજન્ટ્સ દ્વારા ભારતીય કંપનીઓના 'લાઈવ સિસ્ટમ્સ'માં ઘૂસણખોરી થઈ છે અને પીડિતોનો જાણ વગર ગુપ્ત રેકોર્ડ્સ 'વાંચી' લીધા છે. તે પછી સીઆઈઆરટી-ઈન પીએચપીની નબળાઈઓ બાબતમાં પણ ચેતવણી આપી હતી. વેબ ડેવેલપમેન્ટ્માં સર્વર-સાઈડ પ્રોગ્રામિંગ લેન્ગવેજનું નામ પીએચપી છે.

પીએચપી (હાઈપર ટેક્સ્ટ પ્રિપ્રોસેસર)નો મોટા પ્રમાણમાં વેબ ડેવેલપમેન્ટ માટે ઉપયોગ થઈ રહ્યો છે. ભારતની સર્ટિફિકેટ ઓથોરિટી ઈમુદ્રાના આઠ ઈન્ટરમીડિયેટ સર્ટિફિકેટ્સની પ્રાઈવેટ કીઝમાં પણ ઘૂસણખોરી થઈ હોવાની જાણ થઈ હતી તે પછી ક્રોમ, ફાયરફોક્સ, એપલ અને માઈક્રોસોફ્ટે તેમના ઉપયોગ બંધ કર્યો હતો.

ભારતસહિત ૧૮ દેશોમાંના આઈટી પ્રોફેસન્સલ્સોનો કેસ્પરસ્કી એ સરવે કર્યો હતો. છેલ્લા એક વર્ષમાં ૮૬ ટકા એસએમબી કંપનીઓએ ઓછામાં ઓછા એક વાર સાયબર હુમલાનો ભોગ બન્યા હતા.

## ઈન્ટરનેટ આર્કાઈવ પર મુકી દેવાયો

# સેન્સર બોર્ડના પોર્ટલ પરથી ૫૦૦ ફિલ્મોનો ડેટા લીક થયો

મુંબઈ, તા. ૨૬

સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન-સીબીએફસી-ના પોર્ટલ ઈ-સિનેપ્રમાણન પર સુપરત કરવામાં આવેલો ૫૦૦થી વધારે ફિલ્મોનો પટકથા, કટ ઓર્ડર્સ અને વિતરણના કરારો સહિતનો ડેટા તફડાવી ઈન્ટરનેટ આર્કાઈવ પર મુકી દેવામાં આવતાં ફિલ્મજગતમાં ચિંતા પ્રસરી ગઈ છે.

## સ્ક્રિપ્ટ, વિતરણ કરારોની વિગતો લીક થતાં નિર્માતાઓને ધંધાદારી નુકસાનની સંભાવના

સીબીએફસીના ચેરમેન શશી શેખર વેમ્પાતિએ જણાવ્યું હતું કે અમે આ મામલે તપાસ અને સિક્યુરીટી ઓડિટ કરી રહ્યા છીએ. તપાસ પુરી થયા પછી જ અમે કશું જણાવી શકીશું. ઈન્ટરનેટ આર્કાઈવે જે એકાઉન્ટ પર આ ડેટા મુકવામાં આવ્યો હતો તે એકાઉન્ટ દૂર કરી દઈ સેન્સરબોર્ડને તથા સર્ટ ઈનને આ બાબતની જાણ કરી આ મામલે સાયબરક્રાઈમ ઓથોરિટી સમક્ષ ફરિયાદ નોંધાવી હતી.

સીબીએફસીના જણાવ્યા અનુસાર ચોથી ઓક્ટોબરે આ પોર્ટલ પર ફાઈલ્સ અપલોડિંગનું કામ અટકી ગયું હતું. હાલ ચાલી રહેલી તપાસને અંતે જ કેટલી માહિતી લીક થઈ છે તે જાણી શકાશે. ફિલ્મોના વિતરણ વિશેના ત્રણ કોન્ટ્રેક્ટનો પણ લીક થયેલી સામગ્રીમાં સમાવેશ થાય છે. વિદેશી ફિલ્મો 'ધ સિક્રેટ એજન્ટ' અને 'ગુડલક હેવ ફન ડોન્ટ ડાઈ' ફિલ્મોના લાઈસન્સિંગ માટે ચૂકવાયેલી ફીની વિગતો પણ લીક થઈ છે. આ ડેટામા ફિલ્મોનો સમાવેશ થતો નથી પણ નિર્માતાઓને ચિંતા છે કે તેમની ફિલ્મો રિલિઝ થાય તે પહેલાં જ તેના અંત વિશેની માહિતી જાહેર થઈ જશે તો તેમને મોટો ફટકો પડશે.

આ રેકોર્ડ્સ ડાઉનલોડ માટે ઈન્ટરનેટ આર્કાઈવ પર મુકી દેવામાં આવ્યો હતો જેને બાદમાં ડેટાલીકની જાણ થતાં જ હટાવી લઈ તે અંગે ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

## "કાં તો છોકરાને ગોળી મારો, કાં તો નગ્ન પરેડ કરો"

# કોલકાતામાં ગર્લફ્રેન્ડને 'કિસ' કરવા બદલ છોકરા અને પિતાની નગ્ન પરેડ કરાવાઈ

(પીટીઆઈ) કોલકાતા,તા.૨૬

ગર્લફ્રેન્ડને કિસ કરવા બદલ ૧૭ વર્ષનો છોકરો, એના પિતા તથા મિત્રને દક્ષિણ કોલકાતાના વિસ્તારની ગલીઓમાં નગ્ન પરેડ કરાવાઈ એના બીજા દિવસે સોમવારે પોલીસે છોકરીના માતા-પિતા અને મામાની અટક કરી છે.

છોકરાના પિતાએ આક્ષેપ કર્યો કે એમના પર હુમલો કરાયો હતો. ૧૩ વર્ષની છોકરીના મામાએ એમને બંદૂક પકડાવીને જણાવ્યું કે મારે કાંતો મારાં પુત્રને ગોળી મારવી અથવા એની સાથે નગ્નાવસ્થામાં પરેડ કરવી.

ત્રણ જણની ઉપરોક્ત નગ્ન પરેડથી વિસ્તારના લોકોનો રોષ ફાટી નીકળ્યો હતો. છોકરીના પરિવારે છોકરી-છોકરાને 'કિસ' કરતા ઝડપી લીધા હતા. જેના પગલે છોકરો અને એના મિત્રને એક રૂમમાં પૂરી દઈને છોકરીના માતા-પિતા તથા મામાએ એમના પર હુમલો કર્યો હતો. એ પછી છોકરા પર દબાણ કરી એના પિતાને સ્થળ પર બોલાવડાવ્યા હતા. પિતા ત્યાં પહોંચતા છ જણે એમના પર હુમલો કર્યો. લોકોએ અમારી નગ્ન પરેડનો વિડિયો ઉતાર્યો કે જે અમારાં માટે અત્યંત અપમાનજનક બની રહ્યું હતું, એમ છોકરાના પિતાએ પત્રકારોને કહ્યું.

## મેક્સિકોમાં ભારે વરસાદ અને પૂરની શક્યતા

# વેંસ વાવાઝોડાને પગલે મેક્સિકોમાં ૧૮૦૦૦ પોલીસકર્મીઓ તૈનાત

નવી દિલ્હી, તા. ૨૬

એશિયાનાં કેટલાક વિસ્તારોમાં ચાંપી વાવાઝોડાનો પ્રકોપ જોવા મળ્યો છે. તેના કારણે તાઈવાનમાં મોટા પાયે નુકસાન થયું છે. ચીનમાં પણ આ વાવાઝોડાની અસર જોવા મળી છે.

## પર્વતીય વિસ્તારોમાં ભૂસ્ખલનની પણ આશંકા : ૧૧૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફુંકાવાની સંભાવના

હવે આવું જ એક વાવાઝોડું પેસેફિક મહાસાગરમાં ઉદ્દ્ભવીને મેક્સિકોની તરફ આગળ વધી રહ્યું છે. તેનું નામ વેંસ રાખવામાં આવ્યું છે. જો કે ધીમે ધીમે આ વાવાઝોડાની તાકાત ઘટી રહી છે.

આ વાવાઝોડાની શક્તિ ઘટી હોવા છતાં ઝડપી પવનો સાથે ભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે. જેના કારણે સાવચેતીનાં ભાગરૂપે મેક્સિકોમાં ૧૮૦૦૦ પોલીસકર્મીઓ તૈનાત કરવામાં આવ્યા છે. પેસેફિક સમુદ્રમાં સક્રિય આ ઉષ્ણકટિબંધીય તોફાન વેન્સની તાકાત ધીમે ધીમે ઘટી રહી છે. આમ છતાં મેક્સિકોનાં અનેક રાજ્યોમાં ભારે વરસાદ અને અચાનક પૂરનો ખતરો બની રહ્યો છે. અમેરિકાનાં નેશનલ હરિકેન સેન્ટરનાં જણાવ્યા અનુસાર તોફાનને કારણે પર્વતીય વિસ્તારોમાં ભૂસ્ખલનની પણ આશંકા છે.

ઉલ્લેખનીય છે કે વેંસ શુક્રવાર સુધી બીજી શ્રેણીનું હરિકેન હતું. હવે તે નબળું પડીને ઉષ્ણકટિબંધીય તોફાનમાં પરિવર્તિત થઈ ગયું છે. જો કે તેની હવાઓની ઝડપ હજુ પણ ૭૦ માઈલ પ્રતિ કલાક એટલે કે ૧૧૦ કિલોમીટર પ્રતિ કલાક સુધી પહોંચી ગઈ છે.

હવામાન વૈજ્ઞાનિકોએ મેક્સિકોનાં કોલિમા, નયારિત અને સિનાલોઆ રાજ્યોની સાથે મિચોઆકાન, હાલિસ્કો અને દુરાંગોનાં કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે.

આ વિસ્તારોમાં પાંચથી દસ સેન્ટિમીટર સુધી વરસાદ પડી શકે છે. કેટલાક વિસ્તારોમાં વરસાદનો આંકડો ૧૭ સેન્ટિમીટર સુધી પહોંચી શકે છે.

## અર્ણબ વાવાઝોડાંનું

(પહેલા પાનાનું ચાલુ)

દરિયાકાંઠે વિકરાળ મોજાં જોવા મળશે. તીવ્ર વરસાદની શક્યતા હોવાથી ઘણાં વિસ્તારોમાં પાણી ભરાઈ શકે છે. કાંઠા વિસ્તારમાં રહેતા લોકોને સાવધાન રહેવાની સલાહ આપવાની સાથે સાથે આ રાજ્યોના કાંઠાં વિસ્તારમાં રહેતા અંદાજ છ લાખ લોકો પ્રભાવિત થાય તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

ઉત્તર પ્રદેશ, બિહાર, મધ્યપ્રદેશ, દિલ્હી, રાજસ્થાન, હિમાચલ પ્રદેશ, જમ્મુ-કાશ્મીર સહિત કેટલાય રાજ્યોમાં ૭૦થી ૧૦૦ કિલોમીટર પ્રતિકલાકની ઝડપે આગામી બે દિવસ સુધી પવન ફૂંકાશે. ત્રણ દિવસ સુધી ગરમીમાં રાહત થશે. પૂર્વોત્તર રાજ્યોમાં હળવા વરસાદની આગાહી છે.

## વિધાનસભા ચૂંટણી પહેલા ભાજપે કમરકસી

# યૂપી ભાજપની વર્કિંગ કમિટીમાં પીએમ, સીએમ સહિત ૩૦ સ્થાયી સભ્યો

લખનૌ, તા. ૨૬

ઉત્તર પ્રદેશમાં ચૂંટણી પહેલા ભાજપે વર્કીંગ કમિટી ૨૦૨૬ની જાહેરાત કરી છે. પાર્ટીએ કાર્યકારી સમિતિના સભ્યોની યાદી, કાયમી આમંત્રિતો અને ખાસ આમંત્રિતો સહિત જાહેરાત કરી છે.

## સ્થાપી અને વિશેષ આમંત્રિતમા રાષ્ટ્રીય અને રાજ્યના મુખ્ય ચહેરા સમાવ્યા

આ યાદીમા વડાપ્રધાન નરેન્દ્ર મોદી, યોગી આદિત્યનાથ, રાજનાથ સિંહ અને મુરલી મનોહર જોશી સહિત ઘણા મોટા નેતાઓના નામ સામેલ કર્યા છે.

ભાજર તરફથી જાહેર કરવામાં આવેલ યાદી મુજબ પ્રદેશ કાર્ય સમિતિમા કુલ ૫૪૮ સભ્યો છે. આ ઉપરાંત ૩૦ સ્થાઈ આમંત્રિત સભ્યો અને ૧૩૪ વિશેષ આમંત્રિત સભ્યોની જાહેરાત કરવામાં આવી છે. પાર્ટીની આ જાહેરાતમાં રાષ્ટ્રીય સ્તરના નેતાઓ સાથે ઉત્તર પ્રદેશની રાજનીતિ સાથે જોડાયેલા વિવિધ મુખ્ય ચહેરાનો સમાવેશ કરાયો છે.

ભાજપે ૧૩૪ વિશેષ આમંત્રિત સભ્યોની જાહેરાત કરી છે. જેમાં અરુણ સિંહ, રાધા મોહનદાસ અગ્રવાલ, સુરેશ નાગર, રાજેશ અગ્રવાલ, રાજકુમાર ચાહર અને ગૌરવ ભાટિયા સહિત જાણીતા ચહેરાઓનો સમાવેશ કર્યો છે. બેબી રાની મોર્ય અને સુરેશ ખન્નાના નામ પણ સામેલ કર્યા છે.

ભાજપની પ્રદેશ કાર્યસમિતિમાં કુલ ૫૪૮ સભ્યોનો સમાવેશ કર્યો છે. તેમાં સત્યપાલ સિંહ, સરિતા ચૌધરી, મુનશીલાલ ગૌતમ, રવિન્દ્ર રાજૌરા, સતીશ શર્મા અને અમિત વાલ્મીકિ સહિત ઘણા નેતાઓનો સમાવેશ કર્યો છે. પાર્ટીએ આ યાદીઓ દ્વારા પ્રદેશ સંગઠનની કાર્યસમિતિ અને આમંત્રિત સભ્યોના નામ જાહેર કર્યા છે.

## ૨૦૨૭ ની રાજ્ય વિધાનસભા ચૂંટણી અગાઉ

# ઉત્તરાખંડમાં ભાજપ-કોંગ્રેસ માટે જોખમનું સિગ્નલ : સ્થાનિક ૧૪ દળો મોરચો રચશે

દહેરાદૂન,તા.૨૬

ઉત્તરાખંડમાં આગામી વિધાનસભા ચૂંટણી માટે વિભિન્ન ક્ષેત્રીય દળો પોતાનો જુદો મોરચો રચી શકે છે, જે ભાજપ અને કોંગ્રેસને ટક્કર આપી શકે છે. ઉત્તરાખંડ ક્રાંતિ દળની પહેલથી દહેરાદૂનમાં રવિવારે થયેલા 'મંથન૨૦૨૭-ક્ષેત્રીય એકતાથી ઉત્તરાખંડનો રાજકીય વિકલ્પ' કાર્યક્રમમાં આ મુદ્દે વિચારવિમર્શ કરવામાં આવ્યો.

## દહેરાદૂનમાં યોજાયેલી બેઠકમાં સામાજિક સંગઠનો, જન સંગઠનો અને રાજ્યના આંદોલનકારીઓ પણ જોડાયા

આ દરમિયાન સ્થાનિક ૧૪ દળોએ અલગ મોરચાનો હૂંકાર કર્યો છે. આ ક્ષેત્રીય દળો પરસ્પર હાથ મિલાવે તો આગામી રાજ્ય વિધાનસભા ચૂંટણીમાં સમીકરણ બદલાઈ શકે છે. ખાસ કરીને ભાજપ તથા કોંગ્રેસને ટક્કર મળી શકે છે.

દહેરાદૂનના જિલ્લા પંચાયત ભવનમાં યોજાયેલા કાર્યક્રમમાં ઉત્તરાખંડના સ્થાનિક રાજકીય દળો, સામાજિક સંગઠનો, રાજ્ય આંદોલનકારીઓ, વિભિન્ન જનસંગઠનોના પ્રતિનિધિઓએ ભાગ લીધો. બેઠકનો મુખ્ય ઉદ્દેશ સ્થાનિક રાજકીય તાકાતોનું સંગઠન, સંભવિત મોરચાની રચના, સહિયારો લઘુત્તમ કાર્યક્રમ તથા સંયુક્ત ચૂંટણી સંબંધી રણનીતિની સંભાવનાઓ વિષેનો વિચાર વિમર્શ રહ્યો.

વકતાઓએ જણાવ્યું કે પ્રદેશના સળગતા પ્રશ્નોને રાજકીય ચર્ચાના કેન્દ્રમાં આણવા માટે સ્થાનિક દળોએ આપસી મતભેદો ભૂલી જઈ સંવાદ અને સહયોગની દિશામાં આગળ વધવું પડશે. ઉત્તરાખંડ ક્રાંતિ દળ 'મેરી જમીન મેરા અભિમાન'નું આયોજન કરાશે. સામાન્ય જનતાને જમીન સંબંધી કાયદાની બારીકીઓના મુદ્દે જાગૃત કરાશે. સ્થાનિક પ્રજા પોતાની પૂર્વજોની જમીનને બહારના લોકોને વેચે નહિ એ માટે જનજાગૃતિ અભિયાન ચલાવાશે.

આ દરમિયાન મૂળ નિવાસ, મજબૂત ભૂ-કાનૂન, જળ-જંગલ-જમીન પર સ્થાનિક પ્રજાના અધિકાર, બેરોજગારી, પરિસીમન તથા ઉત્તરાખંડના સંસાધનો પર રાજ્યની પ્રજાના અધિકાર જેવા વિષયોના મુદ્દે ચર્ચા-વિચારણા થઈ.

વકતાઓએ જણાવ્યું કે સ્થાનિક દળોમાં સમન્વય જરૂરી છે. દળોએ આગામી ચૂંટણીમાં એક અસરકારક વિકલ્પના રૂપમાં આગળ વધવાનો સંકલ્પ કર્યો. આ માટે સ્થાનિક દળો આપસમાં સતત ચર્ચા શરૂ કરશે.

## કોંગ્રેસે દેખાવકારોને ટેકો જાહેર કર્યો

# જામિયાનાં વિદ્યાર્થીઓનો દેખાવો બંધ કરવાનો ઈનકાર

(પીટીઆઈ) નવી દિલ્હી, તા. ૨૬

જામિયા મિલ્લિયા ઈસ્લામિયા સ્ટુડન્ટ્સ યુનિયનને ફરી શરૂ કરવાની માંગ કરી રહેલા વિદ્યાર્થીઓએ સોમવારે પોતાના દેખાવો બંધ કરવાનો ઈનકાર કરી દીધો હતો. તેમની માંગ છે કે યુનિવર્સિટી ચૂંટણીની તારીખ જાહેર કરે.

## યુનિયનનાં બંધારણને મંજૂરી મળ્યા પછી ૧૫ દિવસમાં ચૂંટણીનું આયોજન કરવાની યુનિવર્સિટીની જાહેરાત

બીજી તરફ યુનિવર્સિટીએ એક આદેશ જારી જણાવ્યું છે કે યુનિયનનાં બંધારણને મંજૂરી મળ્યા પછી ૧૫ દિવસની અંદર ચૂંટણી યોજવામાં આવશે.

જામિયા નગરમાં સૈયદા મંઝિલમાં જામિયા કલેક્ટિવની તરફથી આયોજિત એક પ્રેસ કોન્ફરન્સમાં જુના વિદ્યાર્થીઓ, યુનિવર્સિટીનાં ફાઉન્ડિંગ પરિવારનાં સભ્યો, કલાકારો, વકીલો અને વિદ્યાર્થીઓનાં પ્રતિનિધિઓએ દેખાવકારો સાથે એકતા દર્શાવી હતી અને કેમ્પસમાં ડેમોક્રેટિક જગ્યાઓને ફરીથી શરૂ કરવાની માંગ કરી હતી.

કોંગ્રેસે પણ જણાવ્યું છે કે તે એ દેખાવો કરી રહેલા વિદ્યાર્થીઓની સાથે છે અને તેમના સપોર્ટમાં છે જે પોતાના વિદ્યાર્થી સંગઠનને ફરીથી શરૂ કરવા રાજકીય તાકાતની માંગ કરી રહ્યાં છે.

ઉલ્લેખનીય છે કે એક દિવસ પહેલા જ યુનિવર્સિટીનાં રજિસ્ટ્રારની ફરિયાદ પછી કોંગ્રેસનાં બે સાંસદો પર મંજૂરી વગર ઘૂસવા સહિતનાં આરોપો અંગે કેસ દાખલ કરવામાં આવ્યો હતો.

કોંગ્રેસનાં ઓર્ગેનાઈઝેશન જનરલ સેક્રેટરી કે સી વેણુગોપાલે આરોપ મૂક્યો હતો કે યુનિવર્સિટીનાં અધિકારીઓએ કડક વલણ અપનાવ્યું છે અને દેખાવકારોનું ધ્યાન ભટકાવવા અને તેમને બદનામ કરવા કેન્દ્ર સરકાર પાસેથી ઈન્સ્ટ્રકશન લઈ રહ્યાં છે.

સોમવારે દેખાવો ૧૫મા દિવસે પહોંચ્યા હતાં. યુનિવર્સિટીએ આદેશ આપ્યો છે કે યુનિયનનાં બંધારણને મંજૂરી મળ્યા પછી ૧૫ દિવસની અંદર વિદ્યાર્થી સંગઠનની ચૂંટણી કરાવવામાં આવે.

## ગુવાહાટી હોટેલમાં

(પહેલા પાનાનું ચાલુ)

**એરિયામાં આવેલી બિલાસ ઈન હોટેલમાં બની હતી. ઘટનાના બહાર આવેલા વિડીયોમાં રિસેપ્શન પાસે લોકોના મૃતદેહ જોવા મળે છે.**

**ઘટના અંગે મળતી વિગતો મુજબ હુમલાખોરોએ છ લોકોના એક જૂથ પર ગોળીબાર કર્યો હતો. તેમા બે મહિલા પણ હતી. આ હુમલામાં ઘણા બધા લોકોને ઈજા થઈ છે અને ઈજાગ્રસ્તોમાં હોટેલોના કર્મચારીઓ હોવાની પણ વાત સામે આવી છે. ગુવાહાટીના પોલીસ કમિશ્નર પાર્થસારથિ સહિતનો પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો છે. પોલીસે તપાસ શરૂ કરી દીધી છે. આ હુમલા પાછળનું કારણ હજી સુધી બહાર આવ્યું નથી. મૃતકોની ઓળખ અને શંકાસ્પદે અંગે પણ કોઈ માહિતી બહાર આવી નથી. આ બનાવના પગલે આખા ગુવાહાટીમાં પોલીસે એલર્ટ જાહેર કર્યુ છે. શંકાસ્પદોની સઘન ચકાસણી કરવામાં આવી રહી છે.**

જોઈએ છે.
ડીઝલ જનરેટર સેટ
500 થી 1000 KVA
• સેકન્ડ હેન્ડ • સારી કન્ડીશનમાં
92288 18874

E-AUCTION NOTICE
SALVAGE SALE
M/s. Art D Print, Moraiya, Ahmedabad invites offers for the Water affected Salvage of Various Types of Paper Stock. The e-auction will be held on 17.11.2026 on the S P Auctions platform www.spauctions.in on an "As is where is" basis with all its defects, and as per terms & conditions mentioned in the E-Auction Catalog. The salvage is available for inspection at 48, Mahagujarat Industrial Estate, Opp. Hotel Sarvodaya, Sarkhej - Bavla Road, Moraiya, Dist. Ahmedabad Gujarat - 382213. For further information, inspection of salvage material, purchase of the E-Auction catalog, and participation, please visit the S P Auctions website or contact Mr. Sandeep Gadambe at [illegible] (S P Auctions) or Mr. Jigar Khamar - 99246 74820 (Art D Print). The salvage disposal e-auction process is being done under the supervision of Bhatwadekar Insurance Surveyors, Mumbai.

ઈ-હરાજી વેચાણ નોટિસ

દેવાળુ અને દેવાળિયાપણુ સંહિતા, 2016 અંતર્ગત
(આઈબીબીઆઈ (કોર્પોરેટ દેવાદારોના વ્યકિતગત જામીનદારો માટે નાદારી પ્રક્રિયા)
નિયમનો, 2019 ના નિયમન 27 ને અનુસૂચિ I સાથે વાંચતા)
નાદારની મિલકતનું વેચાણ - શ્રી મેહુલકુમાર અરવિંદભાઈ પટેલ [સી.પી. (આઈબી)નં. 387 (AHM)/2025],
વ્યકિતગત જામીનદાર મેસર્સ મેપ રીફોઈલ્સ ઈન્ડિયા લિમિટેડ

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે નીચે વર્ણવેલી મિલકતો જે ઉપર જણાવેલ નાદાર વ્યક્તિની મિલકતનો ભાગ છે, તેનું વેચાણ અત્રેના નીચે સહી કરનાર દ્વારા કરવામાં આવશે, જેમની નિમણૂંક માનનીય નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ અમદાવાદ બેન્ચ દ્વારા તારીખ 15.05.2026 ના આદેશ અનુસાર નાદારી ટ્રસ્ટી તરીકે કરવામાં આવી છે. આ વેચાણ ઈ-હરાજી દ્વારા લોટ-દીઠ, જેમા દરેક લોટ નુ વેચાણ 'જ્યાં જેમ છે', જે કાંઈ છે' 'ત્યાં જે કાંઈ છે' અને 'કોઈ દાવા માન્ય નહીં' ના આધારે, ઈ-હરાજી પ્લેટફોર્મ https://www.eauctions.co.in થી હાથ ધરાશે.

| લોટ નં. | મિલકતનું ટૂંકુ વર્ણન | અનામત કિંમત / ઈએમડી (રૂ.) |
|---|---|---|
| 1 | ઓફિસ નં. 1007, 10 મો માળ, બ્લોક ડી 'ગણેશ મેરિડિઅન' ગુજરાત હાઈકોર્ટ સામે' એસ. જી. હાઈવે, સોલા, અમદાવાદ - 380060 અંદાજે સુપર બિલ્ટઅપ એરિયા 1,715 ચો. ફુટ, કાર્પેટ એરિયા 1,029 ચો. ફુટ (95.66 ચો.મી.) સમુચિત 41 ચો.મી. જમીનમાં અવિભાજ્ય હિસ્સો તેમા રહેલ ફર્નિચર અને ફિક્સ્ચર સહિત. પ્રત્યક્ષ કબજો નાદારી ટ્રસ્ટી પાસે ભૌગોલિક કોઓર્ડિનેટ્સ 23° 04' 29.3" N 72° 31'33.6 E. | આરપી: 80,32,500 ઈએમડી : 8,03,250 |
| 2 | રહેઠાણ ફ્લેટ નં. બી/1004, 10 મો માળ, બ્લોક બી, 'પારિજાત રેસિડેન્સી' જજીસ બંગ્લો રોડ, બોડકદેવ, અમદાવાદ - 380054, આશરે 3,857 ચો. ફૂટ એટલે 358.46 ચો.મી. (સુપર બિલ્ટ-અપ), સમુચિત 110.39 ચો.મી., જમીનમાં અવિભાજ્ય હિસ્સો તેમા રહેલ ફિક્સ્ચર સહિત, પ્રત્યક્ષ કબજો નાદારી ટ્રસ્ટી પાસે, ભૌગોલિક કોઓર્ડિનેટસ : 23° 02' 25.0" N 72° 31'10.7" E. | આરપી: 2,78,37,500 ઈએમડી : 27,83,750 |

નોંધ :-
1. પાત્રતા દસ્તાવેજો સુપ્રત કરવાની છેલ્લી તારીખ / કેવાયસી અને ઈએમડી- 04.11.2026 ના સાંજે 5.00 સુધી. ઈ-હરાજી : 05.11.2026, સવારે 11.30 થી બપોરે 1.00 સુધી (દરેકમા અમર્યાદિત 5 મિનિટના વધારા સાથે) નિરીક્ષણ (અગાઉથી એપોઈન્ટમેન્ટ સાથે) 02.11.2026 થી 04.11.2026 સવારે 11.30 થી સાંજે 5.00 સુધી.
2. આ નોટિસને ઈ-હરાજી પ્રોસેસ મેમોરેન્ડમ (ટેન્ડર દસ્તાવેજ) સમાવિષ્ટ મિલકતના વિગતવાર વર્ણન, ખુલાસાઓ, બિડ ફોર્મ અને વેચાણના સંપૂર્ણ નિયમો અને શરતો સાથે વંચાણે લેવું, જે ઉપલબ્ધ છે https://www.eauctions.co.in અને વિનંતી સહ btprocess.Maprefoils@gmail.com. અસંગતતાના કેસમાં, પ્રોસેસ મેમોરેન્ડમ સર્વોપરી રહેશે.
3. નાદારી ટ્રસ્ટી કોઈ પણ બિડ સ્વીકારવા અથવા રદ કરવા, અથવા ઈ હરાજી મુલતવી અથવા રદ કરવા, અથવા કોઈપણ સમયે કોઈપણ લોટ પાછો ખેંચવાનો તેનું કારણ આપ્યા વગરનો હક અબાધિત રાખે છે.
4. બિડ ઉથલો રૂ. 1,00,000 દરેક લોટ માટે. દરેક લોટબિડ માટે અલગ ઈએમડી ભરવાની રહેશે.

તા. 27.10.2026
સ્થળ : અમદાવાદ

સહી
કિંજલકુમાર મધુભાઈ ચૌધરી
શ્રી મેહુલકુમાર અરવિંદભાઈ પટેલના નાદારી ટ્રસ્ટી,
IBBI Reg. No. IBBI/IPA-001/IP-P-02196/2020-2021/13463.
એએફએ માન્ય 31.12.2026
9, બી, વરદાન કોમ્પલેક્ષ, વિમલ હાઉસ પાસે, લખૂડી સર્કલ, નવરંગપુરા, અમદાવાદ-380014



હિમાચલ પ્રદેશના કુલુમાં સાત દિવસના દશેરા તહેવારનું આયોજન કરવામાં આવે છે. આ નિમિત્તે દેવીઓની પાલખી કાઢવામાં આવી હતી અને તેની પૂજા કરવામાં આવી હતી. શ્રદ્ધાળુઓએ તેમા ઉત્સાહ અને ઉમળકાભેર ભાગ લીધો હતો.

## અરૂણાચલ સરહદ વિવાદ મુદ્દે ચીનની પ્રતિક્રિયા

# ભારત સાથે થયેલા કરારનું પાલન કરવા અમે કટિબદ્ધ છીએ : ચીન

બેઈજિંગ, તા. ૨૬

અરૂણાચલ પ્રદેશમાં ભારતીય સૈન્ય સાથે થઈ રહેલા ઘર્ષણ મુદ્દે પહેલી વખત ચીનની પ્રતિક્રિયા સામે આવી છે. ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ કહ્યું હતું કે ચીન ભારત સાથે થયેલા કરારોનું પાલન કરે છે. જોકે, પેટ્રોલિંગના મુદ્દે ચીને કૂટનીતિની ભાષામાં જવાબ આપ્યો હતો.

## પ્રાદેશિક સ્થિરતા માટે સરહદે નિયમિત પેટ્રોલિંગ થતું હોવાનો ચીનના વિદેશ મંત્રાલયનો ખુલાસો

ભારત-ચીન વચ્ચે અરૂણાચલની સરહદે સંઘર્ષ ચાલી રહ્યો છે એવા અહેવાલો વચ્ચે ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ગુઓ જિયાકુને કહ્યું હતું કે ચીન બંને દેશો વચ્ચે થયેલી સમજૂતિ અને સમજદારીથી લેવાયેલા નિર્ણયોનું સખ્તાઈથી પાલન કરે છે. પ્રાદેશિક સ્થિરતા અને વહીવટના ભાગરૂપે સરહદે પેટ્રોલિંગ કરવામાં આવે છે.

ચીનના વિદેશ મંત્રાલયના આ પ્રવક્તાએ ઉમેર્યું કે ભારત-ચીન વચ્ચે લશ્કરી ચેનલના માધ્યમથી વાતચીત ચાલી રહી છે. ચીનને આશા છે કે ભારત પણ આવી જ રીતે બંને પક્ષે સમજદારીથી લેવાયેલા નિર્ણયને લાગુ પાડવા કામ કરશે. બંને દેશો સરહદે શાંતિ જાળવી રાખવા માટે કટિબદ્ધ છે.

ચીનના વિદેશ મંત્રાલયનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે ઈન્ડો-તિબેટિયન બોર્ડર પોલીસના વડા શત્રુજીત કપૂરે કહ્યું હતું કે ભારત-ચીનના લશ્કર વચ્ચે અરૂણાચલ સરહદે ઘણી વખત ઘર્ષણની ઘટનાઓ બની છે. તેમના આ નિવેદન પછી ભારત-ચીન વચ્ચે ચાલી રહેલા સરહદી વિવાદની ચર્ચા ફરીથી જાગી હતી.

## ચાઈનીઝ કમ્યુનિસ્ટ પાર્ટીના પ્લેનરી સત્રનો આજથી પ્રારંભ

# સીસીપીની બેઠક જિનપિંગનો ચોથો કાર્યકાળ સુનિશ્ચિત કરશે

બૈજિંગ,તા.૨૬

ચાઈનીઝ કમ્યુનિસ્ટ પાર્ટીએ ચાર દિવસના પ્લેનરી સત્રનો પ્રારંભ કર્યો છે. આ સત્ર અત્યંત મહત્ત્વનું માનવામાં આવે છે કેમકે તેના આધારે જ શી જિનપિંગના બીજા પાંચ વર્ષના ચોથા કાર્યકાળને સુનિશ્ચિત કરવામાં આવશે. તેની સાથે પક્ષની નવી નેતાગીરીને પણ પસંદ કરવામાં આવશે.

હાલમાં ૭૩ વર્ષના જિનપિંગે સળંગ ત્રણ ટર્મ સુધી પક્ષ, દેશ અને લશ્કરના વડા તરીકે લગલગાટ સત્તા ભોગવી છે.

તેઓ પક્ષના હાઈ પાવર્ડ પોલિટિકલ બ્યૂરો સમક્ષ પોતાનો વર્ક રિપોર્ટ રજૂ કરશે. આ ઉપરાંત પક્ષના સેલ્ફ ગવર્નન્સને લઈને કેટલાક મુદ્દાઓ પર પ્રવર્તતી ગંભીર ચિંતાઓ અંગે પણ તેમનો ડ્રાફ્ટ રજૂ કરશે.

## વાણિજય અને ઉદ્યોગ પ્રધાન પિયૂષ ગોયેલની જાહેરાત

# અમેરિકા-ભારત વચ્ચેની દ્વિપક્ષીય વેપાર સમજૂતીને અંતિમ સ્વરૂપ અપાઈ રહ્યું છે

નવી દિલ્હી, તા. ૨૬

વાણિજય અને ઉદ્યોગ પ્રધાન પિયૂષ ગોયલે જણાવ્યું છે કે ભારત અને અમેરિકા વચ્ચે પ્રસ્તાવિત દ્વિપક્ષીય વેપાર સમજૂતી અંગે મોટા ભાગની મંત્રણા પૂર્ણ થઈ ગઈ છે અને હવે તેઓ આ સમજૂતીને અંતિમ સ્વરૂપ આપી રહ્યાં છે.

## નેધરલેન્ડના હેગમાં ઈન્ડિયા નેધરલેન્ડ બિઝનેસ ફોરમને સંબોધિત કરતા ગોયેલે આપેલી માહિતી

ભારત-અમેરિકા વેપાર સમજૂતી અંગે વાત કરતા તેમણે જણાવ્યું હતું કે અમે મોટા ભાગની વાતચીત પૂર્ણ કરી લીધી છે અને હવે સમજૂતીને અંતિમ સ્વરૂપ આપી રહ્યાં છીએ.

પ્રધાન બે દિવસની યાત્રા હેઠળ નેધરલેન્ડનાં હેગમાં છે. તેમની સાથે વેપારી મંત્રીમંડળ પણ છે. ઈન્ડિયા નેધરલેન્ડ બિઝનેસ ફોરમને સંબોધિત કરતા તેમણે જણાવ્યું હતું કે ભારતે છેલ્લા સાડા ચાર વર્ષોમાં ૯ મુક્ત વેપાર સમજૂતી (એફટીએ) કરી છે.

ઉલ્લેખનીય છે કે ફેબ્રુઆરીમાં અમેરિકા અને ભારતે દ્વિપક્ષીય વેપાર સમજૂતી (એફટીએ)નાં પ્રથમ તબક્કાને અંતિમ સ્વરૂપ આપવાની જાહેરાત કરી હતી.

જો કે અમેરિકામાં ટેરિફ માળખામાં આવેલા ફેરફારોને કારણે આ સમજૂતી પર ફરીથી મંત્રણા થઈ રહી છે.

આ મહિનાની શરૂઆતમાં ગોયલે જણાવ્યું હતું કે બંને દેશોએ ફેબ્રુઆરીમાં એક વચગાળાની વેપાર સમજૂતી માટે રૂપરેખા તૈયાર કરવાની જાહેરાત કરી હતી.

જો કે હવે સ્થિતિ હવે બદલાઈ ગઈ હોવાથી આ સમજૂતીને નવી સ્થિતિને અનુરૂપ અંતિમ સ્વરૂપ આપવામાં આવશે.

ગોયલે ઈન્ડસ્ટ્રી ચેમ્બર પીએચડીસીસીઆઈને સંબોધિત કરતી વખતે આ વાત જણાવી હતી. તેમણે જણાવ્યું હતું કે ઈઝરાઈલ, ચિલી, જીસીસી (ગલ્ફ કોઓપરેશન કાઉન્સિલ) અને રશિયાનાં નેતૃત્ત્વવાળા યુરેશિયન ઈકોનોમિક યુનિયન (ઈએઈયુ) સહિત અનેક સાથે વેપાર સમજૂતી અંગે મંત્રણા ચાલી રહી છે.

ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ મધ્યે
[illegible]
ઈમેઈલ : ol-ahmedabad-mca@nic.in

# બોલિવૂડની દિવાળી પાર્ટીમાં કુશા કપિલા છવાઈ


મૃણાલ ઠાકુર


સોફી ચૌધરી


કુશા કપિલા


શ્રિયા સરન


અહસાસ ચન્ના


અંજની ધવન


નિમરત કૌર


ઉર્મિલા માંતોડકર

દિવાળીના તહેવારને હજુ સમય છે, પરંતુ બોલિવૂડમાં તેની ઉજવણીનો માહોલ અત્યારથી જ જામવા લાગ્યો છે. મુંબઈમાં યોજાયેલી 'IBTIDA-એક મહેફિલ'ની દિવાળી પાર્ટીમાં ફિલ્મજગતની અનેક હસ્તીઓ ટ્રેડિશનલ આઉટફિટમાં જોવા મળી હતી. કુશા કપિલા અને મૃણાલ ઠાકુરે પોતાના ફેસ્ટિવ લુકથી ખાસ ધ્યાન ખેંચ્યું હતું. આ પાર્ટીમાં સાડી, ભરતકામવાળા સૂટ, પરંપરાગત આભૂષણો અને આધુનિક ડિઝાઈનના સુંદર મિશ્રણ જોવા મળ્યાં હતાં. મૃણાલ ઠાકુરે બ્લેક અને ગોલ્ડન રંગનું ક્લાસિક કોમ્બિનેશન પસંદ કર્યું હતું. મૃણાલનો લુક સિમ્પલ અને એટ્રેક્ટીવનું મિશ્રણ રજૂ કરતો હતો. અભિનેત્રી શ્રિયા સરન પણ પાર્ટીમાં હાજર રહી હતી. સોફી ચૌધરી અને મેધા શંકરે પણ પોતાના પરંપરાગત અંદાજથી ધ્યાન ખેંચ્યું હતું. ઉ મલા માર્તોડકર અને નિમરત કૌર સહિતની અભિનેત્રીઓએ પણ ફેસ્ટિવ ફેશનને અનુરૂપ આઉટફિટ પસંદ કર્યા હતા. પાર્ટીમાં કુશા કપિલા, અંશુલા કપૂર, અહસાસ ચન્ના, અંજિની ધવન અને મીઝાન સહિતના કલાકારો જોવા મળ્યા હતા. શ્વેતા ત્રિપાઠી પતિ ચૈતન્ય શર્મા સાથે હાજર રહી હતી. હુમા કુરેશી પણ પોતાના બોયફ્રેન્ડ રચિત સિંહ સાથે આવી હતી. અપારશક્તિ ખુરાના અને આકૃતિ ખુરાના, તેમજ આલિયા કશ્યપ અને તેમના પતિ શેન ગ્રેગોઈર પણ ઉજવણીમાં જોડાયાં હતાં. દિવાળીની પાટીઓ બોલિવૂડમાં માત્ર મેળાવડાનું માધ્યમ નથી, પરંતુ સેલિબ્રિટીઝના ફેશન સ્ટેટમેન્ટ માટે પણ મહત્વનું પ્લેટફોર્મ બની રહી છે. પરંપરાગત ભારતીય પોશાકને આધુનિક ડિઝાઈન અને આકર્ષક એસેસરીઝ સાથે રજૂ કરવાની સ્ટાઈલ આ પાર્ટીમાં જોવા મળી હતી. તહેવારની ઉજવણી શરૂ થતાં જ બોલિવૂડની આ ફેશન ઝલકે આગામી દિવસોમાં યોજાનારી દિવાળી પાર્ટીઓ માટે ઉત્સુકતા વધારી છે.

### અવિનાશ અરુણે સીરિઝ છોડી

## પાતાલલોક સીઝન થ્રીના ડાયરેક્ટર જ બદલાઈ ગયા, સુદીપ શર્માને સુકાન

મુંબઈ, તા. ૨૬

પોલીસ ઓફિસર હાથીરામ ચૌધરી યાને જયદીપ અહલાવતની લોકપ્રિય વેબ સીરિઝ 'પાતાલલોક'ની ત્રીજી સીઝનનું નિર્દેશન સુદીપ શર્મા કરશે તેવી જાહેરાત પહેલી બે સીઝનનું નિર્દેશન કરનારા અવિનાશ અરૂણે કરતાં આ સીરિઝના ચાહકો ચોંકી ગયા છે.



પત્રકારની હત્યાના પ્રયાસની તપાસ કરતાં પોલીસ અધિકારીના પાત્રમાં જયદીપ અહલાવત ખૂબ લોકપ્રિય બનતાં આ સીરિઝ હીટ થતાં હવે તેની ત્રીજી સીઝનની જાહેરાત કરવામાં આવી છે. અવિનાશ અરૂણે જણાવ્યું હતું કે હું સતત પાંચ વર્ષથી કામ કરી રહ્યો હોઈ મારે બ્રેક લેવાની જરૂર છે. મેં મારે જે આપવાનું હતું તે તમામ આ વેબસિરિઝને બે સિઝનમાં આપી દીધું છે.

૪૦ વર્ષના અવિનાશ અરૂણે જણાવ્યું હતું કે આ સિરિઝની બે સીઝન કરવા મને મળી તે માટે હું સહુંનો આભારી છું. આ સીરિઝમાં અહલાવતની સાથે ગુલ પનાગ, ઈસ્વાકસિંહ, તિલ્લાત્તમા સોમ અને અનિદિંતા બોઝે મહત્વની ભૂમિકાઓ ભજવી છે.

સુદીપ શર્માએ સિઝન ૩ અંગે કહ્યું કે, એક શો બનાવવો ખૂબ જ મુશ્કેલ છે. એવામાં પાતાલ લોક જેવી સફળ સિરિઝનું દિગ્દર્શન કરવું વધુ મુશ્કેલ છે.

તમે એમ વિચારો કે આગળની સિરિઝ ચાલી ગઈ છે એટલે નવી પણ ચાલી જશે તો તમે નિષ્ફળ જવાની શક્યતા વધી જાય છે. જોકે, ત્રીજી સિઝન ક્યારે આવશે તે અંગે હજુ કોઈ સ્પષ્ટતા થઈ નથી.

**સતત પાંચ વર્ષથી કામ કરતો હતો, હવે બ્રેક લેવાની જરૂર હતી : અવિનાશ અરુણ**

### અબજોનાં બજેટની ફિલ્મ સંગીતમાં માર ખાઈ ગઈ

## રામાયણ-૧માં 'કવ્વાલી'માં મંગલ રંગ ગીત સાંભળીને લોકો ભડક્યા

મુંબઈ, તા. ૨૬

રણબીર કપૂર અને સાઈ પલ્લવીની 'રામાયણ ભાગ-૧'નું ગીત 'મંગલ રંગ' રીલિઝ થતાં જ વિવાદમાં સપડાયું છે. ઘણાં નેટીઝન્સને આ ગીત કવ્વાલી જેવું લાગ્યું છે. સંખ્યાબંધ નેટીઝન્સ કહી રહ્યા છે કે તેમને આ ગીત સાંભળી રણબીરની જ ફિલ્મનાં રહેમાને જ કમ્પોઝ કરેલાં કવ્વાલી સોંગ 'કુન કાયા કુન'ની યાદ આવે છે. ક્યાંક રહેમાનના દિમાગમાં એ જ ધૂન સવાર હોય તેમ લાગે છે.



બીજા એક જણે દાઢમાંથી જણાવ્યું હતું કે રામાયણમાં કવ્વાલી નાંખી દીધી? એક જણે આ ગીતની સરખામણી ૨૦૦૦માંઆવેલી તમિલ ફિલ્મ 'કંદુકોનડૈન કંદુકોનડૈન'ના ગીત સોલ્લા પોગિરાઈ સાથે તુલના કરી હતી. મોટાભાગના લોકોએ ૧૫૦૦થી ૨૦૦૦ કરોડના બજેટમાં બનેલી કહેવાતી આ ફિલ્મનાં સંગીતે અત્યાર સુધી નિરાશ જ કર્યા હોવાનો સૂર વ્યક્ત કર્યો હતો.

એઆર રહેમાને ટ્રોલર્સને જવાબ આપતાં એક મુલાકાતમાં જણાવ્યું હતું કે અમે કામમાં એટલા મગ્ન હોઈએ છીએ કે પછી ફીડબેક જોવાની શક્તિ જ હોતી નથી. અમે મંગલરંગ ગીત મુકી દીધું. મારો પુત્ર મને કહ્યા કરે છે, તેમણે ગઈકાલે આમ કહ્યું અને હવે તેઓ માફી માંગી રહ્યાં છે.

મેં કહ્યું ફાઈન, મેં મારું કામ ગંભીરતાથી કરી નાંખ્યું છે અને આશા રાખું છું કે લોકો તેની મોજ માણશે. રહેમાનના રાવણ તાંડવની પણ અમુક લોકોએ ટીકા કરી હતી.

**રહેમાને ફુનફાયાકુન કવ્વાલીને મળતી આવતી જ ધૂન બનાવી હોવાની વ્યાપક ટીકાઓ થઈ**

### સૈયારા બાદ અહાન પાંડેની બીજી ફિલ્મ આવશે

## અહાન અને શર્વરીની નવી ફિલ્મનું ટાઈટલ બેપરવાહ જાહેર

મુંબઈ, તા. ૨૬

બોક્સ ઓફિસ પર ૫૭૦ કરોડ રૂપિયાની કમાણી કરી પહેલી ફિલ્મ 'સૈયારા'થી છવાઈ ગયેલાં અહાન પાંડેની શર્વરી સાથે બીજી ફિલ્મને 'બેપરવાહ' ટાઈટલ અપાયું છે.



આ ફિલ્મ આગામી વર્ષે ૨૭મી માર્ચે રીલિઝ કરાશે તેવી જાહેરાત આજે એક પોસ્ટર દ્વારા કરવામાં આવી હતી. મોશન પોસ્ટરમાં અહાન અને સર્વરી બંને એકબીજામાં ખોવાયેલા દેખાય છે. આ સાથે અહાનો ડાયલોગ પણ સંભળાય છે, જે ફિલ્મના ટોનને સેટઅપ કરવામાં મદદ કરે છે. તેમાં સંભળાય છે બેપરવાહ ઈશ્ક હૈ ક્યા કરું, બેપરવાહ ઈતહા હૈ ક્યા કરું? દરમિયાં કોઈ ભી આએ તો સબ તબાહ-તબાહ કરું.

યશરાજ ફિલ્મ્સની આ ફિલ્મનું નિર્માણ આદિત્ય ચોપડા કરશે જ્યારે નિર્દેશન અલી અબ્બાસ ઝફરને સોંપવામાં આવ્યું છે. અગાઉ યશરાજ માટે 'સુલતાન' અને 'ટાઈગર ઝિંદા હૈ' ફિલ્મો નિર્દેશિત કરનાર ઝફર બેપરવાહ દ્વારા પુનરાગમન કરશે. શર્વરીની યશરાજ સાથેની પહેલી ફિલ્મ સ્પાય થ્રીલર 'આલ્ફા' ફલોપ નીવડી હતી પણ ઈમ્તિયાઝ અલી સાથે કરેલી 'મૈં વાપસ આઉંગા' ફિલ્મ સફળ રહી હતી.

અહાને યશરાજ ફિલ્મ્સ સાથે બે ફિલ્મો સાઈન કરી છે જેમાં 'બેપરવાહ' પહેલી છે અને બીજી ફિલ્મ તે અનીત પડ્ડા અને મોહિત સુરી સાથે કરશે.

**અલી અબ્બાસ ઝફરની આ ફિલ્મ આવતાં વર્ષે માર્ચમાં રીલિઝ કરાશે**

### સળગતું યુરોપ અને સત્તાનો દંડૂકો : રાયોટિંગ રોકવા માટે ઈટાલીએ કાયદા કડક કર્યા, ફ્રાન્સ પણ ઈટાલીના રસ્તે

# ઈટાલીમાં સગીર સંતાનોના ગુનાની કિંમત હવે મા-બાપ ચૂકવશે!

યુરોપની સડકો પર આજે ભભૂકી રહેલી અગનજવાળાઓ માત્ર ટાયરો કે વાહનો નથી સળગાવી રહી, પરંતુ દાયકાઓથી

> ઈટાલીમાં જો કોઈ સગીર વિરોધ પ્રદર્શન દરમિયાન તોડફડો કરે, આગચંપી કરે કે લૂંટફાટ કરે, તો તેનું સંપૂર્ણ આર્થિક વળતર તેના માતા-પિતા પાસેથી વસૂલવામાં આવશે. જરૂર પડ્યે માતા-પિતાની વ્યક્તિગત સંપત્તિ જપ્ત કરવામાં આવશે, તેમના પગારમાંથી સીધી રકમ કાપી લેવાશે અને કુટુંબને મળતી સરકારી કલ્યાણકારી આર્થિક સહાય પર પણ બુલડોઝર ફેરવી દેવામાં આવશે : ઈટાલીના આ આક્રમક પગલાં બાદ હવે ફ્રાન્સ પણ પાછળ રહેવા માંગતું નથી. ફ્રાન્સમાં આજે એટલે કે, ૨૭ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ ચર્ચા હેઠળ આવનાર 'રાયટર્સ પે' ખરડો તો એનાથી પણ વધુ ક્રૂર અને આક્રમક સાબિત થાય તેવું જણાય છે. ફ્રાન્સની સરકાર તોફાનીઓ પાસેથી ૧૦,૦૦૦ યુરો સુધીનો દંડ વસૂલવાની પેરવી કરી રહી છે : પ્રશ્ન એ નથી કે નુકસાનની ભરપાઈ કોણ કરશેત મોટો સવાલ એ છે કે સત્તાના મદમાં અંધ બનેલા રાજકારણીઓ એ ક્યારે સમજશે કે જનતાનો અસંતોષ દંડ વસૂલવાથી નહીં, પરંતુ તેમની વાસ્તવિક સમસ્યાઓનો ઉકેલ લાવવાથી જ શમી શકે છે. યુરોપના આ આકરા પગલાં આગ પર પાણી છાંટવાને બદલે ઘી હોમવાનું કામ કરી રહ્યા છે

ચાલી આવતી કલ્યાણકારી લોકશાહીની ખોખલી નીતિઓને પણ ભસ્મીભૂત કરી રહી છે. ફ્રાન્સથી શરૂ થયેલો વિરોધનો આ ભડકો હવે સરહદો વટાવીને ઈટાલી, બેલ્જિયમ અને અલ્બેનિયા સુધી વિકરાળ બનીને ફેલાઈ ચૂક્યો છે. આ કોઈ સામાન્ય દેખાવો નથી, પરંતુ યુરોપની નવી પેઢીનું, કહેવાતા જેનઝીનું શાસનતંત્ર અને વ્યવસ્થા સામે ખુલ્લું યુદ્ધ છે. વર્તમાન શિક્ષણ વ્યવસ્થાની કંગાળ સ્થિતિ, આસમાને પહોંચેલી મોંઘવારી, કમરતોડ ભાડાં અને યુવાનોના હાથમાંથી સરકી રહેલી રોજગારી સામે ભભૂકેલો આ જનઆક્રોશ હવે હિંસક સ્વરૂપ ધારણ કરી ચૂક્યો છે. રસ્તાઓ પર ઉતરેલા કિશોરો અને યુવાનો જ્યારે પથ્થરો હાથમાં લઈને સરકારી તંત્ર અને જાહેર સંપત્તિને નિશાન બનાવી રહ્યા છે, ત્યારે સત્તાધીશોએ પોતાની નિષ્ફળતાઓ છુપાવવા માટે એક એવો ખતરનાક અને આકરો માર્ગ પકડ્યો છે જેણે સમગ્ર વિશ્વને ચોંકાવી દીધું છે. ઈટાલીએ બનાવેલો અને હવે ફ્રાન્સ જેની નકલ કરવા જઈ રહ્યું છે જેમાં હવે સગીર સંતાનોના ક્રોધ અને તોડફોડની સજા તેમના નિર્દોષ મા-બાપે ભોગવવી પડશે.

ઉલ્લેખનીય છે કે, ઈટાલીની જ્યોર્જિયા મેલોની સરકારે ૨૦ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ લીધેલો નિર્ણય સીધેસીધો પરિવાર સંસ્થાના અસ્તિત્વ પર જ પ્રહાર સમાન છે. નવા કડક નિયમો અનુસાર, જો કોઈ સગીર વયનું બાળક વિરોધ પ્રદર્શન દરમિયાન દુકાનોના કાચ તોડે, આગચંપી કરે કે લૂંટફાટ કરે, તો તેનું સંપૂર્ણ આર્થિક વળતર તેના માતા-પિતા પાસેથી વસૂલવામાં આવશે. સરકાર આટલેથી જ અટકતી નથી; જરૂર પડ્યે માતા-પિતાની વ્યક્તિગત સંપત્તિ જપ્ત કરવામાં આવશે, તેમના પગારમાંથી સીધી રકમ કાપી લેવાશે અને કુટુંબને મળતી સરકારી કલ્યાણકારી આર્થિક સહાય પર પણ બુલડોઝર ફેરવી દેવામાં આવશે.

ઈટાલીના આ આક્રમક પગલાં બાદ હવે ફ્રાન્સ પણ પાછળ રહેવા માંગતું નથી. ફ્રાન્સમાં આજે એટલે કે, ૨૭ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ ચર્ચા હેઠળ આવનાર 'રાયટર્સ પે' ખરડો તો એનાથી પણ વધુ ક્રૂર અને આક્રમક સાબિત થાય તેવું જણાય છે. ફ્રાન્સની સરકાર તોફાનીઓ પાસેથી ૧૦,૦૦૦ યુરો સુધીનો દંડ વસૂલવાની પેરવી કરી રહી છે. આ પરિસ્થિતિ સ્પષ્ટ સંકેત આપે છે કે યુરોપની સરકારો હવે યુવાનોની સાચી સમસ્યાઓ સાંભળવાને બદલે તેમના આખા પરિવારને સજા ફટકારવાની રાજનીતિ પર ઉતરી આવી છે.

ખાસ વાત એ છે કે, આ સમગ્ર હિંસા અને અસંતોષનું કેન્દ્રબિંદુ પેરિસ નજીક આવેલા સીન-સેન્ટ-ડેનિસ વિસ્તારની શાળાઓમાંથી ફૂટ્યું હતું. સપ્ટેમ્બર ૨૦૨૬ના અંતમાં ફ્રાન્સના લાચાર વિદ્યાર્થીઓ જર્જરિત શાળાઓ, ક્લાસરૂમમાં છત પરથી ટપકતા પાણી, શિક્ષણ માટે પૂરતા શિક્ષકોના અભાવ અને સરકારી બજેટમાં કરવામાં આવી રહેલા ક્રૂર કાપ સામે સડકો પર ઉતરી આવ્યા હતા. પેઢીઓને અંધકારમાં ધકેલતી સરકાર સામે વિદ્યાર્થીઓનો શાંતિપૂર્ણ પોકાર જ્યારે સત્તાના બહેરા કાન સુધી ન પહોંચ્યો, ત્યારે તે લાવા બનીને ફાટ્યો. ધીમે ધીમે આ આંદોલનમાં મોંઘવારી અને અસહ્ય ટેક્સના બોજ તળે દબાયેલા સામાન્ય સરકારી કર્મચારીઓ અને શ્રમિકો પણ જોડાયા. બીજી તરફ, ઈટાલીના મિલાન સહિતના ઔદ્યોગિક શહેરોમાં પણ લોકો રોષે ભરાયા. જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવ, અસહ્ય ઈંધણ, છત મેળવવા માટેનું મોંઘુંદાટ ભાડું અને સામે તદ્દન મામૂલી વેતન જેવી યાતનાઓથી ત્રસ્ત જનતા જ્યારે રસ્તા પર આવી, ત્યારે સુરક્ષા દળો અને દેખાવકારો વચ્ચે લોહિયાળ અથડામણો થઈ. સવાલ એ છે કે શું આ આક્રોશ અચાનક પેદા થયો છે? બિલકુલ નહીં. આ વર્ષોથી સબડતી પ્રજાની વેદનાનો સ્ફોટક વિસ્ફોટ છે, જેને દબાવવા માટે હવે કાયદાની નવી નવી છટકબારીઓ શોધવામાં આવી રહી છે.

ઈટાલી અને ફ્રાન્સ બંને દેશોમાં અગાઉથી જ માતા-પિતાની જવાબદારી નક્કી કરતા સિવિલ કોડના કાયદા અમલમાં હતા. ઈટાલીના સિવિલ કોડની કલમ ૨૦૪૮ સ્પષ્ટ કહેતી હતી કે સાથે રહેતા સગીર સંતાનોના ગેરકાયદેસર કૃત્યો માટે વાલીઓ જવાબદાર ગણી શકાય. એ જ રીતે ફ્રાન્સમાં સિવિલ કોડની કલમ ૧૨૪૨ હેઠળ માતા-પિતાની સંયુક્ત આર્થિક જવાબદારી નક્કી હતી, જેમાં તાજેતરમાં સુધારો કરીને બાળક સાથે રહેતું ન હોય તો પણ વાલીને જવાબદાર ગણવાની જોગવાઈ કરી દેવાઈ હતી. જો અગાઉથી જ આવા નિયમો અસ્તિત્વમાં હતા, તો પછી આટલી ઉતાવળે કટોકટી જેવા નવા કાયદા થોપવાની જરૂર કેમ પડી? જવાબ સ્પષ્ટ છે, પહેલા આ કાયદાઓ કોર્ટની દીવાની પ્રક્રિયા, ન્યાયિક પુરાવા અને લાંબી તપાસ હેઠળ ચાલતા હતા, જેમાં વાલી પોતાની લાચારી સાબિત કરી શકતા હતા. પરંતુ હવે ઈટાલી અને ફ્રાન્સની સરકારોએ ન્યાયના પ્રાકૃતિક સિદ્ધાંતોને નેવે મૂકીને સીધા વહીવટી આદેશો દ્વારા તોફાનીઓ પાસેથી દંડ વસુલવાનો રસ્તો અપનાવ્યો છે. પોલીસ અને વહીવટી તંત્રને એવી બેફામ સત્તાઓ સોંપાઈ રહી છે કે તેઓ તપાસના નામે સીધા પરિવાર પર આર્થિક પગલાં લઈ શકે.

જાણકારોના મતે, ઈટાલીની સરકારે માત્ર માતા-પિતા પાસેથી વળતર વસૂલવું એટલું જ નહીં, પરંતુ જો પાંચ કે તેથી વધુ લોકો જાહેર સ્થળે એકઠા થઈને સુરક્ષા માટે જોખમ ઊભું કરે તો પાંચ વર્ષ સુધીની આકરી જેલ અને ૨૦,૦૦૦ યુરો સુધીના તોતિંગ દંડની જોગવાઈ કરી દીધી છે. આટલું ઓછું હોય તેમ, ૧૪ થી ૧૮ વર્ષના તરૂણોને જો પોલીસ માત્ર 'શંકાસ્પદ કે જોખમી' માને, તો પણ તેમને કોઈપણ ટ્રાયલ વગર વહીવટી અટકાયતમાં ધકેલી દેવાની સત્તા આપવામાં આવી છે. આ કાયદો નથી, પરંતુ ખુલ્લેઆમ લોકશાહીના મુખૌટા પાછળ લાદવામાં આવેલી સરમુખત્યારશાહી છે.

ફ્રાન્સનો પ્રસ્તાવિત 'રાયટર્સ પે' કાયદો તો ઈટાલી કરતાં પણ વધુ અનૈતિક અને વિવાદાસ્પદ છે. તેમાં 'સામૂહિક નાગરિક જવાબદારી'નો એક એવો ઘાતક ખ્યાલ દાખલ કરવામાં આવ્યો છે, જે ન્યાયશાસ્ત્રની તમામ વ્યાખ્યાઓને પગતળે કચડી નાખે છે. આ જોગવાઈ હેઠળ, જો કોઈ પ્રદર્શનકારીઓના જૂથમાં સામેલ હોય અને તે જૂથમાંથી કોઈ એક વ્યક્તિ દુકાન કે બસ સળગાવી દે, તો સમગ્ર જૂથમાં ઊભેલા દરેક વ્યક્તિ પાસેથી દંડ વસૂલ કરવામાં આવશે, પછી ભલે અન્ય કોઈ વ્યક્તિએ પોતે પથ્થર પણ ન ઉપાડ્યો હોય! આ કેવો ન્યાય છે જ્યાં ગુનો કોઈ એક કરે અને તેની કિંમત ભીડમાં શાંતિથી પોતાના અધિકાર માટે સૂત્રોચ્ચાર કરનાર સામાન્ય વિદ્યાર્થી કે નાગરિકે ચૂકવવી પડે? આ કાયદાનો સાચો હેતુ હિંસા રોકવાનો નથી, પરંતુ નાગરિકોના મનમાં એટલો ભય પેદા કરવાનો છે કે ભવિષ્યમાં કોઈ પણ વ્યક્તિ સરકાર સામે અવાજ ઉઠાવવા જંતરમંતર કે શેરીઓમાં નીકળવાની હિંમત જ ન કરે.

સરકારો અત્યંત ચતુરાઈથી એવી દલીલ કરી રહી છે કે તોડફોડ કરનારાઓએ જ નુકસાનની ભરપાઈ કરવી જોઈએ જેથી કરદાતાઓના પૈસા બચી શકે. ઉપરછલ્લી રીતે આ દલીલ કદાચ કોઈને આકર્ષક લાગે, પણ ઊંડાણપૂર્વક વિચારતા આ દલીલ અત્યંત બનાવટી અને છીછરી સાબિત થાય છે. કરદાતાઓના પૈસા ત્યારે ક્યાં જાય છે જ્યારે અબજો યુરો યુદ્ધો અને સરકારી બાબુઓની જાહોજલાલી પાછળ વેડફાઈ જાય છે? જ્યારે શાળાઓમાં છત નથી હોતી અને હોસ્પિટલોમાં દર્દીઓ રઝળે છે ત્યારે આ કરદાતાઓના પૈસા કયા ખાડામાં જાય છે? વાસ્તવિકતા એ છે કે સરકારો પોતાની ઘોર આર્થિક નિષ્ફળતાઓ, આડેધડ કાપ અને બેરોજગારીના સંકટ પરથી ધ્યાન હટાવવા માટે સમગ્ર દોષનો ટોપલો યુવાનો અને તેમના પરિવારો પર ઢોળી રહી છે. જે મા-બાપ પોતે મોંઘવારીના અસહ્ય બોજ હેઠળ દિવસ-રાત વૈતરું કરીને બે ટંકનો રોટલો માંડ મેળવે છે, તેઓ પોતાના ૧૬ વર્ષના સંતાને આવેશમાં આવીને તોડેલી ગાડીના લાખો રૂપિયા ક્યાંથી લાવશે? શું સરકાર આવા પરિવારોને ઘરવિહોણા અને કંગાળ બનાવીને જેલમાં સબડાવવા માંગે છે?



## પ્રજાનો આક્રોશ દંડ વસુલવાથી નહીં, સમસ્યાનો ઉકેલ લાવવાથી થાળે પડશે

યુવાન લોહી હંમેશા અન્યાય સામે ઉકળતું હોય છે. યુવાનોની માંગણીઓ સ્પષ્ટ છે, તેમને સારું શિક્ષણ જોઈએ છે, યોગ્ય ભવિષ્યની ખાતરી જોઈએ છે અને જીવવા જેવી મૂળભૂત સુવિધાઓ જોઈએ છે. જ્યારે લોકશાહી ઢબે ચૂંટાયેલી સરકારો સંવાદના દરવાજા કાયમ માટે બંધ કરી દે છે, ત્યારે શેરીઓમાં આક્રોશનો દવ પ્રગટે છે. હિંસાનું સમર્થન ક્યારેય ન થઈ શકે, પરંતુ હિંસા પાછળના સામાજિક-આર્થિક કારણોને કચડી નાખીને માત્ર લાઠી અને આર્થિક દંડથી શાંતિ સ્થાપવાનો પ્રયાસ કરવો એ પણ ખુલ્લો ત્રાસવાદ છે. માતા-પિતા પોતાના બાળકોને સંસ્કાર આપી શકે, પરંતુ જ્યારે સરકારની જ અન્યાયી નીતિઓ યુવાનો પાસેથી તેમની આશાઓ છીનવી લે, ત્યારે ઘરમાં બેઠેલા લાચાર મા-બાપ પોતાના દીકરા-દીકરીના ભવિષ્યના ડરને કેવી રીતે નાથી શકે? ઈટાલી અને ફ્રાન્સનું આ નવું વલણ સમગ્ર વિશ્વ માટે એક અત્યંત જોખમી દાખલો બેસાડી રહ્યું છે. આ કાયદાઓ રાજ્યસત્તાને નાગરિકોના ઘરોમાં ઘૂસીને તેમની બચતો લૂંટી લેવાનો ખુલ્લો પરવાનો આપે છે. જો આજે યુરોપના આ કાયદાઓને વિશ્વ સ્વીકારી લેશે, તો કાલે વિશ્વભરની સરમુખત્યાર વૃત્તિ ધરાવતી સરકારો પોતાના દેશમાં વિરોધ પ્રદર્શનોને ડામવા માટે સામાન્ય જનતા અને તેમના પરિવારો પર આ જ પ્રકારના આર્થિકદંડનો કોરડો વીંઝશે. પ્રશ્ન એ નથી કે નુકસાનની ભરપાઈ કોણ કરશે; મોટો સવાલ એ છે કે સત્તાના મદમાં અંધ બનેલા રાજકારણીઓ એ ક્યારે સમજશે કે જનતાનો અસંતોષ દંડ વસૂલવાથી નહીં, પરંતુ તેમની વાસ્તવિક સમસ્યાઓનો ઉકેલ લાવવાથી જ શમી શકે છે.

યુરોપના આ આકરા પગલાં આગ પર પાણી છાંટવાને બદલે ઘી હોમવાનું કામ કરી રહ્યા છે, અને જો સમયસર શાસકો સંવાદનો માર્ગ નહીં અપનાવે, તો આ વિદ્રોહનો દાવાનળ સમગ્ર યુરોપની સામાજિક શાંતિને રાખમાં ફેરવી દેશે તે નિશ્ચિત છે.

### ઈઝરાયેલમાં આજે ચૂંટણી : નેતન્યાહુ ૧૯ વર્ષથી સત્તા પર

# નેતન્યાહુ ચૂંટણીની પૂર્વસંધ્યાએ ઈરાન પર હુમલો કરવાની ફિરાકમાં હોવાનો દાવો

જેરુસલેમ,તા.૨૬

ઈઝરાયેલમાં ચૂંટણીની પૂર્વસંધ્યાએ એવા અહેવાલ ફરતાં થયા હતા કે ચૂંટણી પૂર્વે જ પીએમ નેતન્યાહુનો ઈરાન પર હુમલો કરવાને લઈને ઈઝરાયેલના લશ્કરના ટોચના અધિકારીઓ સાથે જબરદસ્ત સંઘર્ષ થયો છે. પીએમે ઈરાન સામે પગલાં લેવાનો આદેશ આપ્યો અને આર્મીને તેને લઈને નવેસરથી ઈરાન સાથે યુદ્ધ છેડાવવાની સંભાવના હોવાનુ લાગતા હુમલો ન કરતા નેતન્યાહુ અને આર્મી ચીફ ઓફ સ્ટાફ વચ્ચે જબરદસ્ત સંઘર્ષ થયો હોવાના અહેવાલ છે. જો કે પીએમ નેતન્યાહુએ આ વાત નકારી કાઢી હતી.

## પીએમ નેતન્યાહુ અને લશ્કરના ટોચના અધિકારીઓ વચ્ચે ઈરાન પર હુમલાને લઈ ભારે સંઘર્ષના અહેવાલોને સરકારે ફગાવ્યા

નેતન્યાહુની ઓફિસે આ વાત નકારી કાઢતા તેને ફેક ન્યુઝ ગણાવ્યા હતા. આ અહેવાલ ઈઝરાયેલની ચેનલ ૧૨ પર પ્રકાશિત થયો હતો. સંરક્ષણ પ્રધાન કાત્ઝે આ અહેવાલ નકારી કાઢ્યો છે. કાત્ઝે સોશિયલ મીડિયા પર લખ્યું હતું કે ઈરાન પર હાલમાં હુમલાની કોઈ વાત જ નથી. હા, જો ઈરાન હુમલો કરે તો ઈઝરાયેલ ચોક્કસ પ્રતિકાર કરશે.

આ અહેવાલના પગલે ઈઝરાયેલના વિપક્ષો સરકાર પર આરોપોની ઝડી વરસાવી છે. વિપક્ષનો આરોપ છે કે નેતન્યાહુ તેમની રાજકીય કારકિર્દી બચાવવા માટે પ્રાદેશિક સ્થિરતાને દાવ પર લગાવી રહ્યા છે. નેતન્યાહુના ભૂતપૂર્વ હરીફ અને પૂર્વ લશ્કરી વડા ગેડી આઈસેનકોટે ચેતવણી આપી હતી કે નેતન્યાહુએ તેમના રાજકીય હિતોને દેશના હિતથી ઉપર ન મૂકે. તેમણે સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યુ હતું કે નેતન્યાહુ મારા પર તમારી નજર છે.

ઈઝરાયેલમાં ૨૭મી ઓક્ટોબરે યોજાનારી ચૂંટણીને લઈને કોઈપણ રાજકીય પક્ષને બહુમતી મળે તેમ માનવામાં આવતું નથી. તેથી ચૂંટણીપૂર્વેના જોડાણો ઘણા મહત્ત્વના નીવડી શકે છે. ૧૨૦ સભ્યોની ઈઝરાયેલી સંસદમાં કોઈપણ જોડાણને બહુમતી માટે ૬૧ બેઠક મળવી જરુરી છે. નેતન્યાહુ ૧૯ વર્ષથી ઈઝરાયેલના વડાપ્રધાન રહ્યા છે અને સૌથી લાંબો સમય પીએમ રહેવાનો રેકોર્ડ છે. તેમની આ અંતિમ ચૂંટણી પણ હોઈ શકે છે. ઈઝરાયેલના અન્ય વિપક્ષ ઈઝરાયેલ બેતેન્યુ પાર્ટીએ એટર્ની જનરલને પત્ર લખીને માંગ કરી છે કે નેતન્યાહુએ ચૂંટણીની પૂર્વ સંધ્યાએ દેશને યુદ્ધમાં ઘસડી લઈ જવાના કરેલા પ્રયત્ન બદલ તેમની સામે ફોજદારી તપાસની માંગ કરવામાં આવે.

ઈઝરાયેલના વર્તમાન પીએમ નેતન્યાહુ પર આ ઉપરાંત ભ્રષ્ટાચાર અને લાંચના પણ અનેક આરોપો લાગેલા છે અને સુપ્રીમ કોર્ટમાં તેમની સામે કેસ પણ ચાલે છે. જો કે તેમણે બધા આરોપો નકાર્યા છે. હવે ઈઝરાયેલની પ્રજા વર્તમાનમાંથી કોઈપણ જોડાણને બહુમતી આપે તેવા સર્વેક્ષણ પછી આ ચૂંટણીમાં સત્તા કોણ મેળવશે તેના પર ફક્ત ઈઝરાયેલ જ નહીં પણ મધ્યપૂર્વની સાથે આખા વિશ્વની નજર છે. નેતન્યાહુ ૧૯૯૬થી લિકુડ પાર્ટીમાંથી કુલ ૧૯ વર્ષ સત્તા પર રહી ચૂક્યા છે. જ્યારે ટૂંકા ગાળા માટે સત્તા ભોગવનારા નફતાલી બેનેટ તેમના વિપક્ષી જોડાણના વધુ એક હરીફ છે. ઈઝરાયેલ પર ૨૦૨૩માં થયેલા આતંકી હુમલા પછી આ પહેલી ચૂંટણી છે.



બ્રાઝિલના પ્રમુખપદે ડાબેરી મનાતા લુલા દ સિલ્વા ચૂંટાઈ આવતા અમેરિકન પ્રમુખ ટ્રમ્પને મોટો ફટકો પડ્યો છે. બ્રાઝિલમાં અત્યંત રોમાંચક બનેલી ચૂંટણીમાં પ્રથમ રાઉન્ડમાં પાછળ પડી જવા છતાં પણ અંતિમ રાઉન્ડમાં ૮૦ વર્ષના લુલાએ બાજી પલ્ટી નાખી હતી. હવે ટ્રમ્પને પણ ડર સતાવી રહ્યો હશે કે ત્રીજી નવેમ્બરની મિડ ટર્મ ચૂંટણીમાં લોકો ક્યાંક તેના આવા હાલ ન કરે.

### સરહદે ચીનના અટકચાળા વચ્ચે સંરક્ષણ મંત્રાલયનો નિર્ણય

# કેન્દ્રની રૂ. ૨.૨૧ લાખ કરોડના શસ્ત્રોની ખરીદીને મંજૂરી, સૈન્યને નવા ડ્રોન મળશે

નવી દિલ્હી, તા. ૨૬

સંરક્ષણ ક્ષેત્રમાં ભારતની સૈન્ય તાકત વધારવાની દિશામાં એક મોટું પગલુ ભરવામાં આવ્યું છે, સંરક્ષણમંત્રી રાજનાથસિંહની આગેવાનીમાં ૨૬ ઓક્ટોબરના ડીએસીની બેઠક મળી હતી, જેમાં આશરે ૨.૧૨ લાખ કરોડ રૂપિયાના સંરક્ષણ પ્રસ્તાવોને મંજૂરી આપવામાં આવી છે.

## આધુનિક તોપ સિસ્ટમ, હેલીકોપ્ટર, એર ડિફેન્સ સિસ્ટમ, દૂર સુધી હુમલા કરવા સક્ષમ ડ્રોન વગેરેનો સમાવેશ

જે પ્રસ્તાવોને મંજૂરી આપવામાં આવી છે તેમાં આધુનિક તોપ સિસ્ટમ, હેલીકોપ્ટર, એર ડિફેન્સ સિસ્ટમ, દેખરેખ માટેના ઉપકરણો, દૂર સુધી હુમલા કરવા સક્ષમ ડ્રોન વગેરેનો સમાવેશ થાય છે. જેને પગલે એરફોર્સ, નેવી અને આર્મી ત્રણેયની ક્ષમતામાં વધારો થશે. જે પ્રસ્તાવોને મંજૂરી આપવામાં આવી છે તેમાં ૮૨ ટકા હિસ્સો ભારતમાંથી જ મળી રહેશે, એટલે કે સ્થાનિક સ્તરે તેનું ઉત્પાદન કરવામાં આવશે. સૈન્યને હાઈ મોબિલિટી વ્હીકલ્સ એચએમવી, સેલ્ફ પ્રોપેલ્ડ ટ્રેક્ડ ગન સિસ્ટમ, ગન શોટ રિસ્પોન્સ સિસ્ટમ, લાઈટ મલ્ટી-રોલ હેલીકોપ્ટર વગેરે ખરીદાશે.

આ ઉપરાંત વેરી શોર્ટ રેન્જ એર ડિફેન્સ સિસ્ટમ, પ્લેટફોર્મ આધારિત કાઉન્ટર અનમેન્ડ એરિયલ સિસ્ટમ વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે. હજુ બે દિવસ પહેલા જ અરુણાચલની ચીન સરહદે ચીની સૈનિકો દ્વારા અડચણો ઉભી કરવામાં આવી રહી હોવાના અહેવાલો સામે આવ્યા હતા જે વાતને ખુદ કેન્દ્ર સરકાર દ્વારા સ્વીકારવામાં આવી હતી, એવા સમયે હવે સોમવારે સંરક્ષણમંત્રી રાજનાથસિંહે આ બેઠક યોજીને સૈન્યની તાકાત વધારતા વિવિધ પ્રસ્તાવોને મંજૂરી આપી છે.

જે પ્રસ્તાવોને મંજૂરી આપવામાં આવી છે તેમાં લાઈટ મલ્ટી રોલ હેલીકોપ્ટર્સનો પણ સમાવેશ થાય છે જેનો ઉપયોગ ભારતીય સૈન્ય અને એરફોર્સ બન્ને કરશે.

### આમિર બહુ જાહેરમાં દેખાતો ન હોવાથી બચી ગયો

# આમિર પર ફાયરિંગ કરવાનો પ્લાન હતો : ત્રણ વખત ઘરની રેકી થઈ

(પ્રતિનિધિ દ્વારા) મુંબઈ, તા. ૨૬

ટાઈગર શ્રોફ ફાયરિંગ કેસમાં નવા દાવા અનુસાર શૂટર્સ આમિર ખાન પર ગોળીબાર કરવાના હતા. તેણે આમિરનાં બાંદ્રાનાં ઘરની ત્રણ વખત રેકી કરી હતી. જોકે, આમિર સુધી પહોંચવાનું મુશ્કેલ લાગતાં તેમણે ટાઈગરને નિશાન બનાવ્યો હતો. ઉલ્લેખનીય છે કે અગાઉ આ જ પ્રકારનો દાવો સલમાન ખાનની બાબતમાં પણ થઈ ચૂક્યો છે.

## આમિર પર નજર રાખવા માટે શરૂઆતમાં શૂટર્સ બાંદ્રા ઈસ્ટમાં રોકાયા હતા, તેની હિલચાલની ખાસ માહિતી ન મળતાં પ્લાન બદલ્યો

જુલાઈમાં સોશિયલ મીડિયા પર સંદેશાઓ અને ઓડિયો રેકોર્ડિંગ દ્વારા આમિર ખાનને ધમકી આપવામાં આવી હતી. ધમકીઓમાં તેના અંગત જીવન વિશે આક્ષેપો કરવામાં આવ્યા હતા. ગુનેગારોએ લોરેન્સ બિશ્નોઈ ગેંગ સાથે સંકળાયેલા હોવાનો દાવો કર્યો હતો. તે સમયે, ધમકીની સત્યતા અને ગેંગ સાથે તેના જોડાણની પુષ્ટિ થઈ ન હતી. હવે ટાઈગર શ્રોફ ગોળીબાર કેસની તપાસમાં આ ધમકીના સંભવિત જોડાણની તપાસ કરવામાં આવી રહી છે.

તપાસ મુજબ હુમલાખોરો ૨૦ સપ્ટેમ્બરની આસપાસ હરિયાણાથી મુંબઈ આવ્યા હતા. તેઓ શરૂઆતમાં બાંદ્રા પૂર્વમાં એક જગ્યાએ રોકાયા હતા. જોકે, આમિરની ગતિવિધિઓ અંગે માહિતી મેળવવામાં તેમને મુશ્કેલી પડી હતી. આમિર ભાગ્યે જ જાહેરમાં દેખાતો હોવાનું તેમણે જોયું હતું. સપ્ટેમ્બરના અંત સુધીમાં તેમણે કથિત માસ્ટરમાઈન્ડ અનિલ પંડિતનો સંપર્ક કર્યો અને તેમનું લક્ષ્ય બદલવાનું નક્કી કર્યું હતું.

આ પછી ટાઈગર શ્રોફની ગતિવિધિઓ પર નજર રાખવામાં આવી હતી. હુમલાખોરોને માહિતી મળી હતી કે તે દર રવિવારે જુહુના પુષ્પા નરસી ઉદ્યાન પાસેના મેદાનમાં ફૂટબોલ રમવા માટે જાય છે. ઓક્ટોબરના પહેલા અઠવાડિયામાં ટાઈગરને નિશાન બનાવવાનું નક્કી કરવામાં આવ્યું હતું. ત્યારબાદ હુમલાખોરોએ બાંદ્રા વિસ્તારથી અંધેરી ખાતે પોતાનું રોકાણ સ્થળ બદલી નાખ્યું હતું.

## ટાઈગર કેસના આરોપીઓનાં વોઈસ સેમ્પલ લેવાશેઃ ૨૮મી સુધી વધુ રિમાન્ડ

મુંબઈ, તા. ૨૬

અભિનેતા ટાઈગર શ્રોફ ગોળીબાર કેસમાં શૂટર્સને મદદ કરવાના આરોપમાં ઝડપાયેલા ચાર વ્યક્તિઓની પોલીસ કસ્ટડી સોમવારે ૨૮ ઓક્ટોબર સુધી લંબાવી દેવામાં આવી છે. આરોપીઓના અવાજના નમૂના એકત્રિત કરવાની જરૂર હોવાનું પોલીસે જણાવ્યું હતું.

આ કેસમા ઝડપાયેલા ૧૧ આરોપીઓમાં હરિયાણાના સોનીપત જિલ્લાના રહેવાસી કુણાલ (૨૧) અને સુમિત (૧૯) અને ઉત્તર પ્રદેશના રહેવાસી રાધા (૨૩) અને બબીતા (૨૩)નો સમાવેશ થાય છે.



વેનેઝુએલામાં વિપક્ષની નેતા અને નોબેલ શાંતિ પુરસ્કાર જીતનારી મારિયા કોરિના મચાડોને ઘરઆંગણે દસ મહિના પછી પરત ફરતા તેને જબરદસ્ત સમર્થન મળ્યુ હતુ. લોકોએ તેનું ઉમળકાભેર સ્વાગત કર્યુ હતુ. તેમણે પોતે જીતેલો શાંતિ પુરસ્કાર ટ્રમ્પને સમર્પિત કર્યો હતો.

### જસ્ટિસ કૌલે ક્યારેય અસંમતિ વ્યક્ત નહોતી કરી

# જજોની નિમણુંકમાં જસ્ટિસ કૌલની પણ સંમતિ હતી : પૂર્વ સીજેઆઈ

નવી દિલ્હી, તા. ૨૬

સુપ્રીમ કોર્ટના પૂર્વ ન્યાયાધીશ સંજય કિશન કૌલે આરોપો વચ્ચે હવે પૂર્વ મુખ્ય ન્યાયાધીશ ડી. વાય. ચંદ્રચૂડે જવાબ આપ્યો છે. જસ્ટિસ ચંદ્રચૂડે કહ્યું છે કે મારા કાર્યકાળ દરમિયાન કોલેજિયમ દ્વારા લેવાયેલા નિર્ણયોમાં તમામ સભ્યોની સંમતિ હતી, જે જાહેરમાં ઉપલબ્ધ છે.

## કોલેજિયમના તમામ ઠરાવ જાહેરમાં ઉપલબ્ધ, આઈબી ક્લીયરંસ જેવા કામ સરકાર પાસે હોય છે

સુપ્રીમ કોર્ટના પૂર્વ ન્યાયાધીશ સંજય કિશન કૌલે કહ્યું હતું કે મારા કાર્યકાળમા કોલેજિયમ દ્વારા જે પણ નિર્ણયો લેવામાં આવ્યા તે જગજાહેર છે, પૂર્વ ન્યાયાધીશ કૌલ પણ કોલેજિયમના સભ્ય હતા, તે સમયે તેમણે પણ કોલેજિયમની ભલામણો સાથે સંમતિ વ્યક્ત કરી હતી અને ક્યારેય વિરોધ નહોતો નોંધાવ્યો. પૂર્વ મુખ્ય ન્યાયાધીશ ચંદ્રચૂડે કહ્યું હતું કે મારા કાર્યકાળમાં માત્ર એક નામ પર કોલેજિયમના એક સભ્ય દ્વારા અલગ વિચારો રજુ કરવામાં આવ્યા હતા. જોકે તે તમામ વિચાર વિમર્શનો હિસ્સો હતા, જે પણ નામ સરકારને મોકલવામાં આવ્યા તેમાં તમામ સભ્યોની સંમતિ હતી. કોલેજિયમમાં તમામ નામો પર ચર્ચા થતી હોય છે અને અંતે નિર્ણય સર્વસંમતિથી લેવામાં આવતો હોય છે.

કોલેજિયમ દ્વારા લેવાયેલા નિર્ણયોની વિગતો બાદમાં વેબસાઈટ પર પણ જાહેર કરવામાં આવતી હતી. તમામ ઠરાવ વેબસાઈટ પર ઉપલબ્ધ કરવામાં આવ્યા હતા. જસ્ટિસ કૌલ કોલેજિયમમાં સભ્ય હતા તે સમયે જે પણ નિર્ણયો લેવાયા તેમાં તેમણે સંમતિ વ્યક્ત કરી હતી અને અસંમતિ વ્યક્ત નહોતી કરી. સરકાર સાથે વાતચીત મુદ્દે સ્પષ્ટતા કરતા પૂર્વ મુખ્ય ન્યાયાધીશે વધુમાં કહ્યું હતું કે આઈબી ક્લીયરન્સથી લઈને અન્ય પ્રક્રિયામાં સરકારની ભૂમિકા હોય છે. આ પહેલા જસ્ટિસ કૌલે દાવો કર્યો હતો કે એક કેસ મારી પાસેથી પરત લઈ લેવાયો હતો, જ્યારે પૂર્વ મુખ્ય ન્યાયાધીશ ચંદ્રચૂડ સરકારને પૂછીને જજોની પસંદગી અંગે નિર્ણય લેતા હતા. જોકે આ તમામ દાવાને પૂર્વ મુખ્ય ન્યાયાધીશ ચંદ્રચૂડે ફગાવ્યા હતા.

### ચૂંટણી પંચ સમક્ષ જવાબ દાખલ કરવાની તારીખે

# સુપ્રીમ કોર્ટે પશ્ચિમ બંગાળના બન્ને જૂથને જવાબ માટે ૧૦ દિવસ આપ્યા

નવી દિલ્હી, તા. ૨૬

અખીલ ભારતીય તૃણમૂલ કોંગ્રેસ નું નામ અને ઘાસના ત્રણ પત્તા સાથે જોડાયેલ ફૂલ વાળા ચૂંટણી ચિન્હને લઈને મમતા બેનર્જી જૂથ અને ઋતુબ્રત જૂથને સોગંદનામા પર જવાબ દાખલ કરવા માટે વધુ ૧૦ દિવસનો સમય ફાળવ્યો છે.

## વિરોધી ઋતુબ્રત જૂથે બે સપ્તાહ માગતા મમતા જૂથનો સમય લંબાવવાનો આક્ષેપ

સોમવારે ચૂંટણી પંચ સમક્ષ જવાબ દાખલ કરવાની આખરી તારીખ હતી. બળવાખોર જૂથના નેતા ઋતુબ્રત બેનર્જી જૂથ તરફથી ચૂંટણી પંચમાં જવાબ દાખલ કરવા માટે સૂપ્રીમ કોર્ટમાં બે સપ્તાહનો સમયગાળો વધારવાની અરજી દાખલ કરવામાં આવી હતી, તે સામે મમતા બેનર્જી જૂથે ઋતુબ્રત જૂથની માંગ પર વાંધો ઉઠાવીને તેને સમય લંબાવવાની ચાલ બતાવી હતી. સુપ્રીમ કોર્ટે ગત સુનાવણી દરમિયાન ૨૮ સપ્ટેમ્બરે ચૂંટણી પંચમાં ત્રણ મહિનાની અંદર આ મુદે નિર્ણય કરવા કહ્યું હતું. એક મહિનો પસાર થવા છતાં અત્યાર સુધીમાં જવાબી સોગંદનામુ અને પ્રત્યુત્તરની પ્રક્રિયા પૂર્ણ થઇ નથી. નવેમ્બરના પ્રથમ સપ્તાહમા જવાબ અને મધ્ય સુધી મમતા જૂથનું જવાબી સોગંદનામુ આવશે, એટલે સુપ્રિમ કોર્ટના ત્રણ મહિનાના સમયગાળામાંથી દોઢ મહિનાથી વધુ સમય તો શરુઆતી પ્રક્રિયામા જ પસાર થશે. અત્રે એ ઉલ્લેખનીય છે કે પશ્ચિમ બંગાળમાં પેટા ચૂંટણી દરમિયાન ચૂંટણી પંચે બન્ને જૂથને કામચલાઉ ચૂંટણી ચિન્હ અને નામ ફાળવ્યાં હતાં. મમતા બેનર્જી જૂથને નામ મમતા ટીએમસી અને ચિન્હ ફૂટબોલ પ્લેયર ફાળવ્યો હતો, જ્યારે બળવાખોર જૂથને ડેમોક્રેટિક ટીએમસી નામ અને એન્વલપ ચિન્હ ફાળવ્યું હતું.

### યુએસવી ટેકનોલોજીમાં દેશ અમેરિકા સમકક્ષ

# ભારત યુએસવી વિકસાવનારા ગણતરીના દેશોમાં સ્થાન પામ્યું

નવી દિલ્હી,તા.૨૬

ભારત હવે વિશ્વના તે ગણતરીના દેશોમાં સામેલ થઈ ગયું છે જે અનમેન્ડ સરફેસ વ્હીકલ (યુએસવી) બનાવી શકે છે.યુએસવી એટલે કે પાણી પર દોડતી ડ્રોન બોટ. તેનો ઉપયોગ રશિયા-યુક્રેન સંઘર્ષ અને હોર્મુઝની ખાડીમાં થઈ રહ્યો છે.

## ભારતના ખાનગી સ્ટાર્ટઅપે વિકસાવેલું યુએસવી નૌકાદળની જરૂરિયાત પૂરી કરશે

આ સિદ્ધિ ફક્ત ટેકનોલોજીકલ જ નથી, પણ આત્મનિર્ભર ભારતની સફળતાની દિશામાં મહત્ત્વનું પગલું છે. પુણે સ્થિત પ્રાઈવેટ સ્ટાર્ટઅપે આ સ્વદેશી યુએસવી વિકસાવી છે. યુએસવી એવું દરિયાઈ જહાજ છે જેમાં કોઈ ખલાસી બેસતો નથી. તેને દૂરથી નિયંત્રિત કરી શકાય છે અથવા તો તે સ્વચાલિત રીતે પણ કામ કરી શકે છે.

કંપનીના સ્થાપકના જણાવ્યા મુજબ આ જહાજ ખાસ કરીને ખતરનાક મિશનો માટે વિકસાવવામાં આવ્યું છે. તેમા ચાંપતી નજર, સુરક્ષા દળ, વિષમ યુદ્ધ અને જાસૂસીનો સમાવેશ થાય છે. તેનો સૌથી મોટો ફાયદો એ છે કે જવાનોના જીવનને જોખમમાં મૂકવાની જરુર પડતી નથી. આજના યુદ્ધમાં જ્યાં ડ્રોન અને ઓટોમેટેડ સિસ્ટમ હાવી થઈ રહી છે ત્યાં આ યુએસવી નૌકાદળની તાકાતમાં વધારો કરતું મહત્ત્વનું શસ્ત્ર નીવડી શકે છે.

આ યુએસવીને ભારતીય નૌકાદળના પ્રદર્શનમાં સામેલ કરવામાં આવ્યા પછી પહેલી વખત દિલ્હીમાં આયાજિત પ્રદર્શનમાં બતાવવામાં આવ્યું.

### સુલતાનપુરની એમપી-એમએલએ કોર્ટે રાહુલ ગાંધીને નિર્દોષ છોડ્યા

# અમિત શાહની બદનક્ષીના કેસમાં રાહુલ ગાંધી યુપી કોર્ટમાંથી નિર્દોષ છૂટ્યા

સુલતાનપુર(યુપી), તા.૨૬

ગૃહપ્રધાન અમિત શાહ પર ટિપ્પણીને લઈને કોંગ્રેસ અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીને ઉત્તરપ્રદેશની કોર્ટે છોડી દીધા છે. સુલતાનપુરની કોર્ટમાં ચાલતા કેસમાં સોમવારે તેમને દોષિત માનવામાં આવ્યા ન હતા. આ દરમિયાન રાહુલ ગાંધી કોર્ટમાં હાજર રહ્યા હતા. કોર્ટે તેમને અમિત શાહ પરની ટિપ્પણીના કેસમાં દોષિત માન્યા નથી.

## ૨૦૧૮માં ભાજપના નેતા વિજય મિશ્રાની અરજી પર રાહુલ ગાંધી સામે પહેલા સિવિલ કોર્ટમાં કેસ દાખલ કરાયો હતો

૨૦૧૮માં ભાજપના નેતા વિજય મિશ્રની અરજી પર દાખલ કરવામાં આવેલો આ કેસ પહેલા સિવિલ કોર્ટમાં અને પછી એમપી-એમએલએ કોર્ટમાં આવ્યો હતો. એમપી-એમએલએ કોર્ટના મેજિસ્ટ્રેટ શુભમ વર્માએ ચુકાદાના દિવસે રાહુલ ગાંધીને વ્યક્તિગત ધોરણે હાજરી આપવા આદેશ આપ્યો હતો.

મે ૨૦૧૮માં કર્ણાટક વિધાનસભામાં ચૂંટણી પ્રચાર દરમિયાન રાહુલ ગાંધીએ બેંગ્લુરુમાં એક પત્રકાર પરિષદનું આયોજન કર્યુ હતુ. રાહુલ ગાંધીએ આ કોન્ફરન્સમાં ભાજપના તે સમયના રાષ્ટ્રીય પ્રમુખ અને વર્તમાન કેન્દ્રીય મંત્રી અમિત શાહને લઈને ટિપ્પણી કરી હતી. આ ટિપ્પણીને માનહાનિ ગણાવતા ભાજપના નેતા અને સુલ્તાનપુર સહકારી બેન્કના પૂર્વ વડા વિજય મિશ્રાએ ૪ ઓગસ્ટ ૨૦૧૮ના રોજ રાહુલ ગાંધી સામે અરજી દાખલ કરી હતી.

**રાહુલે મે ૨૦૧૮માં કર્ણાટક વિધાનસભાની ચૂંટણીમાં પ્રચારમાં કેન્દ્રીય મંત્રી અંગે વિવાદાસ્પદ ટિપ્પણી કરી હતી**

કોર્ટે સુનાવણી પછી ૨૭ નવેમ્બર ૨૦૦૩ના રોજ રાહુલ ગાંધીને આરોપી માનતા સમન્સ જારી કર્યો હતો. તના પછી ૨૦ ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ રાહુલ ગાંધી પોતે સુલતાનપુર કોર્ટમાં હાજર થયા. અહીં તેમને ૨૫-૨૫ હજાર રુપિયાના બે જાતમુચરકા પર જામીન મળ્યા. હાજર થવા દરમિયાન રાહુલ ગાંધીએ તેમના પરના આક્ષેપોને નકારતા તેમને શાસક પક્ષનું કાવતરું ગણાવ્યું હતું.

કોર્ટમાં ટ્રાયલ દરમિયાન ફરિયાદી તરીકે વિજય મિશ્રા, અનિલ મિશ્રા અને રામચંદ દુબે એમ ત્રણ સાક્ષીઓના નિવેદન નોંધવામાં આવ્યા. ફરિયાદકર્તાઓએ રાહુલ ગાંધીના અવાજના નમૂનાની અરજી દાખલ કરી હતી. તેને ટ્રાયલ કોર્ટે ફગાવી દીધી હતી.

### ખાનગી શાળાઓને મંજૂરીનાં બદલામાં લાંચ લેવાનો આરોપ

# તમિલનાડુમાં રૂ. ૧૦૦ કરોડની લાંચનાં કેસમાં પૂર્વ પ્રધાનની ધરપકડ

નવી દિલ્હી, તા. ૨૬

તમિલનાડુમાં ખાનગી શાળાઓને મંજૂરી આપવાના બદલામાં ૧૦૦ કરોડ રૂપિયાની લાંચ લેવાનાં કેસમાં ડીએમકે નેતા અને પૂર્વ પ્રધાન અનબિલ મહેશની ધરપકડ કરવામાં આવી છે.

## મદ્રાસ હાઈકોર્ટે આગોતરા જામીન નામંજૂર કરતા ડીએમકે નેતા અનબિલ મહેશની ચેન્નાઈમાંથી ધરપકડ કરાઈ

મદ્રાસ હાઈકોર્ટમાં આગોતરા જામીન રદ કરવામાં આવ્યા પછી ચેન્નાઈમાં તેમની ધરપકડ કરવામાં આવી છે. આ કેસથી રાજ્યમાં ખાનગી શિક્ષણ સંસ્થાઓને મંજૂરી આપવાની પ્રક્રિયા અને તેનાથી જોડાયેલ ભ્રષ્ટાચારનાં આરોપો અંગે પ્રશ્નો ઉભા થયા છે.

આરોપ મૂકેવામાં આવ્યો છે કે ખાનગી શાળાઓને મંજૂરી આપવાના બદલામાં મોટા પાયે લાંચ લેવામાં આવી હતી. આ કેસમાં લાંચની રકમ ૧૦૦ કરોડ રૂપિયા બતાવવામાં આવી છે. જો કે હજુ સુધી એ સ્પષ્ટ નથી કે લેવડ-દેવડ કયા સમયગાળામાં થઈ હતી અને તેમાં કયા અન્ય લોકો અને સંસ્થાઓની ભૂમિકાની તપાસ કરવામાં આવી રહી છે. મહેશ ડીએમકેનાં પ્રમુખ નેતાઓમાં સામેલ છે.

તેમની ધરપકડને રાજ્યનાં રાજકારણમાં મહત્ત્વપૂર્ણ ઘટનાક્રમ ગણવામાં આવી રહ્યો છે. ખાનગી શાળાઓને મંજૂરી આપવાની પ્રક્રિયા શિક્ષણ વ્યવસ્થાનો મહત્ત્વપૂર્ણ હિસ્સો છે. હાલમાં આ કેસમાં અનબિલ મહેશ પર લગાવવામાં આવેલ વિશિષ્ટ આરોપો, લાંચની લેવડદેવડની રીતો અને તપાસ એજન્સી તરફથી એકત્ર કરવામાં આવેલા પુરાવાઓ અંગે વિસ્તૃત માહિતી ઉપલબ્ધ નથી.

## ગૂગલ અને એઆઈએ વિખૂટાં પડેલાં વૃદ્ધાંને પાછાં પરિવાર સાથે મેળવ્યાં

હાવેરી(કર્ણાટક),તા.૨૬

એઆઈ (આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ)અને ગૂગલ લોકોની રોજબરોજની જિંદગીનો ભાગ બની ગયા છે. આ સાધનો (ટૂલ્સ) છૂટા પડી ગયેલા સ્વજનોને ભેગા કરવાનું કામ પણ કરે છે.

કર્ણાટકના હાવેરી જિલ્લાના રાનેબેન્નૂરમાં રહેતી રજાક બી (૭૦) નામની મહિલાની યાદશક્તિ ઘટી ગઈ હોવાથી તથા એ માનસિકપણે અસ્વસ્થ હોવાથી ભૂલથી એક ખોટા વાહનમાં બેસી ગઈ અને પરિવારથી વિખૂટી પડી ગઈ.

મહિલા, ૬ ઓક્ટોબરે મહારાષ્ટ્રના પાલઘર જિલ્લાના નાલાસોપારા પહોંચી ગઈ.

એ પછી અચોલે પોલીસ મથકના કર્મચારીઓએ એને સુરક્ષિત સ્થળરૂપે વિરાર ફાટા સ્થિત સમર્થ આશ્રમમાં ભરતી કરાવી. જીવન આનંદ સંસ્થાની ટીમે રજાક બીના પરિવારની શોધ શરૂ કરી.






